# પ્રેરક પ્રતિભાવ

(શ્રી નાથુ સોસાના પુસ્તકો વિશે
વિદ્વાનોના પ્રતિભાવોનું સંકલન)



સંપાદક : નાથુ સોસા

# પ્રેરક પ્રતિભાવ

(શ્રી નાથુ સોસાના પુસ્તકો વિશે
વિદ્વાનોના પ્રતિભાવોનું સંકલન)

સંપાદક : નાથુ સોસા

NATHU SOSA

# પ્રેરક પ્રતિભાવ

*શ્રી નાથુ સોસાના પુસ્તકો વિશે વિદ્વાનોના પ્રતિભાવોનું સંકલન*

**નાથુ સોસા**
*મો.* + 91-92851-46448
www.nathusosa.com
Email : nathusosa@gmail.com
YouTube : @nathusosa9781
Facebook : www.facebook.com/nathu.sosa.9
Twitter : @nathusosa
Instagram : nathu.sosa.9

**પ્રાપ્તિ સ્થાન**
**શ્રીમતી નીરૂ નાથુ સોસા**
૧, રઘુનંદન. ચિત્રકૂટ બંગ્લોઝ, શિવદર્શન રો-હાઉસ સામે,
સી. કે. પાર્ક પાસે, હનીપાર્ક રોડ, અડાજણ, સુરત - ૩૯૫૦૦૯

**પ્રકાશક**
સૂર્યજિત પબ્લિકેશન પ્રાઈવેટ લિમિટેડ
અમદાવાદ - ૩૮૦૦૫૮

**આવૃત્તિ : મે, ૨૦૨૩**

ISBN : 978-93-91991-41-8

**મૂલ્ય રૂ. ૨૫૦/-**

**મુદ્રણ સંસ્કાર**
મુદ્રેશ પુરોહિત, સૂર્યા ઑફસેટ,
આંબલી ગામ, સેટેલાઈટ-બોપલ રોડ, અમદાવાદ - ૩૮૦૦૫૮
Email : mail@suryaoffset.com

# પ્રેરક પ્રતિભાવ

## (શ્રી નાથુ સોસાના પુસ્તકો વિશે વિદ્વાનોના પ્રતિભાવોનું સંકલન)

(૧) 'રાષ્ટ્રનિર્માણના શિલ્પી ડૉ. ભીમરાવ આંબેડકર' (ગુજરાતી)
લેખકઃ નાથુ સોસા

(૨) 'રત્નકણિકાઓ ડૉ. ભીમરાવ આંબેડકરના વિચારોનું ચયન' (ગુજરાતી)
સંકલનઃ નાથુ સોસા

(૩) 'राष्ट्रनिर्माण के शिल्पी डॉ. भीमराव आंबेडकर' (હિન્દી)
લેખકઃ નાથુ સોસા

(૪) 'रत्न कणिकाए : डॉ. भीमराव अंबेडकर के विचारो का चयन'
संकलन : नाथु सोसा (હિન્દી)

(૫) 'સોસા પરિવાર માણસાઈ અને મૂલ્યોનું સરવૈયું' (ગુજરાતી)
લેખકઃ ડૉ. મોહન પરમાર

(૬) सोसा परिवार स्वर्णिम गाथा (હિન્દી)
લેખકઃ ડૉ. મોહન પરમાર

(૭) The Golden Heritage of Sosa Family (English)
Writer: Dr. Mohan Parmar

(૮) The History of Sosa Family (English)
Writer: Vedant Sharma

(૯) મનની ભીતર (ગુજરાતી)
લેખકઃ નાથુ સોસા

(૧૦) સંવેદનાની સફર (ગુજરાતી)
લેખકઃ નાથુ સોસા

# પુસ્તકોનો લોકાર્પણ પ્રસંગ




નાથુ સોસાના પુસ્તકોના લોકાર્પણ પ્રંસગે શ્રોતાઓને સંબોધતા
પ.પૂજ્ય સંતશ્રી મોરારિબાપુ, સાથે નજરે પડતા નાથુ સોસા, સંતશ્રી નિરૂબાપુ




નાથુ સોસાના ૭ પુસ્તકોનું લોકાર્પણ કરતા પ.પૂજ્ય સંતશ્રી મોરારિબાપુ.
સાથે નજરે પડતા લેખક ડૉ. મોહન પરમાર તેમજ સંતશ્રી નિરૂબાપુ




નાથુ સોસાના પુસ્તકોના લોકાર્પણ પ્રસંગે શ્રોતાઓને સંબોધતા

**પ.પૂજ્ય સંતશ્રી મોરારિબાપુ**




સોસા પરિવારના ૨૨૫ વર્ષની ખાતાવહીઓને પત્રકાર પરિસદમાં દર્શાવતા
નાથુ સોસા તેમજ ગીગા સોસા, સ્વાતી સોસા, લાખા સોસા (સુરત)



નાથુ સોસાના દાદા-પરદાદા તથા ગઢાદાદાની ખાતાવહીઓમાં
ભાવનગરના રાજવી કૃષ્ણકુમાર સિંહજીની એક આનાની ટિકિટ દર્શાવતા



સોસા પરિવારની ઐતિહાસિક ખાતાવહીઓનું નિરીક્ષણ કરતા

**પ.પૂજ્ય સંતશ્રી મોરારિબાપુ સાથે નાથુ સોસા**






નાથુ સોસાના છ પુસ્તકોનું વિમોચન કરતાં પ.પૂજ્ય સંતશ્રી મોરારિબાપુ
સાથે ડૉ. મોહન પરમાર તથા અન્ય



સંતશ્રી નિરૂબાપુનું સન્માન કરતાં નાથુ સોસા, જિગર સોસા,
ડાયા સોસા, નીરૂ સોસા, અરૂણાબેન મારૂ



વીરમેઘમાયા સર્કલ સુરતના લોકાપર્ણ પ્રસંગે નાથુ સોસા તથા
સોનલ આશ્રમ-બાંદ્દાના સંતશ્રી ગોરધનદાસ બાપુ તથા અન્ય મહાનુભાવો




વીરમેઘમાયા સર્કલ સુરતના લોકાપર્ણ પ્રસંગે નાથુ સોસા તથા મહાનુભાવો



કવિશ્રી કિસન સોસાને ગુજરાતી દલિત સાહિત્ય પ્રતિષ્ઠાન તેમજ
નાથુ સોસાના માતૃશ્રી કેસરબા પ્રતિષ્ઠાન ઍવૉર્ડ-૨૦૨૨ અર્પણ કરતા,
સર્વશ્રી ડૉ. મોહન પરમાર, નાથુ સોસા, નિલેશ કાથડ, ગીગાભાઈ ડી. સોસા
તેમજ લક્ષ્મણભાઈ ડી. સોસા તથા અન્ય મહાનુભાવો



લાઈફટાઈમ એચીવમેન્ટ ઍવૉર્ડ સ્વીકારતા ડૉ. મોહન પરમાર,
તેમની ડાબી બાજુમાં નાથુ સોસા, દાન વાઘેલા, ડી. ડી. સોસા
તેમજ નિલેશ કાથડ, લાખાભાઈ સોસા, કવિશ્રી કિસન સોસા,
મનુભાઈ સોસા, ગીગાભાઈ સોસા




કેસરબા દલિત સાહિત્ય પ્રતિષ્ઠાન ઍવૉર્ડ - ૨૦૨૨ પ્રસંગે
કિસન સોસાને પુરસ્કૃત કરતા નાથુ સોસા, ડૉ. મોહન પરમાર,
રમણ વાઘેલા અને આર. જે. પટેલ (રિટાયર્ડ આઈ.એ.એસ.)



ગુજરાતી દલિત સાહિત્ય પ્રતિષ્ઠાના હોદ્દેદારો દ્વારા
નાથુ સોસાને સન્માન કરતાં ડૉ. મોહન પરમાર, નિલેત કાથડ,
દાન વાઘેલા, રમણ વાઘેલા, ધરમસિંહ પરમાર તથા અન્ય

## નાથુ સોસા દ્વારા તેમજ અન્ય લેખકો દ્વારા સોસા પરિવાર માટે પ્રકાશિત થયેલા પુસ્તકો
























NATHU SOSA



પિતાશ્રી દેવજીભાઈ દુદાભાઈ સોસા



માતૃશ્રી કેસરબેન દેવજીભાઈ સોસા

## પ્રસ્તાવના

# સાર્થક સંકલન: 'કોક જણે તો કરવું પડશે ભાઈ!'

સમાજના ઉપેક્ષિત સમુદાયમાં પણ યુગે યુગે પ્રતિભાઓ પાંગરતી રહી છે. સમયના વહેણમાં એની નોંધ ન લેવાઈ હોવાથી એ અંધારામાં જરૂર રહી હશે, પણ ભીંત ફાડીને પીપળો ઊગી નીકળે એમ કેટલાંક નામો ઊજળિયાતોનાં પ્રતિનિધિ નરનારીઓ કરતાં પણ વધુ ઝળકી ઊઠ્યાં છે. કબીર, તિરુવલ્લુવર, રૈદાસ વગેરે સંતોથી લઈ, ડૉ. બાબાસાહેબ આંબેડકર સુધીની આવી ઉજ્જવળ પરંપરામાં કેટલાક વણપોંખ્યા ઘરદીવડા પણ એમનો અજવાસ રેલાવતા રહ્યા છે. એમને કલ્પના પણ નથી હોતી કે આપણે અજાણતાં જ ઘણું યાદગાર કામ કરી રહ્યા છીએ. સોસા પરિવારના પૂર્વજો આ ઘરદીવડા તરીકે અજવાળાં રેલાવીને ચાલ્યા ગયા, આથમી ગયા પરંતુ એમના વંશજ નાથુ સોસાને એમનો મહિમા રોજમેળ અને ખાતાવહીના ચોપડાઓમાં ઢંકાઈ જાય એ પોસાતું નહોતું. સવા બસો વર્ષના ઈતિહાસનો નક્કર, રોકડો હિસાબ આપીને નાથુભાઈ પુરવાર કરે છે કે, જ્યારે બૅંકોનું ચલણ નહોતું ત્યારે, એમનો અંતરિયાળ કાઠિયાવાડના ગ્રામીણ પ્રદેશમાં વસતો પરિવાર પ્રામાણિકપણે વ્યાજવટાવ અને ધીરધારનો ધંધો કરી બે પાંદડે થયો હતો. વણકર સમાજને આમ પણ 'નાના મહાજન'નું બિરુદ તો મળેલું જ છે. આ પરિવાર તો મોટા મહાજનોની પંગતમાં બેસે એ હદે ફૂલ્યો-ફાલ્યો હતો. ગાયકવાડ, ગોંડલ અને ભાવનગર-જામનગર-રાજકોટથી લઈ તત્કાલીન નાનાં મોટાં રજવાડાંની ટિકિટો ચોડેલા લેણદેણના વહેવારોના ચોપડા નાથુભાઈ માટે અસ્ક્યામત સમાન બની રહ્યા હતા. જો કે એમના દાદાએ મરતી વેળાએ આ ધીરધારનો ધંધો સમેટી લેવા માટે બધા ચોપડા નષ્ટ કરવાનો આદેશ આપેલો, એ મુજબ નાથુ સોસા સૌરાષ્ટ્રની વતનભોમકા છોડીને મુંબઈ-સુરતના રહેવાસી બની ગયા. હીરાના વેપારમાં મંદી આવતાં, કન્સ્ટ્રકશનના વ્યવસાયમાં પડ્યા. સામાજિક સંપ્રજ્ઞતા એમને આંબેડકરના અર્થઘટન તરફ દોરી ગઈ. એમણે રાજકીય અગ્રણીઓને પણ પોતાના સમૃદ્ધ વારસા અને ફળદ્રુપ ચિંતનસંપદાથી

પ્રભાવિત કર્યા. પરિણામે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી જેવી આંતરરાષ્ટ્રીય પ્રતિભાએ એમને પોતાના આ સમૃદ્ધ વારસાનું સુપેરે જતન કરવાની પ્રેરણા આપી. એમની સેવાઓ પણ સુયોગ્ય સ્થાન પર નિમણૂંક આપીને લીધી, જે ગુજરાત જાહેર સેવા આયોગનું એક યાદગાર પ્રકરણ બની રહ્યું.

નાથુભાઈ પાસે ઊંડી સહ્દયતા છે, કરૂણાર્દ્ર આંખો છે, છેવાડાના માનવી પ્રત્યે સંવેદના છે. એમને પણ તથાગત બુદ્ધ અને ડૉ. બાંબાસાહેબ આંબેડકરની જેમ પીડિત-વંચિત-શોષિત અને દલિત સમુદાયો માટે કશુંક નક્કર કરી છૂટવાની તીવ્ર ખેવના છે. તેઓ પોતાની ક્ષમતા અને મર્યાદાથી પૂરેપૂરા વાકેફ છે. એટલે એ ભગીરથ કાર્યમાં પોતે ભલે રામાયણવાળી પેલી ખિસકોલી જેટલું પ્રદાન કરે તો પણ, એમને કશુંક કરી છૂટ્યાનો સંતોષ થશે. આવી પરિપક્વ સમજણ સાથે એમણે પોતાનો દુખિયારાં ભાંડુઓ માટે પોતાની દાનગંગાની એક પાતળી સેર વહેતી મૂકી છે. એમણે દલિત સાહિત્યકારોના કાર્યક્રમોમાં માત્ર અતિથિ વિશેષ તરીકે કે મહાનુભાવ સ્વરૂપે નહીં; બલકે એક જિજ્ઞાસુ ભાવક તરીકે હાજરી પૂરાવી છે. એમણે આવાં સમાજરત્નોને પોંખવા માટે પોતાના દિવંગત માતાના નામે એક ઍવૉર્ડ પણ ચાલુ કર્યો છે, જે સુરતવાસી પ્રખર કવિ કિસન સોસાને અર્પણ કર્યા પછી, દર વર્ષે નવી પ્રતિભાઓને પોંખતો રહેશે. દલિત સાહિત્ય પ્રતિષ્ઠાનના મોભી ડૉ. મોહન પરમાર સહિત સમાજના અનેક સર્જકો-ચિંતકો-મહાનુભાવો સાથે આત્મીય સંબંધો ધરાવતા નાથુ સોસાએ પોતાની આગવી ઢબે આલેખેલા ગ્રંથ સંપુટ વિશે પ્રતિભાવો આપતું પુસ્તક પ્રગટ થઈ રહ્યું છે, તે આનંદદાયક ઘટના છે. એમના જીવનચરિત્ર વિશે પણ મોહનભાઈ જેવા પ્રતિષ્ઠિત લેખકે ગંભીરતાપૂર્વક કામ કર્યું છે. એનો અંગ્રેજી અનુવાદ પણ થયો છે. ડૉ. નાથાભાઈ ગોહિલ જેવા સંતસાહિત્યના મરમીએ નાથુ સોસાને બિરદાવ્યા છે અને વિશ્વ વંદનીય મોરારિબાપુએ તો એમની ગ્રંથાવલીના લોકાર્પણ પ્રસંગે નરી ઋષિવાણી જ ઉચ્ચારી છે, તુકારામના અભંગ અને ચૈતન્ય મહાપ્રભુની ચિંતનપ્રસાદી કે રામચરિત માનસની એક માત્ર હસ્તપ્રત સાથે સોસા પરિવારના આર્થિક વ્યવહારોના દસ્તાવેજનો મહિમા કરીને તેઓ કહે છે - 'મારો રાજીપો છે કે અઢીસો વર્ષ પહેલાં મહારાજાના નામની એક આનાની ટિકિટ, પાલીતાણાની ટિકિટ, ગાયકવાડની ટિકિટ - આ નાથુભાઈ કે એમના વડીલોએ નહીં સાચવી હોત તો કેટલી મોટી આપણી થાપણ જતી રહી હોત!

ઉપરછલ્લી દ્રષ્ટિએ નાણાકીય ધીરધારના વહેવારનું જ આલેખન હોવા છતાં, એનું ઐતિહાસિક મહત્ત્વ પ્રમાણવું જ રહ્યું. એક મહત્ત્વની વાત એ છે કે, સમાજનો પૈસો પણ પાણીની છાંટ નાખીને લેવાની પરંપરા હતી એ સમાજમાં, એ સમયે સવર્ણોને ધીરધાર કરનાર એક નાનો મહાજન પરિવાર પણ હયાત હતો!

બીજી અગત્યની વાત એ કે, એ જ પરિવારે આગળ જતાં એમના વંશજો આ વ્યાજવટાવના કુત્સિત વ્યવસાયને જ વળગી ન રહે એવો આદેશ અમલમાં મૂક્યોય એ પૂર્વજ પોતે જ કેટલા ક્રાંતિકારી ગણાય! એ સમયનું લાખોનું લેણું ચૂકતે ગણી લઈ એમણે ચોપડા જ જળમાં પધરાવી દેવાનો આદેશ આપી, નવી પેઢીને વધુ ઊજળા, પ્રતિષ્ઠિત અને મહેનત માગી લેતા વ્યવસાય તરફ વાળી. નાથુ સોસાએ એમના પૂર્વજોની ગાથા ગાતાં ગાતાં પોતે પ્રાપ્ત કરેલી યત્કિંચિત્ સમજણનો વિનિયોગ સમાજસેવા માટે કર્યો છે તેની ખાસ નોંધ લેવી ઘટે. ડૉ. બાબા સાહેબ આંબેડકરની વિચારધારાને વરેલા આ મેધાવી અને ઉચ્ચાભિલાષી ‘દલિત’ અગ્રણી હકીકતમાં તો દલિત-લલિત વચ્ચેની પહોળી થતી જતી ખાઈથી ચિંતિત છે, સમાજની ઉપેક્ષા જરૂર થતી હતી, આજે પણ એવા બનાવો સતત બનતા રહે છે, પરંતુ બંધારણે આપેલા અધિકારોને કારણે હવે સમાજ જાગતો થયો છે અને એની પ્રચ્છન્ન શક્તિઓનો પરચો આપતો થયો છે ત્યારે, એને મળેલ વિશેષાધિકાર કે અનામત, સવર્ણ સમાજ સાથેની સમરસતામાં અડચણ કે આડખીલીરૂપ ન બની રહે એની પણ આ વિચારશીલ અગ્રણીને ચિંતા રહે છે.

આપણે આશા રાખીએ કે, નાથુ સોસા સમાજની સમરસતાના પ્રહરી બની રહે. એટલું થશે તો પણ એમનાં આ વિચારપુષ્પોની માળા સમાજના સ્વસ્થ સ્વરૂપ માટે પાયાનો પુરુષાર્થ બની રહેશે. કવિવર ઉશનસ્‌ના શબ્દો યાદ આવે છે, ‘કોક જણે તો કરવું પડશે ભાઈ!’

**કેશુભાઈ દેસાઈ**
વરિષ્ઠ સાહિત્યકાર અને લોકચિંતક,
ગાંધીનગર.
મો. ૮૨૦૦૦૭૧૩૬૩

## પ્રેરક પ્રતિભાવ - અભિપ્રાય - લેખ સૂચિ


| ક્રમ | શીર્ષક | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧. | પ્રતિભાવનો આવિર્ભાવ વ્યક્ત કરવાનો આનંદ | નાથુ સોસા | ૧ |
| ૨. | આપણા ઈતિહાસની ધરોહર સાચવી રાખી, તેનો મને રાજીપો છેઃ | પરમ પૂજ્ય સંતશ્રી મોરારિબાપુ | ૬ |
| ૩. | આધ્યાત્મિકતાને પચાવ્યા પછી જ મનડાની ભીતરમાં પડેલા નાતજાતના દુષ્ણોમાંથી બહાર આવી શકાય | દાસ નિરૂબાપુ સદગુરૂ હરજીવન બાપા | ૧૧ |
| ૪. | નાથુભાઇ સોસાઃ સંનિષ્ઠ સમાજસેવક અને પ્રતિબદ્ધ કર્મશીલ | ડૉ. મોહન પરમાર | ૧૪ |
| ૫. | વણ લખાયેલા ઈતિહાસની ઝાંખી | ડૉ. નાથાલાલ ગોહિલ | ૧૭ |
| ૬. | મનની ભીતર : હ્રદય ભીતરમાં રહેલા સમાજચિંતન, રાષ્ટ્રચિંતન, આધ્યાત્મિક ચિંતન અને સંસ્કૃતિચિંતનનું શબ્દભાવ ચિંતનમાં નિરૂપણ | ડૉ. મહેશ દાફડા | ૨૭ |
| ૭. | નાથુ સોસાઃ ગામના છેવાડેથી, બાસ્કેટબૉલ મેદાન, સફળ બિઝનેસ પર્સન અને સમાજ શુભચિંતક | ડૉ. મનસુખ ગાયજન | ૩૨ |
| ૮. | સોસા પરિવારની અસ્મિતાઃ વ્યાપાર અને સાંસ્કૃત્તિક સંદર્ભ | ડૉ. લક્ષ્મણ યુ. વાઢેળ | ૩૭ |
| ૯. | કંઈક અવિસ્મરણીય | છગન બાજક | ૪૪ |
| ૧૦. | ભીતરનો વલવલાટઃ માનવ મૂલ્યોનું સંવર્ધન અને સંરક્ષણ | ધરમસિંહ પરમાર | ૫૫ |
| ૧૧. | સામાજિક અને માનવ અધિકારની જેહાદ જગાવનાર, અમર ક્રાંતિકારી, રાષ્ટ્રનિર્માણના શિલ્પી ડૉ. ભીમરાવ આંબેડકર | મૂળજી અંબારામ 'દધિ' | ૬૩ |
| ૧૨. | ''સોસા પરિવાર-માણસાઈ અને મૂલ્યોનું સરવૈયું'' | ડૉ. સ્વપ્નિલ મહેતા | ૬૮ |
| ૧૩. | પ્રતિભાવઃ શબ્દનો મેળો | રાઘવજી માધડ | ૭૪ |
| ૧૪. | ''મનની ભીતર''માં વ્યક્ત થતો ભીતરનો અવાજ | નિલેશ કાથડ | ૭૯ |
| ૧૫. | નાથુભાઈ સોસાઃ સમર્પિત સમાજસેવી, સ્વપ્ન દ્રષ્ટા સ્થપતિ | કિસન સોસા | ૮૨ |
| ૧૬. | વિશ્વવંદનીય સંતશ્રી મોરારિબાપુના વરદ્દહસ્તે શ્રી નાથુ સોસાનાં છ પુસ્તકોની લોકાપર્ણવિધિ | દાન વાઘેલા | ૮૪ |
| ૧૭. | માનવતાની મ્હેંક | શિવશંકર ડી. દવે | ૯૦ |
| ૧૮. | ''સાદગીસભર જીવન'' | સોમ વાઘેલા | ૯૮ |
| ૧૯. | સમાજને ઉન્નતિના પંથે પ્રેરતું પ્રતિભાશાળી વ્યક્તિત્વ | થોભણ પરમાર | ૧૦૩ |
| ૨૦. | લીલુંછમ વટવૃક્ષ | રમેશભાઈ વી. ગોહિલ | ૧૦૬ |
| ૨૧. | પ્રેરણામૂર્તિ અને સમાજ માટે હિતચિંતક | રમણ વાઘેલા | ૧૦૮ |
| ૨૨. | જવાબદારીની મોંઘી જણસઃ શ્રી નાથુભાઇ સોસા | રમેશભાઇ પરમાર | ૧૧૦ |
| ૨૩. | એક અવસરમાં | મનોહર ત્રિવેદી | ૧૧૫ |
| ૨૪. | નાથુભાઇ સોસા માણસાઇ અને મૂલ્યોનો સમન્વય | ડૉ. ભરત ઠાકોર | ૧૧૯ |

## કાવ્યાત્મક પ્રતિભાવ


| ક્રમ | | પૃષ્ઠ |
|---|---|---|
| ૧. | આત્મરામ ડોડિયા | ૧૨૩ |
| ૨. | મનોજ પરમાર 'પારસ' "કાંરૂપા" | ૧૨૫ |
| ૩. | સુનીલભાઈ આર. પરમાર 'સૌમ્ય', | ૧૨૯ |
| ૪. | પ્રવીણ પોંદા 'ચાંદ' | ૧૩૧ |
| ૫. | પ્રવીણ સરવૈયા | ૧૩૩ |
| ૬. | જિત ચુડાસમા | ૧૩૫ |
| ૭. | શ્યામ સાંખટ | ૧૩૭ |
| ૮. | એલ. ડી. વાઘેલા | ૧૩૯ |
| ૯. | શ્રી ભરત વાળા | ૧૪૧ |
| ૧૦. | કૃપા ઓઝા | ૧૪૪ |
| ૧૧. | હર્ષા ચૌહાણ | ૧૪૬ |
| ૧૨. | દાન વાઘેલા | ૧૪૭ |

# નિવેદન

# પ્રતિભાવનો આવિર્ભાવ વ્યક્ત કરવાનો આનંદ

**નાથુ સોસા**

પ.પૂ. સંત શ્રી મોરારિબાપુના હસ્તે મારા છ પુસ્તકોનું વિમોચન રામકુટિર તલગાજરડા મુકામે તા. ૧૨મી માર્ચ ૨૦૨૨નો રોજ કરવામાં આવ્યું. તે સમયે મોરારિબાપુએ કહ્યું કે, આ સવા બસો વર્ષના ઈતિહાસની જે જાળવણી કરવામાં આવી છે તેના હું સાહેબને ખૂબ-ખૂબ અભિનંદન આપું છું. પહેલાંના જમાનામાં લોકો નિસ્પૃહી હતા. કર્મ કરવામાં માનતા અને ફળની એમને ખેવના નહોતી. તેઓ નિસ્પૃહ ભાવે કર્મ કરતાં રહેતા. આમાં રાજા રજવાડાની ટિકિટો મારેલી છે. આ પરિવારે ગુજરાતી-હિન્દી અને અંગ્રેજીમાં પુસ્તક લખીને સમાજ ઉપર ખૂબ મોટો ઉપકાર કર્યો છે. હું મારા મુંબઈ તેમજ બહારગામથી આવેલા સેવકને કહું છું: ''અંગ્રેજી જાણકાર એક એક પ્રત અંગ્રેજીની અહીંથી લઈ જાય અને એનો અભ્યાસ કરે.'' પરિવારને હ્દયથી અભિનંદન અને આર્શીવાદ આપું છું. મારાં પુસ્તકો વિષે વિવેચકોએ ખૂબ જ ઝીણવટપૂર્વક પુસ્તકના હાર્દને શ્રોતાઓ સમક્ષ પ્રગટ કર્યું. તેમજ પુસ્તકો વિશે તેઓ આર્ટિકલ હાર્ડ કોપીમાં લાવ્યા હતા. વિચાર સૂઝયો કે લેખકો અને કવિશ્રીઓની રચનાઓ રજૂ કરવામાં આવી છે, તેનું સંકલન કરવામાં આવે તો, જ રજૂ થયેલાં સારાં વક્તવ્યો રસિકોને સુલભ થાય. તેથી આ પ્રતિભાવ પુસ્તકનું રૂપ આપવાનું નક્કી કર્યું અને તેમાં સફળતા પણ મળી.

મારા કરતાં પણ કવિશ્રીઓ અને લેખકશ્રીઓ, વિવેચકશ્રીઓ-વિચારકશ્રીઓ જેઓ મારા પુસ્તકોમાંથી પસાર થયા છે તે તમામનો એકજ સૂર નીકળ્યો કે અહીં જે જે વિષયો રજૂ થાય તે પુસ્તકરૂપે પ્રગટ થાય.

ગુજરાતી દલિત સાહિત્ય પ્રતિષ્ઠાનના તા. ૨૮/૨૯ મે, ૨૦૨૨ના દિવસે કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ ખાતે રાખેલ કાર્યક્રમમાં, અતિથિ વિશેષ તરીકે મારે ઉપસ્થિત રહેવાનું થયું ત્યાં પણ મારા પરિવાર વિષેના પુસ્તક 'સોસા પરિવાર અને માણસાઈ અને મૂલ્યોનું સરવૈયું' પુસ્તકના લેખકશ્રી ડૉ. મોહનભાઈ પરમાર તેમજ અન્ય મહાનુભાવોની ઉપસ્થિતિમાં, મારા પરિવારના પુસ્તક વિશે રસિકોને માહિતગાર કર્યા. અને ત્યાં ઉપસ્થિત કવિશ્રીઓ તેમજ લેખકશ્રી ઓને એક-એક પ્રત આપવામાં આવી.

ઘણાં લોકો દ્વારા પુસ્તકનાં પાનાં ફંફોળીને કહ્યું કે, શું આપણા સમાજમાં પણ આવા પરિવારો હતા. તે જાણીને તેઓ ખૂબ રાજી થયા અને કહેવા લાગ્યા: 'આ પુસ્તક વિશે વિશેષ સત્ર રાખવામાં આવે અને બહોળા પ્રમાણમાં આનો પ્રસાર-પ્રચાર કરવામાં આવે.'' તેવો ભાવ તમામના ચહેરા પર પણ હતો. એનો મેં સંતોષ વ્યક્ત કર્યો.

ગુજરાતી દલિત સાહિત્ય પ્રતિષ્ઠાનના બેનર હેઠળ સને ૨૦૧૬માં ગુજરાત યુનિવર્સિટી અમદાવાદમાં, કાર્યક્રમમાં મારે અતિથિ વિશેષ તરીકે જવાનું થયું તે સમયથી સંસ્થા સાથે મારો નાતો રહ્યો છે. સંસ્થાના પ્રમુખ તેમજ હોદ્દેદારો દ્વારા અવારનવાર મને કાર્યક્રમમાં સાંકળતા રહ્યા અને જેથી મારી કલમને અણીદાર નહીં પણ અસરદાર કરવાની મથામણ કરતો રહ્યો છું.

વિલિયમ સેક્સપિયર કહેતા કે, આપણું મન એ સફેદ કપડા જેવું છે, તેને જે રંગમાં ઝબોળો તેવો રંગ તેને ચડે.

રાષ્ટ્રનિર્માણના શિલ્પી ડૉ. ભીમરાવ આંબેડકર, મારા પુસ્તક ૧૩મી એપ્રિલ ૨૦૧૩ના રોજ ડૉ. બાબા સાહેબ આંબેડકરની જન્મ જયંતીની પૂર્વ સંધ્યાએ વિમોચન થયું હતું. તેમજ ''રત્નકણિકાઓ ડૉ. ભીમરાવ આંબેડકર'' નવા વિચારોનું ચયન પુસ્તક સને ૨૦૧૫ કરવામાં આવ્યું હતું.

૩૦મી જાન્યુઆરી ૨૦૧૬માં, મારી ગુજરાત જાહેર સેવા આયોગના સભ્ય તરીકે જવાબદારી આવી, જેમાં મારે ગાંધીનગર રહેવાનું થયું. જેથી ''રાષ્ટ્રનિર્માણના શિલ્પી ડૉ. ભીમરાવ આંબેડકર'' પુસ્તકનું હિન્દીકરણ કરવાનું થયું હતું. ડૉ. મોહનભાઈ પરમારને એક કાર્યક્રમમાં સુરત આવવાનું થયું અને તેમણે મને ફોન કર્યો, ''હું નાથુભાઈ સુરત આવ્યો છું.'' મે આગ્રહ કર્યો, ''આપ મારા ઘરે પધારો.'' અમે બે ત્રણ કલાક સાથે રહ્યા અને તેમને જે જે જાણકારી મારા અને મારા પરિવાર વિશે જોઈતી હતી તે આપી. સાથે સાથે તેમણે કહ્યું, ''મારે નાથુભાઈ વીર મેઘમાયા ચોક તેમજ ડૉ. આંબેડકર



*કવિ સંમેલન પ્રસંગે ડાબેથી ડૉ. મોહન પરમાર. રાઘવજી માધડ, નાથુ સોસા, ડી.ડી. સોસા, દાન વાઘેલા.*

ભવન ''બૌધ્ધ વિહાર'' જોવાં છે.'' અમે સાથે નીકળ્યા તે સમયે ડૉ. હેતલ ચૌહાણને કહ્યું, ''નાથુભાઈના પુસ્તક રાષ્ટ્રનિર્માણના શિલ્પી ડૉ. ભીમરાવ આંબેડકર''નું હિન્દીકરણ કરવાનું છે. ખૂબ જ ટૂંકાગાળામાં ડૉ. હેતલ ચૌહાણે હિન્દીમાં રૂપાંતરણ કરી આપ્યું તેનો આભાર માનું છું.

અગાઉ કહી ગયો તેમ, ડૉ. મોહનભાઈ પરમાર દ્વારા મારા પરિવાર વિશે ''સોસા પરિવાર'' માણસાઈ અને મૂલ્યોનું સરવૈયું'' પુસ્તક લખીને, તેમણે મારા પરિવાર પર વિશેષ ઉપકાર કર્યો છે. પરંતુ સહ વિશેષ અનુસૂચિત જાતિ સમાજ ઉપર કર્યો છે. આ નાથુ સોસાના પરિવારની સ્વર્ણિમગાથા છે. તેના કરતાં પણ વધારે અનુ. જાતિ સમાજની ગાથા છે, તેમ કહું તો કંઈ ખોટું નથી. આપણા સમાજમાં પણ આવા દિવાઓ ક્યાંકને ક્યાંક ટમટમતા હતા. અમે તો ડૉ. મોહનભાઈ પરમારના ઋણી છીએ, પરંતુ આપણો સમાજ પણ ઋણી રહેશે.

ઉપરોક્ત પુસ્તક નિર્માણ થયું તે પહેલાં ડૉ. મોહનભાઈ પરમાર, પ્રો. યશવંત વાઘેલા તેમજ ભી.ન. વણકર આ ત્રણે મિત્રોને મેં ગાંધીનગર મારા બંગલે જમવા બોલાવ્યા હતા, તે સમયે મે મારા દાદા-પરદાદાના ધિરાણ કરવામાં આવેલી ઓરિજિનલ ખાતાવહીઓ (પુસ્તકો) બતાવવામાં આવી, તે જોઈને ડૉ. મોહન પરમાર અને ત્રણેય મિત્રો અવાક્ થઈ ગયા અને આ ભવ્ય ઈતિહાસ ઉજાગર થવો જોઈએ અને ત્યાર પછી તો હું અને ડૉ. મોહનભાઈ અવાર-નવાર મળતા રહ્યા અને આપ સૌ જાણો છો તેમ, તા. ૮મી. સપ્ટેમ્બર ૨૦૧૯ના દિવસે માન. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈને દિલ્હીમાં મારા પરિવાર સાથે મળવા જવાનું થયું. મારા પરિવાર વિષે તેમના કહેવાથી લખાયેલા પુસ્તક ''સોસા પરિવાર : માણસાઈ અને મૂલ્યોનું સરવૈયું'' આપ્યું. પુસ્તકનાં પાનાં ફેરવતા ગયા અને કહેતા ગયા, ''આ પણ નાથુ તે લખ્યું છે ?'' મેં કહ્યું જે આપ કહેતા હતા તે લખ્યું છે.'' ''ખૂબ સરસ પુસ્તક બન્યું છે. હવે આ પુસ્તકનું અંગ્રેજીકરણ કરવામાં આવે,'' તેમ માન. શ્રીનરેન્દ્રભાઈએ કહ્યું.

એટલે માતૃભાષા ગુજરાતીમાં, રાષ્ટ્રભાષા હિન્દીમાં અને વિશ્વની ભાષા અંગ્રેજીમાં પુસ્તક બન્યાં છે. જેમાં સ્નેહી મિત્ર શ્રી મુદ્રેશભાઈ પુરોહિત કે જેમણે મારાં છ પુસ્તકો વિશેષ કાળજી રાખીને, ખૂબ સુંદર કવરપેજ તેમજ ખૂબજ સુંદર છાપી આપ્યાં. તેમજ 'The Golden Heritage of Sosa Faimily અંગ્રેજીમાં ખૂબજ સુંદર રૂપાંતરણ શ્રી વેદાંત શર્મા દ્વારા કરવામાં આવ્યું. તેમજ ટ્રાન્સલેશન કર્યા પછી, તેમણે પણ અનેક સંશોધન મારા પરિવાર વિશે કર્યાં અને તેમને થયું, ''સાહેબ તમારા ફેમીલી વિશે મને પણ પુસ્તક લખવાની ઈચ્છા થઈ છે. જો આપ રજા આપો તો.'' જેથી બીજુ અંગ્રેજી પુસ્તક The History of Sosa Family નું નિર્માણ થયું છે.

રત્નકણિકાઓ ડૉ. ભીમરાવ આંબેડકરના વિચારોના ચયનનું હિન્દીકરણ કરવા

પાછળ પણ ઈતિહાસ સમાયેલો છે. જ્યારે ૧૫મી માર્ચ ૨૦૧૯માં ગુજરાતના પ્રવાસે આવેલા રાષ્ટ્રપતિ મહોદય શ્રી રામનાથ કોવિંદજીને ગાંધીનગર રાજભવન ખાતે તેમને મળવાનું થયું, તે સમયે મેં મારું હિન્દી પુસ્તક ''રાષ્ટ્રનિર્માણના શિલ્પી ડૉ. ભીમરાવ આંબેડકર'' અને ગુજરાતી પુસ્તક રત્નકણિકાઓ ડૉ. ભીમરાવ આંબેડકરના વિચારોનું ચયન ભેટ આપ્યું. એમણે પુસ્તકોને જોયાં અને કહ્યું કે, ''રત્નકણિકા' બહોત અચ્છી પુસ્તક હૈ, આપ ઉન્હે હિન્દી મેં રૂપાંતરણ કીજીએ.'' ઉસ વજહસે ઉનકા હિન્દી મેં રૂપાંતરણ હુઆ હૈ'' આ રત્નકણિકાનું હિન્દીકરણ સ્નેહી શ્રી વિનોદ ચૌહાણ દ્વારા ખૂબજ ટૂંક સમયમાં કરી આપવામાં આવ્યું. આ તકે તેમનો પણ હ્દયપૂર્વક આભાર માનું છું.

૨૫/૨૬ ઓગષ્ટ ૨૦૨૨ના સુરત ખાતે પ્રથમ વખત ગુજરાતી દલિત સાહિત્ય પ્રતિષ્ઠાનનો બે દિવસીય કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં ૪૦ કરતાં વધારે કવિશ્રીઓએ તેમની કૃતિઓ રજુ કરી હતી. તેમજ ત્રણ વાર્તાપઠન પણ રાખવામાં આવેલ. મને યજમાન તરીકેની જવાબદારી આપવામાં આવી હતી. સાથે સાથે લગભગ પાંચ છ વર્ષથી દલિત સાહિત્ય પ્રતિષ્ઠાનમાં હોદ્દેદારો દ્વારા મને કહેવામાં આવતું હતું કે તમારા પરિવાર તરફથી ગુજરાતી દલિત સાહિત્ય પ્રતિષ્ઠાનના નેજાતળે ઍવૉર્ડ આપવામાં આવે. હું કહ્યા કરતો હતો સમય આવશે એટલે હું જણાવીશ. જે મને સુરત ખાતે મોકો મળ્યો અને મારાં માતા ''કેસરબા પ્રતિષ્ઠાન દલિત સાહિત્ય ઍવૉર્ડ ૨૦૨૨'', મિત્રો મેં ડિકલેર કર્યો અને વર્ષ ૨૦૨૬ સુધી સતત પાંચ વર્ષ સુધી આપવાનું નક્કી કર્યું. આ વખતે કેસરબા પ્રતિષ્ઠાન દલિત સાહિત્ય ઍવૉર્ડ ૨૦૨૨, કવિશ્રી કિસન સોસાને આપવામાં આવ્યો તેનો મને વિશેષ આનંદ છે. આમ મારી સાહિત્યિક સફરમાં સમાજની ચિંતા કરવાવાળા લોકોને મળવાનું અને તેમની સાથે કામ કરવાનું અને શિખવાનું મળ્યું છે. ચિત્રકાર-શિક્ષક-શિક્ષણવિદ અનુભવી અને અનુભૂતિને સાથે રાખનાર બહુમુખી પ્રતિભાઓ ધરાવતા સર્જકો તરફથી મને પ્રેમ-સ્નેહ અને સધિયારો મળ્યો છે, તેનો આનંદ છે. ડૉ. બાબા સાહેબ આંબેડકર કહેતા હતા કે, ''હું આ જીવન વિદ્યાર્થી છું.'' તેમ મને પણ નવું જાણવું - નવું શીખવું તેનો શોખ રહ્યો છે.

અહીં સુરત ખાતે મનની ભીતર પુસ્તકનું ધરમસિંહ પરમાર દ્વારા ખુબ જ ઊંડાણપૂર્વક ખેડાણ તેમજ વિશ્લેષણ કરવામાં આવ્યું તેમજ તલગાજરડા ખાતે ડૉ. મહેશભાઈ દાફડા દ્વારા પાંચ પ્રકારે ચિંતન કર્યું તેમજ વિશ્લેષણ થયું હતું. બન્ને મિત્રોને સલામ...

રત્નકણિકાઓ ડૉ. ભીમરાવ આંબેડકર કે વિચારોંકા ચયનનું ગુણાત્મક વિશ્લેષણ છગન બાજક દ્વારા તલગાજરડામાં કરવામાં આવ્યું હતું. તલગાજરડા ખાતે The History of Sosa Family તેમજ અન્ય પુસ્તકનું વિશ્લેષણ ડૉ. એલ. યુ. વાઢેર




*છ પુસ્તકોનું લોકાપર્ણ પરમ પૂજ્ય સંતશ્રી મોરારિબાપુના હસ્તે કરવામાં આવ્યું, તે પ્રસંગે બાપુનું સ્વાગત અને અભિવાદન કરતાં નાથુ સોસા, તેમના પત્નિ નિરૂબેન સોસા અને પુત્ર જીગર સોસા.*

સાહેબ દ્વારા કરવામાં આવ્યું તેનો રાજીપો વ્યક્ત કરું છું. અને તેનો આભાર પણ માનું છું. તેવાજ ડૉ. મનસુખભાઈ ગાયજન સાહેબે મારા પરિવાર વિશે લખાયેલા અંગ્રેજી પુસ્તક The Golden Heritage of Sosa Family વિશે ખૂબજ ઊંડાણપૂર્વક વિશ્લેષણ કર્યું. તેનો પણ રાજીપો વ્યક્ત કરું છું.


સુરત ખાતે ''રાષ્ટ્રનિર્માણના શિલ્પી ડૉ. ભીમરાવ આંબેડકર'' મારા પ્રથમ પુસ્તક વિષે મૂળજી અંબારામ ''દધિ'' દ્વારા ખૂબજ ઊંડાણપૂર્વકનો અભ્યાસ કરીને અને ખૂબજ સરસ લેખ લખીને પણ આપેલ, તેમનો પણ આભાર. સાથે સાથે ''સોસા પરિવાર-માણસાઈ અને મુલ્યોનું સરવૈયું'' મારા પરિવારની ભવ્યગાથાના ભારેખમ શબ્દો સાથે ગમત કરતાં-કરતાં આખી વાત ખૂબજ સહજતાથી અને સરળતાથી શ્રોતાઓને આનંદીત કરાવ્યા એવા પુસ્તકના વિશ્લેષણ કરતા ડૉ. સ્વપ્નિલ મહેતાનો પણ ખૂબજ હ્રદયના ભાવથી આભાર વ્યક્ત કરું છું.

આમ મારા વિષે અને મારાં પુસ્તકો વિષે જેમણે-જેમણે સહયોગ કર્યો છે, તેવા ચિંતક, વિચારક, વાચક, લેખક અને કવિવરશ્રીઓ તે તમામ મિત્રોનો તેમજ મારા પરિવારના તમામનો તેમજ મારાં ધર્મપત્ની શ્રીમતી નીરૂ સોસા તેમજ મારા પુત્ર જિગર અને પુત્રી પીનલનો તેમજ જમાઈરાજ શ્રી હિતેષકુમારનો આ વેળાએ આભાર વ્યક્ત કરું છું.

નાથુ સોસા
૧ - રઘુનંદન, ચિત્રકૂટ બંગ્લોઝ,
સી. કે. પાર્ક પાસે, હની પાર્ક રોડ, અડાજણ,
સુરત-૩૯૫૦૦૯ મો. ૯૮૨૫૧-૪૬૪૪૮

# આપણા ઈતિહાસની ધરોહર સાચવી રાખી, તેનો મને રાજીપો છેઃ પરમ પૂજ્ય મોરારિબાપુ

*(તલગાજરડા મુકામે નાથુ સોસાના પુસ્તક વિમોચનવિધિમાં પ.પૂજ્ય મોરારિબાપુએ આપેલા વ્યક્તવ્યના કેટલાક અંશો)*



આ સમગ્ર ગ્રંથ ઉત્સવના ટાણે બધાંના કેન્દ્રમાં નાથુભાઈ અને સોસા પરિવાર છે. થોડા દિવસ પહેલાં હડિયા સાહેબ અને નાથુભાઈ આમંત્રણ આપવા આવ્યા. સવા બસો વર્ષનો ઈતિહાસ તેમણે સાચવી રાખ્યો તે મારી દ્રષ્ટિએ મોટું કામ છે. આપણા વડીલો નિઃસ્પૃહ કામ કરી લે, તેનાં ફળ અને પરિણામની ફિકર કરતા નથી.

આપને જાણ હશે કે, મહારાષ્ટ્ર અને દેશના મહાન સંત જગત્‌ગુરુ તુકારામ એમણે અભંગો લખી હતી, એ અભંગોનો બ્રાહ્મણોએ વિરોધી કરી, સ્વીકાર કરવાનો ઈન્કાર કર્યો હતો. અને તેમણે કહ્યું કે, ''મેં તો ભગવાનને પ્રસન્ન કરવા આ અભંગો લખ્યાં છે કોઈ વર્ણ, જાતિ કે જ્ઞાતિ માટે નથી લખ્યાં. પરંતુ મારા ગ્રંથો દ્વારા તમને તકલીફ થતી હોય તો, મારા ગ્રંથો નદીમાં પધરાવી દઉં છું.'' એટલે આપણા આધ્યાત્મ જગતની ખૂબ મોટી વિરાસત - સંપદા નદીમાં તેમણે પધરાવી દીધી. પરંતુ તેમનું સત હતું પ્રેરણામય. બ્રાહ્મણોએ પડકાર આપ્યો, કે ''તમારામાં જો સત્ય હોય, તમારી સાધનામાં યોગ હોય, દુનિયા તમને જગત્‌ગુરુ કહે છે તે સત્ય હોય...'' ત્યારે એવું કહેવાય છે કે, નદીમાં પધરાવી દીધેલા ગ્રંથો નદીમાં તરતા તરતા ઉપર આવ્યા; એવું જ થયું ખૂબ જ વિદ્વાન એવા ચૈતન્ય મહાપ્રભુ સાથે. એ કાળના વૈદુષ્યજગતના એક શિરમોર મહાપુરૂષ, જે પૂર્વ ભારતમાં થયા. તેમણે વેદાંતના, ભક્તિ, જીવ-શિવની યક્તાના, માનવની સભ્યતા, સંસ્કૃતિ, વિકાસ પર ખૂબ જ લખ્યું. જો કે

તેમને અંતે લાગ્યું કે, ''આ શબ્દો પણ બોજ છે, તેનું શુ કરું ?'' અને અંતે કૃષ્ણભક્તિમાં ડૂબીને, તેમણે બધાં જ પુસ્તકો નદીમાં પધરાવી દીધાં. આવી અનેક ઘટનાઓ આપણા ઈતિહાસમાં છે. તુલસીદાસજીએ રામચરિત માનસ લખ્યું, તો કાશીના વિદ્વાનોએ કહ્યું કે, આની ચોરી કરી લો, એક જ પ્રત છે. અને જો આ ગ્રંથ જગતમાં જશે તો આપણા પાંડિત્યસભર પુસ્તકોનું મૂલ્ય નહીં રહે. અને એમ કહે છે કે, એક જ પ્રત હતી જે હસ્ત લિખિત હતી, તેની ચોરી કરવા ગયા. શ્રધ્ધાજગત એવું કહે છે કે, એ ગ્રંથની કોઈએ રક્ષા કરી અને ચોરી ન થઈ શકી. રામચરિત માનસ આજે આપણી પાસે છે, ઘર ઘરમાં છે, ઘટ ઘટમાં છે.

આવી ઐતિહાસિક ઘટનાઓ વિતેલા પાંચસો વર્ષોમાં અનેક ઘટી છે. પરંતુ મારો રાજીપો એ છે કે, અઢીસો વર્ષ પહેલા મહારાજ કૃષ્ણકુમારસિંહજીના નામની એક આનાની ટિકિટ, પાલીતાણાની ટિકિટ, ગાયકવાડની ટિકિટ.. આ નાથુભાઈ કે તેમના વડીલોએ નહીં સાચવી હોત તો, કેટલી મોટી થાપણ આપણી જતી રહી હોત! લખનારા એ બધા તો નિસ્પૃહી હતા, તેઓને તો ફળની ઈચ્છા હતી જ નહિ. લખતી વખતે જે રસ પડે તે રસમાં જ રાજી. આપણે બધાં ફળ ઈચ્છીએ છીએ. ગીતાકારે ના પાડી છે, ફળની આશા રાખતો નહિ. ભગવાન કૃષ્ણએ કહ્યું હોય કે, તું ફળની આશા રાખતો નહિ. આપણો પરમાત્મા કહેતો હોય તો આપણે ફળની ઈચ્છા રાખી શકાય નહિ. ''મા ફલેસ્વુ કદાચન'' આ ગીતાનું ધ્રુવ વાક્ય છે, કે તારો અધિકાર કર્મમાં છે, પણ ફળમાં નથી. આપણે ભગવાનનો વિરોધ તો ન કરી શકીએ. પરંતુ હું હંમેશાં કહું છું કે, પ્રભુ અમે તમારાં બાળકો છીએ, તમે અમારા ઈશ્વર છો, કોઈ માને કે ન માને, તારા બોલને અમે પાળીએ છીએ કે, અમે જે કંઈ કરીશું, તેનું ફળ અમારે જોઈતું જ નથી. પરંતુ તું અમને રસની ના નહિ પાડી શકે. કારણ કે, ફળ પાકે અને પછી અમે ન લઈએ એના પહેલા તો; લખતી વખતે, સંશોધન કરતી વખતે, તેને સાચવતી વખતે, હસ્તાક્ષર વખતે તેને લિપિબધ્ધ કરતી વખતે અમને જે રસ પડ્યો છે તેમાં તું ના નહિ પાડી શકે અને એ તો રસનો શિરોમણી માણસ છે. મને લાગે છે કે, આપણા વડિલોએ-પૂર્વજોએ આમાં રસ લીધો છે. ફળની ફિકર હોત તો અતથી ઈતિ સુધીનું સાચવ્યું હોત! કદાચ તેઓને ફળની ઈચ્છા ન હોય પરંતુ તેમણે રસ પૂરેપૂરો લીધો છે. એ રસના છાંટા આ પરિવાર, સમાજને આપી રહ્યો છે. મેં બધી જ હસ્તપ્રતો જોઈ છે, ખૂબ મોટું કામ થયું છે.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી સાહેબે નાથુભાઈને આ ગ્રંથોનું હિન્દીમાં-અંગ્રેજીમાં ભાષાંતર કરજો એમ કહ્યું અને એ પ્રમાણે નાથુભાઈએ કર્યું. આવા મૂલ્યવાન ગ્રંથોનો લોકાર્પિત કાર્યક્રમ તલગાજરડામાં થાય છે. પ્રધાનમંત્રી સાથે આવો આત્મીય સંબંધ છે, તો નાથુભાઈ દિલ્હીમાં પણ આ કાર્યક્રમ કરી શકે; પરંતુ તેમણે સાધુના ગામમાં, મારા હરિના ધામમાં આ કાર્યક્રમ કર્યો તેનો ખૂબ મોટો રાજીપો છે. મારી એવી માન્યતા છે કે, કોઈપણ લેખકે આવા પાંચ-છ ગ્રંથો આપણને લોકાર્પિત કર્યા ત્યારે, પરદેશથી આવેલા

આવેલા આપણા ભાઈ-બહેનો આ અંગ્રેજીમાં રૂપાંતરિત કરેલાં પુસ્તકો વાંચે. આપણને પણ ખ્યાલ આવે કે, તમારી ધરોહર, તમારી સંસ્કૃતિ, તમારા પાયા કેવા મજબૂત હતા!

કવિકાંતબાપુનું એક પદ છે,

અમે નિસરણી એ બની ને
આ દુનિયામાં ઉભા,
પણ ચઢનારાં કોઈ અમને ન મળ્યાં!
અમે દાદરા બની ને
ખીલા ખૂબ ખાધા,
પણ તપસ્યાના ફળ અમને ન મળ્યાં!
માથે ઓઢી ઓઢણીને, પગે બાંધ્યા ઘૂઘરા!
નારી બનીને અમે રાતભર નાચ્યા,
પણ અમને જોનારાં ન મળ્યાં....

પરંતુ અહીં આપણે ભગવાનની કૃપા ! આવા વિદ્વાનો, પરિવાર, વડીલોએ જે નિસરણી મૂકી તેનાં ચઢનારાં પણ મળ્યાં, ખીલા ખાધા-તપ કર્યું એનો રસ પણ મળ્યો. રાષ્ટ્રીય-વૈશ્વિક સમરસતાના પ્રતીક ડૉ. બાબા સાહેબ આંબેડકર માટેનાં સૂત્રોનું એક પુસ્તક-ગ્રંથ આપણી પાસે છે. પહેલાંના સમયમાં સત ધરાવતા ભક્તો કમળપૂજા કરી મહાદેવને અર્પણ કરતા. જો કે, આજના સમયમાં એ શક્ય નથી. પરંતુ તેવી જ રીતે, કોઈપણ લેખક પુસ્તક સમાજને અર્પણ કરે તે પણ એક કમળપૂજા જ છે. નાથુભાઈ સોસાની પણ આ કમળપૂજા છે. કમળનો અર્થ એ થાય છે નિર્લેપ. કમળપૂજામાં મસ્તક મહાદેવને અર્પણ કરી દેતા. તેમ લેખકો માટે પુસ્તક એ તેમનું કમળ છે. નાથુભાઈએ તેમનું ચિંતન, અનુભવ, બાપ-દાદાની પરંપરા પુસ્તકમાં મૂકી છે, એવી કમળપૂજા તેઓએ સમાજને અર્પણ કરી છે, તેનો આનંદ છે અને આવો ગ્રંથયજ્ઞ તેમના થકી ચાલુ રહે તેવી આશા છે. એવા ગ્રંથો સમાજને આપો કે, આપણા સમાજની તમામ ગાંઠો દૂર થાય. આપણા સમાજમાં


સોસા પરિવારની ઐતિહાસિક ખાતાવહીઓનું નિરીક્ષણ કરતા પ.પૂજ્ય મોરારિબાપુ

વર્ણની, ભાષાની, જાતિની, પ્રાંતની એવી અનેક ગાંઠો છે, આવી ગ્રંથિઓ દૂર થાય તેવા ગ્રંથોની જરૂર છે. સાહેબ, એકદમ પાતળો દોરો લો, પણ ગાંઠ મારો તો તે ટૂંકો થતો હોય છે. આવી ગાંઠો જ સમાજને ટૂંકો કરતી



જાય છે. તુલસીદાસજીનો એક દોહો છે, કે રેંટિયો કાંતતી વખતે ખેંચીને તાર કાઢો તો તે તૂટી જાય છે. સમાજનાં આવાં અનેક સંશોધનો થાય અને આવા ગ્રંથો તૈયાર થાય તો સમાજની ગાંઠો દૂર થઈ શકે. ગ્રંથિને છોડી નાંખે તે ગ્રંથ.

એકબીજાને પછાડી નાંખવાની ગ્રંથિ. આપણા ભગવદકારો યુગોથી ભાગવત કથા કરી રહ્યા છે. હવે તો ભાગવત કથાઓ મેદાનમાં આવી. જેમાં સાત પાતળીનો વાંસ રાખવામાં આવે અને સાત દિવસમાં એક-એક વાંસ ફાટતી જાય. શીખ સંપ્રદાયમાં ગુરુ ગ્રંથસાહેબ માથાં આપી દે અને તેને આંચ ન આવે. આવા ગ્રંથો ઊભા કરવા પડશે. લોકો માથે ચઢાવે તેવા ગ્રંથો તૈયાર કરવા પડશે. ગુરુ ગ્રંથસાહેબ દ્વારા તેમની તમામ ગાંઠો દૂર થઈ ગઈ છે તેવા ગ્રંથો દ્વારા ગ્રંથિમુક્ત રાખવામાં આવે, તે પણ એક યજ્ઞ છે. મારા મનમાં એક બ્લ્યુપ્રિન્ટ છે ગામની; જેમાં દરેક ગામે એક કવિ, લેખક, ગાયક, વાદક, સર્જક હોવો જોઈએ. બીજુ, ગામમાં એક શીલવંત સાધુ હોવો જોઈએ. ત્રીજું, બ્રહ્મવીત બ્રાહ્મણ હોવો જોઈએ. સારી શાળા હોવી જોઈએ. કોઈપણ ધર્મનો માણસ જઈ શકે તેવું એક ધર્મસ્થાન હોવું જોઈએ. આ છે સમરસતા. સમરસ સરપંચ હોય. ચૂંટાયા પછી સરપંચ સમગ્ર ગામજનોને એક દોરામાં પરોવી શકે તેવો હોવો જોઈએ. એક કવિના દોહામાં જણાવ્યું છે કે, કચ્છમાંથી એક કબૂતર ઊડ્યું મુંબઈ જવા. સચિવાલય, વડોદરા થઈ મુંબઈ પહોચ્યું, પક્ષીઓએ મુંબઈની ચોપાટી જોવા કહ્યું અને તે મુંબઈની ચોપાટી પહોંચ્યું. ત્યાં તેની આંખો મીંચાઈ ગઈ. બે-બે જણાં ચોપાટી પર બેઠાં હતાં. કબૂતરથી ન જોવાયું અને તેને આખરે પોતાનું કચ્છ જ વ્હાલું લાગ્યું.

કબૂતર ઊડ્યું કચ્છથી, મુંબઈ આયું જોઈ,<br>
પણ<br>
એને વ્હાલું ન લાગ્યું કોઈ, વાગડ જેવું વિઠલા...

કોઈએ કહ્યું છે કે, વનરાવન મારું રુડું, હું વૈકુઠે નહિ આવું! પણ હું તો એમ કહું કે તલગાજરડું મારું રુડું, હું વનરાવને પણ નહિ આવું.

જનની જન્મભૂમિશ્ચ સ્વર્ગાદપિ ગરીયસિ, આ જન્મભૂમિમાં આવો ગ્રંથયજ્ઞ યોજાયો તેનો સાધુ તરીકે મને રાજીપો છે.

નાથુભાઈ અને તેમના વડીલોને મારા પ્રણામ, હું ગૌમુખની ગંગાજીની ખૂબ નાની ધાર છું. પછી ગંગોત્રી આવે એટલે પ્રવાહ વધે છે. ત્યાંથી દેવપ્રયાગ આવે એટલે વિશાળ પટ થાય. ત્યારબાદ હરિદ્વાર, કાશી અને પ્રયાગમાં આવે, બાદમાં સાગરમાં સમાઈ જાય, ત્યારે બીજો દરિયો બની જાય. ઘણીવાર કૂળમાં જે મૂલ્યો હોય તે આમ ઓછાં દેખાતાં હોય, પણ જ્યારે કૂળમાં સપૂત કોઈ થાય ત્યારે, કૂળનો પ્રવાહ અવિરત વહે છે. સૂરજને ઢાંકી દેનાર, ઘેરાયેલાં વાદળોને દૂર કરી દે તેવા પવનના પાટા જેવો સપૂત કૂળમાં નીકળે, તે આવાં વાદળો દૂર કરી દે છે. તમારા કાર્યોમાં આપણો સૂર્ય પ્રગટ રહે, તેની ઉષ્મા,તેનો પ્રકાશ બધાને પ્રાપ્ત થતો રહે, તેવી હનુમાનજીના ચરણોમાં પ્રાર્થના કરી, સાધુ તરીકે મારો રાજીપો રહેશે.

**सर्वे सन्तु निरामयाः ।**

**सर्वे भद्राणि पश्यन्तु ।**

**मा कश्चित दुःख भाग्भवेत ।।**

**સંકલનઃ જીમી ઘારીવાળા**

# આધ્યાત્મિકતાને પચાવ્યા પછી જ મનડાની ભીતરમાં પડેલા નાતજાતના દુષણોમાંથી બહાર આવી શકાય

**દાસ નિરૂબાપુ સદગુરૂ હરજીવન બાપા**



આપણી વાડીના મૂળ મુકામી નાથુભાઈ સોસાના પુસ્તકો અંગે પૂજ્ય સંત શ્રી મોરારિબાપુ સહિત અનેક મહાનુભાવોએ પોતાના વિચારો રજૂ કર્યા, બાપુના હસ્તક છ પુસ્તકના લોકાર્પણ થયા. આપણે જોઈએ તો અનાદી કાળ સૃષ્ટિની રચનાનું ઉદગમ કેન્દ્ર દર્શાવેલ છે. તેમાં સૃષ્ટિનું સર્જન થયા પછી જે આદી ધરમ. મહાપંથ સ્થાપાયો તેનું પ્રમાણ આપેલ છે. આ મહાપંથ આદી દેવ, શીવજીએ સૌ પ્રથમ ઉમીયા દેવીને સમાજાવેલ છે. તેમાં મહાભક્તિનું ગુપ્ત રહસ્ય અને મહામંત્ર આપેલ છે, જે ભજનમાં મળી આવે છે.

સતી રે ઉમીયાદેવી શીવજીને પૂછે રે,<br>
એવું નીજીઆ ધરમ જેવું શું છે રે હા,<br>
એજી શીવજી મહાભક્તિનો અમને મૂળ બતાવો,

શીવજીએ આ મહાભક્તિ મહાધરમનો ઉપદેશ ઉમીયાદેવીને આપ્યો, ને આ ધર્મની સ્થાપના થઈ ત્યારે આ ધરમની સતની દોરી કોને સોંપવી તેની ચર્ચા ચાલી, તેનો જવાબ વીરલબાઈના ભજનમાં મળે છે.

હે કુંભારાણા હા, જેદી મારા ધણીએ,<br>
આ સૃષ્ટિ નીપાવી રે,<br>
સાતદિપને નવકૂળનાગ<br>
ધરમની દોરી મારા મેઘધારવે જીલી અને સાચા નૂરીજન ચડ્યા નિર્વાણ.

આ મહાધરમત્વના મૂળ પુરાઃતત્વ વિદોએ ભારતની સૌથી પ્રાચીન સિંધી સંસ્કૃતિમાં હોવાનું જણાવ્યું છે કારણ કે તે સમયના નગરમાં શીવલીંગ અને સ્ત્રીની પૂંજા થતી હતી. તે સમયે સમાજમાં સ્ત્રીનું સ્થાન સૌથી ઉંચું ગણાતું હતું. આજે હજારો વર્ષ પછી

પણ આ પરંપરા મેઘવાળ સમાજમાં સચવાઈ રહી છે. આ ધરમ દેવી-દેવતાઓને સ્વિકારતો નથી. માત્ર જ્યોતની ઉપાસના કરે છે તેજ પરંપરા ત્થાગત ગૌતમ બુધ્ધમાં અપોદિપો પ્રમાણી શકાય છે.

મહાધરમને મેઘવાળ સમાજમાં મોટી વાડી નામે ઓળખવામાં આવે છે. એમાં સ્ત્રી અને પુરૂષ જેને જતી-સતી કહેવામાં આવે છે. આ બન્ને એકમના થઈને અલખને જ્યોત સ્વરૂપે આરાધે છે. આ ધરમની સૌથી મોટી વિશેષતા પુરૂષે સ્ત્રીને ચરણે જવું પડે છે. માર્કંડ ઋષિના કહેવા પ્રમાણે રાજા યુધિષ્ઠિર દ્રૌપદીને ચરણે ગયાં હતાં. જેસલ જાડેજા સતી તોરલના ચરણે ગયા હતા. રાજા માલદેવ રૂપવતીના ચરણે ગયો હતો. લાખો-સતી લોયણ પાસેથી ગુરુ બૌધ્ધ મેળવે છે. આવા ધરમની પરંપરા મેઘવાળ સમાજમાં હતી. જેનું પ્રમાણ રાજેસ્થાનના મેઘવાળ સંતોમાંથી મળી આવે છે.

મેઘવાળ સંત મેઘધારુ ગુરૂ ઉગમશી પાસેથી બૌધ્ધ મેળવે છે. તે સંત પણ મેઘવાળ હતા. આ પંથનો ખીમડીયો કોટવાળ અને સતી દાડલ દે મેઘવાળ હતા. પાટણના રાજા સિધ્ધરાજ જયસિંહ જે તળાવ ગળાવ્યું હતું. તે તળાવમાં પાણી ન રહ્યું, ત્યારે મેઘવાળ સમાજનો બત્રીસ લક્ષણો પુરૂષે, વીર મેઘમાયાએ બલીદાન આપ્યું હતું. મારે અહીં કહેવું છે મહાત્મા દાદુ દયાલ વિશે. જ્યારે અંગ્રેજોની ભારત પર સત્તા હતી ત્યારે રાજસ્થાનમાં દાદુ દયાલ નામક એક મહાન પુરુષ થઈ ગયા. તેમના એક શિષ્ય નિશ્ચલદાસજીએ એમના ગુરુને પુછ્યા વિના એક પુસ્તક લખ્યું, એનું નામ વિચારસાગર. ૧૨ મહિનાના ટૂંકા સમયગાળામાં સમાજમાં આ પુસ્તક ઘણું વ્યાપક બની ગયું. પુસ્તક પા ભાગનું પણ વાચે તો તે સાધુ થઈ જતાં. આ બાબત અંગ્રેજ સરકારની ધ્યાને આવી કે ભારતમાં આટલા બધા સાધુ ન હતા, તો અચાનક એમની સંખ્યા આટલી બધી કેવી રીતે થઈ ગઈ? ઝીણવટભરી તપાસ બાદ અંગ્રેજો સમક્ષ પુસ્તકની વાત ધ્યાને આવી. ૩૫૦ વર્ષમાં ભુગર્ભમાં રહીને બ્રાહ્મણોએ આપણા અસલ ગ્રંથોમાં મોટા ફેરફાર કરી નાત-જાતના બંધનો ઊભા કરી દીધા. આપણા અસલ ગ્રંથોમાં આવું કંઈ હતું જ નહિ. અંગ્રેજોને વિચારસાગર પુસ્તક વિશે જ્યારે ખબર પડી ત્યારે આ પુસ્તક પર સમગ્ર દેશમાં પ્રતિબંધ લગાવી કોઈ વાંચી ન શકે તેવો કાયદો લાવી દીધો. પુસ્તકને લઈ અંગ્રેજ સરકાર હચમચી ઉઠી ત્યારે ગુરુ દાદુ દયાલે પોતાના શિષ્યને બોલાવ્યો અને પુછ્યું કે મહાત્મા હું તો તારો સદગુરુ છું. તારે મને પુછવું જોઈતું હતું. આ અંગ્રેજોએ પુસ્તક પર કાયદો લાવવો પડ્યો, તો તે આ પુસ્તકમાં એવું તો શું લખ્યું છે, મને બતાવ... શિષ્યએ પોતાના ગુરુને પુસ્તક બતાવ્યું. પુસ્તક વાંચી ગુરુ ખુશ થઈ ગયા અને પછી કહ્યું કે આ પુસ્તકમાં કંઈક ખુટે છે. બધા સમાજ અને લોકોના મૂળમાં આધ્યાત્મિકતા છે. ભણેલો વ્યક્તિ હોય કે ગરીબ અને અભણ હોય, નેતા, મજૂરી કરતો મજૂર હોય, તો તેના મૂળમાં આધ્યાત્મિકતા હોય છે. આધ્યાત્મિકતાને પચાવ્યા પછી જ

નાત-જાતના ભેદભાવના આ દૂષણમાંથી બહાર નીકળી શકાય. મેં તો ઘણો અભ્યાસ કર્યો છે. હું તો રામાનુજી સાધુ છું. મારા ગુરુ વણકર છે. નિશ્ચલદાસજીના આ પુસ્તકના મુખ્ય પૃષ્ઠ પર ગુરુ દાદુ દયાલે લખ્યું,

વેદ ઉધ્ધતી સદગુરૂ આજ્ઞા બીન લખે
એને માનવી લૂણ સમાન
પણ - સદગુરૂ દુર્વાશ ધ્વાર લખે તો
એ અમૃત છે અધિકાર

તમે ગમે તેટલી તરસ લાગુ હોય પરંતુ તમારી તરસ સમુદ્રનું પાણી છીપાવી નહિ શકે. જો તમે તે પાણી પીવો તો તમારું મોઢું ફાડી નાંખે. પણ સૂર્યના કિરણથી એ જ પાણી વરાળ બની વાદળ બને અને પીવાલાયક અમૃત પાણી મળે છે. સોસા પરિવારની અંદર ગુરુપ્રણાલી પેઢી દર પેઢીથી ચાલી આવી છે. મારા ધન્યભાગ કે મને સમજી શકે તેવા આધ્યાત્મિક સ્તરનો પરિવાર મને નજીકથી પ્રાપ્ત થયો છે. જેનો મને આનંદ છે. મારી વાતને અહીં અટકાવીશ કારણ કે ભારતીય સંવિધાનના રચીયતા ડૉ. ભીમરાવ આંબેડકર પણ આ એસસી સમાજના જ રત્ન હતા. આવી ગર્વી પરંપરાને જીવીત રાખવી તે પણ સમાજ સેવા છે.

નાથુભાઈ સોસાના આ પુસ્તકોમાંથી મારે પસાર થવાનું થયું છે ત્યારે તેમની સમાજ પ્રત્યેની નિષ્ઠા, સામાજિક જાગૃતી માટેની વિવિધ પ્રવૃત્તિઓ અને શિક્ષણનો વિસ્તાર થાય તે માટે ઘસાય છૂટવાની લાગણી મને નાથુભાઈમાં જોવા મળી છે. તેમના આ ગ્રંથોને તો હું વધાવું છું અને સાથો સાથ સંતની ગાદીએ બીરાજમાન હોવાથી આશીષ પાઠવું છું કે સમાજની સેવા માટે દીર્ઘ આયુષ્ય મળે.

# નાથુભાઇ સોસાઃ સંનિષ્ઠ સમાજસેવક અને પ્રતિબદ્ધ કર્મશીલ

**ડૉ. મોહન પરમાર**

*નાથુભાઈ સોસાનો મને છ-સાત વર્ષથી પરિચય છે. એમનું વ્યક્તિત્વ જ એ પ્રકારનું છે કે, પ્રથમ પરિચયે જ એમની આંબેડકરી વિચારધારાથી હું પરિચિત થયો. ગુજરાતી દલિત સાહિત્ય પ્રતિષ્ઠાનના અમદાવાદ ખાતે એક કાર્યક્રમમાં તેઓ અતિથિ વિશેષ હતા. એ વખતે એમની સામાજિક નિષ્ઠા નજરે પડેલી. પછી તો નાથુભાઈ અને હું એટલા બધા નજીક આવ્યા છીએ કે, જાણે વર્ષોથી અમારો સંબંધ છે તેવું લાગી રહ્યું છે. હું અમદાવાદ અને તેઓ સુરતમાં, પણ ૨૦૧૬થી છ વર્ષ માટે, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગરમાં તેઓ સન્માનનીય સભ્ય તરીકે સેવાઓ આપી રહ્યા હતા. તે વખતે એમના ગાંધીનગરમાં રોકાણ વખતે અમારી મુલાકાત થતી રહેતી હતી. એમની સાથે વાતચીત દરમિયાન એમના વડવાઓ, આજથી ૨૫૦ વર્ષ પહેલાં નાણાં-ધીરાણનો ધંધો કરતા. આ વિગતો મારા જાણવામાં આવતાં ''સોસા પરિવારઃ માણસાઈ અને મૂલ્યોનું સરવૈયું'' નામનું પુસ્તક મેં પ્રગટ કરેલું. આ પુસ્તક સારી રીતે પ્રશંસા*




*પુસ્તક લોકાર્પણવિધિ પ્રસંગે ડૉ. મોહન પરમારને પુસ્તકનો સેટ અર્પણ કરતા નાથુ સોસા.*

પામ્યું હતું. એક વર્ષમાં એની ત્રણ આવૃત્તિઓ થયેલી. એથી પ્રેરાઈને નાથુભાઈએ આ પુસ્તકના હિન્દી અને અંગ્રેજીમાં અનુવાદ કરાવેલ. આ પુસ્તક ઉપરાંત એમનાં બે પુસ્તકો 'મનની ભીતર' અને 'રાષ્ટ્રનિર્માણના શિલ્પી ડૉ. ભીમરાવ આંબેડકર' એમનાં મૌલિક પુસ્તકો છે. આ બે પુસ્તકોએ પણ એમને સારો એવો યશ અપાવ્યો છે.

એમનાં આ બધાં પુસ્તકોમાં મને એક નિષ્ઠાવાન અને પરંપરાભજક કર્મશીલનાં દર્શન થયાં છે. જૂનાગઢ ખાતે ગુજરાતી દલિત સાહિત્યના બે દિવસીય કાર્યક્રમમાં એમણે આપેલા વક્તવ્યમાં એમની સમાજનિષ્ઠા દૃષ્ટિગોચર થઈ છે. સમાજના વિકાસમાં કઈ રીતે આગળ વધી શકાય તે વિગતો એમના વક્તવ્યમાં મહત્ત્વનો મુદ્દો હતો. જૂનાગઢના કાર્યક્રમ વખતે એમનાં બધાં પુસ્તકોનો સેટ દલિત સાહિત્યકારોને એમણે ભેટ આપેલો. જૂનાગઢ ખાતેના કાર્યક્રમમાં એમનાં પુસ્તકો વિશે મેં અને બીજા વક્તાઓએ પ્રશસ્તિરૂપે છણાવટ કરેલી. પ્રારંભિક બેઠકમાં એમનું વક્તવ્ય હોવા છતાં, આ કાર્યક્રમમાં પોતાનો અમૂલ્ય સમય ફાળવીને, બે દિવસ તેઓ અમારી સાથે રહ્યા હતા. એમની ઉપસ્થિતિએ આ કાર્યક્રમને ગરિમા બક્ષી હતી.

જૂનાગઢ અધિવેશન પહેલાં નાથુભાઈના પુસ્તક વિમોચન કાર્યક્રમ દાન વાઘેલાની સંસ્થા સમ્યક સાહિત્ય સભા, તેમજ સૌરાષ્ટ્ર સોશિયલ વેલ્ફેર ટ્રસ્ટ, ભાવનગરના સહયોગથી મોરારિબાપુની નિશ્રામાં, એમનાં બધાં પુસ્તકોનો વિમોચન કાર્યક્રમ ગોઠવવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં પણ ભાવનગર અને જુદા જુદા સ્થળેથી પધારેલા કવિઓનું કવિ સંમેલન યોજાયું હતું. આ પણ બે દિવસનો કાર્યક્રમ હતો. એમના વડવાઓ ધીરાણનો ધંધો કરતા હતા તે વખતે ઉપયોગમાં લીધેલ દસ્તાવેજો અને તે વખતની ટિકિટોનું પ્રદર્શન મોરારિબાપુને ગમ્યું હતું. આ કાર્યક્રમ મારી અધ્યક્ષતામાં યોજાયો હતો. એમનાં તમામ પુસ્તકોનું વિમોચન મોરારિબાપુના હસ્તે કરવામાં આવ્યું હતું. તે વખતે મોરારિબાપુએ નાથુભાઈની આ સેવાયાત્રાની કદર કરી હતી. આ કાર્યક્રમ સાચે જ ભવ્ય હતો. આ કાર્યક્રમનું તમામ શ્રેય નાથુભાઈને ફાળે જાય છે. મેં આ અધ્યક્ષીય પ્રવચનમાં નાથુભાઈની સેવાયાત્રાની મુક્તમને પ્રશંસા કરી હતી. એમની કાર્યનિષ્ઠાને પ્રમાણીને મેં એમ કહ્યું હતું કે, ''નાથુભાઈ જેવા સમાજસેવી થકી આપણો સમાજ પ્રગતિ કરી શકશે.''

પણ એમની સમાજનિષ્ઠા તો સુરત ખાતે ગુજરાતી દલિત સાહિત્ય પ્રતિષ્ઠાનના એમણે ગોઠવેલા કાર્યક્રમ વખતે પૂર્ણપણે ખીલી ઊઠી હતી. આ કાર્યક્રમમાં સાહિત્યકારોનું માન-સન્માન જળવાઈ રહે તેવી વ્યવસ્થા એમણે ઉમંગભેર ગોઠવી હતી. એ વખતે એમનાં બધાં પુસ્તકો વિશેની એક અલગ સમીક્ષા બેઠક ગોઠવી હતી. ગુજરાતી સાહિત્યના વિદ્વાનો દ્વારા એમનાં પુસ્તકોની કરવામાં આવેલ સમીક્ષાઓ સાંભળીને ધન્ય ધન્ય થઈ જવાયું હતું. આ કાર્યક્રમમાં આવેલા તમામ કવિઓ-વક્તાઓનું શાલ ઓઢાડી, મોમેન્ટો તેમજ 'ભારતનું બંધારણ''ની નકલ અર્પણ કરીને સ્વાગત કરવામાં આવ્યું હતું.


આ કાર્યક્રમની વિશેષતા એ હતી કે, એમના વતી ગુજરાતી દલિત સાહિત્ય પ્રતિષ્ઠાન દ્વારા પ્રતિષ્ઠિત દલિત સાહિત્યકારને 'કેસરબા દલિત પ્રતિષ્ઠાન ઍવૉર્ડ' આપવાની શરૂઆત થઈ. પ્રથમ કેસરબા ઍવૉર્ડ કિસન સોસાને આપવામાં આવ્યો. આ ઍવૉર્ડ પ્રતિ વર્ષ અર્પણ કરવા માટે નાથુભાઈએ દાખવેલી નિષ્ઠા સાચે જ ધ્યાનપાત્ર છે. કેસરબા ઍવૉર્ડ પ્રાપ્ત કરનાર દલિત સાહિત્યકારને રૂા. ૧૧,૦૦૦/- રોકડા, સ્મૃતિચિહ્ન અને શાલ અર્પણ કરીને સન્માન કરવાનું નક્કી થયું. આ ઍવૉર્ડ પ્રતિ વર્ષ આપવામાં આવશે. કેસરબા ઍવૉર્ડ પોતે જાતે નહિ, પણ દલિત સાહિત્યની સંસ્થા ગુજરાતી દલિત સાહિત્ય પ્રતિષ્ઠાન દ્વારા અપાય તેવા તેમના આગ્રહમાં ખુદ્દારીનાં દર્શન અવશ્ય થાય છે. એમણે આ માટે એડવાન્સમાં ગુજરાતી દલિત સાહિત્ય પ્રતિષ્ઠાનને રૂા. ૧ (એક) લાખનું ચેક દ્વારા દાન કરી દીધું. આ પ્રક્રિયા માટે એમની સાહિત્ય પ્રત્યેની પ્રીતિ તો ખરી જ, સાથે સાથે સમાજ માટે કાંઈક કરી છૂટવાની ભાવના પણ અગ્રેસર થતી જણાય છે. આ કાર્યક્રમમાં એમની સામાજિક સેવાઓની કદરરૂપે ગુજરાતી દલિત સાહિત્ય પ્રતિષ્ઠાન દ્વારા એમનું સ્મૃતિચિહ્ન આપીને ભાવભીનું સ્વાગત કરવામાં આવ્યું હતું. તો એમના તરફથી એમની સંસ્થા સૌરાષ્ટ્ર સોશિયલ વેલ્ફર ટ્રસ્ટ સુરત દ્વારા ગુજરાતી દલિત સાહિત્ય પ્રતિષ્ઠાનના પ્રમુખનું લાઈફ ટાઈમ એચીવમેન્ટ ઍવૉર્ડ દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. પરસ્પર બનેલી આ ઘટના કર્મશીલ અને સાહિત્યનું સાયુજ્ય રચવા માટે ઉપકારક બને તેમ છે. આ કાર્યક્રમમાં અમદાવાદ, જૂનાગઢ, ભાવનગર, પાટણ, વિસનગર, રાધનપુર, મહેસાણા, ધોળકા, ગાંધીનગર અને ઊના જેવા દૂર દૂરના વિસ્તારના સાહિત્યકારોએ ભાગ લઈને નાથુભાઈ સોસાએ યોજેલ સાહિત્યયજ્ઞને ચારચાંદ લગાવ્યા હતા. સુરતમાં પધારેલ સાહિત્યકારોએ નાથુભાઈ દ્વારા કરવામાં આવેલી સન્માનપૂર્ણ મહેમાનગતિનાં ભરપેટ વખાણ કર્યાં હતાં.

તલગાજરડા જૂનાગઢ અને સુરત ખાતે યોજાયેલા સાહિત્યિક કાર્યક્રમોમાં દલિત સમાજના સાહિત્યકારો સાથે રહીને નાથુભાઈએ દાખવેલી જાગૃતિ અન્ય કર્મશીલો અને સમાજસેવકો માટે પ્રેરણાદાયક બની રહે તેવી છે. નાથુભાઈનું વ્યક્તિત્વ સ્ફૂર્તિદાયક છે. અત્યારે બિલ્ડીંગ કન્સ્ટ્રકશનના ધંધા સાથે જોડાઈને પણ આ સમાજને ઉપયોગી થાય તેવાં કાર્યો કરી રહ્યા છે. સાહિત્ય સાથેનું એમનું જોડાણ સાહિત્ય માટે ઘણું ઉપકારક નીવડશે તેમાં શંકા નથી. એક સંનિષ્ઠ સમાજસેવક તરીકેની એમની કારકિર્દી ઘડાઈ ચૂકી છે. સમાજથી એ ક્યારેય વિખૂટા પડી શકે તેમ નથી. એમની પ્રતિબધ્ધ કર્મશીલની ભૂમિકા પણ સમાજને નવો રાહ ચીંધવામાં અગ્રેસર બનશે તેમ, હું જરાય હિચકિચાટ વગર કહી શકું છું.

ડૉ. મોહન પરમાર
એ/૨૫, ન્યુ પરિમલ સોસાયટી,
કિર્તીધામ તીર્થ પાછળ, ચાંદખેડા, અમદાવાદ.
મો. ૯૬૬૨૯૮૬૫૮૫

# વણ લખાયેલા ઈતિહાસની ઝાંખી

**ડૉ. નાથાલાલ ગોહિલ**



*'રાષ્ટ્રનિર્માણના શિલ્પી ડૉ. ભીમરાવ આંબેડકર' પુસ્તકના વિમોચન પ્રસંગે ડૉ. નાથાલાલ ગોહિલ*

હું ઈતિહાસ! મને જ્યારે લખવામાં આવ્યો ત્યારે, સત્તાધીશોના ઈશારા પ્રમાણે લખવું પડ્યું છે. રાજા-મહારાજાના તેમના વહીવટદારો હોય કે, મુસ્લિમ સત્તાધીશો હોય, અંગ્રેજોની સત્તા કે પછી જે સત્તાનાં સિંહાસને બેઠાં તેમના ગુણ-ગાન લખવાં પડ્યાં અને હું ઈતિહાસ છું તે મારે ભૂલવું પડ્યું. મારે લાગે સત્તાની સાઠમારી, કાવા-દાવા, ધર્મને સત્તા વિશે લખવા જતાં, મારી સાંસ્કૃતિક વિરાસતને અન્યાય થયો, એટલું જ નહીં પણ, ઈતિહાસની મૂળ સત્ય ઘટનાઓ વણ લખાયેલી રહી ગઈ !

હું મારા વણ લખાયેલા ઈતિહાસને જાણું છું. ભારત દેશની સૌથી પ્રાચીન સંસ્કૃતિ, સિન્ધુ સંસ્કૃતિના રચયિતાઓ આ દેશની મૂળ નિવાસી પ્રજા હતી. તેમના થકી ભારતની અસ્મિતા, ભવ્યતા સર્જાઈ છે, છતાં મૂઠ્ઠીભર લોકોએ ધર્મના નામે જે ભારતીય સમાજ વ્યવસ્થા સ્થાપી તેમાં વર્ણવ્યવસ્થાને તેમાંથી ઊભી કરેલી જ્ઞાતિને વરવી અસ્પૃશ્યતા સ્થાપી, કાયમી ધોરણે પોતાના પદને સર્વશ્રેષ્ઠ સ્થાયી સત્ય સૂત્રો હાથમાં જ રાખ્યા છે તે સત્યને હું જાણું છું. સત્તા સામે શાણપણ ન ચાલે તેથી તો હું ઈતિહાસ મૌન રહ્યો છું. હું એ પણ જાણું છું કે, મને મારી-મચડીને બદલવામાં આવશે ને છતાં, મારે મૌન રહેવું પડશે.

મારું મૌન છોડ્યા વિના હવે છૂટકો નથી, કારણ કે ડૉ. ભીમરાવની કલમ મારા સત્યને પ્રગટ કરશે જ તેવી આશા સેવું છું. કવિ અરવિંદ વેગડા લખે છે..

''આ
ઈતિહાસનાં પાનાં ઉઘાડ નહીં
એના એક એક પાના ઉપર
તારા
પૂર્વજોના કાનમાં રેડાયેલા ધગધગતા
સીસાના સમંદરો વહે છે.
એના પાને પાને તારા પૂર્વજોની
કપાયેલી જીભના
થીજી ગયેલા મૂક શબ્દોની અર્થશૂન્ય જિજીવિષા.''

હું એ પણ જાણું છું કે, ક્યાંક શમ્બુકનું છેદાયેલું મસ્તક કે એકલવ્યના જમણા હાથનો છેદાયેલો અંગૂઠો પણ તરફડી રહ્યો છે, તો ક્યાંક આ સમાજની બહેન-દીકરીની ચૂંથાતી કાયામાંથી સંભળાતી ચીસ પડઘાઈ રહી છે તો પીઠ ઉપર વિંઝાતા ચાબૂકના ઘાવ ઉપર આજે નમકના છંટકાવની પીડા કણસી રહી છે. આજે જાહેરમાં બહિષ્કૃત સમાજના ત્રણ નવલોહિયા યુવાનોને વિંધી નાંખવામાં આવ્યા છે. છતાં મને-ઈતિહાસને કહેવામાં આવ્યું છે કે, તારે મૌન રહેવાનું છે, આ બધું ભૂલી જાઓ. પણ હવે મારાથી મૌન રહેવાશે ખરું?

'ના' હવે હું ઈતિહાસ, સમયની સાક્ષીએ, જે સત્ય જાણું છું તે વ્યક્ત કર્યા વિના રહી શકું તેમ નથી. આ ક્ષણે માત્ર તેની આંશિક ઝાંખી જ કરાવીશ.

ભારતના સંતચિંતનના પ્રથમ ઉદ્ગાતા સંત તિરુવલ્લુવર તમિલનાડુના અત્યંજ-વણકર સમાજના હતા. તમિલભાષાના તે મહાકવિ હતા. તેમનો 'કુરલ' ચિંતનાત્મક કાવ્ય પંક્તિઓ ચીનના 'લઓત્ઝ'નાં મંત્રકાવ્યો 'ત્વઓ-તે-ચિંગ'ને થયો છે તે તિરુવલ્લુવરના સંતકાવ્યોના વણાટની સિધ્ધિઓ દર્શાવે છે. ભારતના સંત મેરુશિખર કબીર સાહેબ (ચૌદમી સદી), તેમની સંતવાણીનો પ્રભાવ સમગ્ર ભારત વ્યાપી તો છે જ પરંતુ રવીન્દ્રનાથ ટાગોરના અંગ્રેજી અનુવાદે વિશ્વવ્યાપી પડઘાય છે. આ કબીર મૂળે વણકર જ્ઞાતિના પણ આ પરિવારને મુસ્લિમ સત્તાના બળે મુસ્લિમ થવું પડ્યું, છતાં તેમનો મૂળભૂત વણકરીનો ધંધો ચાલુ રાખ્યો એ નીરૂ-નીમાનું, કબીર સંતાન હતા. ભારતીય સંત ગગન મંડળના તારલાઓમાં ધ્રુવતારક સંત રૈદાસ (ચૌદમી સદી) ચમાર જ્ઞાતિનું સંતાન હતા. તેમના સંતપ્રભાવે ચિતોડની ઝાલી રાણી રત્ન કુંવરબા રૈદાસની શિષ્યા બને છે અને રાજરાણી મીરાંબાઈ કહે કે 'ગુરુ મિલિયા રૈદાસજી, દીન્હી જ્ઞાન કી

ગુરકી'. ગુરુપ્રતાપે આત્મરામની ઓળખ પામે છે. (જૂઓ 'ભારતીય સંતદર્શન સાધના અને વાણી' ભાગ ૧-૨  ડૉ. નાથાલાલ ગોહિલ)

આવા ઈતિહાસના સત્યને બુધ્ધિપૂર્વક ઉવેખવાના પ્રયાસો થયા છે. જેમકે કબીર વિધવા બ્રાહ્મણીનું સંતાન હતા. રૈદાસનો ગત અવતાર બ્રાહ્મણનો હતો તે તેમની છાતી ચીરી, સોનાની જનોઈ દર્શાવવામાં આવી હતી, જે શક્ય જ નથી. છતાં ફાંફા મારનારને કોણ રોકે? આજે એક બીજું ઐતિહાસિક સત્ય બહાર આવ્યું છે કે, ગુજરાતી આદિકવિ નરસિંહ મહેતા મેઘવાળ વાસમાં ભજન ગાવાને મેઘવાળ સંતકવિયિત્રી પાસેથી ભજનવાણી સાંભળવા જતા ને નિર્ગુણ સંત સાધનાની ધારા પામ્યા હતા. આ એક મત પ્રગટ થયો ત્યાં તો વર્ણવાદીઓથી તે સહન થયું નહીં ને વિરોધ કરવામાં માઝા રાખી નહીં.

ડૉ. આંબેડકર સાહેબ નોંધે છેઃ

'હિન્દુઓં કો ચાહિયે થે વૈદ,
ઈસલિયે ઉન્હોંને વ્યાસકો બુલાયા,
જો સવર્ણ નહીં થે.
હિન્દુઓં કો ચાહિયે થા એક મહાકાવ્ય,
ઈસલિયે ઉન્હોંને વાલ્મીકિ કો બુલાયા,
જો ખુદ અછૂત થે.
હિન્દુઓં કો ચાહિએ થા એક સંવિધાન,
ઔર ઉન્હોંને મૂઝે બુલાવા ભેજા.'

હું ઈતિહાસ એ પણ જાણું છું કે, ચૌર્યાશી સિદ્ધોની વાણી-ચર્ચાપદોના રચયિતાઓમાંથી શુદ્ર-પછાત જ્ઞાતિમાંથી આવેલા ૩૫ સિદ્ધો હતા. (પૂર્ણ નામાવલિ સાથે જૂઓ 'ગુજરાત આંતર ચેતના - ભાગ ૧ઃ ડૉ. નાથાલાલ ગોહિલ, પૃષ્ઠ ૫૫૩થી ૫૫૪) જે સમાજને બહિષ્કૃત-અછૂત રાખ્યો તે સમાજનો ઈતિહાસ છેઃ માનવ સમાજ માટે, પશુ-પંખીને પીવા પાણી મળી રહે તે માટે બત્રીસ લક્ષણો યુવાન, વીરમેઘમાયો પોતાનું બલિદાન આપે છે. આ સમાજના અનેક યુવાનો ગામના રક્ષણ માટે, નારી-ગાયના રક્ષણ માટે શહીદ થયાનો ઈતિહાસ છે, એવી જ આ સમાજની સંતપરંપરા, પીર પરંપરા, ભક્ત પરંપરા રહી છે. ભારતની સામાજિક ક્રાંતિ અને શૈક્ષણિક ક્રાંતિ જગાવનારા મહાત્મા જ્યોતિરાવ ફૂલે અને સાવિત્રીબાઈ ફૂલે છે. અને સંત નારાયણ ગુરુ, બિરસા મુંડા, રામાસ્વામી પેરિયારને યાદ કરું છું ને તેમાં ભારતીય રાષ્ટ્ર નિર્માણના ઘડવૈયા આર્ષદષ્ટા, બંધારણના ઘડવૈયા, નારી, મજૂર, ખેડૂત અને બહિષ્કૃત સમાજના તારણહાર, ભારત રત્ન ડૉ. ભીમરાવ આંબેડકરનો ભવ્ય ઈતિહાસ વિસરી શકાશે નહીં. (વિગતો જૂઓ 'ગુજરાતની આંતર ચેતના' ભાગ-૧ ડૉ. નાથાલાલ ગોહિલ)

આથી વિશેષ જે સત્ય સ્વીકારવું કઠિન જણાશે, તે બહિષ્કૃત સમાજના કેટલાક સંતોની 'સીકસ્થ સેન્સ' જાણ્યા પછીનું ભવિષ્ય દર્શન 'આગમવાણી' છે, જેના અગ્રણી કચ્છ-સિંધના મામૈદેવ છે. આજથી આઠસો વરસ પહેલા ભાખેલી ને મૂળ કચ્છી-સિંધી ભાષામાં લખાયેલી, કંઠસ્થ પરંપરાએ મહેશ્વરી માતંગદેવોના કંઠે વહેતી જેને પંચમ વેદ કહે છે તે આગમવાણી આજે સત્ય બની રહી છે. ઐતિહાસિક સત્યને સ્વીકારવું જ રહ્યું. દાતાર દુદો મેઘવાળ, હવસી દે'ગામો અને અન્ય દાતારી દાખવનારાનો વણ લખાયો ઈતિહાસ અવશ્ય લખાશે, સ્વીકારાશે.

તેમનું એક પેઈજ નાથુ સોસા દ્વારા પ્રકાશિત થયેલ 'સોસા પરિવાર સ્વર્ણિમ ગાથા' નોંધવી રહી. બહિષ્કૃત સમાજના વણકર સોસા પરિવાર દ્વારા ધીરધાર કરવામાં આવે તે અને તેમનો કારોબાર અઢારે વરણને ગુજરાતના શહેરોમાંથી વિસ્તરી મુંબઈમાં ડંકા દે છે, તેની અહીં આછી ઝાંખી કરાવીશ.

શ્રી નાથુભાઈ સોસા તેમની જીવનકથા અને પરિવારની સુવર્ણગાથા લઈને અહીં પ્રગટ થયા છે. નાથુભાઈનો જન્મ સૌરાષ્ટ્રના ભાવનગર જિલ્લા, તાલુકો તળાજાના જૂના સાંગણા ગામે, મેઘવાળ-વણકર પરિવારમાં, પિતા દેવજીભાઈ સોસા અને માતા કેસરબેનની કૂખે, ૨૩ માર્ચ ઈ.સ. ૧૯૬૬ના રોજ થયો હતો. પ્રાથમિક શિક્ષણ તેમના ગામમાં જ થાય છે. ત્યાંથી આગળ વધી, હાયર સેકન્ડરી, બી.એસ.સી., ની પદવી મેળવીને, આર્થિક ઉપાર્જન માટે મુંબઈની વાટ પકડી! પરંતુ મુંબઈ છોડી, સુરતમાં આવી સ્થિર થયા. પ્રથમ હીરાના વેપારમાં જોડાયા, કમાયા, પણ ખાડી યુધ્ધના કારણે હીરામાં આવેલી મંદીથી આ ધંધો છોડી, સુરતમાં બિલ્ડીંગ કન્સ્ટ્રકશનમાં ગયા, નાણાં અને નામના કમાણા, તેમાં રાજ સત્તાધીશો સાથે જોડાયા અને પરિણામરૂપે ગુજરાત જાહેર સેવા આયોગમાં સદસ્ય થયા ને ગાંધીનગરવાસી થયા. સાથો સાથ સમાજ સેવાનાં કાર્યોમાં સતત સક્રિય રહ્યા.

નાથુભાઈનું એક વિધાન સ્પર્શી જાય તેવું રહ્યું છે, 'તમે જે ક્ષેત્રમાં જાઓ તેમાં તમારી આગવી ઓળખ ઊભી કરો, જે તે ક્ષેત્રમાં તમારી અનિવાર્યતા સાબિત કરો તો આપોઆપ તમારો સ્વીકાર કરવો જ પડશે.' ભારતને આઝાદી મળી, આઝાદ ભારતના બંધારણ લખવાની તાતી જરૂરીયાત ઊભી થઈ:, તે સમયના નેતાઓને જણાયું કે, આ માટે કાયદાવિદ, બુધ્ધિ પ્રતિભાશાળી, ભારતની તાસીરના પૂર્ણ જાણકાર એક માત્ર ડૉ. ભીમરાવ આંબેડકર છે, માટે તેમનો સ્વીકાર કરવો પડ્યો અને વિશ્વનું શ્રેષ્ઠ બંધારણ ભારતને મળ્યું.

આવા ડૉ. આંબેડકર વિશેનું પુસ્તક:

*'રાષ્ટ્ર નિર્માણના શિલ્પી ડૉ. ભીમરાવ આંબેડકર' નાથુ સોસા દ્વારા લખાયું છે લખાણ ઉપરથી જાણી શકાયું છે કે, તેમના જીવનમાં ડૉ. આંબેડકર સાહેબનો પ્રભાવ

રહ્યો, આથી તેમના જીવનનું એક ધ્યેય આંબેડકર સાહેબની વિચારધારા અને તેમણે કરેલાં કાર્ય જનસાધારણ સુધી પહોંચાડવાં. આ માટે ગુજરાતમાં નીકળેલી ‘ડૉ. આંબેડકર સન્માન યાત્રા’ની સાથે રહી, લોકોનો સંપર્ક કર્યો. તેમાંથી જે વિચાર બીજનો ઉગાવો થયો તે આ ગ્રંથ છે.

આ ગ્રંથને લેખકે જુદા જુદા સોળ વિભાગમાં વિભાજિત કરેલ છે. તેમાં પ્રથમ આજના સંદર્ભમાં ડૉ. આંબેડકરનું મૂલ્યાંકન કરી, વિદ્યાર્થીઓને જગાડી, આંબેડકર સાહેબના અસ્પૃશ્યતાનાં જખમો અને તેના નિવારણના પ્રયાસો, આ માટે કરેલા સત્યાગ્રહો દર્શાવેલ. ડૉ. આંબેડકર આઝાદીના લડવૈયા, કોંગ્રેસ સાથે સંઘર્ષ-સમાધાન અને તેને કારણે થયેલા બંધારણના ઘડવૈયાની વિગતો આપી છે. ભારતના પ્રથમ પ્રધાનમંડળમાંથી આપેલા રાજીનામાને, ધર્મગ્રંથના અંતે બુધ્ધધમ્મ અંગીકારને અંતે તેઓની સિધ્ધિઓ દર્શાવી છે.

આ ગ્રંથમાં ભીમ વિચારકણિકાઓ, અન્ય મહાનુભાવોના, આંબેડકર વિશેના વિચારો દર્શાવી, આંબેડકર સાહેબનાં પુસ્તકો, લેખો અને જીવનની તવારીખ મૂકી આપેલ છે.

લેખક તેમના નિવેદનમાં પોતાના આંતર સંવેદનને, પડદો રાખ્યા સિવાય લખે છે. ડૉ. બાબાસાહેબે બંધારણમાં આપણા રાષ્ટ્રને ‘ધર્મનિરપેક્ષ’ દર્શાવેલ છે. તેનો અર્થ એવો નથી કે બિનધાર્મિક. પણ ધર્મની બાબતમાં રાજ્ય કે કેન્દ્ર સરકાર કોઈની ઉપર મહેરબાન રહેશે નહીં. તેમજ કોઈને દબાવશે નહીં. આ વાતને પુનઃ યાદ કરવા જેવી છે.

ડૉ. બાબાસાહેબે દલિત સમાજને શિક્ષિત થઈને ઉચ્ચ સ્થાનોએ પહોંચી સમાજનો ઉધ્ધાર કરવાનું કહ્યું હતું. સાહિત્યકારોને જીવનમૂલ્ય અને સાંસ્કૃતિક મૂલ્યો સ્થાપે તેવું લખવા કહ્યું હતું. લેખક નોંધે છે કે મહિલાઓ, દલિતો, આદિવાસીઓ, ખેતમજૂરોના જો કોઈ ભગવાન હોય તો, તે એક માત્રને માત્ર ડૉ. ભીમરાવ આંબેડકર છે.

લેખક એ પણ જાણે છે, ને વ્યક્ત કરે છે કે, આજે દલિતો પ્રત્યેની શારીરિક આભડછેટ ઓછી થયેલી માલૂમ પડે છે, પરંતુ માનસિક આભડછેટને પરોક્ષ આભડછેટ વાંચી, એમાં હું થોડો ઉમેરો કરીશ. તમારા તરફ પ્રત્યક્ષ મીઠું બોલશે અને પરોક્ષમાં તમારા તરફનો દ્વેષ, તેજોવધ કરવામાં કચાસ છોડશે નહીં. લેખક નોંધે છે કે, આજે સામૂહિક કતલ કરી, દલિતોના વાસ સળગાવી, હિજરત કરવા મજબૂર કરે છે. આજે પણ અનેક મંદિરોમાં દલિતોને પ્રવેશ નથી, ને જો તેમ કરે તો દલિતોને સજા ભોગવવી પડે છે.

લેખકનું એક તારણ રહ્યું છે કે ‘ભારતનો ઈતિહાસ સાક્ષી છે કે અસ્પૃશ્ય સમાજે વર્ષોથી અનેક પ્રકારની પીડાઓ, અપમાનો, અત્યાચારો વેઠ્યાં હતાં. તેમણે ભારતીય

ભૂમિનું, સંસ્કૃતિનું જતન કર્યું છે. ભારતમાતાનું દોહન નહીં, પણ પોષણ કર્યું છે, છતાં આ સમાજને આજે પણ તિરસ્કૃત રાખવામાં આવે છે. જ્યાં સુધી આ આચરણ સુધરશે નહીં ત્યાં સુધી, રાષ્ટ્ર વિકસિત અને આબાદ બનશે નહીં.

આવા આંબેડકર સાહેબના વિચારોના વાહક નાથુ સોસાને અભિનંદન.

* 'રત્નકણિકાઓ' - 'ડૉ. આંબેડકરના વિચારોનું ચયન - સંપાદક - નાથુ સોસા

''વિશ્વ વિભૂતિ ડૉ. ભીમરાવ આંબેડકર વિશ્વના સૌથી તેજસ્વી વિદ્યાર્થી હતા,'' તેવું કોલંબિયા યુનિવર્સિટી, તેનાં પટાંગણમાં પ્રતિમા મૂકી નોંધ મૂકે છે. તાજેતરમાં એક તપાસમાં સંશોધિત થયું છે કે, વિશ્વનો સૌથી બુધ્ધિશાળી, પ્રતિભાશાળી વ્યક્તિ કોણ? તેમાં ડૉ. ભીમરાવ આંબેડકરનું પ્રથમ નામ આવે છે. આવા આંબેડકરને માત્ર દલિતોના નેતા કહી, તેમને હાંસિયામાં મૂકી દેવાની સાજિશ થઈ હતી, પરંતુ જેમ જેમ સમય જાય છે, અભ્યાસ થાય છે, કરેલા કાર્યોની નોંધ લેવાય છે, તેમ તેમ આંબેડકર ભારતના સૌથી તેજસ્વી સિતારા હોવાનું આજે ભારતીય નારી, ભારતીય કિસાન, કામદાર, એસ.સી., એસ.ટી. અને બક્ષીપંચની તમામ જ્ઞાતિઓ ડૉ. આંબેડકરનું ઋણ સ્વીકારી તેમનાં ગુણગાન ગાય છે.

ડૉ. આંબેડકરની વિચારધારા, કાર્ય અને ભારતને આપેલ તેમના પ્રદાનને કારણે અનેક લોકો તેમના પ્રભાવી બન્યા છે. તેમાં નાથુભાઈ સોસાએ તેમની સમજ પ્રમાણે ડૉ. આંબેડકરની વાણીમાંથી પ્રગટેલી 'રત્નકણિકાઓ'નું અહીં સંપાદન કર્યું છે. આ કૃતિનો હિન્દીભાષામાં અનુવાદ થાય તે તેમની સફળતા છે. આ પ્રકારની ડૉ. ભીમરાવની વિચારકણિકાઓ અનેક લેખ દ્વારા મૂકાયેલી છે, પરંતુ આ વિસ્તૃત છે અને આચરણમાં મૂકવા માટે આ સંકલન ઉપયોગી થશે.

રત્નકણિકાઓનું ચયન' મૂકતાં પહેલાં, લેખક પોતાના મનોજગતને મૂકવા માટેના લેખો મૂકે છે એ નોંધનીય છે. લેખકે પ્રથમ લેખમાં વિવેકાનંદ અને આંબેડકર વિચારધારા વચ્ચેની સામ્યતા શોધવાનો પ્રયાસ કર્યો છે. તેઓ બન્ને નેતાને આવકારે છે, તેમ છતાં એક વાચક તરીકે આ બન્ને નેતાઓ વચ્ચેની ભેદરેખા પણ દેખાઈ આવે છે. વિવેકાનંદને આભડછેટ, ગરીબી, તિરસ્કારનો એરુ આભડ્યો નહોતો. વિવેકાનંદને રામકૃષ્ણ પરમહંસ દ્વારા તૈયારભાણું મળી ગયું હતું, જ્યારે ભીમરાવને આભડછેટ, ગરીબી, તિરસ્કારના વીંછીના ડંખ સતત થયા છે, ને તેની વેદના ભોગવવી પડી છે. તેમણે જે મેળવ્યું તે સ્વબળે, પુરુષાર્થથી, અતિ સંઘર્ષથી મેળવ્યું છે. વિવેકાનંદજીએ નાત-જાત છોડવાનું, અસ્પૃશ્યતા નિવારવાનું અને માનવમાત્ર સમાન હોવાનો સંદેશો આપ્યો છે. તો વિવેકાનંદજીના પ્રચારકો તેનું આચરણ કરવાને બદલે, ભાષણમાં શૂરા રહે છે. હમણાંની એક ઘટના બની છે, રાજસ્થાન હાઈકોર્ટ જયપુરના પ્રાગણમાં, મનુસ્મૃતિના અમાનુષી કાયદા ઘડનાર મનુની પ્રતિમા મૂકીને, આ મનુવાદીઓ પુનઃ ભારતીય સમાજને ક્યાં

લઈ જવા માંગે છે? તેમણે વિવેકાનંદનો અભ્યાસ કરવો જરૂરી છે.

લેખક પોતાનો 'મનોગત' સંઘર્ષ પ્રગટ કર્યા વિના રહી શકતા નથી. તેમની રાષ્ટ્રીય ભાવનાને ઠેસ પહોંચે છે, તે જણાવે છે. આજે આઝાદીને ૭૫ વર્ષ થયાં છે ને તેની ઉજવણી થઈ રહી છે ત્યારે, અસ્પૃશ્યતા ગઈ છે ખરી? ગરીબી, બેકારી વધી કે ઘટી? આજે તમામ વર્ગની પાસે તેમની યુનિવર્સિટીઓ છે તેમાં અનુસૂચિતજાતિની એક પણ યુનિવર્સિટી નથી. આજે શિક્ષણનું ખાનગીકરણ થતાં, નાણાંપતિઓના હાથમાં શિક્ષણ આવ્યું છે. તેમની ફી જોતાં એસસી, એસટી, બક્ષી ને ગરીબોનું શું? પુનઃ તમે હતા ત્યાં જાવ. સરકારીકરણમાંથી દરેક ક્ષેત્રમાં ખાનગીકરણ કરતાં, તમામ વર્ગોની 'અનામત' આપોઆપ ખતમ થઈ ગઈ છે, આ દર્દને લેખક જાણે છે.

ડૉ. આંબેડકર સાહેબે ૧૯૩૮માં પુનામાં વિદ્યાર્થીઓને આપેલ ભાષણ, આ ગ્રંથમાં મૂકેલ છે, તેમજ આંબેડકર સાહેબની આપવીતી જે મહાદેવભાઈ દેસાઈએ સાંભળેલી તે નોંધીને 'સર્વોદય'-૧૯૩૬માં પ્રગટ કરેલી, તે અહીં જણાવેલ છે. વિદ્યાર્થીઓને ભણવાનો સંદેશો આપ્યો. વિદ્યાપ્રાપ્તિ પછી ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કરીશું, કરશો? સમાજ માટેની તમારી ફરજ ભૂલશો નહી. જીવનમાં આત્મવિશ્વાસ ક્યારેય ગુમાવશો નહીં. વિદ્યાની સાથે આપણા શીલ-ચારિત્રને આબાદ જાળવી રાખવાનું યાદ રાખજો. આપણો ઉદ્ધાર આપણા નામે મૂકાતી યોજનાઓથી થશે નહીં. તમે જાગો, શિક્ષિત બનો, સંગઠિત બનો, સંઘર્ષ કરો. બીજું એ પણ યાદ રાખજો કે જ્યાં સુધી તમે શાસનકર્તા બનશો નહીં ત્યાં સુધી તમારો ઉદ્ધાર થવાનો નથી. આંબેડકર સાહેબ આ સત્ય જાણતા હતા ને તેથી પુના કરારમાં દલિત નેતાની પંસદગી દલિતો જ કરે તેવી માંગણી સ્વીકારમાં ન આવી ને આજે સત્તાધારીઓની જે પસંદગી થઈ રહી છે તેની સમીક્ષા ન હોય એ સમાજનો વિષય છે. આટલી ભૂમિકા પછીનું આ રત્નકણિકાઓનું ચયન ઉત્તમ રહ્યું છે.

* 'મનની ભીતર' - નાથુ સોસા

આ ગ્રંથ પ્રથમ વ્યાખ્યાન રૂપે કહેવાયો છે, ને તે પછી ગ્રંથ લખાયો છે. બીજું આ ગ્રંથ નાથુભાઈના સમાજ સેવાના કાર્યની રૂપરેખા પ્રગટ કરી આપે છે. ત્રીજું અહીં ઈ.સ. ૨૦૦૦ થી ૨૦૨૧ સુધીના સમયગાળામાં લેખકે કરેલા કાર્યનો દસ્તાવેજ છે. ચોથી બાબત આ દરેક કાર્યક્રમના ફોટાઓ અને લેખક વ્યાખ્યાન આપતા ફોટાઓ દાર્શનિક પૂરાઓ રૂપે શ્રદ્ધેયતા જગાડે છે.

આ વ્યાખ્યાનોમાંથી લેખકના મનની ભીતર શું ચાલી રહ્યું છે, તેમનો ભીતરના મનોસંઘર્ષ પ્રગટ થાય છે. લેખના આ મનોસંઘર્ષમાં ભાવકનો મનોસંઘર્ષ સહેજે ભળી જતો હોય છે. એટલું જ નહિ પણ બહિષ્કૃત સમાજમાં જન્મેલી કોઈ પણ વ્યક્તિને જન્મતાની સાથે, ડગલે ને પગલે અત્યાચાર, તિરસ્કાર, ગુલામીની પીડા અનુભવી છે.

જે વ્યક્તિએ માથે મેલું ઉપાડ્યું હોય, મરેલાં ઢોર ઢસડેલાં હોય, એઠું-વાસી-બગડેલું ખાવું પડ્યું હોય, ગામ બહાર ઝૂંપડામાં રહેવું પડ્યું હોય ને તેમાં ગમે ત્યારે આગ લાગશે તેના ભયમાં જીવવું પડ્યું હોય, તેમના મનની ભીતરની આ વાત મનોસંઘર્ષ છે.

આજે આ રૂપ બદલાયું છે, પરંતુ તે બાહ્ય રૂપ-રંગ બદલાયાં છે. ભીતરમાં લોકોનું માનસ જે હતું તેનાથી વિશેષ, બુધ્ધિપૂર્વક હડધૂત કરવામાં આવી રહેલ છે. આજે મૃત ગાયને લઈ જનારાઓને કહેવાતા ગો ભક્તો લાકડીના માર મારતા પોલીસ થાણે લઈ જાય છે. જાહેરમાં દલિત યુવાનોને ગોળીએ વીંધી નાંખે છે, ગામ મધ્યેથી અછૂતોનો વરઘોડો નીકળી શકતો નથી. કેટલાક મંદિરોમાં દલિતોને પ્રવેશ નથી ને પોલીસ ખાતે ન લખાયેલી દલિતનારીની વેદનાઓ પડી છે. અમારો ગુનો માત્ર એટલો જ કે આ સમાજમાં અમારું જન્મવું, કહેશો અમારાં કયાં પાપ છે?

'લ્યા, અમારાં કયાં પાપ?  
ને કયા ગુના? ને કઈ ભૂલ?  
તમારી શેરીઓ અજવાળી - એ અમારી ભૂલ?  
તમારાં મરેલાં ઢોર ખભે કર્યાં - એ અમારી ભૂલ?  
તમ નાગાઓને ઓઢાડયા ચીર - એ અમારી ભૂલ?  
તમારી વેઠ કરી - એ અમારી ભૂલ?  
નીરવ પટેલ

ભારતનો જે સમાજ આ દેશનો મૂળ નિવાસી હતો તે સમાજ હડધૂત થતાં થતાં પશુથી બદતર, કાગડા-કૂતરાં-બિલાડાંથી હલકો બનાવી દેવામાં આવ્યો, ને એ સમાજ પણ માનવ છે તેવું ભૂલી ગયો, એવા સમાજમાં ડૉ. ભીમરાવ આંબેડકરનો જન્મ થયો, એક મહાજ્યોત પ્રગટ થઈ. માનો કે આ સમાજને માનવતા હક્ક અપાવવા અવતર્યા. તેમની કાયદાની કલમે, તેમની વાણીના પ્રભાવે, તેમના કાર્યથી સૂતેલો, મૃતઃપ્રાય સમાજ જાગી ગયો. સમાજ નવનિર્માણ પામે છે. અનેક ભેખધારીઓ આવે છે. સમાજના ઉત્કર્ષ માટેની બહુવિધ પ્રવૃત્તિઓ ચલાવે છે. આ ક્ષેત્રમાં નાથુભાઈના કાર્યનો આ શબ્દ દેહ છે.

'મનની ભીતર'માં લેખકનાં ૭૧ વ્યાખ્યાનો છે તેમાં સમૂહલગ્ન, વિદ્યાર્થીઓના સન્માન સમારંભ, લેખક, નગરસેવક, ઓફિસર્સનાં સન્માન સમારંભ પ્રસંગે સમાજના ઉત્કર્ષ વિષયક વ્યાખ્યાનો આપ્યાં તેનું આ લેખાંકન છે. નાથુભાઈનું નોંધપાત્ર કામ એસ.સી., એસ.ટી. ના વિદ્યાર્થીઓ માટે ઉદ્યોગ વિષયક તાલીમ અને આર્થિક સહયોગ માટેનું માર્ગદર્શન એક મહત્ત્વનું પ્રવૃત્તિ-કાર્ય ગણાવી શકાય. ડૉ. આંબેડકર સાહેબની વિચારધારાને, કાર્યને લોકોમાં પહોંચાડવા માટેની તેમની જન્મજયંતિ ઉજવાય ત્યારે અપાયેલ વ્યાખ્યાન સામાજિક, ધાર્મિક, શૈક્ષણિક ક્રાંતિ જગાડી જાય છે. લેખક સમાજ માટે કશુંક કર્યાનો સંતોષ આ ગ્રંથ દ્વારા લઈ શકે છે.

* <u>'સોસા પરિવાર સ્વર્ણિમ ગાથા'</u> - આ ગ્રંથ લેખકે લખ્યો નથી, પરંતુ આ ગ્રંથના માહિતીદાતા નાથુભાઈ રહ્યા છે. પ્રથમ આ ગ્રંથના લેખક ગુજરાતી સાહિત્યના પોંખાયેલા, નવલકથાકાર, વાર્તાકાર, જ્ઞાનપીઠનો પુરસ્કાર પામેલા ડૉ. મોહન પરમાર છે. આ ગ્રંથનો હિન્દી અનુવાદ વિનોદ ચૌહાણ દ્વારા કરવામાં આવ્યો છે. અંગ્રેજી અનુવાદ The Golden Heritage of Sosa Family - વેદાંત શર્મા દ્વારા કરવામાં આવેલ છે. આ ગ્રંથ બહિષ્કૃત સમાજ માટે ન સ્વીકારી શકાય તેવો સત્ય, સ્વર્ણિમ ગાથા છે જાણે કે નેવાનાં પાણી મોભે ચડ્યાં !

આજથી ૨૨૫ વર્ષ પહેલાં તળાજા પાસે જૂના સાંગાણા ગામે, સોસા પરિવાર પ્રથમ આર્થિક સધ્ધરતા મેળવે છે. વણકરી, ખેતી, ઘી નો વેપાર કરીને નાણાં કમાયા. આ નાણાંથી ધીરધારનો, વ્યાજનો ધંધો આરંભે છે. તેમાં સોસા પરિવારના પ્રથમ રામા સોસા આ ધીરધારનો ધંધો આરંભે છે, જે ધીમે ધીમે વિસ્તરતો જાય છે. સવર્ણો, મુસ્લિમો, ક્ષત્રિય ને દલિત સમાજ તો ખરો જ. અહીં ધિરાણ લેવા આવવા લાગ્યા, જાણે કે આભડછેટ રહી જ નહીં ! ધીરધાર તળાજા, ભાવનગરથી વિસ્તરી અમદાવાદ, સુરત, નવસારી, બિલીમોરા, નાસિક, મુંબઈ, ઈગતપુરી સુધી પથરાઈ જાય છે. આ જે ધીરધાર કરેલ તેના દસ્તાવેજ અને ચોપડાના ફોટા નાથુભાઈએ આ ગ્રંથમાં મૂકેલ છે. બીજી વાત, ભાવનગરના રાજવી શ્રી કૃષ્ણકુમારસિંહજીની એક આનાની ટિકિટો, સયાજીરાવ ગાયકવાડ અને તે સમયે ઈસ્ટ ઈન્ડિયાની ટિકિટો પણ ચોંટાડેલી જોવા મળે છે. અર્થાત આ કથાનક સત્ય છે.

કરમણ સોસા પછી તેમનો દીકરો દુદાભાઈ સોસા આ વહીવટ સંભાળે છે, વિસ્તારે છે. આ દુદાબાપા એટલે નાથુભાઈના દાદા. ઈ.સ. ૧૯૭૭માં તેમને દેવલોકમાં જવાનો સમય જણાયો એટલે, તેમના પુત્ર દેવજીભાઈ (નાથુભાઈ સોસાના પિતા) અને બીજા પુત્ર ખીમજીભાઈને બોલાવીને કહે છે, 'આજથી આ ધીરધાર-વ્યાજવટાવનો ધંધો બંધ કરવામાં આવે છે. આ હિસાબોમાં જે લોકો પાસેથી બાકી લેણું લેવાનું થાય તેને હવેથી લેવાનું નથી. તે પૂર્ણ થાય છે.' પુત્રોએ પિતાની અંતિમ ઈચ્છાને માન્ય રાખી, આ પરિવાર આ ધંધામાંથી મુક્ત થાય છે.

વ્યાજ-વટાવનું નામ પડે એટલે પરિવારની છાપ શોષણ કરતા, લોભી, નાણાંના લાલચી તરીકેની જ થાય છે, પરંતુ આ પરિવારે નાણાં કમાઈને સેવાનાં સદ્કાર્યો, ધાર્મિક કામો કર્યાં. પુરાવાઓ જોવા મળે છે, જેમ કે -

સોસા પરિવારે તેમના ગામમાં કોઈ પણ ઉત્સવ ઉજવવાનો હોય કે, ગામના વિકાસનું કામ હોય, ચબૂતરો કે હવાડો (ઢોરને પાણી પીવા માટેનો મોટો કૂંડો) હોય, તેમાં આર્થિક સહયોગ આપ્યો હોય જ. આ પ્રદેશના સમાજનાં કામો જેમ કે, સમાજ માટે ભવન બાંધવાનું હોય કે તેમાં સહાયક થવાનું હોય, ધાર્મિકક્ષેત્રે રણુંજા (રામાપીર)ની

યાત્રા, મંદિર બાંધકામમાં સહાય હોય તેમાં અગ્રેસર રહી, સખાવત કરી છે અને તેમના પરિવારમાં ઉત્તરોત્તર ત્રણ 'સવરા મંડપ' કરવામાં આવ્યા હતા. આ અંગેની બારોટ દ્વારા લખાયેલ બિરદાવલી અહીં મૂકાયેલ છે. આ પરિવારનો રોટલો મોટો હોવાનું નોંધે છે. આંગણે આવેલા સાધુ, બ્રાહ્મણ, બારોટ, તૂરી, માંગણને રોટલો અને શીખ (પૈસા) અપાતી તેથી આ પ્રદેશમાં કહેવાય છે કે-

'જો તમારે રોટલો ખાવો હોય તો, તળાજા જાવ અને પૈસા જોતા (જોવો) હોય તો જૂના સાંગાણા જાવ'

પૂર્વજોના આ કાર્યને અપનાવી નાથુભાઈ તેમની યથાશક્તિ, સમાજને સહાયક થઈ રહ્યા છે. નાથુભાઈ સમાજના નબળાવર્ગને ભૂલ્યા નથી. માત્ર વણકર સમાજ એવું નહીં, પણ રોહિત સમાજ, વાલ્મીકિ સમાજ, રાવત સમાજ, ગુરુબ્રાહ્મણ સમાજ, હાડી સમાજના કામોમાં સહયોગી રહ્યા છે. આ ગ્રંથોએ સોસા પરિવારની, નાથુભાઈ દ્વારા લખાયેલી યશોગાથા છે, જે મેં તેમના ગ્રંથોના આધારે સંક્ષિપ્ત કરીને મૂકી છે.

નાથુભાઈ સોસા સર્જનાત્મક સાહિત્યકાર નથી, છતાં તેમના ગ્રંથોમાં તેમણે લખેલી કાવ્યપંક્તિઓ જોવા મળે છે. તેઓ દલિત સાહિત્યકાર નથી, છતાં દલિતોની પીડા, વ્યથા જાણે છે અને આ સમાજની સમસ્યાઓના ઉકેલ તેમના લખાણમાં જોવા મળે છે. નાથુભાઈ ડૉ. ભીમરાવ આંબેડકરના પ્રભાવી રહ્યા છે, ને તેથી જ સમાજ સેવાનાં કાર્યોમાં પ્રવૃત રહ્યા છે. તેમના આ ગ્રંથો માટે અભિનંદન અને ડૉ. આંબેડકર સાહેબનો કારવાં આગળ વધતો રહે તેવી બુદ્ધ પ્રાર્થના...

**ડૉ. નાથાલાલ ગોહિલ**
જગદીસ પાર્ક, એરૉડ્રામ રોડ,
કેશોદ - જી. જૂનાગઢ
મો. ૯૪૨૯૨૧૭૧૮૫

# મનની ભીતર :
## હૃદય ભીતરમાં રહેલા સમાજચિંતન, રાષ્ટ્રચિંતન, આધ્યાત્મિક ચિંતન અને સંસ્કૃતિચિંતનનું શબ્દભાવ ચિંતનમાં નિરૂપણ

પુસ્તક આસ્વાદ
**ડૉ. મહેશ દાફડા**, ભાવનગર.



*કેસરબા ઍવૉર્ડ પ્રસંગે ડૉ. મહેશભાઈ દાફડાને (આચાર્ય, સનાતન ધર્મ વિવિધલક્ષી હાઈસ્કૂલ, ભાવનગર) ઍવૉર્ડ એનાયત કરતા નિવૃત કલેકટર આર. જે. પટેલ સાથે નાથુભાઈ.*

શબ્દના સાધક અને કર્મના આરાધક એવા નાથુભાઈ સોસા દ્વારા લખાયેલા 'મનની ભીતર' શબ્દ ગ્રંથ હસ્તગત થયો. મુખપૃષ્ઠ પર છપાયેલ સર્જકનું ચિત્ર ધારી ધારીને વાંચ્યું. એ તસ્વીરમાં ચિંતન સ્પષ્ટ ઊભરી આવતું હતું, પરંતુ ચિંતનને પામવા 'મનની ભીતર'માં, અને એ ભીતરમાં ઊંડાણમાં પહોંચ્યા વગર પામી શકાય તેમ નહોતું. તસવીરના ચિંતન રહસ્યને ઉકેલવા માટે મારું મન 'મનની ભીતર'માં હળવેકથી સરકી ગયું.

એકોતર જેટલાં સાચાં રત્નોનો શબ્દ વ્યાખ્યાન શ્રૃંખલારૂપ હાર પ્રાપ્ત થયો. સાચા રત્નોથી સજાવેલ શબ્દ વ્યાખ્યાન શ્રૃંખલાહારના ઘડવૈયાને કેટલી મહેનત પડી હશે એ તુરંત સમજાઈ ગયું હતું. શબ્દ વ્યાખ્યાન શ્રૃંખલાના પ્રત્યેક શબ્દને હૃદયસ્થ કરવા 'મનની ભીતર' મારા હૃદય સુધી પહોંચી ગયું. ખૂબ સહજતાપૂર્વક એક એક રત્નને સ્પર્શ કર્યો.

એ પ્રત્યેક રત્નની આંતરિક પારદર્શકતાને પામવાનો પ્રયત્ન કર્યો. પ્રત્યેક પારદર્શકતામાં, સ્પષ્ટતા, નિખાલસતા, સહજતા, સરળતા જેવા રંગો પણ નિહાળ્યા. આ રંગોને નજીકથી નિહાળવા, માણવા વધુ નજીક જવાયું, જોવાયું ત્યારે આ 'મનની ભીતર'નો શબ્દગ્રંથ, વિશ્વ ધરાતલનાં ચાર ચિંતનશાસ્ત્રને ઉઘાડ પ્રાપ્ત કરાવતો હોય તેવો અહેસાસ અનુભવાયો.

ગ્રંથની વ્યાખ્યાન શૃંખલા, ચાર ચિંતન શાસ્ત્રને તાકે છે. જે કંઈક આ મુજબ છે. (૧) સમાજ ચિંતન (૨) રાષ્ટ્રચિંતન (૩) આધ્યાત્મિક ચિંતન (૪) સાંસ્કૃતિક ચિંતન.

સર્જક પોતે એક સુપ્રતિષ્ઠિત હોદ્દા સાથે સંકળાયેલા છે. બીજી તરફ સર્જક પોતે એક પછાતવર્ગનું પ્રતિનિધિત્વ કરે છે. કાબેલિયતને કારણે તેઓ એક ઉચ્ચકક્ષાએ બિરાજમાન છે, પણ સામાજિક બે ધારી નીતિને કારણે તેઓ પછાત સમાજ સાથેનું અનુસંધાન ધરાવે છે. આમ સર્જક, વ્યક્તિ અને વ્યક્તિત્વની વચ્ચે અનેક અનુભવોમાંથી પસાર થાય છે. જેથી જુદા જુદા પ્રસંગો, કાર્યક્રમો, સમારંભોમાં જવાનું થતું રહે. તેના કેન્દ્રને ધ્યાનમાં રાખી, પ્રસંગોચિત ઉદ્દબોધનની એક શૃંખલા તૈયાર થાય છે. આ શૃંખલાને એક તાંતણે જોડવામાં આવે છે, આ એક શૃંખલા જેને 'મનની ભીતર' શીર્ષકથી પ્રસ્થાપિત કરવામાં આવે છે.

'મનની ભીતર' માં એકોતેર જેટલા વ્યાખ્યાનોને સજાવવાનો પ્રયત્ન થયો છે. આ પ્રત્યેક વ્યાખ્યાનમાં ઉપર દર્શાવ્યા મુજબ ચાર ચિંતન કેન્દ્રસ્થ છે. જે પૈકી સર્જક સમાજના પ્રશ્નોથી વધુ ચિંતિત દ્રષ્ટિગોચર થાય છે. એકોતેર પૈકી ચોત્રીસ જેટલી વ્યાખ્યાન શૃંખલા સમાજ ઉત્કર્ષ માટે લખાયેલ છે. વ્યાખ્યાન સ્વરૂપે સમાજને પિરસવામાં આવેલ છે. આમ સમાજના આ ચિંતનશાસ્ત્રમાં સર્જકે સમૂહલગ્નો, દલિત સમાજના જુવાનો અને કર્મશીલોને ઉદ્યોગ તરફ વાળવા માટેનું આહવાન, DICCI (દલિત ઈન્ડિયન ચેમ્બર ઑફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ)નાં માધ્યમથી ઉદ્યોગ અને રોજગારલક્ષી કાર્યક્રમો આપી સમાજની ચિંતા હૈયે ધરી છે. આ ઉપરાંત સર્જકે સમાજના નગરસેવકો, અધિકારીઓ, વર્ગ-૩ અને ૪ના કર્મચારીઓ વગેરેને જુદા જુદા પ્રસંગોએ બિરદાવી તેને કર્મ પ્રત્યે ઉજાગર કરવાનું યજ્ઞ કાર્ય કર્યું છે. દલિત સમાજમાં અતિ પછાત એવા વાલ્મીકિ સમાજની જાગૃત્તિ અને ઉન્નતિ માટે પણ શબ્દ આહવાનનું માધ્યમ પસંદ કરી સફળતાઓ અંકે કરી છે. આર્થિક પછાત તેમજ વિધવા દલિત મહિલાઓને 'આશરો' આપી સમાજનું ઋણ અદા કર્યું છે. આમ 'મનની ભીતર'માં સર્જકે જુદા જુદા અનેક પ્રસંગોએ પોતાની શબ્દ સરવાણીમાં સમાજની ચિંતા હૈયે ધરી છે.

સામાજિક અસમાનતાને કારણે દુભાતા, પિડાતા, દલિત સમાજની વ્યથાઓને વાચા આપી નિરાકરણ સુધી પહોંચાડવાનો સર્જકનો પ્રયત્ન સફળ રહ્યો છે. તેઓની વ્યથાને કંઈક આ મુજબ આલેખી શકાય કે....

''કલીની વાતને કથું હું ક્યાં લગી?
સરકટનો એક્કો જીતી ગયા સારા બગી,

ઘરનાં ઘાતકી થયાં ગગો-ગગી, પારકી બેનડીયું થઈ સાવ સગી,
ભીતરનાં ભીતરને ક્યાં જઈ ભાખવાં? દલનાં દખને ક્યાં જઈ દાબવાં?
નથી રહ્યાં મંદિર, મારે ભગવાન ક્યાં રાખવા? તમે જ કહો
આ ઉચાળા ક્યાં જઈ નાંખવા?

'મનની ભીતર'માં સામાજિક ચિંતનને વધુ અવકાશ પ્રાપ્ત થયો છે. તેનાં પછી દ્વિતીય ચિંતન શ્રેણીમાં સર્જકે 'રાષ્ટ્રીય ચિંતન'ની પણ એટલી જ ખેવના હૃદયસ્થ કરી છે. અહીં સર્જકે એકોતેર વ્યાખ્યાન શૃંખલા પૈકી ચોવીસ જેટલી વ્યાખ્યાન શૃંખલાને આ દેશની અસ્મિતાને ઉજાગર કરવા માટે શબ્દદેહ અર્પણ કર્યો છે. રાષ્ટ્ર ધરોહરને વિશ્વ ધરોહર સુધી પહોંચાડવાના સર્જકના પ્રયાસો લેખે લાગશે તેમાં કોઈ શંકાને અવકાશ નથી.

'રાષ્ટ્રીય ચિંતન' શબ્દ શૃંખલામાં સર્જકે ડૉ. બાબાસાહેબની જન્મજયંતિ પ્રસંગોએ વિશાળ માનવ સમુદાયને ડૉ. બાબાસાહેબના વિચારોથી પ્રભાવિત કર્યા છે. બાબાસાહેબના વિચારોનું તેઓમાં રોપણ કર્યું છે. રાષ્ટ્રીય ચિંતન શબ્દ શૃંખલામાં તેજસ્વી પ્રતિભાઓને બિરદાવવાનો ઉપક્રમ પણ સતત સેવ્યો છે. 'કોઈપણ દેશની પ્રગતિ, એ જે તે દેશનાં શિક્ષણને સ્પર્શે છે', આ બાબતે સર્જકે અનેક સમારંભમાં વિદ્યાર્થી તેજસ્વિતાઓને બિરદાવી, શિક્ષણ માટે કટિબધ્ધ બનવાનું આહ્‌વાન આપ્યું છે. આ શૃંખલા શ્રેણીમાં 'બંધારણ મહિમા' અને પુસ્તક વિમોચનના કાર્યને પણ સાંકળી લેવામાં આવેલ છે. રાષ્ટ્રની એકતા માટે સામાજિક સમરસતા પણ ખૂબજ અગત્યની હોય છે, ત્યારે રાષ્ટ્રીય ચિંતન શબ્દ શૃંખલા શ્રેણીમાં 'સામાજિક સમરસતા' પર પણ અનેક વ્યાખ્યાનોને અહીં સ્થાન પ્રાપ્ત થયાં છે. જે શબ્દ અને રાષ્ટ્રીયતા માટે ઉપકારક સિધ્ધ થવાં બની રહેશે. આજે દેશમાં ધર્મવાદ, પ્રાંતવાદ, જ્ઞાતિવાદ, ભાષાવાદ જેવાં અનેક દૂષણો પર સર્જકનો રાષ્ટ્રવાદ અકસીર અને વધુ અસરકારક પરિણામ આપશે તેવી શ્રધ્ધા રાખી શકાય છે. રાષ્ટ્રની આજની પરિસ્થિતિને જોતાં એક શેર અર્જ કરવાનું મન થાય છે.

''આજ રાષ્ટ્રકી અસ્મિતા પર કાલે બાદલ છાયેં હૈં,
બાહર ભીતર ગદ્દારોને અપની જાલ બિછાયી હૈ,
રાષ્ટ્ર પ્રેમ કે બંધન કો ઢીલે કરને કી નિઠુરાઈ હૈ,
માનવતા પર દાનવતા કી શ્યામ ઘટા ઘિર આઈ હૈ,
એ ભારત મા કે બેટો અબ ગફલતો કો છોડ દો,
અપની તાકાત સે દુશ્મનોકી ગર્દન કો તોડ દો,
ભારત મા પર બૂરી નજર ડાલે વો આંખ કો તુમ ફોડ દો,
ગૌરવ કે ઈતિહાસ મેં નયે અધ્યાયકો તુમ જોડ દો,
સ્વતંત્રતા પ્યારી હૈ તો તન મન ધન કુર્બાન હો,
માનેગા તભી સંસાર કિ તુમ ભી વીરો કે સંતાન હો.''

આમ સર્જકની આ વ્યાખ્યાન શૃંખલામાં રાષ્ટ્રની ચિંતા અને તેનું ચિંતન ઊભરીને આંખે વળગે છે.

'મનની ભીતર'માં ત્રીજા તબક્કે સર્જન વ્યાખ્યાન શ્રૃંખલામાં 'આધ્યાત્મિક ચિંતન'ની ખેવના જોવા મળે છે. એકોતેર વ્યાખ્યાનો પૈકી નવ જેટલાં વ્યાખ્યાનો આધ્યાત્મિક પ્રસંગે જીવને શિવ સુધી પહોંચડવા માટે નિમિત્ત રહ્યાં છે. 'મનુષ્યસ્ય અમૃતસ્ય પુત્ર' આ ઉક્તિ સર્જકનાં વ્યાખ્યાનોમાં શબ્દ સહ ચરિતાર્થ થતી જોવા મળે છે. આ ચિંતન શ્રેણીમાં વીર મેધમાયાના જીવન સમર્પણને શબ્દ દેહ મળ્યો છે. રામદેવપીર મહારાજનાં સામાજિક ઉત્કર્ષનાં કાર્યોને વેગ મળ્યો છે. સવરા મંડપના આધ્યાત્મિક પ્રસંગના માધ્યમથી સર્જકે માનવને માનવીય જીવનનાં મૂલ્યો અને તેનાં માનવીય કર્મોની શીખ આપી છે. શિવ મહાપુરાણ જ્ઞાન યજ્ઞનાં પ્રસંગના માધ્યમથી પણ સર્જકે જીવને શિવ સુધી પહોંચાડવા માટેનો શબ્દસેતુ બાંધી આપ્યો છે. પ્રત્યેક સજીવ માટે મૃત્યુ નિશ્ચિત છે ત્યારે, પીંગળશીબાપુના શબ્દોમાં કહીએ તો,

''એમ. એ. તક પાસ હોય, ઉત્તમ અભ્યાસ હોય, ખાસ હોય
સજ્જન સપૂત ખાનદાન કા, કર્નલ કપ્તાન હોય, જનરલ જુવાન હોય,
ફૌજ કી કમાન હોય, તોરલ તુફાન કા, ઐસે ઈજનેર હોય,
માફ ગીરી મેર, કલા બહૌત ઢેર હોય, વાકેફ કુરાનકા,
સુખદ સ્વભાવ હોય, દિલ દરીયાવ હોય,
પણ પીંગલ બચાવે તબ બને નહિ પ્રણ કા''

અહીં 'આધ્યાત્મિક ચિંતન' શબ્દ શ્રૃંખલામાં સર્જકે માનવીય જીવન ઉત્તમોત્તમ કેવી રીતે નિભાવી શકાય તેની શબ્દ ઔષધિ પૂરી પાડી છે.

ચોથા તબક્કે સર્જકે દેશની સંસ્કૃતિનું ચિંતન હૈયે ધર્યું છે. એકોતેર પૈકી ચાર વ્યાખ્યાન શ્રૃંખલાએ દેશની વિરાસત અને દેશની સંસ્કૃતિને સાદર અર્પણ કરેલ છે. આમ જોઈએ તો સંસ્કૃતિના સિંચનથી સંસ્કારોનું વાવેતર થતું હોય છે. સંસ્કારોના વાવેતરથી દેશની અસ્મિતાઓ ઉજાગર થાય છે. આ 'સંસ્કૃતિ ચિંતન' શ્રેણીમાં સર્જકે સાંસ્કૃતિક કાર્યક્રમોમાં, બાળનાટ્ય શિબિરોમાં 'પારમિતા' કાર્યશાળામાં, 'સાહિત્ય પર્વો'માં જેવા જુદા જુદા પ્રસંગે દેશની ભાતિગળ સંસ્કૃતિ અને તેનાં રખોપાં માટેની જવાબદારી શબ્દસહ પ્રસ્તુત કરી છે. જેમાં દેશની ભાતૃભાવના સતત ઉજાગર થતી જોવા મળે છે. તેમના ચિંતનને શબ્દમાં આલેખીએ તો,

''યે નફરત બહૌત બૂરી ચીજ હૈ, ન પાલો ઈસે,
ગિલોમે ખાલીશ હૈ, નિકાલો ઈસે, ના તેરા, ના મેરા,
ના ઈસકા, ના ઉસકા, યે વતન સબકા હૈ,
બસ બચાલો ઈસે.''

આમ, સર્જકનું ચોથા તબક્કાનું ચિંતન રાષ્ટ્ર ધરોહરની એકતા અને અખંડિતતાને સ્પર્શે છે.

'મનની ભીતર'ના પ્રત્યેક પાના પર સર્જકનું ચિંતન ઊભરી આવે છે. આ ચિંતન મુખપૃષ્ઠ પર છપાયેલ એ છબીને સાક્ષી બનાવે છે.

એકંદરે સર્જક દ્વારા થયેલ સમાજ ચિંતન સફળતાને વરશે તેમાં કોઈ સંદેહ નથી. 'મનની ભીતર'માં વાંચકનો પ્રવેશ છેક 'હ્દયભીતર' સુધી દોરી જશે, જેનો હું પણ એક સાક્ષી છું. અંતે 'મનની ભીતર' માનવીય મૂલ્યોને ઉજાગર કરતો મહામૂલો ગ્રંથ બની રહેશે, તેવી પ્રાર્થનાસહ સર્જકને ખૂબ ખૂબ અભિવંદના અને તેમનાં શબ્દકર્મને શત્ શત્ વંદન...

અસ્તુ.


**ડૉ. મહેશ દાફડા**


૫૬૧૩, નિલકંઠનગર, જનયિત્રી

ઘોઘારોડ, ભાવનગર.

મો. ૯૪૨૬૯૬૬૫૩

# નાથુ સોસા:
## ગામના છેવાડેથી, બાસ્કેટબૉલ મેદાન, સફળ બિઝનેસ પર્સન અને સમાજ શુભચિંતક

**ડૉ. મનસુખ ગાયજન**




*છ પુસ્તકોની લોકાર્પણવિધિ પ્રસંગે ડૉ. મનસુખ ગાયજનને પુસ્તકોને સેટ આપતા નાથુ સોસા.*

૨૦મી સદીના ઉતરાર્ધમાં દેશભરમાં શિક્ષણ દ્વારા સામાજિક અને સાંસ્કૃતિક પરિવર્તનો આવ્યાં, ગ્રામીણ જનજીવન પણ તેનાથી અળગું રહ્યું નથી. સૌરાષ્ટ્રના પશ્ચિમે આવેલ ભાવનગર જીલ્લાનાં ગામડાંઓ પણ બદલાતા પ્રવાહ સાથે બદલાતાં રહ્યાં, જોકે હજુ સામાજિક અસમાનતાની ખાઇ ઘણી વિશાળ છે, પણ બદલાવ આવી રહ્યો છે. જ્ઞાતિગત ઘૃણાઓ હજુ શમી નથી. સ્ત્રીઓ તરફ આદરણીય અને માનવીય વ્યવહારમાં મંજિલ હજુ ઘણી દૂર છે. આવા સામાજિક વાતાવરણમાં તળાજા તાલુકાના જૂના સાંગાણા ગામમાં નાથુભાઇનો જન્મ થયો. જોકે તેઓનો પરિવાર સ્થળાંતર કરી ને ૫૦૦ વર્ષ પૂર્વે અહીં સ્થાયી થયેલ.

શૂન્યમાંથી સર્જન એ સૂઝવાળા સક્ષમ લોકો કરી શકતા હોય છે. માનવ ઈતિહાસમાં આવી ઘણી વિરલ વ્યક્તિઓ છે. સોસા પરિવાર પણ તેમાનું છે. ચારેકોર અસ્પૃશ્યતા અને અસ્વીકૃતિ વચ્ચે સ્વમાનભેર સમાજ સ્વીકૃત વ્યવસાય કરી, આ પરિવારે આજે પણ પોતાની આગવી પ્રતિભા ઊભી કરી છે. તેના ફળસ્વરૂપે નાથુભાઇના અને તેમના પરિવાર પરનાં પુસ્તકોનું તલગાજરડામાં મોરારિબાપુના સાનિધ્યમાં વિમોચન થયું. આ

પુસ્તક સંપુટ ''સોસા પરિવારના'' સંઘર્ષ અને સફળતાની ગાથાઓના પુરાવાઓ સાથેનું દસ્તાવેજીકરણ છે.

'સોસા પરિવારઃ માણસાઇ અને મૂલ્યોનું સરવૈયું' આ પુસ્તકના લેખક ડૉ. મોહન પરમાર, જે ગુજરાતી સાહિત્યના પુરસ્કૃત સાહિત્યકાર છે તેમણે લખ્યું છે. આ પુસ્તક એક વ્યક્તિના જીવન ચરિત્રની ગાથા નથી, પરંતુ સોસા પરિવારની તથા અઢીસો વર્ષના તેમના સંઘર્ષ અને સફળતાનું ચિત્રણ છે. અહીં લેખકે નાથુ સોસાના વડદાદા માલા સોસાથી શરૂ કરી, નાથુભાઇ સુધીની સફળતાને આવરી લીધી છે. આ પરિવારના વડવાઓએ સમાજના દરેક જ્ઞાતિના લોકોને નાણાં ધિરાણ કરી, છેક East India Company તેમજ Bhavnagar Stateમાં આગવી પ્રતિષ્ઠા પ્રસ્થાપિત કરી, વણાટકામ અને ધાબળાનો વેપાર, ઘીનો વેપાર, આ પરિવાર માટે સહજ રહ્યો. પ્રકરણ ૬ અને ૭ નાથુભાઇના જીવન ચરિત્રને આવરી લે છે. ધોરણ ૬ અને ૭ માં તો પ્રથમ નંબરે આવેલ, જેના લીધે ઉચ્ચ જ્ઞાતિના બાળકોના દ્વેષના ભોગ બન્યા. પરંતુ તેમના શિક્ષકે તેમને સમજાવ્યા.

અભ્યાસની સાથે રમતગમત નાથુભાઇનું આકર્ષણ રહ્યું, વૉલીબૉલ અને બાસ્કેટબૉલ બાસ્કેટબૉલમાં ''૧૯૮૨-૮૩ના વર્ષમાં ભાવનગર જિલ્લા બાસ્કેટબૉલ ટીમના કેપ્ટન રહ્યા અને ગુજરાત રાજ્યમાં તેમની ટીમ પ્રથમ આવી.'' (પૃ-૯૧) ગૌહાટી પણ રમી આવ્યા. ભાવનગર યુનિવર્સિટીમાં B.Sc. Final Year માં હતા ત્યારે, તેમનાં લગ્ન થયાં. ત્યારે પણ '૫૮ કિમી અંતર કાપી નાથુભાઇ ૭ વાગ્યે ગ્રાઉન્ડ પર પહોચી જતા (પૃ-૯૫). તેઓના લગ્નજીવનની શરૂઆતનો સમય, પરંતુ તેઓનું દાંપત્યજીવન નાથુભાઇને સફળતા પ્રેરક રહ્યું. સુરત જઇ હીરા ઉદ્યોગ પછી Building Construction માં પોતાની સૂઝથી આગવી આભા ઊભી કરી શક્યા. સાથે સાથે ડૉ. બાબાસાહેબની વિચારધારાથી પ્રભાવિત થઇ, સમાજના લોકોના ઉત્થાનમાં કટિબદ્ધ રહ્યા. પોતાનાં સામાજિક કાર્યો તેમજ સક્ષમતાને લીધે, ગુજરાત અનુસૂચિતજાતિ વિકાસ કોર્પોરેશનના તેમજ Gujarat Public Service Comission (GPSC) માં સભ્ય તરીકે ગુજરાત સરકાર દ્વારા નિયુક્ત થયા. અહીં પણ તેમનું કાર્ય સરાહનીય રહ્યું. પુસ્તકના અંતે ડૉ. મોહન પરમાર સાથેના વાર્તાલાપમાં સમાજના ઉત્થાન માટે તેઓ કહે છે;

> ''દલિત સમાજના લોકો શિક્ષણ લે, બીજા સમાજના લોકો કરતાં વધારે મહેનત કરવાની જરૂર છે. રહેણીકરણી, વિચારો વગેરેમાં પરિવર્તન લાવવું પડશે.... જે ક્ષેત્રમાં કામ કરતા હશો તે ક્ષેત્રમાં પોતાની અનિવાર્યતા સિદ્ધ કરવી પડશે... આધુનિક જમાનામાં ટકી શકે તે પ્રમાણે કામગીરી કરવી પડશે.''
> (૧૩૭-૩૮)

આમ આ સમગ્ર પુસ્તક ગામના છેવાડેથી ઊઠેલા આમ આદમી માલા સોસાથી

માંડી, નાથુ સોસાની સફળ ગાથા છે, સવા બસ્સો વર્ષ પહેલાં ધિરાણના વ્યવસાયથી શરૂ થયેલ તેઓની યાત્રા સાંપ્રતમાં Homebethe E-Commerce Pvt. સુધી આગળ વધી છે. પુસ્તકમાં ઐતિહાસિક પુરાવાઓના ફોટોગ્રાફ્સ સત્યનો સાથ આપે છે.

આર્થિક સમ્પન્નતા સાથે ડૉ. બાબાસાહેબના વિચારોએ નાથુભાઈને વધુ સક્ષમ બનાવ્યા. સમાજના બહુધા વર્ગના લોકો ડૉ. બાબાસાહેબની વિચારસરણીને સમજે, વિચારે અને જીવનમાં ઉતારે એ આશયથી તેઓએ ડૉ. બાબાસાહેબના quotations નું સંપાદન કર્યું અને હિન્દીમાં અનુવાદ विनोद चौहानने रत्नकनिकाएः डो. भीमराव आंबेडकर के विचारो का चयन શીર્ષક તળે કર્યું. આ સંકલન-પુસ્તક ડૉ. બાબાસાહેબના વિચારોની રત્નકણિકાઓને યોગ્ય રીતે અનુવાદિત કરવામાં આવી છે. નાથુભાઈએ આ સંકલનમાં અસ્પૃશ્યતા, દલિતો પરના અન્યાય, હિંદુ ધર્મ, હિંદુ રૂઢિવાદ, લોકશાહી, શિક્ષણ જેવા સ્પર્શી મુદ્દાઓ પર ડૉ. બાબાસાહેબાના વિચારોને સ્થાન આપ્યું છે. દરેક પાના પર ડૉ. બાબાસાહેબની ગંભીર મુદ્રાનો ફોટો તેઓના વિચારોને વધારે પ્રભાવક બનાવે છે. થોડા quotations અહી નોંધવા જરૂરી છે;

''दलितोको अपना उद्धार स्वयं ही करना होगा। दूसरो पर आश्रित रहकर बैठा नहीं जा सकता ।आप समान बल नहीं.'' आत्मदीपो भावः । (११६)

''जातिविहीन समाजकी प्रस्थापना के सिवाय स्वराज प्राप्ति अर्थहीन बन जाएगी। (१२९)

''अगर समाज मे सामाजिक प्रगति करनी हो तो युवा महिलाओ का अभ्यास करना उतनाही जरूरी है, जितना युवा पुरुषोका अभ्यास करना है। (२२०)

''हिन्दू धर्ममे विवेक, कारण और स्वतंत्र विचार के लिए कोई जगह नहीं है। (१३५)

''मै ऐसे धर्म को मानता हूं जो, स्वतंत्रता, समानता और भाईचारा सिखाए। (१३४)

આમ અહીં આ સંકલનમાં વિવિધ સ્પર્શી પાસાંઓ પરના ડૉ. બાબાસાહેબના વિચારોનું યોગ્ય સંકલન થયું છે, સાથે અનુવાદ પણ અસરકારક રહ્યો છે. 'મનની ભીતર' આ નાથુભાઈ એ સ્થાનિક કક્ષાએથી માંડીને રાષ્ટ્રીય લેવલે આપેલાં વક્તવ્યોનો સંપુટ છે. દલિત સમાજના નાનામાં નાના સંગઠનોથી માંડીને, બુદ્ધિજીવી બીઝનેસ સંગઠનોમાં પોતાના સચોટ વિચારો રજૂ કર્યા છે;

> ''રાષ્ટ્ર ઘડતરમાં દલિતોનું આગવું પ્રદાન તેઓના વિચારોનું કેન્દ્ર રહ્યું છે. ક્રાંતિકારી યુવકમંડળ અને મહિલા ઉત્કર્ષ મંડળ દ્વારા આયોજિત સમારોહમાં પોતાના વિચારો રજુ કરતાં બોલે છે, ''જે ધ્યેય નક્કી કરો તેને વળગી રહો. જો તમારે સફળ થવું હોય તો, સતત મનન-મંથન અને ખંતપૂર્વક કાર્ય કરતા રહો તો, તમે તમારા લક્ષ્ય સુધી જરુર પહોંચી શકશો, પરંતુ તેના માટે જીવનમાં જે લક્ષ્ય

નક્કી કર્યું છે, તેને ઊઠતાં-બેસતાં-ચાલતાં તેના તરફ તમારાં ડગલાં ભરતા રહો. કોઈકને જલદી સફળતા મળે છે, તો કોઇને પછીથી મળતી હોય છે, પરંતુ તમારું કાર્ય તમે કરતા રહો, કોઇ તક ફરી મળતી નથી, પરંતુ નવી તકો જીવનમાં મળે છે. એને માટે સતત તમે તમારી જાતને મઠારતા અને ઘડતા રહો. (પૃ-૪૮) (મનની ભીતર)

વધુ આગળ જણાવતાં સોસા કહે છે કે;

''તમે જેવા થવા ઇચ્છો છો તેવા થવાને નિશ્ચયપૂર્વક વળગી રહો, તમારી આત્મશ્રદ્ધા અને પુરુષાર્થની શક્તિથી ધ્યેયને પ્રાપ્ત કરી શકશો. તમારા હતાશાના વિચારને ખંખેરી નાખો તો, તમારી અંદરજ ભાગ્યનું અસ્તિત્વ છે તે આપોઆપ ખીલી ઊઠશે. (પૃ-૪૯)

નાથુભાઇ પોતાના આગવા વિચારો, વ્યવહારો અને સ્વીકૃત સામાજિક જવાબદારીઓને લઇને હંમેશાં કઇક નવસર્જન કરતા રહ્યા. Dalit Indian Chamber of Commerce and Industry જે રાષ્ટ્રીય કક્ષાનું અનુસૂચિત જાતિ-જનજાતિના ઉધોગકાર, વ્યાવસાયિકો અને નવસાહસિકોના વિકાસ માટેનું સ્વૈચ્છિક સંગઠન છે. જેનો ધ્યેય છે "Be job Giver not job seekers." આ સંગઠન દ્વારા ૧૮ રાજ્યો માંથી ૧૦,૦૦૦ થી વધુ સભ્યો સક્રિય છે. મેન્યુફેક્ચરિંગ સર્વિસીઝ, એક્ષ્પોર્ટ - ઇમ્પોર્ટ, કન્સ્ટ્રકશન, પ્લાસ્ટિક ક્ષેત્ર જેવાં વિવિધ ક્ષેત્રના નિપુણ લોકો જોડાયેલ છે. નાથુભાઇનું અહીં પણ આગવું પ્રદાન રહ્યું. સમયાન્તરે સંગઠન દ્વારા યોજાતી કૉન્ફરન્સમાં તેઓ અવારનવાર પોતાના વિચારો રજૂ કરે છે. દિશા સૂચક થોડા મુદ્દાઓ અહીં નોંધવા જેવા છે. ''ડિક્કી''ના ટૂંકા નામથી ઓળખાતા આ સંગઠનની ૨૦૧૪ની સુરત ખાતેની મિટિંગમાં આ મુજબ તેઓએ પોતાના વિચારો રજૂ કર્યા;

'દલિત યુવાનોને બીઝનેસ તરફ વાળી, યોગ્ય માર્ગદર્શન પૂરું પાડવું અને નવા વિચારો, નવી દિશા આપવી, જેથી પ્રોડકટીવીટીમાં વધારો થાય અને તેમનો ઉત્સાહ વધારી સામાજિક અને રાષ્ટ્રીયતાને કેવી રીતે મજબૂત કરી શકાય તે દિશામાં સતત પ્રયત્નશીલ રહેવું અને તેમના માટે સતત માર્ગદર્શન પૂરું પાડવું.' (પૃ-૧૦૪)

નવી પેઢીને નવા ઉદ્યોગો તરફ કેમ વાળી શકાય તે અંગે પોતાના મૌલિક વિચારો રજૂ કર્યા. તેઓ સમાજના વિવિધ વર્ગના લોકોને બિરદાવવા, પ્રોત્સાહિત કરવા તેમજ પોતાની વાત કહેવા હમેશાં તત્પર રહ્યા છે, તે સામાજિક કુરૂઢિ હોય કે પછી શિક્ષણ હોય. આર. એસ. ઝુનઝુનવાલા ઇન્ટરનેશનલ સ્કૂલના વાર્ષિક મહોત્સવ વખતે તેમણે જણાવ્યું; 'જો સફળ થવું હોય તો આંતરિક ગુણો, કૌશલ્યોને પરખો, સમજો અને તેને અનુસરો........ 'ગુણવત્તાયુક્ત, વ્યવહારિક શિક્ષણ મેળવો. ગુણવત્તાયુક્ત શિક્ષણમાં સુધારો કરતા રહો, શિક્ષણ જ જીવનનું અને ચારિત્રનું ઘડતર કરે છે.' (૩૦૯-૩૧૦)

‘‘The Golden Heritage of Sosa Family’ by Dr. Mohan Parmar, અને सोसा परिवार स्वर्णिम गाथा આ બંને પુસ્તકો સુધારાઓ સાથેનું ‘સોસા પરિવારઃ માણસાઈ અને મૂલ્યોનું સરવૈયું’’નો અંગ્રેજી તેમજ હિન્દી અનુવાદ છે. સૌથી અગત્યનું પાસું આ પુસ્તકનું એ છે કે, સોસા પરિવાર વર્ષોથી ધીરધારનો વ્યવસાય કરતા હતા તેના દસ્તાવેજી પુરાવાઓ આપેલા છે. અંગ્રેજી અનુવાદ અસરકારક છે.

The History of Sosa Family - by Vedant Sharma આ પુસ્તક પણ સોસા પરિવારના સંઘર્ષ અને સફળતાની ગાથાની વાત અંગ્રેજીમાં વર્ણવે છે. અહીં નાથુભાઈના પુત્ર જિગર સોસાની વાત સ્પર્શી છે. કેરલાના કોચી શહેરમાં જિગર સોસાએ આપેલા વક્તવ્ય અને ફોટોગ્રાફ મૂકવામાં આવ્યા છે. જિગર હાલ online shopping portal Homebethe E-Commerce Pvt. Ltd. સંભાળે છે. કોચીમાં રાષ્ટ્રીય સંવાદમાં તેણે જણાવ્યું છે કે,

They plan to come with India HB Mart in the future across India. Moving ahead with concept of “Vocal for Local”, the firm has catered to more than 35 thousand people. (53)

આમ નાથુભાઈના પરિવારની યુવાપેઢી પણ વ્યવસાયમાં અગ્રેસર છે. આ બધાં પુસ્તક સંપુટમાં નાથુભાઈએ સ્પષ્ટ જણાવ્યું છે કે, તેઓ અને પરિવારને અસ્પૃશ્યતા આધારિત અન્યાયોનો સામનો નથી કરવો પડ્યો, કારણકે તેઓનો પરિવાર પ્રથમથી જ સક્ષમ રહ્યો છે. પોતાની જેમ સમાજના અન્ય બંધુઓ પણ સક્ષમ બની ઉદ્યોગ,વ્યવસાય, શિક્ષણ અને રાજકારણમાં આગળ આવી સમાજ અને રાષ્ટ્રના ઉત્થાન અને વિકાસમાં યોગદાન આપે તે તેમનું વિઝન અને મિશન રહ્યું છે.

સંદર્ભ સૂચીઃ

૧, ડૉ. મોહન પરમાર, સોસા પરિવાર માણસાઈ અને મૂલ્યોનું સરવૈયું અમદાવાદ, સુર્યાજીત પબ્લિકેશન, ૨૦૨૨,

૨. नाथु सोसा, ‘रत्नकनिकाएः डो. भीमराव आंबेडकर के विचारो का चयन’ अनु श्रीविनोद चौहान, सूर्यजीत प्रकाशन, अहमदाबाद, २०२१

૩. નાથુ સોસા, મનની ભીતર, અમદાવાદ, સુર્યાજીત પબ્લિકેશન, ૨૦૨૧

૪. Vedant Sharma The History of Sosa Family, Suryajit Publication, Ahmedabad, 2022

**ડૉ. મનસુખ ગાયજન**

અધ્યક્ષ, અંગ્રેજી વિભાગ, શામળદાસ આર્ટસ કૉલેજ,

મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટી-ભાવનગર.

મો. ૯૪૨૭૮૨૦૯૦૨

# સોસા પરિવારની અસ્મિતાઃ વ્યાપાર અને સાંસ્કૃતિક સંદર્ભ

**ડૉ. લક્ષ્મણ યુ. વાઢેળ**

ડૉ. મોહન પરમાર લિખિત ‘સોસા પરિવાર’-માણસાઈ અને મૂલ્યોનું સરવૈયું’ ગ્રંથમાં સોસા પરિવારની અસ્મિતા અને પ્રગતિની ચર્ચા છે. આ ગ્રંથમાં સોસા પરિવારની ગૌરવગાથા છે, વણકરોના ગૌરવમયી અતીતનો સંવાદ જીવંત કર્યો છે. વણકરોની અતીતકાળની આર્થિક-સાંસ્કૃતિક સમૃધ્ધિને વર્તમાનમાં જીવંત કરી છે.

**૧. પ્રાચીન અને મધ્યકાળમાં વણકરોનો આર્થિક-સાંસ્કૃતિક વારસો.**

પ્રાચીન સમયમાં લોથલ, મોહેન્જો દડો, હડપ્પામાંથી સૂતરના અવશેષો પ્રાપ્ત થયા છે. ઈ.સ.પૂ. ૩૦૦ - ઈ.સ.પૂ. ૧૫૦૦માં ગુજરાત અને ભારતમાં સૂતર કાંતનારા અને વણાટકલાના નિષ્ણાત વણકરો હતા. વણકરોનું સંગઠન હતું.

જાતકકથાઓમાં વણકરોની ‘શ્રેણી’ઓના ઉલ્લેખો છે. ઈ.સ.પૂ. ૬૦૦થી ઈ.સ.પૂ. ૩૦૦માં વણકરોની ‘શ્રેણી’ આજની બૅંક સમાન હતી.

ઈ.સ.પૂ. ૩૦૦થી ઈ.સ. ૭૦૦ સુધી વણકરોની ‘શ્રેણી’ આર્થિક રીતે સમૃધ્ધ હતી.

શક શાસક નહપાન (ઈ.સ. ૧૧૯-૧૨૫) પશ્ચિમ ભારતનો શક્તિશાળી શાસક




*છ પુસ્તકોની લોકાર્પણવિધિ પ્રસંગે ડૉ. લક્ષ્મણ વાઢેરને પુસ્તકોનો સેટ આપતા નાથુ સોસા.*

હતો. માળવા, સૌરાષ્ટ્ર, ગુજરાત, કોંકણ, મહારાષ્ટ્ર, રાજસ્થાન અને સિંધુખીણનો કેટલોક પ્રદેશ તેના શાસન હેઠળ હતો. તેના સમયમાં ગુજરાતના વણકરોની 'શ્રેણી'ની ખૂબ પ્રતિષ્ઠા હતી. વણકરોની 'શ્રેણી'ની આર્થિક સમૃધ્ધિ હતી. વણકરોની 'શ્રેણી'માં નહપાનના જમાઈ ઉષવદાતે ૩૦૦૦ કાર્ષાપણ અક્ષયનીવી તરીકે જમા કરાવ્યા હતા. વણકરોની શ્રેણી ઉષવદાતના ૨૦૦૦ કાર્ષાપણનું ૩/૪ ટકા વ્યાજ હતું. ઉષવદાત ૨૦૦૦ કાર્ષાપણના વ્યાજનો ઉપયોગ બૌધ્ધ ભિક્ષુઓના વસ્ત્રો માટે ખર્ચ કરતા હતા. અને ૧૦૦૦ કાર્ષાપણના વ્યાજનો ઉપયોગ બૌધ્ધ ભિક્ષુઓનો ઔષધીઓ અને અન્ય ખર્ચમાં થતો હતો.

ઈ.સ. ૩૦૦થી ઈ.સ. ૭૦૦ સુધીના અભિલેખોમાં વણકરોની 'શ્રેણી'ના ઉલ્લેખો છે. આ શ્રેણીના સમાજ કલ્યાણના કાર્યોનું વર્ણન છે. જેમકે, સભા-ભવનોનું નિર્માણ, યાત્રીઓ માટે પાણી પીવાની પરબો, મંદિરોનું નિર્માણ, તળાવ બાંધવું, બગીચા, લોકોને જન્મ, લગ્ન, મરણ, તહેવારોના પ્રસંગોમાં મદદ કરવામાં આવતી હતી.

ઈ.સ. ૪૩૭-૩૮ના મંદસોર અભિલેખમાં ગુજરાતના વણકરોએ 'સૂર્ય દેવતા'ના ભવ્ય મંદિરોનું નિર્માણ કર્યું હતું. ઈ.સ. ૪૭૩-૭૪માં આ સૂર્ય મંદિરનો જીર્ણોદ્ધાર પણ વણકરોએ કર્યો હતો.

પાંચમી સદીમાં વણકરો અને ઘાંચીઓની શ્રેણીનું સાંસ્કૃત્તિક-ધાર્મિક મહત્વ હતું. મંદિરોના દેવતા અને ભિક્ષુઓ માટે વણકરો વસ્ત્રો તૈયાર કરતા હતા. ઘાંચીઓની શ્રેણી મંદિરોમાં દીપક માટે તેલ પૂરું પાડતી હતી. આ યુગમાં દેવ મંદિરોમાં આ બન્ને શ્રેણીઓની ઊંચી પ્રતિષ્ઠા હતી. શાસકો વણકરોને 'અક્ષયનીવી'માં ધન આપતા હતા. ધનની સલામતીનો શાસકો અને લોકોને વિશ્વાસ હતો. શાસકો વણકરોની 'શ્રેણી'ના કાર્યમાં હસ્તક્ષેપ કરતા નહીં.

ગુપ્ત શાસકો પહેલાં ગુજરાતના વણકરોની વણાટકલા વિશ્વ પ્રસિધ્ધ હતી. ગુજરાતનાં વસ્ત્રો રોમમાં મોકલવામાં આવતાં હતાં. ગુજરાતની સમૃધ્ધિ અને અસ્મિતાના વાહકો, સંરક્ષકો, વણકરો હતા. ઈ.સ. ૫૯૨માં ગુજરાતના મૈત્રક શાસકે આ શ્રેણીને તેના પરંપરાગત આચારોની માન્યતા આપી હતી.

મેઘાતિથિ, જંબુદ્વિપ-પ્રજ્ઞપ્તિ, લક્ષ્મણેશ્વર અભિલેખ (ઈ.સ. ૭૯૩), બારમી-તેરમી સદીના અભિલેખોમાં વણકરોની શ્રેણીના ઉલ્લેખો છે. મધ્યકાળમાં તો વણકરોને પોતાની પ્રાણપ્રિય વણાટકલાના રક્ષણ માટે ધર્મ પરિવર્તન કરવું પડ્યું હતું. મધ્યકાળના શાસકોના વૈભવી વિલાસી જીવન અને લોક કલ્યાણની પ્રવૃત્તિઓમાં વણકરોના હુન્નરનું મોટું યોગદાન રહ્યું હતું.

## ૨. અસ્પૃશ્યતા અને વણકરોની અસ્મિતાનો નાશ !

ભારતમાં ઉત્તર વૈદિકકાળથી અસ્પૃશ્યતાનો આરંભ થયો હતો. કેટલીક હુન્નરકલા-વ્યવસાયને અસ્પૃશ્યતાએ ભરડો લેવાનું શરૂ કર્યું હતું. બ્રાહ્મણગ્રંથોમાં દેશની સમૃધ્ધિના વાહકોને સામાજિક-ધાર્મિક અધિકારોથી વંચિત કર્યાના ઉલ્લેખો છે.

ધર્મસૂત્રકારોએ અસ્પૃશ્યતાના વિકસિત સ્વરૂપનું વર્ણન કર્યું છે. પાણિનીએ શુદ્રોના બે વર્ગોનો ઉલ્લેખ કર્યો છે. નિરવસિત અને અનિરવસિત. નિરવસિત શુદ્રોને અસ્પૃશ્ય ગણવામાં આવ્યા હતા. કેટલીક હુન્નરકલા-વ્યવસાયોને અસ્પૃશ્ય ગણવામાં આવ્યાં હતાં. સ્મૃતિકારોએ ભારતના મોટાભાગના લોકોને અસ્પૃશ્ય જાહેર કરી દીધા હતા. સ્મૃતિકારોએ બૌદ્ધ, જૈન, શૈવ અને વામમાર્ગી શાકત ધર્માવલંબિયોને અસ્પૃશ્ય કહ્યા હતા.

**૩. ભારતીય વસ્ત્રો અને અસ્પૃશ્યતા.**

ઊંચી જાતિના લોકો સ્નાન કર્યા પછી સુતરાઉ વસ્ત્રને બદલે રેશમ કે ઊનનું વસ્ત્ર પહેરતા હતા.

સુતરાઉ વસ્ત્ર પહેરવાનું હોય તો, તેને પાણીમાં ધોયા પછી સૂકવીને પહેરતા, તે વસ્ત્રને બીજા કોઈ સ્પર્શ ન કરે એવી જગ્યાએ રાખવામાં આવતું હતું. જો વસ્ત્રને ચર્મની વસ્તુ કે કાગળની વસ્તુનો સ્પર્શ થાય તો પણ તે વસ્ત્રને અસ્પૃશ્ય ગણતા હતા. જો કોઈ કાગળનો વસ્ત્રને સ્પર્શ થાય અને તે કાગળ પર લખાયેલું હોય તો તે સ્પૃશ્ય ગણાતું હતું. ધર્મગ્રંથોને સૂતરના દોરાને બદલે રેશમના દોરાથી બાંધવામાં આવતા હતા. જો કે કાચા સૂતર કે રૂ અસ્પૃશ્ય ગણાતાં નહોતાં. એમ કાચા સૂતરની વાટ ઘીમાં બોળેલી હોય તો તે સૂતર કે વાટ અસ્પૃશ્ય નહોતી. ઊંચી જાતિઓ, નાનું બાળક જમતાં શીખે ત્યારથી જ અસ્પૃશ્યતાનો પાઠ શીખવતી હતી.

જે લોકો રેશમનાં વસ્ત્રો પહેરતા હતા, તેઓ સુતરાઉ વસ્ત્રો પહેરનાર પ્રત્યે સૂગ રાખતા હતા. ઊંચી જાતિનાં લોકો ભોજન કરતાં હોય ત્યાંથી સુતરાઉ વસ્ત્રો પહેરનારાઓ ચાલી શકતા નહોતા.

રેશમી વસ્ત્રો વણનારા સ્પૃશ્ય હતા અને સુતરાઉ વસ્ત્રો વણનારાને અસ્પૃશ્ય ગણ્યા હતા.

આ રીતે ઊંચી જાતિના લોકોએ ભારતના રાષ્ટ્રીય હુન્નર ઉદ્યોગ-સુતરાઉ વસ્ત્રોની વણાટકલાનો નાશ કર્યો. બ્રિટીશરોએ ભારતમાં સુતરાઉ વસ્ત્રોની મહાન કલા, હુન્નર ઉદ્યોગની કબર ખોદી નાંખી. મહાત્મા ગાંધીજીએ આ સુતરાઉ વસ્ત્રોના હુન્નરને ભારતીય અસ્મિતા-સ્વાભિમાનને પ્રોત્સાહન આપ્યું.

**૪. શાહુકારવર્ગ અને વ્યાજવટા પ્રથા.**

સિંધુ સંસ્કૃત્તિના પણિઓમાં વ્યાજવટાની પ્રથા પ્રચલિત હશે. ઋગ્વેદમાં વ્યાજવટાનો વ્યવસાય કરનારને ‘વણિજ’ કહ્યા છે. ઋગ્વેદમાં આ વ્યવસાયની ટીકા પણ કરી છે. શતપથ બ્રાહ્મણ, બૌધાયાન ધર્મસૂત્રમાં પણ ટીકા કરી છે. પરંતુ કૌટિલ્ય લિખિત અર્થશાસ્ત્રમાં વ્યાજવટાનો વ્યવસાય ‘વદ્રસિકા’ તરીકે ઓળખાતો હતો, આ વ્યવસાય કરનારાઓનું સન્માનજનક સ્થાન હતું. કૌટિલ્યએ શિક્ષક પાસેથી વ્યાજ લેવા પર નિષેધ કર્યો હતો. મનુસ્મૃતિમાં વ્યાજવટા પ્રથાનો ઉલ્લેખ છે, મનુએ બ્રાહ્મણ પાસેથી ૨ ટકા,

ક્ષત્રિયએ ૩ ટકા, વૈશ્યએ ૪ ટકા અને શુદ્રએ ૫ ટકા વ્યાજ ચૂકવવાનો ઉલ્લેખ કર્યો હતો.

બૃહસ્પતિએ તો વ્યાજની ચૂકવણીના પ્રકારનો ઉલ્લેખ કર્યો છે. ૧. કાલિકા - માસિક પુનઃ ચૂકવણી ૨. કારિતા - મુશ્કેલીના સમયમાં ઊંચુ વ્યાજ ચૂકવવું. ૩. ચક્રવૃદ્ધિ - નિરંતર વધતું વ્યાજ ચૂકવવું. ૪. કાસિકા - ધીરાણ લેનારના શ્રમથી વ્યાજ ચૂકવવું. ૫. ભોગલાભ - ધીરાણ આપનારે ધીરાણ લેનારના ઘર કે જમીનનો ઉપયોગ કરીને વ્યાજ વસૂલ કરવું.

ગરુડપુરાણમાં વ્યાજવટાપ્રથાની પ્રશંસા કરી છે. શાહુકારવર્ગની પ્રશસ્તિ કેટલીક કહેવતોમાં હતી જેમકે, 'ગુરૂ વિના મોક્ષ નથી, શાહુકાર વિના આબરૂ નથી'

**૫. બ્રિટીશશાસન અને દેશી રજવાડાઓમાં શાહુકારોનું સ્થાન.**

બ્રિટીશયુગમાં દેશી રજવાડાઓમાં ઉચ્ચવર્ગના શાહુકારો હતા. આ શાહુકારોના વ્યાજવટા વ્યવસાયના દસ્તાવેજો-લખાણો રજવાડાઓના દફતરો, બ્રિટીશ સરકારના દફતરોમાં સચવાયેલા છે.

ભારતમાં બ્રિટીશરોએ શાહુકારોનું સમર્થન કર્યું હતું. તેઓ શાહુકારોની પ્રશંસા કરતા હતા. શાહુકારોને મદદરૂપ થઈ શકે એવા નિયમો પણ કર્યા હતા.

દેશી રજવાડાંઓમાં પણ શાહુકારવર્ગની પ્રતિષ્ઠા હતી. દેશી શાસકો પણ રાજ્યની નબળી સ્થિતિમાં શાહુકરો પાસેથી ધિરાણ લેતા હતા.

આ શાહુકારો વ્યાજવટાવના વ્યવસાયની પ્રગતિ માટેની અનેક યુક્તિઓ પ્રયોજતા હતા.

તેઓ શહેરમાંથી રૂપિયા મેળવી, ગામડાંઓમાં વેપાર કરતા હતા. ગામડાંના લોકોને વસ્તુઓના ભાવ-કિંમતની જાણકારી નહોતી, તેથી આ વેપારી કે જે વ્યાજવટાનો વ્યવસાય પણ કરતા હતા, તે વસ્તુની વધુ કિંમત વસૂલતા હતા. લોકો પણ વેપારી જે ભાવ કહેતા એ ચૂકવતાં હતાં. જેટલી વસ્તુ આપે તે લઈ લેતાં હતાં. ખેડૂતની પાસે બળદ ન હોય, બળદ મરી ગયા હોય, તો લેવા માટે વ્યાજથી રકમ આપતા હતા. ખેડૂતને ખેતી કરવા પ્રોત્સાહિત કરીને વ્યાજથી રકમ આપતા હતા. ખેડુતના સંતાનોના લગ્ન પ્રસંગે રકમ આપતાં, શુભ-અશુભ પ્રસંગે રકમ આપતાં, આ પ્રસંગોએ ચીજ-વસ્તુઓ આપતાં ને પોતે નક્કી કરેલા ભાવ વસૂલતાં, ખેડૂતને શહેરમાંથી વસ્તુ ખરીદવી હોય તો પણ તે વચેટિયા તરીકે રહેતા.

આ વેપારી-શાહુકારો ખેડૂતોના પૂર્વજોની ખૂબ પ્રશંસા કરતા, શુભ પ્રસંગોમાં કરેલી ધામધૂમની વાતો કરતા, ખેડૂતોને પ્રસંગોની ઉજવણી કરવા મજબૂર કરી દેતા, વ્યાજથી રકમ આપતા. આ શાહુકારો ખેડૂતો પાસેથી ધન મેળવવું, વધુ વ્યાજ મેળવવું તે ગૌરવ માનતા હતા. શાહુકારોના આ ગુણની પ્રશંસા થતી હતી. આ યુગના ખેડૂતો

ઈમાનદાર હતા. શાહુકારની યુક્તિઓમાં તેઓ દગાખોરી જોતાં નહીં. શાહુકાર ખેડૂત પાસેથી ઘીના, કપડાંના, કોથળી છોડવવાના રૂપિયા લઈ લેતો, શાહુકારનું નામ લખતા તેનું વ્યાજ, શાહુકારનો સાક્ષી થાય તેનું વ્યાજ પણ વસૂલ કરી લેતાં હતા. શાહુકાર ખેતરનો પાક લઈ લેતો, જો ખેડૂત આજીજી કરતો તો ઊંચા ભાવે આપતો, અનાજની બમણી કિંમત લેતો, ખેડૂતની મુદ્દતમાં વ્યાજ ઉમેરાતું જતું, શાહુકારનું મુદ્દલ વધતું જતું. શાહુકાર ખેડૂતને ધીરેલી રકમનું કરારનામું સરકારી નિયમ પ્રમાણે લખતો, એટલું જ પૂરતું નહોતું, પરંતુ શાહુકાર યાત્રા કરે, શાહુકારના સંતાનના લગ્ન પ્રસંગે, શાહુકારના દિકરાને ચાંદલો કરવો પડતો. શાહુકારના પ્રસંગોમાં બળદ ગાડું લઈને વેઠ કરવી પડતી હતી. ખેડૂત શાહુકારને રકમ ન આપે તો ઘર, પશુ વગેરે શાહુકાર જપ્ત કરી લેતો, વેચી દેતો હતો. અદાલતમાં પણ શાહુકારની જીત થતી હતી. કારણ કે અદાલતમાં રકમના હિસાબના પુરાવાઓ રજૂ કરવાના રહેતા, જે ખેડૂત, જમીન માલિક આપી શકતો નહોતો. આમ, શાહુકારોના પક્ષે જ ન્યાય રહેતો હતો.

આમ છતાંય શાહુકારો અને ખેડૂતો વચ્ચે એવો ઋણાનુંબંધ હતો કે, શાહુકારોને ખેડૂતો-દેવાદારોના હુમલાઓનો ભય લાગતો નહોતો. ખેડૂતોનું શોષણ થતું હોય છતાંય, ખેડૂતો શાહુકારોનું ‘મા-બાપ’ જેવું સન્માન કરતા હતા. શાહુકારોની આ વ્યાપારી-શાહુકારી-વ્યાજવટાની નૈતિકતાને ન્યાયી સમજતા હતા.

શાહુકારો પણ ગમે તેવા લોભી હોય, સ્વાર્થી હોય, પરંતુ મોટાભાગે પોતાના ખેડૂતને જીવતો રાખવાનો પ્રયત્ન કરતા, તેનું પતન થાય એવું ઈચ્છતા નહોતા, ખેડૂત દેવાદાર જીવતો રહે, કમાતો રહે, તેમાં જ શાહુકારની પ્રગતિ હતી. તે દેવાદારને કૂતરાની જામીનગીરી સ્વીકારીને પણ રકમ ધિરાણ આપતો હતો.

આમ, શાહુકારો ખેડૂતોને ભૂખમરાથી મરવા દેતા નહિ, ખેડૂતોને દારુણ આર્થિક સ્થિતિમાં ગામ છોડવા દેતા નહિ, દુષ્કાળના સમયમાં ખેડૂતોને અનાજની મદદ કરતા, લોકોના કલ્યાણની પ્રવૃત્તિઓ કરતા, દાન પણ આપતા હતા.

### ૬. સાંગણાનો સોસા પરિવાર-ભાવનગરનો શાહુકાર.

દેશી રજવાડાઓમાં અનુસૂચિત જાતિના લોકો (વણકરો) શાહુકાર-વ્યાજવટાવનો વ્યવસાય કરી શકતા હતા, પરંતુ તેના દષ્ટાંતો જૂજ પ્રમાણમાં હતા. વણકર શાહુકારોને પોતાના વ્યાજવટાવ વ્યવસાયમાં એક સલામતિ એ હતી કે, તે અસ્પૃશ્યવર્ગમાં હતો. તેથી ધનસંગ્રહ સલામત હતું. ઉચ્ચવર્ગના શાહુકારોના ધનની લૂંટ થતી, ચોરી થતી, પરંતુ વણકર શાહુકારોને આ ભય નહોતો. ઉચ્ચવર્ગના શાહુકારો પણ વણકરને શાહુકારો રકમ આપતા હતા. તેમાં તેઓના નાણાંની સલામતિ પણ હતી. કોઈ ઉચ્ચવર્ગના લોકોને વણકર શાહુકાર વ્યાજથી રકમ આપે, તો તે દેવાદાર અચૂક ચૂકવી દેતો હતો,

વણકર શાહુકાર પાસેથી લીધેલી રકમ પરત ન કરે તો તેની પ્રતિષ્ઠા-આબરૂને નુકસાન થવાનો ભય રહેતો હતો.

સાંગણાનો સોસા પરિવાર યુગ પારખું હતો, શાહુકાર વ્યવસાયની સૂઝ હતી, તેથી આ વ્યવસાયમાં પ્રગતિ કરી શક્યા હતા.

નિમ્નવર્ગીય લોકોને સોસા પરિવારનો શાહુકાર-વ્યાજવટાના વ્યવસાયનો ઈતિહાસ આર્થિક પ્રગતિનો ઉપયોગી બોધ આપે છે.

આ વ્યવસાયમાં સોસા પરિવારે કેવા સંબંધોનો વિકાસ કર્યો, કેવા વ્યવહારોમાં સફળતા મેળવી, કેવી પ્રવૃત્તિઓમાં પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી, નિમ્નવર્ગના લોકોના વિકાસમાં શું ફાળો આપ્યો વગેરેની જાણકારી મળે છે.

સોસા પરિવારના વ્યાજવટાવ વ્યવસાયનું અર્થશાસ્ત્ર, તેની વ્યવસાયની વ્યૂહ વ્યવસ્થા, પરિવારની વ્યવસાયિક થીયરી, વ્યવસાયિક કૌશલ્યો, વ્યવસાયની મુશ્કેલીઓના ઉપાયો, આર્થિક પ્રવૃત્તિઓ અને તેના વ્યવસ્થાપન કૌશલ્યની જાણકારી મળે છે.

ભાવનગરમાં સાંગણાના સોસા પરિવારનું વ્યાજવટા વ્યવસાયમાં વિશેષ સ્થાન હતું. અનુસૂચિત જાતિના લોકોને આર્થિક પ્રગતિનો બોધ આ પરિવારે આપ્યો હતો. આધુનિક જમાનામાં દેશી રજવાડામાં શાહુકાર-વ્યાજવટાના વ્યવસાયના આર્થિક ઈતિહાસમાં હજુ સુધી, આ ઈતિહાસ વણખેડાયેલો રહ્યો છે. જે જમાનામાં કોઈ વ્યવસાયમાં અનુસૂચિત જાતિના લોકોએ આર્થિક તકો પ્રાપ્ત કરવી એ રણમાં વહાણ ચલાવવા જેવું હતું, એ યુગમાં સાંગણાના સોસા પરિવારે આર્થિક તકો ઉત્પન્ન કરી, વ્યવસાયની ગળાકાપ સ્પર્ધામાં સફળતા મેળવી, એ કૌશલ્યોને જાણવાં ખૂબ જરૂરી છે.

અનુસૂચિત જાતિના લોકો અંધશ્રદ્ધાઓ, વ્યસનો, સામાજિક-ધાર્મિક કુપ્રથાઓમાં સપડાયેલા હતા, એ સમયે સોસા પરિવારે તેમાંથી મુક્ત રહીને, મુક્તિ મેળવીને, આર્થિક પ્રગતિ માટેની વ્યવસાયિક યુક્તિ-કૌશલ્યોમાં નિપૂણતા પ્રાપ્ત કરી હતી.

અનુસૂચિત જાતિના લોકોએ સામાજિક પરિવર્તન કે સામાજિક સુધારાઓમાં સફળતા પ્રાપ્ત કરવી હોય, તો આર્થિક સમૃદ્ધિ અનિવાર્ય છે, એ વ્યવસાયિક સૂઝ થકી જ આવી શકે છે, એ માહિતી સોસા પરિવારના વ્યવસાયિક ઈતિહાસમાંથી મળે છે. સમાજ ઘડતરની પ્રવૃત્તિઓમાં આર્થિક પ્રગતિ ખૂબ જ મહત્ત્વની છે. સોસા પરિવારે આર્થિક પ્રગતિ થકી અનુસૂચિતજાતિની અસ્મિતા-આત્મગૌરવ-સ્વાભિમાનને જાગૃત કર્યું છે.

દેશી રજવાડાઓમાં ઉચ્ચવર્ગના શરાફો, વ્યાપારીઓ, મહાજનો, શાહુકારોની પરંપરાગત જાતિવાદી સિન્ડિકેટમાંથી કેવો સંઘર્ષ કરીને અનુસૂચિત જાતિના પરિવારે વ્યાપારી, શરાફ, મહાજન અને શાહુકાર તરીકે પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી, એ કૌશલ્ય સૂઝ, વ્યાપારી ગુણોનો ઈતિહાસ રસપ્રદ છે.

કોઈપણ ક્ષેત્ર હોય તેમાં સફળતા આપો આપ પ્રાપ્ત થતી નથી, અહિંયા તો બહિષ્કૃત સમાજના પરિવારે આર્થિક સફળતા પ્રાપ્ત કરી હતી. આ અર્થમાં સાંગણાના સોસા પરિવારનો ઈતિહાસ એટલે 'સફળતાનો ઈતિહાસ' છે. સોસા પરિવારે સફળતા માટે સામાજિક, ધાર્મિક કે સાંસ્કૃત્તિક પરિબળો કરતાં આર્થિક પરિબળને વધારે મહત્વ આપ્યું હતું. સોસા પરિવારે સામાજિક અને સાંસ્કૃત્તિક અભિગમથી પ્રવૃત્તિઓ કરવાને બદલે, આર્થિક અભિગમથી પ્રવૃત્તિઓ કરી છે, એટલે સોસા પરિવારનો આ ઈતિહાસ 'આર્થિક ઈતિહાસ' પણ છે.

દેશી રજવાડાઓમાં પરંપરાગત માન્યતાઓ એવી હતી કે, અનુસૂચિત જાતિના લોકોમાં આર્થિક વિકાસની દ્રષ્ટિ હોતી જ નથી, પરંતુ, સોસા પરિવારના ઈતિહાસની સામગ્રીમાં તો અનુસૂચિત જાતિના લોકોમાં વ્યાપારી સૂઝ, કૌશલ્ય, સાહસના ગુણો ભરપૂર રહ્યા છે.

સાંગણાના સોસા પરિવારે ઊંચી જાતિના લોકો, મુસ્લિમો સાથે પણ વ્યવસાયિક-વેપારી સંબંધો કેળવ્યા હતા, અને વ્યાજવટાવ વ્યવસાયમાં સફળતા મેળવી હતી. વ્યાજવટાવ વ્યવસાયમાં જે ઊંચા વર્ગના વ્યાપારીઓની શોષણ વ્યાપારનીતિ હતી, તેની સામે સંઘર્ષ કરીને લોકોને મોટા દેવાઓમાંથી મુક્તિ આપવાનો પ્રયત્ન કર્યો હતો.

આ પરિવારે આર્થિક વિકાસનાં જરૂરી મૂલ્યો જેવાંકે, પુરુષાર્થ, બચત, અસ્મિતા (પ્રતિષ્ઠા)નો પ્રચાર-પ્રસાર કર્યો છે. અનૂસૂચિત જાતિના લોકો જ્યારે પરલોકની પ્રવૃત્તિઓમાં ડૂબેલા રહ્યા છે, ત્યારે સોસા પરિવારે પુરુષાર્થ થકી સમૃદ્ધિના સિદ્ધાંતનો પ્રચાર કર્યો હતો. સાંગણાના સોસા પરિવારનો 'સફળતાનો ઈતિહાસ' અનુસૂચિત જાતિના લોકોને આર્થિક સફળતાઓની ચાવીઓ-યુક્તિઓ-પ્રવૃત્તિઓ વિશે સંદેશ આપે છે.

સોસા પરિવાર કેવી રીતે શાહુકાર થયા? તેઓના વ્યવસાયના આર્થિક અને સાંસ્કૃત્તિક પ્રકારના તાણાવાણાઓ, તેઓની સફળતાનાં પરિબળો, અનુસૂચિત જાતિના પારિવારિક આત્મસન્માનની ભાવના કેવી રીતે પ્રગટે? અસ્મિતાનો ખ્યાલ રોમેન્ટિક અભિગમ ધરાવતો હોય એવો નહિ, પરંતુ, વસ્તુનિષ્ઠ અને નક્કર પ્રવૃત્તિઓ-પુરુષાર્થ-આધારિત હોય એ જ જરૂરી છે. જે જમાનામાં શાહુકારોની પ્રતિષ્ઠા માટેની કોઈ તક જ ન હોય, તે જમાનામાં શાહુકારની પ્રતિષ્ઠા-સન્માન પ્રાપ્ત કરવું એ ખૂબ મોટી સિદ્ધિ હતી.

અનુસૂચિત જાતિના લોકો વ્યાપારના ક્ષેત્રમાં પ્રચંડ સંઘબળ રચીને, અન્યાયો સામે સંઘર્ષ કરીને, દેશના અર્થકારણ અને રાજકારણમાં પ્રભાવ અને પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી શકે છે, એ પ્રેરણા સાંગણાના સોસા પરિવારના ઈતિહાસમાંથી મળે છે.

* ડૉ. લક્ષ્મણ યુ. વાઢેળ
૭૪/૪૫૦, અગ્રવાલ હૉલ પાસે, સાગવાડી, ભાવનગર. મો. ૯૮૯૮૬૪૨૩૬૫


# -: કંઇક અવિસ્મરણીય :-

**છગન બાજક**

મારા સુમિત્રશ્રી કવિ દાન વાઘેલા સાથે શામળદાસ કોલેજ, ભાવનગર ખાતે દર ગુરૂવારે મળતી ટૂંકી વાર્તા બેઠકમાં જવાનું આયોજન હતું. જોકે હું પ્રથમ વખત જ વાર્તા બેઠકમાં ઉપસ્થિત રહેવાનો હતો. ખ્યાતિપ્રાપ્ત વાર્તાકારશ્રી માય ડિયર જયુ સાહેબના સાંનિધ્યમાં જે વાર્તાઓ રજુ થાય એ શ્રવણ કરવાની પ્રબળ ઉત્કંઠા હતી. ત્યાં જ સાંજનાં ચારેક વાગ્યે દાનભાઇનો ફોન આવ્યો કે,'આપણે નાથુભાઇ સોસા (ભૂતપૂર્વ જી.પી.એસ.સી. સદસ્ય અને સામાજિક-રાજકીય આગેવાન)ની રૂબરૂ મુલાકાત માટે 'નીલમબાગ પેલેસ' જવાનું છે. એમણે સાંજનો સમય આપેલ છે. તેમ છતાં આપણે એમનો ફોન આવે ત્યારબાદ જવાનું થશે. કદાચ વાર્તા બેઠક પૂર્ણ થયા બાદ જ જવાનું થશે. એમની સાથે મોબાઇલ પર થયેલ વાતચીત પરથી એમ કહી શકું. એથી આપણે વાર્તા બેઠકમાં મળીએ.

આમ તો હું નાથુભાઇ સોસાના નામ-કામથી સુપેરે પરિચિત હતો. અગાઉ મારા રહેણાંકી વિસ્તાર 'એકતા સોસાયટી-સિહોર' ખાતે એમની નાની-મોટી રાજકીય બેઠકો ગોઠવાયા કરતી હતી. ત્યારે મેં નાથુભાઇ સોસાને ખૂબ જ નજીકથી અને તન્મયતાથી સાંભળેલાય ખરા. ત્યારે 'સુથારનું મન બાવળિયે' જેમ મારા મનમાં એક વિચાર ઝબકી ગયેલો કે, તેઓ ભલે રાજકીયરીતે વિશેષ કાઠું કાઢે, પણ સાથોસાથ આંબેડકરીય વિચારધારાને પોષતી સાહિત્યિક પ્રવૃત્તિમાં પણ જોડાય તો સોનામાં સુગંધ ભળી કહેવાય! જોકે મને એવો વિચાર કેમ ઉદ્ભવ્યો હશે ? એ તો હું આજેય નક્કી કરી શક્યો નથી. પરંતુ ત્યારે મારી હાજરી માત્ર સોસાયટીનાં સભ્ય તરીકેની જ હતી. એથી અન્ય કોઇ ચર્ચાને અવકાશ નહોતો. ત્યાર બાદ શ્રી નાથુભાઇ સોસા સાથે ઊડતી મુલાકાત 'ગુજરાતી દલિત સાહિત્ય પ્રતિષ્ઠાન, અમદાવાદ' દ્વારા આયોજિત 'શ્રી કનુ અસામલીકર દલિત સાહિત્યકાર એવોર્ડ'નાં પ્રથમ કાર્યક્રમમાં થઇ. પરંતુ એમની સાથે આત્મીય કહી શકાય એવો ઘરોબો બંધાયો નહોતો. તેઓશ્રી મને વ્યક્તિગત રીતે ઓળખતા પણ નહોતા. એથી એમને મળવા પરત્વે મારા મનમાં અવઢવ હતી.

અમો બન્ને મિત્રો વાર્તા બેઠકમાં પહોંચવામાં જ હતા. ત્યાં જ નાથુભાઇનો ફોનથી આદેશ થયો કે, 'હવે મને થોડી નવરાશ મળી છે. તમે આવી જાવ.' એથી મેં દાનભાઇને કહ્યું કે, 'ભવિષ્યના કોઇ આયોજન માટે તમારી સાથે અંગત બેઠક ગોઠવાઇ છે. એથી



*છગન બાજકને પુસ્તકોનો સેટ અર્પણ કરતાં નાથુ સોસા.*

મારી હાજરી યોગ્ય લેખાશે નહીં. તમે એકલા જ મળતા આવો તો...?' તેમ છતાં દાનભાઈનો આગ્રહ હતો, એટલે હું એમની સાથે ચાલ્યો. આમ, વાર્તા બેઠક પડતી મૂકી અમે નાથુભાઈ સોસાની મુલાકાતે પહોંચી ગયા. દાનભાઈએ મારો ટૂંકમાં પરિચય આપ્યો તો કહે : 'નામથી પરિચિત છું જ. કદાચ આપણે અગાઉ મળ્યાય છીએ.' એથી મને આશ્ચર્ય થયું અને એમની યાદદાસ્ત પરત્વે માન ઊપજ્યું. કદાચ ઉપર જણાવેલ વિચારતંતુનાં અનુસંધાને જ હું સાવ અપરિચિત હોવા છતાં આ નવતર બેઠકમાં ટપકી પડ્યો હતો. એવું સંજોગોએ સાબિત કરી બતાવ્યું હતું.

નાથુભાઈ સોસાએ એમની સાથે હોય એવા એમનાં પારિવારિક સભ્યો-મિત્રોની ઔપચારિક ઓળખાણ કરાવી. એમાં થોડી હાય-હલ્લો જેવી આડી-અવળી વાતો પણ થઈ. હવે ધીરેધીરે ગાડી પાટા ઉપર ગતિમાન થઈ રહી હતી. એમાં મૂળ મુદ્દાને ટચ કરતી હોય એવી સામાજિક-રાજકીય અને સાહિત્યિક ચર્ચા-વિચારણાએ જોર પકડ્યું હતું. હું, નાથુભાઈ સોસા અને દાનભાઈની અવિરત વહેતી વાગ્ધારામાં જગ્યા શોધીને મારી રીતે ટાપશી પુરાવતો હતો. આ ચર્ચા-વિચારણા દરમિયાન એક વાત તો પામી શકાઈ હતી કે, નાથુભાઈ સોસાના મનમાં કોઈ વિશિષ્ટ સાહિત્યિક કાર્યક્રમનું આયોજન ધુબાકા મારી રહ્યું છે. આખરે એમણે ખૂબ જ નરમાશ અને સહજતાથી એમનાં છ પુસ્તકોનો લોકાર્પણ સમારંભ ભાવનગર ખાતે ગોઠવવાની ઈચ્છા પ્રગટ કરી. પરંતુ જ્યારે યોજવામાં આવનાર કાર્યક્રમની સઘળી જવાબદારી પૂર્ણ વિશ્વાસ સાથે શ્રી દાનભાઈને સુપરત કરવામાં આવી ત્યારે મારું મોં ખુલ્લું જ રહી ગયું. હું મનોમન હરખાઈ ગયો. ખાસ તો એમાં મારે પણ દાનભાઈને શક્ય એટલી મદદ કરવાની છે એવું નાથુભાઈ સોસાનું ફરમાન હતું. આમ, ભાવનગરના આંગણે એક વિશિષ્ટ સાહિત્યિક કાર્યક્રમનું આયોજન થતું હોઈ, મારું મન નાચી ઊઠ્યું. ત્યારબાદ નાથુભાઈ સોસાએ સરસ મઝાનાં બોક્સમાં પુસ્તકો પણ અર્પણ કર્યાં. અમે નાનું એવું ફોટોસેશન પણ કર્યું.

આમ, 'નીલમબાગ પેલેસ' માં ઉપલબ્ધ થતી કડકમીઠી ચાની ચૂસકી સાથે અમારી મુલાકાત પણ મધુરમ્ બની રહી.

નાથુભાઇ સોસા સામાજિક-રાજકીય સક્ષમ આગેવાન તો હતા જ, પણ હવે સાહિત્યકાર તરીકે પણ એમનો સિક્કો જામી જવાનો હતો. એવી મારી મનોધારણા એમનાં પુસ્તકોએ જ ઇંગિત કરી બતાવી હતી. આ બેઠકમાં પુસ્તક લોકાર્પણ કાર્યક્રમની સંભવિત તારીખ પણ મુકરર થઇ ચૂકી હતી. આમ, નાથુભાઇ સોસા સાથેની અવિસ્મરણીય મુલાકાત હર્ષોલ્લાસમાં પૂર્ણ થઇ હતી.

અમે હર્ષિત વદને 'નીલમબાગ પેલેસ'ના પટાંગણમાં આવ્યા. દાનભાઇએ બોક્સ ખોલીને પુસ્તકો બહાર કાઢ્યાં. એમણે હિન્દી ભાષામાં અનુવાદિત 'રત્નકણિકાએં ડૉ. ભીમરાવ આંબેડકર કે વિચારોં કા ચયન' સંકલન : નાથુ સોસા પુસ્તક મારા હાથમાં મૂકતાં કહ્યું કે, 'આ પુસ્તક વિશે તમારે લેખ તૈયાર કરીને વક્તવ્ય આપવાનું છે. જાણે ઇલેક્ટ્રિકનો જીવતો વાયર હાથને અડી ગયો હોય એવો મને આંચકો લાગ્યો. અગાઉ ક્યારેય મને  વિધિવત વક્તા તરીકેનું નિમંત્રણ કે સન્માન મળ્યું નહોતું. એથી મને મનમાં મૂંઝારો પણ થયો. આમ તો 'નીલમબાગ પેલેસ'માં લાઇટો ઝળહળી રહી હતી. પરંતુ મારા ભીતરમાં અંધારું ઊતરી આવ્યું હતું. એથી મેં મારી કેટલીક મર્યાદા વર્ણવી અને વિનંતી કરી કે, મને આ ભગીરથ કાર્યમાંથી મુક્તિ આપો. તમે બીજી કોઇપણ કામગીરી સોંપશો તો હું પાછી પાની નહીં કરું. પરંતુ શ્રી દાનભાઇને મારી રજૂઆત કે દલીલ યોગ્ય જણાઇ નહીં. એથી મને મનમાં થયું કે, વાત તો સાચી છે. કાંઇ 'સૂંઠના ગાંઠિયે ગાંધી ના થવાય' કહી મેં મને જ મનોમન બરાબરનો સાણસામાં લીધો. દાનભાઇ તો એમની વાતમાં મક્કમ હતા જ, એટલે કેટલીક ચર્ચાના અંતે મેં એ ગજા ઉપરવટનું કાર્ય પાર પાડવા સંમતિ દર્શાવી ત્યારે, મારા મનમાં પણ પ્રકાશ પથરાઇ ગયો હતો. અમે રાજીપા સાથે છૂટા પડ્યા હતા.

હવે શ્રી નાથુભાઇ સોસાના માર્ગદર્શનમાં છ પુસ્તકોના લોકાર્પણ કાર્યક્રમનું આયોજન ઝપાટાભેર પ્રારંભાઇ ગયું હતું. વિશિષ્ટ પ્રકારના સાહિત્યિક કાર્યક્રમની તા.૧૩મી માર્ચ, ૨૦૨૨ નક્કી થઇ ગઇ હતી. એમાં કોઇપણ પ્રકારે ઊણપ કે કસર રહેવા ના પામે એવી ચીવટ અને કાળજી દાનભાઇ લઇ રહયા હતા. જ્યાં જરૂર જણાઇ હોય ત્યાં હું અને ડૉ. મહેશ દાફડા મદદરૂપ થતા હતા. આમ, કાર્યક્રમના સ્થળ તરીકે ભાવનગરનો 'આંબેડકર ભવન' (હૉલ) સહિત કાર્યક્રમમાં ઉપસ્થિત રહેનાર મિત્રો અને કવિ-સાહિત્યકારો માટે ઉત્તમ વ્યવસ્થા સહિત જરૂરી હતું એવું સઘળું દાનભાઇએ ગોઠવી દીધું હતું. પરંતુ નાથુભાઇ સોસાએ નિયત કાર્યક્રમના ત્રણ દિવસ અગાઉ જણાવ્યું કે, 'હવે આ કાર્યક્રમ વિશ્વ વંદનીય સંતશ્રી પૂ. મોરારિબાપુના સાંનિધ્યમાં એમનાં જ માદરે વતન તલગાજરડા મુકામે ગોઠવવાનો છે. એથી સ્થળ-તારીખ બદલાશે અને

કેટલાંક નામો ઉમેરવાનાં થશે. અન્ય સઘળું યથાવત રહેશે. આમ, ઓચિંતા જ આયોજનનું સ્થળ બદલાયું ને દાનભાઈ સહિત અમારું ટેન્શન વધી ગયું. પરંતુ જેમ 'પુરૂષાર્થે આંબો ફળે' એમ પરમકૃપાએ એ સઘળું સુંદર રીતે પાર પડ્યું. હવે એ સંપન્ન થયેલ અવિસ્મરણીય કાર્યક્રમની મધુરપના આધાર સ્તંભ એવા નાથુભાઈ સોસાને અંતરની શુભેચ્છા સાથે અભિનંદન પાઠવી દઉં.

***

આપના વડવાઓની મહિમાવંત ધરોહરને શબ્દસ્થ કરતાં ત્રણ પુસ્તક જેવાં કે, 'સોસા પરિવાર સ્વર્ણિમ ગાથા' (હિન્દી), 'The Golden Heritage of Sosa family'; (લેખક : ડૉ. મોહન પરમાર); 'The History of Sosa family' લેખક : વેદાંત શર્મા અને 'રત્નકણિકાએ ડૉ. ભીમરાવ આંબેડકર કે વિચારોં કા ચયન' સંકલન : નાથુ સોસા; મનનો હર્ષોલ્લાસ પ્રસ્તુત કરતું પુસ્તક 'મનની ભીતર' (લેખક : નાથુ સોસા)નું વિધિવત લોકાર્પણ વિશ્વવંદનીય સંતશ્રી મોરારિબાપુના વરદ્ હસ્તે, એમના જ માદરે વતન તલગાજરડા ખાતે થયું. જે આપને સમગ્ર સોસા પરિવારના એક અગ્રીમ હરોળના સપૂત તરીકે સ્થાપી આપે છે. મારી દૃષ્ટિએ આ યાદગાર પુસ્તક લોકાર્પણ કાર્યક્રમ આપના પરિવાર સહિત સમગ્ર સમાજનું માર્ગદર્શન કરતો રહેશે. તેમજ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેલાં સૌ કોઈ એ ધન્ય ઘડીને જીવની જેમ જાળવી રાખશે. એવું હું દિલથી સ્વીકારું છું.

આ વિશિષ્ટ પારિવારિક અને સાહિત્યિક કાર્યક્રમમાં સંતશ્રી નીરૂબાપુ (માંડવી-ગારિયાધાર)ની પ્રેરક ઉપસ્થિતિ રહી. એ સોનામાં સુગંધ ભળ્યા સમાન ગણાવી શકાય. જાણે પરમ સ્નેહી હોય એવા શ્રી હરિભાઈ લકુમ; શ્રી આર. એચ. હડિયા સાહેબ (Dy. S. P. નિવૃત્ત) અને આપશ્રી સહિત પારિવારિક સભ્યો-મિત્રોની આદરભાવયુક્ત સેવાઓ સૌ કોઈનાં હૈયે કોતરાઈ ગઈ છે. એથી સૌને ધન્યવાદ અને દંડવત્ પ્રણામ પાઠવતાં આનંદ અનુભવું છું.

આ કાર્યક્રમ વેળાએ લોકાર્પિત પુસ્તકો વિશેના મનનીય વક્તવ્ય માટે ગુજરાતના ખ્યાતિપ્રાપ્ત લેખકો; પ્રોફેસરો-પ્રાધ્યાપકો સર્વશ્રી ડૉ. મોહન પરમાર, ડૉ. મનસુખ ગાયજન, ડૉ. એલ. યુ. વાઢેર અને ડૉ. મહેશ દાફડા જેવા કર્તવ્યનિષ્ઠ વિદ્વાન વક્તાઓ સાંપડ્યા, એને હું આપના વડવાઓની કમાણીનું ફળ ગણું છું. વળી હું તો સાવ નવોસવો ! છતાંય મારા સુમિત્ર કવિ દાન વાઘેલાનો પ્રસ્તાવ સ્વીકારીને મને 'રત્નકણિકાએં' વિશે વકતવ્ય આપવાની તક મળી. એ બદલ હું આપનો આભારી છું. કારણ કે, એક વિવેચકતરીકે કોઈ પુસ્તક વિશે વક્તવ્ય આપવાનો મારો પ્રથમ પ્રયાસ અને અનુભવ હતો. જોકે દરેક વક્તાઓને સમયનો અભાવ નડ્યો હતો. પરંતુ એનો કોઈનેય મનમાં વસવસો નથી, પણ કંઈક વિશેષ કહેવાનો ઉમંગ સૌનાં હૈયે પડઘાતો સાહિત્યિક હતો. એ જ તો આ

સાહિત્યિક કાર્યક્રમની ઉપલબ્ધિ છે.

આ સાહિત્યિક કાર્યક્રમના નિમંત્રણને માન આપીને, આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેલ શ્રેષ્ઠીઓ; ઉદ્યોગપતિઓ; કવિ-સાહિત્યકારો અને સગાં સ્નેહી-મિત્રોને આપશ્રીએ ઉષ્માસભર હૃદયથી આવકાર્યા. સૌને આદરભર્યું સ્થાન આપ્યું. એ મારા માટે તો દૃષ્ટાંત રૂપ પળો બની ગઇ છે. એમાંય જે ભાવુક દૃશ્યો સર્જાયાં એ વ્હાલપની સાક્ષી પૂરતાં હતાં. સૌને નામજોગ યાદ કરીને સારસંભાળ લીધી. પુષ્પગુચ્છ, શાલ, પુસ્તકો અર્પણ કરી સન્માનિત કર્યાં. ડૉ. મહેશ દાફડા અને જરૂર જણાઇ ત્યાં કવિ દાન વાઘેલાએ પુસ્તક લોકાર્પણ કાર્યક્રમનું સુંદર સંચાલન કર્યું. એ દૃશ્યો હજુય માનસમાંથી હટવાનું નામ લેતાં નથી. કવિઓ-સાહિત્યકારોને ભેટ-સોગાદ અને રોકડ પુરસ્કારથી રાજી કર્યાં. જોકે એવો વિવેક અને શિષ્ટાચાર સાહિત્યિક કાર્યક્રમોમાં અપવાદ રૂપ ગણાવી શકાય. આ સમગ્ર કાર્યક્રમ દરમિયાનની વ્યવસ્થા પ્રશંસનીય રહી. ખરેખર તો એ બધું કહેવું સહેલું છે, પણ કરવું અઘરું થઇ પડે એવું સાબિત થાય છે. જે આપશ્રીએ બખૂબી કરી દેખાડ્યું. એનો હું રાજીપો વ્યક્ત કરું છું.

તા.૧૧મી માર્ચ, ૨૦૨૨ની રાત્રિએ યોજાયેલ 'સ્વૈરવિહારી કવિ સંમેલન'માં દરેક કવિએ પોતાનું હીર દેખાડ્યું. કવિ દાન વાઘેલાએ સમગ્ર કવિ સંમેલનનું સંચાલન પોતાની આગવી-અનોખી ફ્રી-સ્ટાઇલમાં કર્યું. જે સૌને સ્પર્શી ગયું. તેમજ સાહિત્યના મર્મજ્ઞ અને સમજું શ્રોતાગણે કવિઓને એક ધ્યાન થઇ સાંભળ્યા. તાળીઓનાં ગડગડાટથી વધાવ્યા. એમાં યથાસમયે આપશ્રી ઊભા થઇને કલાની કદર કરતા રહ્યા. એવું કોઇ કલા પારખું જ કરી શકે, એમ હું માનું છું. પરંતુ આપશ્રી તો ખપ પૂરતું બોલીને મૌન જ રહ્યા. વિશેષ કહું તો આપના પારિવારિક સભ્યો કે આપના અંગત પરિવારના સભ્યો (આપના ધર્મપત્ની-સંતાનો)ની કોઇ જ વિધિવત્ ઓળખાણ કરાવી નહીં. જે પ્રસિધ્ધિથી દૂર રહેવાની મનોવૃત્તિનું દ્યોતક બની રહ્યું. સામાન્ય રીતે પોતાની ઓળખ છતી કરવા માટે સૌ કોઇ તલપાપડ હોય છે. પરંતુ આપના પરિવારે અલગ ચીલો ચાતરી બતાવ્યો છે. જે અન્યને પ્રેરણાદાયી બની રહેશે.

મારા સુમિત્રશ્રી દાન વાઘેલાએ 'સમ્યક સાહિત્ય સભા'ની ઘોષણા કરી. એને આપશ્રીએ ઉમળકાથી વધાવી લીધી. એમાં કવિ દાન વાઘેલા; ડૉ. મહેશ દાફડા અને હું (છગન બાજક)ના સંસ્થાપક પદે પ્રારંભાયેલી આ સંસ્થાના ઉદયનો યશ પણ આપશ્રીના ખાતે નોંધાયો છે. એથી અમે હર્ષાવિત થઇ આભારની લાગણી પ્રગટ કરીએ છીએ.

એકંદરે આ કાર્યક્રમ ડૉ. બાબાસાહેબ આંબેડકર અને સોસા પરિવારના પારિવારિક પુસ્તકોનો લોકાર્પણ કાર્યક્રમ હતો. પરંતુ ઉત્તમ આયોજન અને સંયોજનથી એ પૂર્ણ સાહિત્યિક કાર્યક્રમ બની ગયો. એમાં જેણે મૂળભૂત સહયોગ અને માર્ગદર્શન આપ્યું હોય એ સૌને મારાં વંદન.

હું અહીં મારી અંગત વાતનો નિર્દેશ કરતાં આનંદ અનુભવું છું કે, મને આમંત્રિત કર્યો હોય એવા કોઈપણ સાહિત્યિક કાર્યક્રમમાં મારા અર્ધાંગિની (શ્રીમતિ કોકિલા બાજક) મારી સાથે કોઇ સંકોચવશ ઉપસ્થિત રહેતાં હોતાં નથી. પરંતુ પૂ.મોરારિબાપુ અને આપશ્રી સહિત સોસા પરિવારનાં સાંનિધ્યમાં યોજાયેલ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યાં. બે દિવસીય કાર્યક્રમને હર્ષિત હૈયે જાણ્યો-માણ્યો. એ પણ આપના કાર્યક્રમને જ આભારી છે.

આમ, આ ઉત્તમ અને આગવા કાર્યક્રમમાં મને સામેલ કરવા બદલ હું આપશ્રી સહિત આપના અંગત પારિવારિક સભ્યો, સોસા પરિવારના સદસ્યો અને મિત્રો-સહયોગીઓને હ્રદયપૂર્વક ધન્યવાદ પાઠવું છું. ભવિષ્યમાં આપના શુભ હસ્તે આવા સુંદર આયોજનો થતાં રહે. આપશ્રી સામાજિક-રાજકીય આગેવાન, ઉમદા લેખક અને પ્રતિબધ્ધ સાહિત્યકાર તરીકે વિશેષ સક્રિય અને પ્રભાવી બનો. એવી અભ્યર્થના સાથે વિરમું છું.

### -: નિરાધાર બેઠો છું :-

ઓશિયાળા શ્વાસનો અણસાર બેઠો છું;
લઈ નિરાશાઓ હું નિરાધાર બેઠો છું.
એકલવ્યો, શંબુકો ને કર્ણની કથની;
શબ્દમાં શણગારતો મજધાર બેઠો છું.
હું જ નરસૈંયો, અખો ને સંત કબીરો છું;
આર્દ્રવાણીનો લઈ વ્યવહાર બેઠો છું.
કાયમી કર્મઠ વિચારોને જ વ્હેંચું છું;
ભીતરે પણ શૌર્યનો પડકાર બેઠો છું.
ભક્તિ નહિ પણ પ્રેમનું સામ્રાજ્ય અર્પી દૌં;
પામવા પળ એક અપરંપાર બેઠો છું.
કવિ નથી હું, શબ્દ સ્ફૂરે વ્રેહ વંટોળે;
પીડનો રસથાળ પારાવાર બેઠો છું.

### રત્નકણિકાએ
### (ડૉ. ભીમરાવ આંબેડકર કે વિચારોં કા ચયન)

ડૉ. આંબેડકરને જાણવા-માણવા અને પ્રમાણવા હોય તો 'રત્નકણિકાએ પર્યાપ્ત થઇ શકે એમ છે. એમાં ડૉ. બાબાસાહેબ આંબેડકરનું જીવન-કવન અને સમાજ ઉત્થાનની વિચારધારા ઝીલાયેલી છે. એમાંથી પસાર થતાં એવું લાગ્યા વિના નહીં રહે કે, જાણે ડૉ. આંબેડકરને આપણે સંપૂર્ણ વાંચ્યા છે. જે આ 'રત્નકણિકાઓ'નું જમા પાસું છે. એથી બેધડક કહી શકાય કે, નાથુ સોસાએ આવું સ્તુત્ય સાહસ કરીને, સમગ્ર સમાજ ઉપર

ઉપકાર કર્યો છે. 'રત્નકણિકાએં' ડૉ. આંબેડકરના વિચારોને સંગઠિત કરી પ્રસ્તુત કરતું પોકેટ બુક જેવું સરસ પુસ્તક છે. જેમાં 'રત્નકણિકાએ' સુવર્ણમંડિત અક્ષરોમાં કંડાર્યું હોય એવો આભાસ પેદા કરે છે. એનો સૂચિતાર્થ એવો નીકળે કે, ડૉ. ભીમરાવ આંબેડકરના અમૂલ્ય વિચારો સુવર્ણથી કમ નથી. પુસ્તકનું પાકું પૂંઠું, આકર્ષક મુખપૃષ્ઠ, સ્વચ્છ-સુઘડ છાપકામ, નહીંવત ભાષાકીય દોષ પુસ્તકને વિશેષ દરજ્જો પ્રદાન કરે છે. હું તો ત્યાં સુધી કહીશ કે, લોઢું પારસને અડકે તો સુવર્ણ બની જાય, એમ 'રત્નકણિકાઓ' માં સમાવિષ્ટ ડૉ. આંબેડકરના વિચારોને જે કોઇ અપનાવશે તે સત્વરે તર્કશીલ, સત્વશીલ અને માનવીય સદ્‌ગુણોના ચાહક-વાહક બની જશે. કારણ કે આ 'રત્નકણિકાઓ' ઉદ્દાત માનવતા, બંધુતા અને સમાનતાને દિલથી આવકારે છે. સામાજિક, શૈક્ષણિક, રાજકીય, ધાર્મિક કે અન્ય સંસ્કારોને સંવારે છે. તેમજ કોઇપણ પ્રકારના વાદ-વિવાદથી પર રહી ખુદના પક્ષને વૈચારિક રીતે બળકટ બનાવવો હોય તો એક વખત પણ આ પુસ્તકની સફર અવશ્ય ખેડવી જ પડે ! જેમાંથી બહુધા કારણોનું સુખદ સમાધાન મળી રહેશે. એમ કહેવું અતિશયોક્તિ ભર્યું નહીં ગણાય.

આમ તો કોઇ ધર્મનીતિ કે આચાર-વિચાર વિષયક રત્નકણિકા સમાન સુવિચારનો શબ્દાર્થ-ભાવાર્થ કે અર્થ વિસ્તાર કરીએ તો જેમ પાનાંઓ ભરાય, એવું જ ડૉ. આંબેડકરના વિચારોનું પણ છે. એથી અહીં હું કશું જ બોલીશ નહીં, પરંતુ જે કંઇ બોલશે તે માત્ર ને માત્ર ડૉ. આંબેડકર જ બોલશે. એમાં હું યથા સમયે, યથામતિ સૂર પુરાવતો રહીશ. તો માણીએ 'રત્નકણિકાએં' સમાન ડૉ. બાબાસાહેબ આંબેડકરના, માનવતાને પરિપુષ્ટ કરતા ઉમદા વિચારોને...

**ધર્મ-નીતિ :-**

ડૉ. બાબાસાહેબે ધર્મ અને તત્વજ્ઞાનનું ખૂબ જ ગહનતાથી અધ્યયન કર્યું હતું. તેઓ દુનિયાના દરેક ધર્મ-સંપ્રદાયમાં રહેલી ખામી-ખૂબીથી અવગત હતા. એથી તેઓ ધર્મ વિશેના અગાધ મનોમંથન થકી ખુદનો અને છેવાડાનાં માનવ સમૂહોનો રાહ કંડારવા પ્રયત્નશીલ રહ્યા. એમને આધ્યાત્મિક પૈતૃક વારસો કબીરપંથનો મળેલો, એથી ખાસ કરીને તેઓ હિન્દુ ધર્મમાં રહેલી ક્ષતિઓ-બદીઓ પરત્વે અંગૂલિનિર્દેશ કરતાં કહે છે કે,

''મિત્રો, ઇશ્વર ઇસ દુનિયા મેં હૈ કિ નહીં, ઇસ પર વિચાર કરને કી આપકો આવશ્યકતા નહીં હૈ, જો કુછ ભી ઉથલ-પુથલ હોતી હૈ, વહ મનુષ્યો દ્વારા હી હોતી હૈ ઔર યહી સત્ય હૈ. આપકા ઉધ્ધાર કરને કે લિએ કોઇ આને વાલા નહીં હૈ. આપ અપને મન મેં ઠીક સે સંકલ્પ કર લીજીએ તો આપકા ઉધ્ધાર કરને મેં આપ સ્વયં હી સમર્થ હો જાયેંગે.' (પૃ-૨)

'ધર્મ કી ઉત્પત્તિ જાદુ-મંતર ઔર પ્રતીકોં કી પૂજા સે હુઇ હૈ. યહ નિષ્કર્ષ નિકાલના બડી ભારી ભૂલ હૈ.' (પૃ-૨૯૭)

'આજ દેશ મેં ચારિત્ર્ય કા અભાવ હૈ ઔર જિસ દેશ મેં નીતિમત્તા નહીં રહેતી, ઉસ દેશ કા ભવિષ્ય અંધકારમય હોતા હૈ.' (પૃ-૨૨૯)

તેઓ ચારિત્રને શિક્ષણ કરતાં પણ વધુ મહત્વ આપે છે. 'ધર્મ તો અફીણ કી ગોલી હૈ.' નો છેદ ઉડાડતાં કહે છે કે, શિક્ષણ અને સદ્‌ગુણ ધર્મ ભાવનાથી જ સંભવે છે. એમને ધર્મના નામે ચાલી રહેલ ઢોંગ સ્વીકાર્ય ન હતો. (પૃ-૧૧૧)

**રાષ્ટ્રવાદ :-**

કોઈપણ દેશનો વિકાસ રાષ્ટ્રહિતને વરેલી અને દેશ માટે પ્રાણ ન્યોછાવર કરતી આમજનતા થકી સંભવે છે. એથી લોકોમાં રાષ્ટ્રીય ભાવના પેદા થાય અને રાષ્ટ્ર પ્રત્યેની પ્રતિબધ્ધતા અકબંધ રહે, એવા પ્રયાસો રાજવટ અને વહીવટ દ્વારા થવા જોઈએ. એ બધું રાજકીય નેતાગીરીએ શુધ્ધ આચાર-વિચાર અને અંતઃકરણથી પ્રતિપાદિત કરવું જોઈએ, રાષ્ટ્રવાદ કે રાષ્ટ્રીયતા વિશેના ડૉ. આંબેડકરના વિચારો સ્વયં સ્પષ્ટ હતા. એક ઊડતી નજર નાખીએ. 'આજ અગર રાષ્ટ્ર કો કિસી ચીજ કી આવશ્યકતા હૈ તો વહ હૈ જનતા કે મન મેં રાષ્ટ્રીયતા કી ભાવના કા નિર્માણ કરના.' (પૃ-૩)

'મેરા સમાજ દર્શન તીન શબ્દોં મેં સમાયા હુઆ હૈ. સ્વતંત્રતા, સમાનતા ઔર બંધુતા.' (પૃ-૧૦)

ડૉ. આંબેડકરનો ભારતની સ્વાધીનતા માટેનો મત હતો, '--- અવિભાજિત ઔર અખંડ ભારત.' (પૃ-૭૮) એમના વિરોધીઓ પણ ડૉ. આંબેડકરની નિર્વિવાદ રાષ્ટ્રભક્તિના પ્રશંસક હતા, (પૃ-૭૯)

'-- જાતિ ઔર પંથ અનેક હૈ, પરંતુ હમ એક રાષ્ટ્ર બનેંગે, ઈસ બાત કો લેકર મેરે મન મેં કોઈ સંશય નહીં હૈ.?' (પૃ-૨૬૪)

**સ્વતંત્રતા-સ્વરાજ-લોકતંત્ર :-**

'અગર સ્વતંત્રતા કો અપના લક્ષ્ય પ્રાપ્ત કરના હો તો સમાનતા કી આવશ્યકતા અનિવાર્ય હૈ - (પૃ-૩૦૯)

'એક હૈ નાગરિક સ્વતંત્રતા ઔર દૂસરી હૈ રાજનૈતિક સ્વતંત્રતા. (પૃ-૩૧૦)

'અગર હિન્દુ ધર્મ ને દલિત વર્ગ કો શસ્ત્ર ધારણ કરને કી સ્વતંત્રતા દી હોતી તો યહ દેશ કભી પરતંત્ર (ગુલામ) નહીં બના હોતા.' (પૃ-૧૮૩)

'પ્રત્યેક મનુષ્ય કો વિચાર કી સ્વતંત્રતા હૈ, ઉસે ઈસકા ઉપયોગ સત્ય કે સંશોધન કે લિયે કરના ચાહિયે.' (પૃ-૨૩૨)

**અસ્પૃશ્યતા :-** ડૉ. આંબેડકર ભારતીય સમુદાયમાં પાળવામાં આવતી અસ્પૃશ્યતાથી વ્યથિત હતા. એમણે અસ્પૃશ્યતાનાં મૂળ કારણોને તારવી-સારવી આપ્યાં. એમની વિદ્વતાપૂર્ણ વાણી, તર્કશક્તિ કે દલીલ સામે કોઈ ટકી શકે એમ નહોતું. તો પણ ચુસ્ત જાતિવાદીઓ, અછૂત સમુદાયોને સ્વીકારવા રાજી ન હતા. એથી અસ્પૃશ્યતા વિશે

પ્રમાણ-પુરાવા સહિત વિચાર યુધ્ધ છેડે છે. એમાં કોઈ ઠેકાણે આક્રોશ પણ વ્યક્ત થતો દૃષ્ટિગોચર થાય છે.

'શૂદ્ર આર્યો કી સૂર્યવંશી જાતિ કે થે.' (પૃ-૬)

'છત્રપતિ શિવાજી મહારાજ શૂદ્ર થે, ઈસલિયે કોઇ બ્રાહમણ ઉનકા રાજ્યાભિષેક કરવાને કે લિયે તૈયાર નહીં હુઆ, સુદૂરવર્તી કાશી કે ગાગા ભટ્ટને આકર વિધિ સમ્પન્ન કરવાઇ થી.'! (પૃ-૯)

પછાત વર્ગોને પોતાની કિંમતનું આકલન કરવા આહ્‌વાન કરે છે. એમાં જોમ-જુસ્સો પ્રગટાવવા સિંહગર્જના કરતા કહે છે કે,

'બલિ તો બકરે કી ચઢાયી જાતી હૈ, સિંહ કી નહીં, આપ મેં તેજ હૈ, જિસકી આપકો જાનકારી હી નહીં હૈ.' (પૃ-૧૩)

મહાડ સત્યાગ્રહ પછી જે દૃશ્યો સર્જાયાં એ બધું નિહાળતાં ડૉ. બાબાસાહેબનું હૃદય દ્રવી ઊઠ્યું, એમણે કહ્યું :

'હિન્દુ મુસલમાન બનને કે બાદ ઉસી તાલાબ કા પાની ભરે ઔર પીએ તો હિન્દુ ધર્મ અપવિત્ર નહીં હોતા હૈ. લેકિન હિન્દુ ધર્મ કે હી મહાર, ચમાર ઈસ તાલાબ સે પાની ભરતે હૈ તો હિન્દુ ધર્મ ડૂબ જાતા હૈ. -- અસ્પૃશ્યતા હિન્દુ ધર્મ પર કલંક નહીં હૈં. યહ તો હમારે શરીર પર હી કલંક હૈ. --- સવર્ણોને તાલાબ શુધ્ધ કર કે હમારી અપવિત્રતા સાબિત કરને કા જો હલ્કા પ્રયત્ન મહાડ મેં કિયા, વૈસા ભલે હી ભવિષ્ય મેં ભી કરેં, પરન્તુ હમ પવિત્ર હૈં, યહ આપકે મુખ સે બુલવાયે બગૈર હમકો શાંતિ નહીં મિલેગી.' (પૃ-૬૨-૬૩)

**સત્યાગ્રહ :-**

અપના માર્ગ ન્યાય કા હી હૈ, ઐસા અગર આપકો લગતા હૈ ઔર આપ યાતનાએં સહન કરને કે લિયે તૈયાર હૈ તો સત્યાગ્રહ કે લિયે સહમતિ દીજીયે, (પૃ-૩૦)

**શિક્ષણ :-**

'સામાન્ય વ્યક્તિ કે લિયે શિક્ષા સુલભ બને, ઐસી વ્યવસ્થા કી જાની ચાહિયે.' (પૃ-૫૮)

'શિક્ષા ગરીબ જનતા કે હિતો કી વિરોધી હો તો ઐસે સુશિક્ષિત મનુષ્ય સમાજ કે લિયે અભિશાપ કી તરહ હો જાતે હૈં,' (પૃ-૧૦૭)

**નારીચેતના :-**

એમણે કન્યા કેળવણી, નારી ઉત્થાન કે સ્ત્રી સ્વાતંત્ર્યતા માટે મહત્ત્વનું કાર્ય કર્યું છે. એમનું માનવું હતું કે,

'મૈં કિસી ભી સમાજ કી પ્રગતિ કા અનુમાન ઈસ બાત સે લગાતા હૂં કિ ઉસ સમાજ મેં મહિલાઓં કી સ્થિતિ કૈસી હૈ ? નારી કી ઉન્નતિ કે બગૈર પરિવાર, સમાજ

તથા રાષ્ટ્ર કી પ્રગતિ કા સ્વપ્ન દેખના રેગિસ્તાન મેં જહાજ ચલાને જૈસા હૈ.' (પૃ-૯૨)

'અગર સામાજિક પ્રગતિ કરની હો તો યુવા મહિલાઓં કા અભ્યાસ કરના ભી ઉતના હી જરૂરી હૈ, જિતના યુવા પુરૂષ કા અભ્યાસ કરના હૈ.' (પૃ-૨૨૦)

એમણે ભારતમાં સમાજ સુધારકોની મહેનત ઉપર પાણી ફરી વળતું જોઈને કહેલું કે,

'ભારત મેં સમાજ સુધારકોં કે પ્રશંસક અલ્પ ઔર આલોચક બહુત જ્યાદા હૈ.' (પૃ-૯૨,૯૩)

**પુના કરાર :-**

એમણે ૭ નવેમ્બર ૧૯૩૨ના રોજ ઈંગ્લેંડ જતી વખતે ગાંધીજી દ્વારા યરવડા જેલમાંથી દલિત આંદોલનના સબંધમાં પ્રસ્તુત કરેલ બયાન વિષયે કહેલું કે, 'ગાંધીજી કા વ્યવહાર બદલકર અપને મત કે અનુકૂલ હો રહા હૈ, ઐસા લગ રહા હૈ. પરન્તુ આંતરજાતીય વિવાહ ઔર સહભોજ કે લિયે ગાંધીજી કા મન અબ ભી માન નહીં રહા, ગાંધીજી કો ઉપવાસ નહીં કરના ચાહિયે, ક્યોંકી ઐસા કરકે વહ બેકાર મેં હી અપની જાન ગંવા દેંગે.'--- તેઓ સ્પૃશ્ય અને અસ્પૃશ્ય જાતિઓ માટે કાયદાઓનું બંધન અને અલગ મતદાન મંડળની તરફેણમાં હતા.

**સંવિધાન :-**

તેઓ દેશના સંવિધાન પ્રત્યે આદરભાવ વ્યક્ત કરતાં કહે છે કે,

'મુઝે લગતા હૈ કિ સંવિધાન વ્યવહારિક હૈ, લચીલા ભી હૈ. યહ દેશ કો શાંતિકાલ ઔર યુધ્ધકાલ મેં એકતા કે સૂત્ર મેં બાંધકર રખને મેં સમર્થ હૈ.' (પૃ-૧૯૮)

'સંવિધાન ચાહે કિતનાભી અચ્છા હો, પરંતુ ઉસકો અમલ મેં લાને વાલે લોગ અચ્છે નહીં હોંગે તો અચ્છા સંવિધાન ભી ઈષ્ટ ફલ નહીં દે સકેગા.' (પૃ-૨૦૨)

**સંગઠન શક્તિ :-**

તેઓ દેશના શ્રમિકોની સંગત તાકાતને અવલોકતાં કહે છે કે,

'મેં યહ કહને કા સાહસ કર રહા હૂં કિ માત્ર શ્રમિક હી રાષ્ટ્ર કો જરૂરત કે સમય નેતૃત્વ પ્રદાન કરને મેં સક્ષમ હૈ.'

**ધર્માંતરણ :-**

'- અસ્પૃશ્યતા નિવારણ આંદોલન કા મુખ્ય ઉદ્દેશ્ય તો અસ્પૃશ્યો કો સામાજિક સ્વતંત્રતા દિલવાના હૈ ઔર યહ સ્પષ્ટ હૈ કિ યહ સ્વતંત્રતા ધર્માન્તરણ કે સિવા પ્રાપ્ત નહીં હો સકતી હૈ (પૃ-૧૦૬)

'--બૌધ્ધ ધર્મ સ્વીકાર કરકે, મેં ઈસ દેશ કા અધિકતમ હિત હી સાધ રહ્યા હૂં ક્યોંકિ બૌધ્ધ ધર્મ ભારતીય સંસ્કૃતિ કા હી એક ભાગ હૈ.' (પૃ-૨૩૦,૨૩૧)

**સ્વાવલંબન :-** '-- અગર આપકો સ્વાભિમાનપૂર્વક જિન્દગી જીની હો તો યહ

ખ્યાલ રખો કિ સ્વાવલંબન હી આત્મ ઉન્નતિ કા માર્ગ હૈ.' (પૃ-૧૫૫)

**આરક્ષણ :-**

'ઈન વિચારો દ્વારા સામાજિક દૃષ્ટિ સે દલિતોં કો સ્વયં કી ઉન્નતિ કે લિયે સક્ષમ બનાને હેતુ આરક્ષણ કા અભૂતપૂર્વ તત્ત્વ હમારે સંવિધાન મેં શામિલ કિયા ગયા હૈ. સમાજ કી વિષમ સ્પર્ધા મેં ઈન કમજોર સમાજ ઘટકો કો ઉચિત હિસ્સા મિલે, યહીં ઈસ વ્યવસ્થા કા ઉદ્દેશ્ય હૈ.' (પૃ-૧૮૬)

**કાનૂન :-**

'કૈવલ સખ્તી સે નહીં બલ્કિ લોકશિક્ષા સે, લોગો કે મન ઔર સમાજ કી ચેતના કા આહ્વન કરકે કાનૂન કો વ્યવહાર મેં લાયા જાના ચાહિયે.' (પૃ-૧૮૯)

**સામાયિક :-**

સામાયિક કા બહુ મહત્ત્વ હૈ. ઈસમેં સઘન, તત્ત્વશીલ, ભરપૂર જાનકારી ઔર વિચાર ધન વાલે લેખ ઔર જાનકારી હોની ચાહિયે, સમ્પાદક માત્ર પદાધિકારી હો, યહ જરૂરી નહીં હૈં, પરંતુ ઉસે અભ્યાસી ઔર વિચારદૃષ્ટિ વાલા સમાજ સેવક ભી હોના ચાહિયે.' (પૃ-૨૨૨)

**પ્રકીર્ણ :-** સંગઠિત થવાના ગુણને નોંધી આપવા સંઘબળનો મહિમા.

'આપ જિતને ઉદાર બન સકતે હૈ, ઉતની હી જ્યાદા ઊંચાઈ પ્રાપ્ત કર સકતે હૈ.' (પૃ-૧૯)

'વિદ્યા કી ઉપાસના, યહ મેરા બહુત ગહરા વ્યસન બન ગયા હૈ.' (પૃ-૨૦)

'આત્મવિશ્વાસ જૈસી અન્ય કોઈ દવાઈ નહીં હૈ.' (પૃ-૨૪)

'વ્યક્તિગત સ્વાર્થ કે બજાય સમાજ કે લાભ કે લિયે જ્યાદા ધ્યાન રખના ચાહિયે.' (પૃ-૨૫)

'અગર હમ એક સંયુક્ત, એકીકૃત ઔર આધુનિક ભારત ચાહતે હૈ તો, સભી ધર્મો યા શાસ્ત્રો કી સમ્પ્રભુતા કા અંત હોના ચાહિયે.' (પૃ-૧૪૩)

'પ્રત્યેક ઈન્સાન કો જ્ઞાન પ્રાપ્ત કરને કા અધિકાર હૈ.' (પૃ-૨૫૨)

'ગરીબ જનતા દ્વારા દિયે ગયે પૈસોં કા હિસાબ અચ્છી તરહ રખના ચાહિયે. સાર્વજનિક ધન કી ગરબડ કરને જેસા નીચ કાર્ય કોઈ દૂસરા હો હી નહીં સકતા.' (પૃ-૨૫૩)


છગન બાજક

પ્લોટ નં-૫, 'રાહુલ', એકતા સોસાયટી,

મુસાફરી બંગલા પાસે, કૉલેજ રોડ,

મું-તા. સિહોર, જિ. ભાવનગર, પીન-૩૬૪૨૪૦.

મો. ૯૭૨૭૩૭૩૯૪૨

# ભીતરનો વલવલાટઃ
# માનવ મૂલ્યોનું સંવર્ધન અને સંરક્ષણ

*'મનની ભીતર' (વ્યાખ્યાન અને સંકલન) લેઃ નાથુ સોસા,*

**ધરમસિંહ પરમાર**

નાથુભાઈએ જયારે મને 'મનની ભીતર' વિશે બોલવાનું છે, કહ્યું ત્યારે હ્દયમાં એક ગુદગુદી સાથે આનંદ થયો. પુસ્તકમાંથી જેમ જેમ પસાર થતો ગયો તેમ તેમ મારા મનમાં વિસ્મયભર્યા સવાલો પેદા થયા! 'બિલ્ડિંગ કન્સ્ટ્રકશનના ધંધામાં કાર્યરત, રાજનીતિના સ્નાતક અને સાયન્સના વિદ્યાર્થીએ ભાષાને ખોળે માથું મૂકી કલમ પકડી તે પાછળ ક્યાં પરિબળોએ ભાગ ભજવ્યો હશે?' સવાલનો જવાબ પંચજન્ય સમા તેમના કરકલમથી લખાયેલા પાંચ પુસ્તકોનું પ્રકાશન તો તેમના ભીતરનો વલવલાટ જ હોઈ શકે, તેવું મને લાગ્યું.

આ સમાજનો પરિવાર ચાર-ચાર પેઢીથી નાણાંકીય ધીરધાર (શ્રોફ)નો ધંધો કરનાર હતો. તેના વારસદાર નાથુ સોસાનો જન્મ ૨૩, માર્ચ-૧૯૬૬માં ભાવનગર જીલ્લાના તળાજા તાલુકાના જૂના સાંગાણામાં માતા કેસરબાના કૂખે થયેલો.

વતન છોડી તેઓ સુરત સ્થાયી થયા. અભ્યાસ કાળથી જ નેતૃત્વના ગુણો, બાસ્કેટ બોલના સક્ષમ ખેલાડી નાથુભાઈ ગુજરાત પબ્લિક સર્વિસ કમિશન (જીપીએસસી)ના સભ્ય રહી ચૂકયા છે. તેમની રગેરગમાં સમાજ વિકાસનો ધ્યેય છે. ગર્ભશ્રીમંત હોવા છતાં, દલિતોની પીડાને પોતીકી પીડા અનુભવે છે. એટલે જ ડાૅ. નાથાલાલ ગોહિલ કહે છે કે, 'આ પુસ્તકમાં નાથુભાઈની ભીતરની સંવેદનાની અભિવ્યક્તિ છે.'

તેઓ વ્યથિત હ્દયે કહે છે કે, 'આઝાદીના સાડા સાત દાયકા પછી દલિતો ઉપર અમાનુષી અત્યાચારો થાય છે. હિજરત કરવી પડે છે. સવર્ણ માથાભારે તત્ત્વોનો વિવિધ પ્રકારનો રંજાડ છે. શારીરિક અસ્પૃશ્યતાનું પ્રમાણ ઘટવા છતાં, માનસિક અસ્પૃશ્યતા વધતી જાય છે. એકવીસમી સદીમાં પણ આ દશા છે.'

પોતાના દાદા-પરદાદા અંગ્રેજ શાસન વખતે અઢારે વર્ણને રાણીછાપ રૂપિયાનું ધિરાણ કરતા તે બાબત જણાવતાં કહે છે કે, 'આ ઉલ્લેખ દલિત વર્ગની સાહ્યબી બતાવવા નહીં પણ, આજનો દલિત વર્ગ લઘુતાગ્રંથિથી પીડાય નહીં અને તેમનામાં ખુમારી પ્રગટે કે, આપણામાં પણ આવા વીરલા સદીઓ પહેલાં થઈ ગયા છે.' એટલે તો ડૉ. મોહન પરમારને કહેવું પડે છે કે, 'તેમની વિચારધારામાં સત્યનો રણકો છે.'

આ પુસ્તકમાં લેખકના મનની ભીતર ધરબાયેલી સામાજિક જાગૃતિની ઝંખના, ચેતના અને ઉન્નતિનું સ્વપ્ન છે. જે ઉદ્‌બોધનની ઈકોતેર પાંખો પસારીને સમાજના આકાશમાં ઉડ્ડયન કરે છે. જે તેઓએ જુદા જુદા કાર્યક્રમો, સમારોહો અને શિબિરોમાં ઉપસ્થિત રહી વકતવ્ય દ્વારા વ્યકત કરેલી અભિલાષાઓ અને અપેક્ષાઓ છે. જે તેમણે ૨૦૦૦ થી ૨૦૨૧ સુધીના ગાળામાં વિવિધ સ્તરે આપેલાં પ્રવચનો છે.

આ પુસ્તકના મારા મનનપૂર્વકના અધ્યયન પછી મને એવું લાગ્યું તે એ છે કે, સમગ્રયતા જોઈએ તો, તેમના પ્રવચનમાં ભીતરનો વલવલાટ, સામાજિક પ્રતિબદ્ધતા અને માનવતાનાં મૂલ્યોના સંવર્ધનની ભાવના છે. આ ભાવના માનવનિર્માણથી રાષ્ટ્રનિર્માણ સુધી વાચકને દોરવણી આપે છે. તેમના વિચારોનાં એકે એક વિધાનો તત્ત્વજ્ઞાનથી સભર એક ફિલૉસૉફરનાં બની રહ્યાં છે.

તેમણે ઉપસ્થિત મહેમાનો કે સમાજના આગેવાનોને સંબોધન કરેલ છે. તેમાં ક્યાંય ખુશામતી નથી બન્યા કે, નથી તો આત્મશ્લાઘી બન્યા. સૌહાર્દ ભાષામાં દરેકને પોતીકાપણાની અનુભૂતિ કરાવે છે એટલે તો એ ભારપૂર્વક કહે છે ‘હું તમારામાંનો જ એક છું.’ આ એક ઉત્કૃષ્ટ અને પ્રભાવક વક્તાનું જમા પાસું છે.

આપણી ભીતરમાં શક્તિ, કૌશલ્યો, બુદ્ધિ અને અનેક ઉર્જાઓનો ધોધ ધરબાયેલો છે. આપણો સમાજ તે શા માટે ઊજાગર નથી કરી શકતો? તેની સામે આંગળી ચિંધી નમ્રતાપૂર્વક પથદર્શક બન્યા છે. અષ્ટાવક્ર ઋષિ પોતાના અનુયાયીઓને કહેતા કે, ‘તું પોતે જ તારી ચેતના છે. જેની અંદર સકળ બ્રહ્માંડ જેટલી શક્તિ છે.

આનંદ અને ગૌરવ લેવા જેવી એક વાત એ છે કે, તેમણે તેમના દરેક વક્તવ્યમાં ભારતરત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરનો સંદર્ભ ટાંકેલો છે. સાથે સાથે ખાસ બાબાસાહેબના ત્રિસૂત્ર ‘શિક્ષિત બનો, સંગઠિત રહો અને સંઘર્ષ કરો’ પૈકી સમાજ સંગઠન અને શિક્ષણ પર સવિશેષ ભાર મૂક્યો છે. વિચારો હકારાત્મક છે Make to Be Positive છે. દરેકના જીવનને સુખી બનાવવાની તેમની ખેવના છે તેથી તેઓ **સર્વથા સૌ સુખી થાઓ, સમતા સૌ સમાચરો, સર્વત્ર દિવ્યતા વ્યાપો સર્વત્ર શાંતિ વિસ્તરો,** કહે છે.

કોઈપણ રાષ્ટ્રનું નિર્માણ રાષ્ટ્રના લોકોથી થાય છે. પ્રત્યેક રાષ્ટ્ર તેના લક્ષ્યો સિદ્ધ કરવા સંઘર્ષ કર્યો છે. તેમ પેઢીઓએ પણ સંઘર્ષ કરવો પડયો છે. આવનારી પેઢી માટે પણ તમારા બાળકોના ઉદ્ધાર માટે સંઘર્ષ કરવો જ પડશે. આ પ્રેરણા તેમના ઉદ્‌બોધનોમાંથી મળે છે.

‘દરેક વ્યક્તિના જીવનમાં એક ગોલ હોવો જોઈએ. તે માટે અવિરત પ્રયત્ન જ વ્યક્તિને પોતાના ધ્યેય શિખર પર પહોંચાડશે. કેમ કે, જમાનો અપગ્રેડ થવાનો છે. જેની પાસે વિઝન હશે, નોલેજ હશે એ જ લોકો ડિજીટલ સદીમાં ટકી શકશે. જેમણે વર્તમાન સમય સાથે તાલ મિલાવી સમયને ઓળખીને ડગલાં ભર્યાં નથી તે સમાજ કે વ્યક્તિ

ક્યારેય પ્રગતિ કરી શક્યાં નથી.' જીવનમાં માનવતાનું મૂલ્ય કેટલું મહત્ત્વનું છે તે સમજાવતાં કહે છે કે, 'મહત્ત્વાકાંક્ષી બનવા કરતાં માનવી બનવાની કોશિશ કરવી જોઈએ.'

નર્મદ ભૂમિના પ્રખ્યાત અને મૂર્ધન્ય કવિ કિસન સોસાની એક ગીતની કડી છે કે,

બારણાંને મેં બંધ કર્યા ને,
ખોલી નાખી બારી'



*શ્રી ધરમસિંહ પરમારને મૉમેન્ટો આપતા શ્રી હિતેષકુમાર પારધી (ડાબેથી)*

એમ નાથુભાઈએ, આ પુસ્તકમાં મનની ભીતર પડેલી ભાવનાની બારી ખુલ્લી કરી દીધી છે. એક વખત સમૂહલગ્નના કન્વીનરની જવાબદારી આવી પડી. વીસ યુગલ જોડાયાં. ઉત્સવ સુખરૂપ પાર પડે તેની તેમને ચિંતા. આ ભડવીર ચીલે ચાલવા વાળા નથી. એક સફળ યૌદ્ધા તરીકે પૂરા વિશ્વાસ અને સમાજ પ્રત્યેની પ્રતિબદ્ધતા સાથે સાથે વ્યક્તિત્વ પણ એવું નિર્મળ, નમ્ર અને સાલશ સૌને સાથે લઈને ચાલવાવાળું.

ચલા થા મેં અકેલા જાને બેમંઝિલ મગર,
લોગ આતે ગયે ઔર કારવાં બનતા ગયા.

પ્રસંગ પોતાના પરીવારનો હોય તે રીતે હેમખેમ સફળ થયો, છતાં નિરાભિમાની. તેમના વક્તવ્યના શબ્દો હતા **'આ બધું તમારા થકી જ સફળ થયું છે. હું તો માત્ર નિમિત્ત છું.'** સફળતાનો શ્રેય બીજાને આપવો, કેટકેટલાં અહ્‌મનાં પડ ભેદવાં પડે ત્યારે આ શબ્દો નીકળી શકે!!

એક સમૂહ લગ્નોત્સવમાં અગિયાર યુગલ જોડાયાં. તેમણે આયોજકોને કહ્યું કે બીજા જોડકાનો સમાવેશ થઈ શકે અને વાલ્મીકિ યુગલને સામેલ કરો તો હું જે દાન

આપું છું તેના કરતાં ડબલ આપું અને હાજર પણ રહું. અને તે કરીને જ જંપ્યા, ત્યારે એમના હ્દયને સંતોષ અને આનંદ થયો.

તેમને સમાજ ખંડિત ના થાય તેની વ્યથા છે. સમાજમાં વાદવિવાદ ન વકરે, સમાજ વિભાજિત ન બને તેની ચિંતા છે. એક સમયે એવી પરિસ્થિતિ આવી કે, કિસન સોસાના 'ખંડિત સ્વપ્નોના અવશેષો' કવિતાના શબ્દોની જેમ,

એવા વળાંક પર આવી હવે ઊભો છે કાફલો,<br>
અહીંથી જવાય રણ તરફ, અહીંથી નદી તરફ.

એક જ દિવસે ત્રણ ત્રણ સમૂહલગ્નો એક જ સમાજનાં. એક જ સમયે. ફક્ત ચાર ચાર કિલોમીટરના અંતરે, આવી સંઘર્ષભરી સ્થિતિ આવી ત્યારે, તેમણે આયોજકોને કોઈપણ જાતની શેહશરમ રાખ્યા વિના સ્પષ્ટ સંભળાવી દીધું. તે પણ સૌમ્ય ભાષામાં. 'હું એક પ્રસંગમાં ઉપસ્થિત રહું અને બીજી જગ્યાએ ન જાઉ તો હું મારી જાતને સામાજિક એકતાને ખંડિત કરવાનો સહયોગી કે સમર્થક બનું છું તેવું મને લાગે. તેથી મને અકળામણ થાય છે. માઠું લાગવાના પ્રસંગો બનતાં વાર નથી લાગતી. ઘણીવાર વાતનું વતેસર પણ થઈ જાય. સમાજનું પ્રતિબિંબ પાડતા આગેવાનો જ જો આવી ભૂલો કરે તો?'

તેમણે સમાજની અંદર રહેલી આંતરિક ક્ષતિઓ જેવી કે, વાડાબંધી, પેટાજ્ઞાતિવાદ, પરગણાં, ગોળ, ઈર્ષા, અંધશ્રદ્ધા, કુરૂઢિઓ પર પ્રહાર કરી અબ્રાહમ લિંકનનું વાક્ય ટાંકે છે. 'જે ઘરમાં એના પોતાના માણસોમાં મતભેદ હોય એ ઘર ઊભું રહી શકતું નથી.' તેથી સંગઠિત રહેવામાં જ ભલાઈ છે . તેમણે હકારાત્મક સોચથી તેમાંથી બહાર નીકળવાની હાકલ કરી છે. તેમને દુઃખ છે, તેમનું સ્પષ્ટપણે માનવું છે કે, સમાજની નબળી કડી એટલે અલગતાના વાડા, જ્ઞાતિ, પેટા જ્ઞાતિ, ગોળ, પરગણાં, રોહિત, વણકર, તુરી એવા અનેક તો હતા. હવે તો સોસાયટીઓ, અટકોના વાડા બનતા જાય છે. સમાજ ટુકડા ટુકડામાં બંધાતો જાય છે. આ બધું સમાજની પ્રગતિ માટે અવરોધક છે. સાથે સાથે ચેતવણી આપતાં જાગૃતિનો સંદેશ આપે છે કે, 'આપણા દેશમાં જ્ઞાનનું નહીં જાતિનું મૂલ્ય બળવાન છે. ધર્માચાર્યો, વિદ્વાનો, સંતો, નેતાઓ સૌ કોઈ જાણે છે, પણ કોઈ ઉકેલવા માંગતા નથી. તેવું આપણા આ વાડાઓમાં પણ છે. તેમાં વધારો થતો જાય છે. વિભાજિત પ્રજા ક્યારેય પ્રગતિ કરી શકતી નથી કે પોતાનો ઈતિહાસ રચી શકતી નથી.'

સમાજને પ્રેરણા આપતાં કહે છે, 'જે સમાજ કે રાષ્ટ્રનો ઈતિહાસ નથી હોતો તે સમાજ કે રાષ્ટ્રનું પતન નક્કી છે. સમાજ પાસેથી જે કાંઈ મેળવ્યું છે તે વ્યાજ સાથે પરત કરો.' Pay Back to Society.

આજે દલિત સમાજમાં ઈર્ષા સવિશેષ છે. માણસ જે ક્ષેત્રમાં આગળ વધે... ખૂબ

વધે ... તેવી શુભકામનાઓ પાઠવે છે. પણ મારાથી આગળ નહીં, વધાય તેવી ભાવના મનમાં સળવળતી હોય છે.

ખરેખર જે વ્યક્તિ કાબેલ હોય કે કુશળ હોય અને તે તેના ક્ષેત્રમાં સફળ થાય તેને સહાય કે મદદ કરવા હમેશાં તૈયાર રહેવું જોઈએ. તેને પ્રેરણા આપવી જોઈએ અને સફળ થાય તો તેનું સન્માન કરવું જોઈએ. 'સમાજે સજ્જનોનું સન્માન કરવું જોઈએ, જે સમાજ સન્માન નથી કરતો તે સમાજનો ક્યારેય વિકાસ થતો નથી.' સમાજના દરેક વ્યક્તિના હ્દયમાં એવી ભાવના હોવી જોઈએ કે, તેણે ક્યારેય સમાજના કૃતઘ્ની બનવું જોઈએ નહીં. સમાજનું ઋણ ક્યારેય ભૂલવું જોઈએ નહીં. સમાજ આર્થિક રીતે સુખી થાય તેવા હિતેચ્છુ નાથુભાઈનું માનવું છે કે, જો વ્યક્તિ આર્થિક રીતે સદ્ધર હશે તો આ સમયમાં ટકી શકશે. તે ક્યાંય અટકશે નહીં. 'જો તમે સક્ષમ હશો તો લોકો કોઈપણ જાતના ભેદભાવ વિના સ્વીકારશે એમાં બેમત નથી.' એટલે સમાજની પ્રગતિ માટે પોતાના વિસ્તારની કહેવત ટાંકીને કહે છે,

રોટલો ખાવો હોય તો તળાજા જાવ.
પૈસો જોવો હોય તો સંઘાણા જાવ.

કોઈપણ મહાપુરુષનું જીવન ચરિત્ર આપણને આદર્શ પૂરો પાડે છે. તેમાંથી આપણને પ્રેરણા મળે છે. અનુસરણ કરવા પીઠબળ પૂરું પાડે છે. આપણા રાષ્ટ્રમાં કે દુનિયામાં જે જે લોકો આગળ આવ્યા છે તેમણે 'બીજાની નિંદા અને પોતાની નિદ્રાનો ત્યાગ કર્યો છે.'

શિક્ષણની મહત્તા વિશે તેઓ કહે છે. 'શિક્ષણ જ સાચી સાધના છે. શિક્ષણની સાધના એ જ પરમાત્માની આરાધના છે. વર્ગખંડનું મહાત્મ્ય મંદિરના ગર્ભદ્વારથી ઓછું પવિત્ર નથી. શિવમંદિર કરતાં શારદા મંદિરનો મહિમા વિશેષ છે.' બાબાસાહેબના શબ્દોમાં કહું તો, શિક્ષા વો શેરનીકા દૂધ હૈ, જો પીએગા વો દહાડેગા. અને બીજું શિક્ષા સે સોચ મિલતી હૈ ઇસલિયે શિક્ષા સવાલ પેદા કરતી હૈ.

તેમના પ્રવચનોમાં તેમણે અનેક મહાપુરષો, કવિઓ, વિદ્વાનોનાં વિધાનો, પંક્તિઓ અને અવતરણો ટાંકી, પોતાની વાતને પ્રભાવક બનાવી છે, જે જનમાનસ પર અસર કરે છે. સાથે સમાજને, યુવાનોને દોરવણી આપી છે. નિસરણી આપી છે તે પર ચાલવાનો પ્રયત્ન કરવો જોઈએ. પોતાની વાતને સમર્થન આપતાં આ વિધાનો પારસમણિનું કામ કરતાં હોય તેવું જણાય છે. 'જેની પાસે જ્ઞાન હશે તેમની દરેક ક્ષેત્રમાં જરૂરિયાત રહેવાની. તેથી શિક્ષણ માટે રૂપિયા વાપરજો, ધર્મ કે મંદિર માટે નહીં. મંદિરો બનાવનાર માણસ કરતાં સારી શાળા બનાવનાર માણસને હું વધારે ધાર્મિક માનું છું.'

માણસે જીવનમાં સફળતા મેળવવા માટે સતત સંઘર્ષ કરવો જોઈએ. કોઈપણ ક્ષેત્રમાં સફળતા સંઘર્ષ થકી જ સંભવ છે. બાબાસાહેબ સંઘર્ષ વેઠતા ગયા તેમ તેમ આગળ વધતા ગયા. કેમ કે,

સફળતા જિંદગીની હસ્તરેખામાં નથી હોતી, ચણાયેલ ઈમારત તેના નકશામાં નથી હોતી.

વાલીઓને ટકોર કરતાં કહે છે કે, તમે તમારા બાળકની સરખામણી બીજા સાથે કરતાં નહીં, નહીંતર છોડ કુમળી વયે જ કરમાઇ જશે. આપણા બાળકોમાં જે તેજ છે; જે ખુમારી છે; સ્વમાન છે; તેને ટકાવી તો રાખજો પણ તેને નિખારજો. બાળકમાં જે પ્રતિભા, કસબ આવડત હોય તેમાં પ્રગતિ કરે તેવું ઊડવા આકાશ આપજો. આપણે જ આપણો દીપક બનવાનું છે. ॥અપો દીપો ભવઃ ॥ આપણામાં જ શક્તિ અને સામર્થ્ય છે.

એક વખત ભગવાનને એમ લાગ્યું કે, આ માનવજાત મારી પાછળ ભિખારીની જેમ માગવા પડાપડી કરે છે, મને આરામ કરવા દેતી નથી. તેથી કંટાળી ગયા. મનમાં થયું કે, લાવ હું એવી જગ્યાએ જાઉં કે તે મને ખોળી ના શકે, એમ વિચારી ભગવાન ગુફામાં ચાલ્યા ગયા. તો લોકો ત્યાં જવા લાગ્યા. પછી થયું, કે લાવ ડુંગર પર ચડી જાઉ તો ત્યાં લોકો નહીં આવે. પણ આતો માનવ જાત, એમ કાંઇ પીછો છોડે!! લોકોએ પીછો ના છોડ્યા. આખરે વિચારવા લાગ્યા એવી કઇ જગ્યાએ જાઉ કે લોકો મને ના શોધી શકે. ઘણા મનોમંથન પછી લાગ્યું કે, માણસ બધી જગ્યાએ ખાંખાંખોળા કરશે પણ એક જગ્યા એવી છે કે, તે તરફ લોકોનું ધ્યાન નહીં જાય, કે તેને પામી નહીં શકે. તે જગ્યા તેમને મળી ગઇ કે લોકો તેમને શોધવા અહીં તહીં ભટકશે પણ પોતાની ભીતર નહીં શોધી શકે, તેથી પરમાત્મા માણસની ભીતર વસી ગયા. હવે માણસ બહાર ભટક્યા કરે છે.

માનવીની તમામ ઊર્જા ભીતર છે. આજે માણસ ઐશ્વર્ય અને શાંતિની માટે 'અહીં તહીં' ભટકે છે પણ ભીતરમાં પડેલી શક્તિને ઓળખી શકતા નથી. લોકો બહાર ભટકે છે પણ ભીતર જોતા નથી કે સર્વસ્વ ભીતર જ પડ્યું છે. નાથુભાઇ આ પુસ્તકમાં ભીતર પહોંચી ગયા છે.

યુવાનોને જગાડતાં કહે છે કે, કોઇ પણ ક્ષેત્રમાં આગળ વધવા માટે સંઘર્ષ કરવો જ પડે છે.

જિંદગીની ગૂંચો છે બધી વળ સમી, માત્ર તેને યત્ન કેરી કાંસકી ઓળી શકે.

'જીવનમાં હતાશા, નિરાશા અને નિષ્ફળતા તો આવવાની જ છે. હારી ગયા તો સમજો તમારી નૈયા ડૂબી ગઇ.' કોશિશ કરને વાલોકી કભી હાર નહીં હોતી. જે વેઠે છે તે વિસ્તરે છે. તેઓ કહે છે,

**ખુદીકો કર બુલંદ ઈતના કર તકદીર સે પહેલે, ખુદા બંદે છે ખુદ પૂછે બતા તેરી રજા ક્યા હૈ.**

કામિયાબ થવા માટે મિત્રોની જરૂર હોય છે, પણ વધારે કામિયાબ થવા માટે સક્ષમ શત્રુની આવશ્યકતા હોય છે. જેમણે સમયને ઓળખીને ડગલાં ભર્યાં નથી તે

ક્યારેય પ્રગતિ કરી શક્યા નથી. જો માર્ગ ખાડાટેકરા વાળો હોય તો પ્રગતિ ઝડપી થઈ શકે નહીં. યુવાનોને પોરસ ચડાવતાં કહે છે કે, કોલંબસની જેમ જો તમારામાં કિનારો દેખાતો બંધ થાય ત્યારે, તે જોવાની તમારામાં હિંમત ના હોય તો તમે સમુદ્ર પાર કરી નહીં શકો.

રાષ્ટ્રવાદના હિમાયતી અને જેમની વાત, વિચારો અને મનમાં રાષ્ટ્રવાદ ભરેલો છે, તેઓ આ વાત ન કરે તો કેમ ચાલે? તેઓ કહે છે કે, રાષ્ટ્રવાદમાં બે પ્રકારના આગેવાનો હોય છે. એક રાષ્ટ્રને દોરવણી આપનારા અને બીજા રાષ્ટ્રને હાંકનાર. હાંકનાર પોતે આગળ ચાલે છે અને બીજાને દોરવણી આપે છે.

આજે સ્થિતિ કાંઈક જુદા પ્રકારની જોવા મળે છે. ‘જે વ્યક્તિ ચાલી નથી શકતી, બેસી નથી શકતી, અભણ છે તેમના હાથમાં દેશની સતા હોય તો દેશનું શું ભલું થવાનું?’ જેમનામાં અણઆવડત હોય તે પ્રજાને પણ અણઆવડતવાળી બનાવી મૂકે છે. તેમની પાસે કઈ અપેક્ષા રાખી શકાય?

દેશભાવના કે દેશભક્તિ કાંઈ સરહદ પર શહીદ થવાથી આવતી નથી. પણ દરેક ભારતીય નાગરિકે કોઈપણ રીતે દેશને નુકસાન ન થાય તે છે. રાષ્ટ્રવાદ ત્યારે જ ઔચિત્ય ગ્રહણ કરી શકે, જ્યારે રાષ્ટ્રના નાગરિકોમાં જાતિ, જ્ઞાતિ, ધર્મ અને ઊંચનીચના ભેદભાવો મટી જાય.

અહીં કેટલીક એવી બાબતો પણ કહી છે જે આ રહી ....

જ્યારે તેમના સોસા પરિવારે સવરા મંડપનું આયોજન કર્યું ત્યારે, સંકલ્પ કર્યો હતો કે, ગામનું કૂતરુંય ભૂખ્યું ના રહે. એ સંકલ્પ પૂરો પણ કર્યો. ઘણી વાર દલિતોમાં પણ એવી માનસિકતા હોય છે કે, આપણા પ્રસંગોમાં અન્ય સવર્ણ સમાજ સહભાગી નથી થતા. આ માન્યતા ભૂલ ભરેલી છે. કેમ કે, આ સવરા મંડપમાં ક્ષત્રિય સમાજના લોકોએ ગતગંગાને પીરસવાનું અને વ્યવસ્થા સંભાળવાનું કામ કર્યું.

ડીકી અર્થાતઃ ‘દલિત ઈન્ડિયન ચેમ્બર્સ ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી‘ના કાર્યક્રમમાં પણ તેમણે ડીકીના સૂત્ર Be Job Givers not job Seekers (નોકરી આપનાર બનો નોકરી માગનાર નહીં) સાર્થક કરવા માટે ઉપસ્થિત સૌ કોઈને આહ્વાન કરેલ.

જે સમાજના લોકો ભણી ગણીને આગળ આવ્યા છે. તેમને બાબાસાહેબે ભલે એમ કહ્યું હોય કે, મને ભણેલા ગણેલાએ દગો દીધો. પણ નાથુભાઈનો આગ્રહ છે કે, ‘અહીં બેઠેલા દરેક નોકરિયાત આજે નક્કી કરીને જાય કે, હું સમાજના એક વ્યક્તિને ધંધો ચાલું કરવા માટે આર્થિક જોઈએ તેટલી મદદ કરીશ’ તો મારા મનને સંતોષ થશે.

અસ્પૃશ્યતા વિશે જણાવે છે કે, ‘ગાંધીજી અસ્પૃશ્યતા હિંદુ ધર્મનું કલંક કહે છે, પણ તેઓ કહે છે કે, આખો હિંદુ ધર્મ જ કલંકિત છે. તેવું તે લોકો માનતા નથી. હિન્દુ ધર્મમાં આપણે કલંકિત છીએ તેવું તે લોકો માને છે.’

આપણા સમાજના લોકો ભોળા છે. કોઈના દોરવાયા દોરવાઈ જાય છે. ઘણી વખત અન્યના હાથા બની સમાજને કે આપણા ભાઈને હાનિ પહોંચાડતાં વિચાર કરતા નથી. તે લોકો હોંશિયાર છે. 'યુઝ એન્ડ થ્રો'ની નીતિ તેમને આવડે છે. જ્યારે તેમને મહાભારતની જરૂર પડી ત્યારે વેદવ્યાસની જરૂર પડી. જ્યારે રામાયણની જરૂર હતી ત્યારે વાલ્મીકિની જરૂર પડી અને બંધારણની જરૂર પડી ત્યારે બાબાસાહેબની જરૂર પડી.

છેલ્લે આપ સૌને નાથુભાઈના શબ્દોથી મારું વકતવ્ય સમાપ્ત કરું છું. 'વટને મૂકીને વિવેકથી ચાલશો તો તમે જીતી શકશો.' આ સૂત્રને અહીં ઉપસ્થિત દરેક પોતાનો જીવનમંત્ર બનાવે તેવી અપેક્ષા સાથે, આ પુસ્તકને વાંચવા માટે મારી આગ્રહભરી વિનંતિ છે. આભાર સહ ....

**ધરમસિંહ પરમાર**

નિવૃત્ત પ્રિન્સિપાલ, માધ્યમિક શાળા.

૩૬/૨, વલ્લભનગર સોસાયટી, ગાયત્રી શક્તિપીઠ સામે,

રાધનપુર, જિ.પાટણ, પીન-૩૮૫૩૪૦.

મો . ૯૮૭૯૨૪૬૪૯૪

# સામાજિક અને માનવ અધિકારની જેહાદ જગાવનાર, અમર ક્રાંતિકારી, રાષ્ટ્રનિર્માણના શિલ્પી ડૉ. ભીમરાવ આંબેડકર

(લેખકઃ નાથુ સોસા)

**મૂળજીભાઈ અંબારામ 'દધિ'**

સો પ્રથમ તો પ્રાતઃ વંદનીય એવા આપણા સહુના-દીન, દલિતો, પીડિતો, વંચિતો, તરછોડાયેલાં, શોષિતો અને કચડાયેલાંઓના ઉધ્ધારક અને તારણહાર મસીહા, સ્વતંત્ર ભારતના અદ્વિતીય બંધારણના ઘડવૈયા-અદના શિલ્પી, સામાજિક અને માનવ અધિકારની જેહાદ જગાવનાર અમર ક્રાંતિકારી- મહાકર્મવીર, પરગજુ બંકા સપૂત, રાષ્ટ્રપ્રેમથી ધગધગતા પ્રખર રાષ્ટ્રભક્ત અને સામાજિક નવચેતનાના પ્રહરી, ઉત્તમ રાષ્ટ્રનિર્માણના સ્વપ્નદ્રષ્ટા, વર્તમાન યુગના કરૂણાપૂર્ણ યુગપુરૂષ, ક્રાંતિસૂર્ય, નારી ઉત્થાનના પ્રખર હિમાયતી, પ્રબુધ્ધ મહામાનવ, પ્રકાંડ પંડિત; સ્વતંત્રતા, સમાનતા અને બંધુતાના અમોલ ત્રિસૂત્રની વિશ્વને ભેટ અર્પણ કરનારા, શિક્ષિત બનો, સંગઠિત બનો અને સંઘર્ષ કરોની મહાન જેહાદ જગાવી - આપણા ઊંઘતા સમાજને ઢંઢોળીને જાગૃત કરવાનું બુનિયાદી કર્મ કરનાર, રાષ્ટ્રની સામાજિક અને આર્થિક સમસ્યાઓના ઉકેલની દિશામાં અડગ પુનિત પદાર્પણ કરનાર, બહુવિધ પ્રતિભા ધરાવનાર, સામાજિક ન્યાયના ચિંતક, દીર્ધદષ્ટા



શ્રી મૂળજીભાઈ પરમાર ''દધિ''ને મૉમેન્ટો આપતા શ્રી વિનોદ બાબરીયા (ડાબેથી)

મહામાનવ, વિદ્વાન અર્થશાસ્ત્રી, નૃવંશશાસ્ત્રી, ધારાશાસ્ત્રી અને સ્વંતત્ર ભારતના પ્રથમ કાયદામંત્રી, દલિત સાહિત્યના પ્રેરણારૂપ-વિદ્વાન લેખક, આર્ષદષ્ટા, વિશ્વવિભૂતિ, બોધિસત્ત્વ અને સિમ્બોલ ઓફ નૉલેજ એવા, મા-ભારતીના પનોતા સપૂત, ભારતરત્ન અને વિશ્વરત્ન ડૉ. બાબાસાહેબ ભીમરાવ આંબેડકરજીને નતમસ્તકે દધિ છલકતા, શત્ શત્ નમન અને આપસર્વે વિદ્વાનજનોને પ્રણામ...

આજના બે દિવસીય દલિત સાહિત્ય સમારોહ અને કેસરબા દલિત સાહિત્ય પ્રતિષ્ઠાન ઍવૉર્ડ ૨૦૨૨ના પ્રથમ દિવસના દ્વિતીય ચરણમાં, શ્રી નાથુભાઈ સોસાના પરિવારના સામાજિક પ્રદાનને જ્યારે આપણે પોંખવા જઈ રહ્યાં છીએ ત્યારે, નાથુભાઈ સોસા લિખિત પુસ્તક ''રાષ્ટ્રનિર્માણના શિલ્પી ડૉ. ભીમરાવ આંબેડકર'' અન્વયે આછડતો આછેરો ખ્યાલ આપું એ પહેલાં, એકવસ્તુ ચોક્કસ કહીશ કે, નાથુભાઈ સોસા એ ખરેખર ડૉ. બાબાસાહેબ ભીમરાવજીના ભક્ત નહીં, પરંતુ એક સાચા અર્થમાં અનુયાયી અને કર્મનિષ્ઠ કર્મશીલ બન્યા છે. ડૉ. બાબા સાહેબ જેમ સદાય દલિત સમાજ માટે ચિંતિત રહેતા અને સમાજ ઉત્થાનના ક્રાંતિરથને આગળ ધપાવવાની ખેવના રાખતા હતા તે પ્રમાણે, નાથુભાઈ એક મોટા બિલ્ડર તરીકેની અને રાજકીય જવાબદારીઓ વચ્ચે પણ, દલિતોત્થાનની પ્રવૃત્તિઓમાં સક્રિય રહીને, ડૉ. બાબાસાહેબના ક્રાંતિરથને ખરા અર્થમાં આગળ ધપાવી રહ્યા છે અને આમ એમના દિલમાં દુઃખી દલિત સમાજના ઉત્કર્ષ માટે કાંઈક કરી છૂટવાની ખેવના અને તમન્ના છે અને એ તમન્નાને તેઓએ ખરા અર્થમાં ફળીભૂત પણ કરી છે, તે આ પુસ્તકના તેઓના આત્મનિવેદનમાં દર્શાવેલ, દલિત સમાજની ગરિમા, ધાર્મિક ભાવના, સવરા મંડપ, આંગણે આવેલાને આવકાર ને રોટલો ખવડાવવાની અતિથ્ય ભાવનાની રીતમાંથી આપણે જાણી શકીએ છીએ.

લેખકશ્રી નાથુભાઈ સોસાએ દલિત સમાજની પ્રગતિ અંગે એક પ્રતિબધ્ધ વિચારક અને એક શબ્દસેવી લેખક પણ છે. તેઓએ અનેક વિટંબણાઓ, મુશ્કેલીઓ સહન કરીને, વિવિધ ક્ષેત્રોમાં પ્રગતિનાં જવલંત શિખરો સર કર્યાં છે.

આ પુસ્તક 'રાષ્ટ્રનિર્માણના શિલ્પી ડૉ. ભીમરાવ આંબેડકર' લખવાની પ્રેરણા લેખકશ્રી નાથુભાઈને ભારતના વડાપ્રધાન માન. શ્રી નરેન્દ્રભાઈ મોદી પાસેથી મળી હતી. જેમાં ડૉ. આંબેડકર સાહેબના જીવન-કવન-કાર્યનો અને તેમની સંઘર્ષ યાત્રાનો આલેખ આપીને દલિત સમાજના દિલમાં ડૉ. બાબાસાહેબને સ્થાપિત કરવાનો અને ડૉ. આંબેડકર સાહેબ, માત્રને માત્ર દલિતોના નેતા હતા એમ નહીં, પરંતુ તેઓ સમગ્ર ભારતીય સમાજના નવનિર્માણના એક કુશળ શિલ્પી હતા, તે સત્યને પ્રસ્થાપિત કરવાનો મુખ્ય ઉદ્દેશ જણાઈ આવે છે.

ડૉ. બાબાસાહેબ આંબેડકરના આદર્શો અને ધ્યેય સરળ રીતે દલિત સમાજની યુવાપેઢી સુધી પહોંચાડવા માટેનો સફળ પ્રયાસ, આ પુસ્તકમાંથી પસાર થતાં જણાઈ

આવે છે. ડૉ. બાબાસાહેબનાં પુસ્તક આધારીત, તેઓના જીવન-કવનની બાબતે ઘણા વિદ્વાનોએ લખ્યું છે, એવા પ્રમાણભૂત ગ્રંથોનું સારદોહન અને વૈયક્તિક વિચારોનું આલેખન તેઓએ અહીં કરીને, દલિત યુવાધન અને આગેવાનો સહિત નોકરીયાત વર્ગને પણ પાઠવેલ સંદેશનો સમાવેશ કરેલ છે. ડૉ. બાબાસાહેબ અને ગાંધીજીની વિચારસરણી અને મતભેદની ખૂબજ ઝીણવટભરી અને પ્રમાણભૂત ઘટનાઓનું પણ અહીં નિરૂપણ કર્યું છે.

નાથુભાઈએ ''ડૉ. આંબેડકર સન્માન યાત્રા''માં ભાગ લઈને, તેમાં કરેલ પ્રત્યક્ષ અનુભવના આધારે ઉદ્‌ભવેલ વૈચારિક પ્રશ્નોના વિચારબીજને આ પુસ્તકરૂપે પ્રગટ કર્યું છે.

નાથુભાઈએ ડૉ. બાબાસાહેબની વિચારધારા અને તેમનાં કાર્યોને આજના પરિપ્રેક્ષ્યમાં મૂલવીને જણાવ્યું છે કે, દેશમાં રાજકીય પક્ષો એવા હોવા જોઈએ, જે રાજકરણ કરે તો પણ રાષ્ટ્રકારણના સ્વરૂપમાં ! જ્યાં દેશની એકતાની, અખંડિતતાની વાત હોય, સામાજિક સમતાની વાત હોય, તો ક્યારેય પોતાની મતબૅન્કની પરવા કર્યા વગર, માત્ર દેશહિતને જ પ્રાધાન્ય આપે, અને ડૉ. આંબેડકરની વિચારધારાને ખરા અર્થમાં સાર્થક કરવા સર્વેપક્ષોએ પ્રતિબધ્ધ થવાની જરૂર છે. વિશેષમાં તેઓએ કહ્યું છે કે, ''સમાજના આગેવાનો કે રાજકર્તાઓએ પણ શોષણકર્તામાંથી મુક્ત થઈ, પોષણકર્તા બનવું જોઈએ અને આપણે જેટલા ઉદાર બની શકીએ એટલી જ વધુ ઊંચાઈ સર કરી શકીએ, એ આપણે બધાએ સમજવાની જરૂર છે.''

સમાજના યુવાનોને આહ્‌વાન કર્યું છે કે, છેવાડેના વંચિત સમાજના યુવાનોએ સંકલ્પસિધ્ધ બનવું પડશે કે; શિક્ષણ, બુધ્ધિ અને યોગ્યતામાં તેઓ અન્ય કરતાં સહેજપણ ઊતરતા નથી. તેથી પોતાના ગરીબ સમાજને નેતૃત્વ પૂરૂં પાડી, તેમને બંધારણીય હક્કો પ્રાપ્ત કરાવી, સન્માનભેર જિંદગી જીવવા માટે પ્રેરણાદાયી બળ પૂરૂં પાડવું જોઈએ અને આ વાત આપણને ડૉ. બાબાસાહેબના જીવન અને કાર્યમાંથી મળશે. તેઓએ જણાવેલ છે કે, સમાજના કેટલાક આગેવાનો, અધિકારીઓ, નિવૃત્ત કર્મચારીઓને પણ ડૉ. બાબાસાહેબ ઉપર થયેલ અન્યાય અને બેસુમાર અત્યાચારની માહિતી નથી, તો પછી ગામડાના ગરીબ-અબૂધ-અભણ મજૂરને તો આ માહિતીની ખબર ક્યાંથી હોય? આથી આવનારા દિવસોમાં આપણે જાગૃત થઈ, આપણા સમાજના વિકાસ માટે સતત ચિંતિત અને પ્રયત્નશીલ બનવું પડશે.

કર્મચારીઓને જણાવ્યું છે કે, નોકરી કરતાં કરતાં પણ સમાજનાં જરૂરીયાતમંદ લોકોને બને તેટલી આર્થિક મદદ કરવા તત્પર રહેવું જોઈએ અને સાહિત્યકારોને જણાવ્યું છે કે, તેમના સાહિત્ય સર્જન દ્વારા ઉદાત્ત જીવન મૂલ્યો અને સાંસ્કૃત્તિક મૂલ્યોનો વિકાસ કરો અને વિચારોને સંકુચિત કે સીમિત ન રાખતાં, તેમને ઉદાર અને ઉદાત્ત બનાવો.

સારા ગુણોના સંવર્ધન અને ગુણાકાર માટે શિક્ષણને સમાજજીવનનો મંત્ર બનાવો. આમ સમાજના આગેવાનો, સમાજના બુધ્ધિજીવીઓ, સમાજના સાહિત્યકારો. સમાજના શ્રેષ્ઠીઓ, સમાજના રાજકીય આગેવાનો ઊંડુ ચિંતન કરી, હક્ક માટે કર્મશીલ બનીશું તો, સમાજનો વિકાસ કરવામાં કંઈક અંશે ચોક્કસ સફળ થઈશું એવું ડૉ. બાબાસાહેબના ખરા અર્થમાં અનુયાયી એવા નાથુ સોસા સાહેબે જણાવ્યું. તેઓ આગળ કહે છે, ''સમાજહિતમાં કામ કરવાની પ્રેરણા વિચારધારામાંથી મળેલ હોઈ, એ વિચારધારાને પકડી આગળ વધતાં રહીશું તો જ સમાજનો વિકાસ કરી શકીશું'' તેમ કહી દલિત સમાજ જે અસંગઠિત છે, તેને સંગઠિત થયા વિના છૂટકો નથી, જો આમ કરવામાં આપણે નિષ્ફળ જઈશું તો, આપણી પ્રગતિની કલ્પના એ ફક્ત ઝાંઝવાંના જળ સમાન સાબિત થશે. આ સમાજ અલગ-અલગ વાડા, અલગ-અલગ પેટાજ્ઞાતિઓ અને નાના નાના ગોળ કે પરગણાંની પરંપરાના સંકુચિત ખ્યાલોના લીધે, આ સમાજને એક આગેવાન નથી, એક દિશા નથી કે એક વિચાર નથી, જેથી આપણો સમાજ પ્રગતિ કરી શક્યો નથી, અને તેથી કુહાડીના હાથા તરીકે આપણો ઉપયોગ કરી લેવામાં આવે છે.

પ્રશ્ન કરતાં તેઓ આગળ જણાવે છે કે, જ્યારે વિશ્વ ૨૧મી સદીના બીજા દાયકામાં ઊભું છે ત્યારે; આપણે જ્ઞાતિ, ધર્મ, પ્રાંતવાદ, ભાષાવાદ તેમજ ઊંચ-નીચના અખાડામાં ઊતરીને, રાષ્ટ્રની શક્તિને યોગ્ય પરિપ્રેક્ષ્યમાં ઉપયોગ કરવાને બદલે, વેર-ઝેરના બીજનાં વાવેતરમાં રચ્યાં પચ્યાં રહીશું કે, ભારતીય તરીકે ૨૧મી સદી એ ભારતના દલિતો અને સવર્ણો વચ્ચેની ભેદરેખા દૂર કરવાની સદી બને તેવા પ્રયત્નો કરવા આપણે કટિબધ્ધ બનીશું ?!

આપણા સમાજમાં અંદરો-અંદરની લડાઈ અને ઈર્ષા કરીને આપણે એ હદે પહોંચી ગયાં છે કે, જ્યાં આપણે આપણું વર્ચસ્વ અને સર્વસ્વ ગુમવતા જઈએ છીએ.

આમ, ડૉ. બાબા સાહેબ આંબેડકરજીના જીવન અને સદાકાળના સંઘર્ષનો ચિતાર તો બાબાસાહેબના ઘણા અદના અનુયાયીઓએ આપ્યો છે; પરંતુ આ પુસ્તકમાં નાથુભાઈએ ફક્ત ડૉ. બાબાસાહેબના જીવન-કવન અને તેમણે વેઠેલાં દુઃખોને જ ઉજાગર ન કરતાં, ખૂબ જ ગહન, અભ્યાસ બાદ અને અનુભવની એરણે ટિપાયા પછી, ડૉ. બાબાસાહેબના જીવન-કવન વિશેનું સમય-સંજોગો-પુરાવાને આધારે, ખૂબ જ તટસ્થ અને સબળ આલેખન રજૂ કરી, સમાજના-દેશના કાર્યકરો, આગેવાનો અને સમાજ-સેવકોને માર્ગદર્શન મળી રહે, ભટકી ગયેલ દલિત યુવાધનમાં આંબેડકરી વિચારસરણી દ્વારા જાગૃતિ અને ચેતના પ્રસરે તથા સમાજ માટે કંઈક કરી છૂટવાની ભાવના પેદા થાય, એવો સામાજિક ઉત્થાનનો ધ્યેય રાખી, ભાવવાહી ભાષામાં કરાયેલ અનોખું આલેખન એ ખરેખર ફળીભૂત થયું છે. સાથોસાથ તેમના દિલોદિમાગમાં ઉદ્ભવેલા વિચારબીજને પુસ્તકરૂપ પ્રગટ કરીને, ડૉ. બાબાસાહેબ પ્રત્યેની ભાવનાને ચરિતાર્થ

કરી છે, જે પ્રાથમિકથી માંડીને વિશ્વવિદ્યાલયના દલિત વિદ્યાર્થીઓને દરેક ક્ષેત્રમાં અને જીવન કૌશલ્યમાં બહુધા ઉપયોગી નીવડે તેવું એક ઉત્તમ કાર્ય કર્યું છે. સાથોસાથ આ પુસ્તકમાં ડૉ. બાબાસાહેબનાં રાષ્ટ્રીય ભાવના, હિન્દુ સમાજની એકતા, સંગઠન, પ્રસંગો સાથેની લડતના પ્રયાસોથી અવગત કરી, સોનામાં સુગંધ ભળે એવું, બાબાસાહેબના જીવન-કવન વિશેનું એક ઐતિહાસિક કાર્ય કર્યું છે.

ડૉ. બાબાસાહેબ આંબેડકરના વિચારો એમની જીવનયાત્રા દરમ્યાન જેટલા પ્રસ્તુત હતા, તેટલા જ આજે પણ છે; જે બાબત લેખકશ્રીએ ''આજના સંદર્ભે 'ડૉ. ભીમરાવ આંબેડકર' પ્રકરણમાં જણાવી છે. ''વિદ્યાર્થીઓ જાગો'' પ્રકરણમાં અસ્પૃશ્ય વિદ્યાર્થી સંમેલનમાં બાબાસાહેબે આપેલ ભાષણનો ચિતાર આપી વિદ્યાર્થીઓને શીલનું મહત્વ અને વિદ્યાર્થી અને રાજકારણ સંદર્ભે, સંગઠન, શીલ અને શિસ્તના પાઠ ભણાવ્યા છે. ''આંબેડકર અને અસ્પૃશ્યતાના જખમો'' તથા ''ડૉ. આંબેડકર દ્વારા અસ્પૃશ્યતા નિવારણ માટે કરવામાં આવેલા પ્રયાસો'' પ્રકરણમાં સમાજમાં ફેલાયેલ અંધકારને ઉલેચલવાની બાબત અને બાબા સાહેબે અસ્પૃશ્યતા નિવારણના કરેલ પ્રયાસની વિશદ ચર્ચા કરેલ છે. ડૉ. આંબેડકર અને સત્યાગ્રહો'' પ્રકરણમાં સત્યાગ્રહની બાબતો, ડૉ. આંબેડકર અને ''આઝાદીનો સંગ્રામ'' પ્રકરણમાં, પ્રથમ ગોળમેજી પરિષદની બાબતો, ''ડૉ. આંબેડકર અને કોગ્રેંસ પ્રકરણમાં બીજી ગોળમેજી પરિષદ અને ગાંધીજી સાથેની બાબતો, ''ડૉ. આંબેડકર અને પક્ષીય રાજકારણ''માં રાજકારણ અને લોકશાહીની બાબતોમાં રાષ્ટ્રએકતાની ભાવના, ''ડૉ. આંબેડકર અને બંધારણની રચના, ''ભારતના પ્રથમ પ્રધાનમંડળમાંથી બાબા સાહેબનું રાજીનામું, ડૉ. બાબા સાહેબનું ધર્મમંથન, ડૉ. આંબેડકરની સિધ્ધિઓ અને ભીમ-વિચારકણિકાઓ'નું આલેખન, બાબાસાહેબ વિશે મહાનુભાવોના વિચારો તથા બંધારણ બાદના મહાનુભાવોના વિચારોનું આલેખન અને ડૉ. આંબેડકરના જીવનની તમામ તવારિખનું આલેખન કરીને, લેખક શ્રી નાથુભાઈ સોસાએ એક ગાગરમાં સાગરને સમેટ્યો છે, જે બદલ તેઓ ખૂબ ખૂબ ધન્યવાદ તથા અભિનંદનને પાત્ર છે.

તેઓશ્રી ''મોતી'' તેમજ ''ભીમ વિચારકણિકા'' જેવાં પુસ્તકો લખી રહ્યા છે, જે તાત્કાલિક પૂર્ણ કરી, તેના લોકાર્પણ માટે આવો પુનઃ જલસો ગોઠવે તેવી શુભેચ્છાઓ સાથે, આભારસહ મારી કલમને વિરામ આપું છું.

''જય ભીમ''... ''જય સંવિધાન''... ''જય ભારત''...

મૂળજીભાઈ અંબારામ 'દધિ'
નિવૃત અધિકારી,
પ્લોટ નં. ૫૫૩/૧, સેક્ટર- ૭/બી, ગાંધીનગર - ૩૮૨૦૦૭
મો. ૯૮૨૪૨-૩૬૮૯૩

# ''સોસા પરિવાર-માણસાઈ અને મૂલ્યોનું સરવૈયું''

## (લે. મોહન પરમાર, તૃતીય આવૃત્તિ-૨૦૨૨)

## (પ્રથમ આવૃત્તિનું નિવેદન)

**ડૉ. સ્વપ્નિલ મહેતા**

*આ ગ્રંથમાં પ્રવેશ કરીએ એ પહેલાં આપણાં વરિષ્ઠ મૂર્ધન્ય સાહિત્યકાર શ્રી ડૉ. મોહન પરમારનું પ્રથમ આવૃત્તિનું નિવેદન આ પુસ્તકને ખોલી આપનારી એક ચાવી છે, તે આપણે પ્રથમ સમજી લઈએ; કારણ કે આપણે ડૉ. મોહનભાઈને નવલકથાકાર અને નવલિકાકાર તરીકે જોયા છે. એક સફળ નવલકથાકાર અને નવલિકાકાર તરીકે તેઓ નામાંકિત છે. એટલે જીવન-વૃત્તાંત જેવા સાહિત્ય સ્વરૂપમાં ઝુકાવતાં પહેલાં, એમનું નિવેદન વાંચવું ઘણું રસપ્રદ બની રહે તે સ્વાભાવિક છે.*

*''હું વાર્તા, નવલકથા, નાટક કે વિવેચન લખનારો લેખક અનેક કામોમાં વ્યસ્ત હોવાથી આ કામ મારાથી થઈ શકે તેમ નહોતું. છતાં નાથુભાઈને હું ના પાડી શક્યો નહીં. કોઈના જીવન-કવનનો આધાર લઈને નવલકથા, આત્મકથા અને જીવનચરિત્ર એમ ત્રણ સ્વરૂપોમાં પાર પાડી શકાય. નવલકથા લખવામાં બે વર્ષ જેટલો સમય વીતી જાય, આત્મકથામાં સત્ય આધારિત પ્રસંગો પર કામ કરવાનું થાય અને નાથુભાઈ લખતા હોય તેમ હું ન લખી શકું. મને એમનું જીવન-કવન લખવાનું ઠીક લાગ્યું. કામ આરંભ્યુ, થોડું ફાવ્યું પણ ખરું....''*



કેસરબા ઍવૉર્ડ પ્રસંગે ડૉ. સ્વપ્નિલ મહેતાને બંધારણ સ્મૃતિગ્રંથ અર્પણ કરતા ખીમજીભાઈ પરમાર (નિવૃત ચીફ આર.ટી.ઓ.)

ડૉ. મોહન પરમાર એક ઉચ્ચ કોટિના ઉત્કૃષ્ટ સર્જક છે. દલિત નવલકથાઓને ભારતીય નવલકથાઓમાં સમાવિષ્ટ કરવાનું એક ભગીરથ કાર્ય એમના હાથે સપન્ન થયું છે. ગુજરાતી સાહિત્યમાં ટૂંકીવાર્તાઓને વધુ લોકપ્રિય કરવાનું કાર્ય પણ તેઓ આગળ ધપાવી રહ્યા છે.

જીવનચરિત્ર આલેખવું અને એના ભયસ્થાનોથી ડૉ. મોહન પરમાર સારી રીતે માહિતગાર હતા. પોતાના ટિકાકારોને પણ તેઓ સારી રીતે સમજે છે. એટલે જ પોતાના નિવેદનના બીજા ફકરાની શરૂઆતમાં જ કહે છે.

''આ મારો બિન-સાહિત્ય ઉપક્રમ છે''

તો સાથે સાથે આપણાં જેટલો જ સક્ષમ સર્જક; નાથુભાઈ સોસાની જીવનગાથાને પ્રેરણાદાયી પણ ગણાવે છે, અને તેઓ સાચા પણ છે. જેઓ આ ગ્રંથમાંથી પસાર થાય તેને આ વાતની પ્રતીતિ અવશ્ય થવાની છે.

પણ ટૂંકીવાર્તા, નવલકથા કે અન્ય સાહિત્ય સ્વરૂપોની સરખામણીએ ડૉ. મોહન પરમારનો આ ઉપક્રમ પણ સહેજ પણ બિન-સાહિત્યિક નથી. આ ગ્રંથના શબ્દે શબ્દમાં ડૉ. મોહનભાઈ પરમારની સાહિત્યિક પ્રતિબદ્ધતા આપણે નિહાળી શકીએ છીએ, જેટલી મહેનત અને ખંત આપણે એમની નવલકથામાં જોઈ શકીએ છીએ, જેવી કલાત્મકતા આપણે એમની ટૂંકી વાર્તામાં અનુભવી શકીએ છીએ, તેવો જ રસાનુભવ આપણે આ ગ્રંથમાં પણ માણી શકીએ છીએ.

''સોસા પરિવાર-માણસાઈ અને મૂલ્યોનું સરવૈયુંમાં કેન્દ્ર સ્થાને છે આપણા નાથુભાઈ સોસા. નાથુભાઈ સોસા એટલે મૂલતઃ સાહિત્યનો જીવ જમીનથી જોડાયેલા અદના મનેખ, લક્ષ્મી અને સરસ્વતી બંનેના માનીતા... પણ લક્ષ્મીને સાચવવામાં એમણે સરસ્વતીને છેહ નથી દીધો. સાચો સંઘર્ષ કોને કહેવાય એ જાણવું હોય તો, એમની જીવનગાથામાંથી પસાર થવું પડે, પણ આ ગ્રંથમાં કેવળ એમની જીવનગાથા જ નથી સમગ્ર સોસા પરિવારના જીવન સંઘર્ષને વણી લેવામાં આવ્યો છે. અને આ ગ્રંથની સફળતાનું સંપૂર્ણતઃ શ્રેય ડૉ. મોહન પરમારને જાય છે.

આ કેવળ નાથુ સોસાની જીવનગાથા હોત તો વાર્તારસને ધોળીને પી જનાર ડૉ. મોહન પરમારને સ્હેજ ઓછો રસ પડત. કદાચ આટલું પડકારજનક પણ ન લાગત પણ એક જીવનકથા કે જીવનગાથા નથી પણ અંગ્રેજીમાં "SAGA" કહીએ તે પ્રકાર છે. એક જીવન પુરતું આ પુસ્તક સીમિત નથી. પેઢી દર પેઢી માણસાઈના મૂલ્યો ઉપર ખરી ઊતરતી એક ભવ્ય પરંપરાની વાત છે. અને આ પોતિકીવાતો ઉજાગર થાય તેમાં દેશના પનોતા પુત્ર આદરણીય શ્રી નરેન્દ્રભાઈ મોદી પણ અંગત રસ ધરાવતા હતા.

''ભારત દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીનો, નાથુ સોસાને અનેકવાર એક જ પ્રશ્ન હોય. ''ભાઈ પેલું કેટલે પહોંચ્યું ? નાથુભાઈ જવાબ વાળતાં કહે કે, 'થઈ રહ્યું છે

સાહેબ!' આમ, જ્યારે નાથુભાઈ સોસાના પરિવાર વિશે પુસ્તક લખાય અને આ પરિવારની ગાથા ભવ્ય પુસ્તક સ્વરૂપે બહાર આવે તેવી માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીની પણ અંતરની ઈચ્છા હતી.

જે પુસ્તકના પ્રકાશનની જિજ્ઞાસા આપણા દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીને પણ હોય એ પુસ્તક ઉપર તમને પણ આકર્ષણ થાય તે સ્વાભાવિક છે. તમારું કુતૂહલ પણ વધારે સતેજ થાય તે કુદરતી છે.

આ પુસ્તકમાં કુલ સાત પ્રકરણ, બે પરિશિષ્ટ અને આ જીવનગાથાના કેન્દ્રસમા નાથુભાઈ સોસાની મુલાકાત-વાર્તાલાપ છે. જે આપણા સુપ્રસિધ્ધ સર્જક અને આ પુસ્તકના લેખક ડૉ. મોહન પરમાર દ્વારા કરવામાં આવેલ છે.

હાલ સાંપ્રત સમયમાં પણ દલિત અત્યાચારો જ્યારે રોજિંદી બાબત બની ચૂકી છે, ત્યારે અને એમાંય સોરઠ, સૌરાષ્ટ્ર, કાઠિયાવાડમાં એનો ગુણોત્તર-પ્રમાણ સ્હેજ ઊંચો હોય તે સ્વાભાવિક છે. આ કથાના, આ જીવનકથાના મૂળ ભાવનગર જિલ્લાના જૂના સાંગણાથી મંડાય છે.

હું તમને એમ કહું કે, જાતિવાદથી ખદબદતા સૌરાષ્ટ્રમાં આજથી ૨૫૦ વર્ષ પૂર્વે એક એવો જણસ જેવો જણ આપણને મળ્યો, જેનું કામ તો હતું, કપડાં વણવાનું. પણ એનો ઠાઠ, એનો મોભો, કાંઈક અલગ હતો. કાપડની ફેરી પણ એ પોતાના જાતવાન ઘોડા ઉપર કરતો, નામ એનું ભારા સુરધન.

વણિક જ્ઞાતિના ઝવેરચંદ મેઘાણીથી ચૂકી ગયેલી એવી ઘણી બધી કથાઓ પણ ઈતિહાસનાં પાનાં ઉપર અસ્પૃશ્યતાનો ભોગ થઈ પડી છે. આ પુસ્તકે તે પૈકી ઘણી કથાઓને ઉજાગર કરવાનું કામ કર્યું છે.

વટ, વચન અને વેરથી તરબોળ આ કથાના નાયક ભારા સુરધન એ નાથુ સોસાના પૂર્વજ, ઊજળા વરણની અસ્ત્રીઓની અસ્મતને વહારે આવવા, આ આપણો ભારા સૂરધન, ડફેરો સામે પણ એકલો લડે. ડેફેરોને ધૂળ ચાટતા કરી, બેન દીકરિયું સામે માફી પણ મંગાવે ! ઘોડા, મોજડી, ક્ષાત્રતેજથી ઝગમગતા એ વખતના રાજપૂતો સામે ધિંગાણું પણ કરે, એક વટ ખાતર રાજપૂતોના ડાયરામાંથી એમનો ચાંદીનો હોકો આંચકીને પણ લઈ આવે, અને પછી વીરગતિને પ્રાપ્ત થાય.

કોઈને કલ્પના પણ ન આવે કે, દલિત સમાજમાં આવા પણ વીર પુરૂષોએ જન્મ લીધો છે, જેમણે વટ, વચન, વેર અને પોતાની અસ્મિતા અને સંસ્કૃતિ માટે પોતાના જાનની પણ પરવા નથી કરી, નાથુભાઈ એ પરંપરામાંથી આવે છે.

ભારા સુરધન પછી, માણસાઈનાં મૂલ્યોનું જતન કરતી અને પારંપરિક સમાજ વ્યવસ્થામાં પોતાનો સાવ અલગ ચીલો ચાતરીને આગળ વધતી સોસા પરિવારની ગરિમા, અસ્મિતા અને સંસ્કૃતિ તરફ એક નજર નાંખવી પણ અંત્યત જરૂરી બની જાય છે.

ભારા સુરધન પછી સોસા પરિવારનું પગેરૂં આપણને એમના પૂર્વજ રામા સોસા તરફ દોરી જાય છે. અસ્પૃશ્યતા અને જાતિવાદથી ખદબદતી સોરઠ ધરાના ભાવનગર સ્ટેટના જૂના સાંગાણા ગામમાં, એક પરિવાર એવો પણ હતો, જે પોતાના વણાટકામની સમાંતરે નાણા ધીરધારનો પણ વેપલો કરતો હતો.

આવી દોમદોમ સાહયબી અને સમૃધ્ધિના મૂળમાં કોણ એટલે રામા સોસા... અતિ ધાર્મિક વૃત્તિના આ મનેખ, ગજા બહાર જઈને પણ લોકોને મદદ કરતા, સહાય કરનાર માણસાઈના મૂલ્યની ગંગોત્રી સમાન આ આપણા રામા સોસા જૂના સાંગાણાંથી પગપાળા ગિરનારની યાત્રાએ જાય છે. ત્યાં દત્તબાવાનાં દર્શન કરી, પાછા વળતાં હોય છે, ત્યાં એક અશક્ત માણસને મદદ કરે છે અને એમનું દળદર ફીટે છે. એણે આપેલા પ્રસાદી રૂપે ફુલો ખણખણતાં રૂપિયામાં પરિવર્તિત થાય છે.

નાથુભાઈ પોતાની કેફિયતમાં એક જગ્યામાં કહે છે

''હા હું, કબુલ કરું છું, રામા સોસાને આર્શીવાદ મળ્યા હતા. ચમત્કાર થયો હતો. એમને પારસમણિ પ્રાપ્ત થયો હતો. પણ એ ચમત્કાર હતો એમની મહેનતનો, લગનનો, ઉત્સાહનો, અને એ પારસમણિ હતો, એમનો પરસેવો, એમની કાળી મજૂરી, એમની કુશાગ્ર બુધ્ધિનો, એમની ખેતી, વણાટ અને વ્યાપાર ઉપરની મજબૂત પકડનો...

આસપાસના વ્યાજખાઉં વાણિયાના, લોહી ચૂસનારા વ્યાજના વેપારને અટકાવવા માટે, બધાં 'મોટા' મહાજનો સામે, આ નાના-મહાજને ટક્કર લીધી. એ વખતે ખેતી લાયક જમીન ખરીદી, ખાસ્સો ઉહાપોહ પણ થયો હશે, પણ સોસા પરિવારની સ્થિતિસંપન્નતાની ગંગોત્રી, એટલે રામા સોસા...

રામા સોસાનો કારભાર અને કારોબાર હવે એમના પુત્ર કરમણ સોસાના હસ્તક આવે છે અને નાણાં ધીરધારનો વ્યવસાય જૂના સાંગાણામાંથી વિસ્તરી, ગુજરાતના સિમાડા ઓળંગી છેક મુંબઈના મારવાડીઓ સુધી પહોંચે છે, ભાવનગર સ્ટેટના રાજ્વીઓની નજીક આવવાનું સૌભાગ્ય પ્રાપ્ત થાય છે. કરમણદાદા 'હડ' અને 'હંટર'ના પરવાના રાજ પાસેથી પ્રાપ્ત કરે છે.

આ આખોય સમયગાળો ઐશ્વર્ય અને જાહોજલાલીથી હર્યોભર્યો છે. અભ્યાગતોની અવરજવરથી મહેંકતો બન્યો છે. માનવતાની સુવાસ અને મૂલ્યો એના ચરમ ઉપર છે. અશ્વમેઘ સમાન સવરા મંડપની પણ શરૂઆત અહીંથી જ થાય છે.

કરમણ દાદાની મોક્ષ-વિદાયથી, કારોબાર હવે દુદા સોસા અને એમના અન્ય ચાર સહોદરઃ જીવા સોસા, બીજલ સોસા, જેહા સોસા અને જગા સોસાના હસ્તક આવે છે. પાંચેય ભાઈઓ કરમણદાદાના રથને આગળ ધપાવે છે. માણસાઈની ધૂપસળી પુનઃ એકવાર વેગવંતી બને છે અને માણસાઈની સુવાસ પ્રસરે જાય છે.

સોસા પરિવારનો આ ઉત્તમ તબક્કો છે અને એ વખતના અને આજના દલિત સમાજ માટે ગર્વનો સમય છે.

શિક્ષણ, સંપન્નતા, ધંધા-રોજગાર અને નોકરીથી ફાટફાટ થતો દલિત સમાજ આજે પણ જાતિવાદના રાક્ષસ સામે લડી રહ્યો છે. ત્યારે એ સમય વણિક મહાજનોની સમાંતરે નાણાંધીરધારના વ્યવસાયમાં પ્રમાણિકતાના ઉચ્ચ માપદંડો રાખીને, કરમણદાદાએ જે શાખ ઉભી કરી હતી. જેનું એક સ્વતંત્ર પુસ્તક કે ફિલ્મ બની શકે તેમ છે.

પોતાના ચાર ભાઈઓના સાથ સહકારથી દુદા સોસા આ ગરીમાપૂર્ણ વ્યવસાયને આગળ ધપાવે છે. કાઠિયાવાડ સહિત સમગ્ર ગુર્જરપ્રદેશને માથે દુઃકાળનાં ડાફલાં વાગે છે. કોમળ હ્દયના દુદા સોસા હવે આ ધીરધારના ધંધાથી ઉબાઈ ગયા છે. દુકાળથી ઘેરાયેલા મનુષ્યોનું દુઃખ એ જીરવી શકતા નથી, પોતાની જીવનસંધ્યાની અવસ્થાએ પહોંચેલા દુદાભાઈ કોઈ છાતીછલ્લા રાજવીને પણ દુલર્ભ હોય એવા નિર્ણય કરે છે. ભાઈઓ અને દિકરાઓ સ્હેજ કુટુંબસહજ વિરોધ પણ થયો હશે પણ દુદાભાઈ મક્કમ મને કહે છે

‘‘એ જે હોય ઈ... હું હવે રહેવાનો નથી. ને આપણે આજથી, અબઘડીથી... આ ધીરધારનો ધંધો માંડી વાળવાનો છે, બધાનું નામું મે મારા હાથથી માંડી વાળ્યું છે... હવે આ ચોપડાઓના હિસાબો પૂરા થયા, લેણદેણ પૂરી થઈ, મારી પણ અને મારા આયખાની પણ...’’

દુદાભાના પાંચેય સ્વમાની દીકરાએ બાપની આજ્ઞા ઉથાપી નહીં. એમાંના એક હતા દેવજી સોસા, આપણા નાથુ સોસાના પિતાજી, માંડી વાળ્યાનું સહેજ પણ ગુમાન ન રહે તે માટે, દેવજી સોસા અને તેમના નાના બે ભાઈઓ ધીરધારના બધા જ ચોપડા એક અજાણી વાવમાં ધરબીને આવી ગયા.

ભારા સુરધનની શૂરવીરતા, રામા સોસાની ધર્મનિષ્ઠા... કરમણ સોસાની કૂનેહ, ઉદારતા અને આધ્યાત્મિકતા અને દુદા સોસાની અદ્‌ભૂત અલભ્ય મહાન ત્યાગવૃત્તિ. આ બધુયે અકબંધ જાળવી રાખવાનું ભગીરથ કાર્ય હવે દેવજી સોસાના શિરે આવ્યું હતું.

પછી તો દેવજી સોસા અને એમના ધર્મપત્ની કેસરબાએ ભેગાં મળીને સોસા પરિવારનો માણસાઈનો અમૂલ્ય વારસો સાચવી જાણ્યો. માનવતાની મહેક ફેલાવી, પણ ચોપડા સંકેલી લીધા, ધીરધાર બંધ થયું. હિસાબ પૂરા થયા પણ ખર્ચા ચાલુ હતા. પરંપરા અતૂટ હતી. આંગણે આવેલાંને ભૂખ્યાં ન મોકલવાનું વ્રત હજી ચાલુ હતું.

નાથુ સોસાના જન્મ વખતે, આ સોસા પરિવારની ખાનદાની અકબંધ હતી. અને નાથુ સોસાએ એને સાચવવાની હતી. નાથુ સોસા કહે છે તેમ,

‘‘પણ મારું બચપણ, મારો જન્મ ગરીબીમાં નહોતો થયો. ન મને જન્મ આપવા માટે મારા માતાપિતાને કોઈ આર્થિક વિટંબણામાંથી પસાર થવું પડ્યું હતું. મને આવકારવા,

રમાડવા માટે, મારી મોટી બેન હિરૂ સહિત મારા બીજા છ ભાઈઓ આતુર હતાં. પોતાની કેફિયતમાં નાથુ સોસા આગળ કહે છેઃ

'અમારો ધીરધારનો ધંધો એટલે લોહી ચૂસવાનો ધંધો નહીં, આર્થિક શોષણનો ધંધો નહીં, નાણાં લેવા આવનારને મારા કરમણ દાદા પૂછતા ''પૈસા શેના માટે જોઈએ છે ભાઈ?!''

વ્યસન માટે તો નહીં જ મળે, જો ટૂંકી મૂદત માટે નાણાંની જરૂર હોય તો, વ્યાજ પણ માફ કરી દેવાનું...

જોકે આ બધીયે વાતોનાં પ્રમાણ નાથુ સોસા પાસે હાલ પણ મોજૂદ છે.

આત્મકથાઓ અને જીવનકથાઓ અધૂરી હોય છે અને એની અધૂરપમાં જ મધૂરપ હોય છે!

નાથુ સોસા એટલે સામાજિક વ્યક્તિત્વ ધરાવનાર એક સફળ વ્યવસાયી વ્યક્તિ. સમાજ, સાહિત્ય અને રાજકરણ ત્રણેયમાં પોતાનું સફળતમ યોગદાન આપનાર એક અદનો જીવ.

કોઈ પણ જાતના ડાઘા વગર, ગુજરાત જાહેર સેવા આયોગના સભ્ય સચિવ તરીકે કાર્યકાળ પૂર્ણ કરે છે. એક સારા બિલ્ડર તરીકે નામાંકિત થાય છે. વડાપ્રધાનના વિશ્વાસુ માણસ તરીકે અને એક કર્તવ્યનિષ્ઠ રાજકરણી તરીકે પણ એટલા જ જાણિતા બને છે. એશિયા અને ઈંગ્લેન્ડના ઘણા બધા દેશોના પ્રવાસ કરે છે.

બૅંકિંગ અને સહકારી ક્ષેત્રમાં પણ એટલી જ નામના મેળવે છે.

નાથુ સોસા હજી ઘણી બધી શક્યતાના માણસ છે. સમાજ, સહકારી ક્ષેત્રે, સાહિત્ય ક્ષેત્રે, રાજકરણ અને વેપાર-વાણિજ્ય ક્ષેત્રમાં હજી પણ ઝળહળતી સફળતા માટેના એમના પ્રયત્નો લા-જવાબ છે.

માણસાઈ અને મૂલ્યોની સુવાસ એમના વ્યક્તિત્વમાં નિરંતર પ્રગટતી રહી છે. આ ગ્રંથના લેખક આદ. ડૉ. મોહન પરમાર આ ગ્રંથને ભલે પોતાના બિન-સાહિત્યિક ઉપક્રમ તરીકે ઓળખાવે, પણ આ ગ્રંથમાંથી સાંગોપાંગ પસાર થયા પછી, જીવન નાયક તરીકે જે રીતે મને અકબંધ નાથુ સોસા હાથ લાગ્યા છે; એટલા જ આ ગ્રંથના સર્જક તરીકે ડૉ. મોહન પરમાર પણ મને સંપૂર્ણતઃ લાધ્યા છે. એક ઉત્તમ નવલકથાકાર તરીકેનો એમનો કલાકસબ આ ગ્રંથમાં પણ ઉત્કૃષ્ટ બની રહ્યો છે.

**ડૉ. સ્વપ્નિલ કેશવલાલ મહેતા**
૯૫૦, શીવશક્તિ સોસાયટી, સેક્ટર-૨૭
ગાંધીનગર - ૩૮૨૦૨૮
મો. ૯૮૨૪૦૦૬૫૧૪

# પ્રતિભાવઃ શબ્દનો મેળો

**રાઘવજી માધડ**

ગુજરાતના ડાયમંડ નગરમાં સૌ પ્રથમવાર, ગુજરાત દલિત સાહિત્ય પ્રતિષ્ઠાન, અમદાવાદ અને ખાસ તો સોસા પરિવાર, સુરતના સયુંકત ઉપક્રમે બે દિવસના સાહિત્યિક કાર્યક્રમનું આયોજન થયું હતું. આ શબ્દમેળાવડામાં સહભાગી થવાનું બન્યું હતું. તેનો મારો રાજીપો વ્યક્ત કરું છું. મારા આ સેવા નિવૃત્ત સમયકાળમાં અંતરથી ઉમળકો જાગે, આત્માને આનંદ આપે એવા કળા કે સાહિત્યના કાર્યક્રમમાં જોડવાનું પસંદ કરું છું. જે અહીં બન્યું હતું.

આ નિમિત્તે જણાવવાનો હરખ થાય છે, ખાસતો નાથુભાઇનો પ્રથમ પરિચય, એક સામાજિક સામયિકના પ્રચાર-પ્રસાર અર્થે સુરત આવવાનું બન્યું ત્યારે થયો હતો. ત્યારબાદ તેઓ ગુજરાત સરકારની બહુ જ અગત્યની, જવાબદારીભરી સંસ્થા જીપીએસસી, ગાંધીનગરના સભ્ય તરીકે નિયુક્ત થયા હતા. પછીથી ગાંધીનગરમાં વસવાટ કરવાના લીધે રૂબરૂ મળવાનું અનેકવાર બન્યું હતું.

તેઓ સામાજિક કાર્યોના અનુભવો લખતા હતા, પુસ્તકો પણ પ્રગટ થયાં હતાં. તેમાંના અમુક પુસ્તકોની પુસ્તક પૂર્વેની કોપીઓ મને જોવા મોકલતા હતા. પછીથી



*કેસરબા ઍવૉર્ડ પ્રસંગે રાઘવજી માધડને બંધારણ અને મૉમેન્ટો આપતા જિગર સોસા.*

ચર્ચાઓ પણ થતી હતી. અહીં આ બાબતનો ઉલ્લેખ કરવો જરૂરી એટલા માટે બન્યો છે કે, આ નિમિતે નાથુભાઈએ લખેલા સાહિત્યમાંથી મારે પસાર થવાનું બન્યું હતું. તેઓનો ઉદ્દેશ્ય હતો, કોઈની નજર તળે નીકળે તો પુસ્તક વધુ સારું બને.

પણ ત્યારે અને આજેય નવાઈ તો લાગે અને થાય છે કે, નાથુભાઈ મૂળ તો સાયન્સના વિદ્યાર્થી, અતિ વ્યસ્ત, મોટા બિઝનેશમેન...ને ગર્ભશ્રીમંત માણસ...આવું શું કરવા લખે અને લખે ક્યારે!? પ્રશ્નોના જવાબ શોધવા, મેળવવા અઘરા છે. પણ સર્જન તો, જેમ પથ્થર ફાડીને બીજ-અંકુર થાય એવું હોય છે. ગમે ત્યાં અને ગમે ત્યારે તેનો રસ્તો શોધી લે છે. જયારે અહીં તો સમાજ પ્રત્યેની પ્રતિબદ્ધતા દેખાઈ આવે છે, પ્રતિકૂળ પરિસ્થિતિ વચ્ચે લખાયું છે. તેથી સચ્ચાઈનો રણકો આપણે વાંચી, સાંભળી શકીએ છીએ.

આ સંપર્ક દરમ્યાન તેઓના દાદા, પરદાદાને ધીરધારનો ધંધો હતો. આ ધંધો રાજ-રજવાડાઓ સમેત અને શહેરોમાં પ્રસરેલો હતો. જેના કાયદેસરના પરવાના હતા. આ બધું જાણવા મળ્યું હતું. મારા રસના વિષયમાં તેઓ ખેંચી ગયા હતા ને તે વખતના ચોપડા, દસ્તાવેજો મને જોવા મળ્યા હતા.

જેમ સુથારનું મન કોઈ વૃક્ષના થડના લાકડામાં હોય તેમ મને મારી, 'ચંદરવો' નામે ગુજરાતના પ્રસિદ્ધ દૈનિક સંદેશમાં પ્રગટ કરવાનું નિમિત્ત સાંપડ્યું હતું.

આ ખાનદાન પરિવારની ખાનદાનીનો એ નમૂનો જે અહીં અક્ષરઃ પ્રગટ કરું છું.

## કહો, કોની ખાનદાનીનાં વખાણ કરવાં?

શિયાળાની સવાર અને ઉનાળાની બપોર ભાંગી, ભૂકો કરી, બેઉને એકરસ કર્યા પછીનો નવશેકો તાપ વરસી ને પ્રસરી રહ્યો હતો. હૂંફાળો વાયુ કોઈ કોડભરી કન્યા માફક હળવા પગે વહી રહ્યો હતો. ગામ ઉલેચાઈ ને સીમભણી ગતિ કરી ગયું હતું. તેથી ગામ પાંખું ને ઝાંખું પડી રહ્યું હતું. આવા ઉપડતા ટાણે, જૂના સાંગાણા ગામમાં સોસા પરિવારના ઘરનું ફળિયું માયાળુ ને મહેનતુ મનેખથી ધબકતું હતું.

ત્યારે એક બડકમદાર મનેખ, જાણે તેમના ખોરડાની ખાનદાની ખિસ્સામાં ભરી, કોઈ અજાણ્યાની જેમ સોસાના ફળિયે ઊભો રહ્યો હતો. તેમણે જોયું તો, સૌ મનમોખાળે કામમાં રત હતા. કોઈ ઓળખાણની ખાણનો પટારો ઝટને ઊઘડે એવો નહોતો. થોડીક સોખમણ થઈ. પગ વળતો કરવાનું પણ મન થઈ આવ્યું, પણ ત્યાં ઓસરીમાંથી આવકારો ઊગ્યોઃ ''એ...પધારો. પધારો રાજા! આજે તો અમારું આંગણું પાવન કર્યુંઃ''

''આવવું પડે...'' મનેખે મોકળા મને કહ્યુંઃ ''ખરા ટાણે ભીડ ભાંગી હોય ઈ કોઈ દિ'' ભૂલાતું નથી!''

વાત પરથી સોસા પરિવારના સભ્યો હકીકત સમજી ગયા હતા. પણ સામે શું કહેવું તે સૂઝતું નહોતું.

''તમારા ચોપડા કાઢો...'' પછી કહ્યું હતુંઃ ''આજથી પચાસ વરસ પહેલાં અમારા પિતાજીએ નાણાં લીધાં'તાં. એ હિસાબ હાથ લાગ્યો તે હવે પરત કરવા આવ્યો છું!'' સામે કોઇ કાંઇ બોલ્યું નહીં. શું ઉત્તર આપવો તે પ્રશ્ન થઇ પડ્યો હતો. ભાવનગર પાસેના તળાજા તાબાના જૂના સાંગાણા ગામના કરમણ સોસાનો ધીરધારનો ધીકતો ધંધો હતો. અઢારેય વરણ લોક કરજની લેવડદેવડ અર્થે આવતું હતું. ચોપડા તો પચાસ શું બસ્સો વરસના માંગે તો પણ નીકળે એમ હતા. વળી ચોપડા લખવા માટે મહેતાજી રાખતા હતા. જેમાં નામ, તિથિ, પાકું સરનામું સમેત પદ્ધતિસરની ખતવણી થાતી હતી. કેટલાક કિસ્સામાં સાક્ષીઓની વિગત અને ક્યા હેતુ માટે કરજ લીધું તે પણ સ્પષ્ટ લખેલું હોય. કરજના હેતુના આધારે વ્યાજનો દર નક્કી થતો. દીકરીનો પ્રસંગ કે કોઇ એવી ભીડ વખતના કરજનું વ્યાજ ન લેવાનું પણ બનતું. વળી તિથિના લીધે સમયની મર્યાદામાં મૂડી પરત થાય તો વ્યાજનો દર ઓછો થઇ જાય. એક રીતે કોઇપણ જાતિના મનેખના કપરા કાળમાં, આર્થિક ભીડ ભાંગવાની સોસા પરિવારની ભલમનસાઇ ઊડીને આંખે વળગે એવી હતી! વાતાવરણમાં બફારો વધવામાં હતો. વધારે બેસવું નહોતું તે ઈરાદે ફરી કહ્યું હતુંઃ ''ચોપડા કાઢો, હિસાબ કરો એટલે હું ચૂકતે કરીને નીકળી જાઉં!'' સામે સાવ સચ્ચાઈથી જવાબ આવ્યો હતોઃ ''આપ બેસો, અમે ભાઇઓ ભેગા મળી ચોપડા અંગે મસલત કરીને, પછી આગળ વધીએ!''

એ વખતે કરમણ સોસાની જાહોજલાલી હતી. પ્રવાસે જાતા ત્યારે જર-ઝવેરાતના રક્ષણ માટે બંધૂકધારી ડફેરો રાખતા હતા. ત્યારે તળાજા પંથકમાં કહેવત હતી, 'તમારે જો રોટલો ખાવો હોય તો તળાજા જાવ, ને રૂપિયો જોવો હોય તો જૂના સંઘાણા'! તેમાં રાજા-મહારાજા, ખાસ કરી મહારાજા કૃષ્ણકુમારસિંહજીના ચારેય હાથ સોસા પરિવાર માથે હતા. ધંધો તળાજા, ભાવનગરથી વિસ્તારીને અમદાવાદ, સુરત, નવસારી, બીલીમોરા ને છેક નાસિક, મુંબઇ, ઈગતપુરી સુધી પ્રસર્યો હતો. મુંબઇના મારવાડીઓ પણ ધંધાર્થે નાણાં લઇ જતા હતા. તેમાં ગાયકવાડ સરકાર, ઈસ્ટ ઈન્ડિયા કંપનીની પણ પરવાનગી હતી. જેથી કેટલાંક ખાતાંઓમાં ટિકિટ લગાવવામાં આવતી હતી. જેમાં બોમ્બે પ્રોવિન્સની એક આનાની ટિકિટનો પણ સમાવેશ થાતો હતો.

''કરમણ બાપાના દીકરા એટલે કે અમારા દાદા-દુદાબાપા ના પાડતા ગયા છે!'' એક વ્યક્તિએ ચોખવટ કરતાં કહ્યું હતુંઃ ''હિસાબના ચોપડા હવે તમારે જોવાના રહેતા નથી.''

''અરે, એવું તે હોતા હશે!'' દીપસિંહ સરવૈયા કહેઃ ''આ લેવડદેવડના હિસાબ પેઢીગત હોય!''

કરમણ સોસાના નિધન પછી, તેઓના મોટા દીકરા દુદા સોસાએ આ સઘળો કારોબાર સંભાળ્યો હતો. તેઓને પણ અવસ્થા આંબી ગઇ હતી. સઘળી માયા સંકેલી

લેવાના ભણકારા વાગવા લાગ્યા હતા. કાયાગઢની ડેલીએ લાંબી વાટની મુસાફરી કરવા માટેના અશ્વો હણહણવા લાગ્યા હતા. તેઓએ દીકરાઓને બોલાવી કહી દીધું હતુંઃ ''હવે કાળનાં ચોઘડિયાં ગણાવા લાગ્યાં છે, હું ઝાઝું જીવવાનો નથી. આખરી વેળાની મારી એક વાત ધ્યાનથી સાંભળી લ્યો.''

''હા બાપા, જે કહો તે અમારા માથે ચઢાવશું'' પોતીકા ખમીરને છાજે એવી ખાતરી આપી હતી.

''હવેથી ધીરધારનો ધંધો માંડી વાળવાનો છે.''

પછી ભાર દઇને કહ્યું હતું : ''ચોપડા જોવાના નથી.''

ઘડીભર વાતાવરણ ભારેખમ થઇ ગયું હતું. બેઉ પક્ષે પિતૃની લેણાદેણીનો હિસાબ ચૂકવવાનો હતો.

''આપ આટલાં વરસે હિસાબ ચૂકતે કરવા આવ્યા એ જ મોટી વાત છે.'' પછી કહ્યું હતુંઃ એ ... આવી ગયું રાજા, અમારા હૈયાના ચોપડામાં ખતવાય ગયું, આપનું ખાતું ચોખ્ખું થઇ ગયું!''

''ના, નાણાં લેવાં તો પડે. મારું વેણ ને હાથ પાછો નો જાય!'' દીપસિંહનો આગ્રહ જરાય ઓછો નહોતો !

પછી મધ્યમ મારગ કાઢતાં કીધું હતુંઃ ''આ રકમ આપના હસ્તે જ કોઇ ગરીબ વિદ્યાર્થીના શિક્ષણ માટે આપી દેજ્યો.'' પછી બીજાએ ઊંચા હાથ કરી કહી દીધું હતુંઃ ''જેથી બેઉના પિતૃના આત્માને સંતોષ થાશે!'' પછી તો બેઉ પક્ષે ખમીરવંતી ખાનદાનીની સુવાસ પ્રગટાવી, હરખ સાથે છૂટા પડ્યા હતા.

નોંધઃ આ અંગેના દસ્તાવેજી પુરાવાસમાન કેટલાક ચોપડા સોસા પરિવાર પાસે આજે પણ છે.

મારા વક્તવ્યમાં ઉલ્લેખ કર્યો હતો કે, આવા સાહિત્યિક કાર્યક્રમોમાં કોઇ એક સર્જક પર આખું સત્ર યોજાય એવું વિચારવું જોઇએ. અને તે માટે આર્થિક સહયોગ માટે સમાજ શ્રેષ્ઠીઓએ આગળ આવવું જોઇએ. દલિત સાહિત્યના પાંચસો જેટલાં પુસ્તકો પ્રગટ થયાં છે. ખૂબ જ મોટી, પ્રશંસનીય બાબત છે. અંતરના ઉમળકાથી વધાવવી રહી. ડૉ. બાબા સાહેબ આંબેડકરની વિચારધારામાંથી પ્રગટેલું આ સાહિત્ય આમજનતા સુધી પહોંચે, સમરસ કે જાતિવિહીન સમાજનો વિચાર જનઘર સુધી બહોળો ફેલાવો ધરાવે તે બહુજ અગત્યનું છે. આપણે આપણું લખેલું પણ પૂરું ન વાંચીએ તો આ જનઅંદોલન માત્ર પુસ્તકોમાં જ રહી, કુંઠિત થઇ જાય. જેથી આવા સાહિત્યિક કાર્યક્રમ દ્વારા અમુક અંશે પણ શક્ય બને એવું લાગે છે. અન્યથા મારી સમજ મુજબ કોઇ એવા છાપાની જગ્યા ભરવા માટેનું આ સાહિત્ય નથી. અને બનવું પણ ન જોઇએ. ક્વૉલિટી સાથે ક્વૉન્ટિટી વધવી જોઇએ.

હવે વાત રહી બે દિવસના કાર્યક્રમના પ્રતિભાવની...

મોટાભાગના દલિત સાહિત્યકારો પોતાને પ્રતિબદ્ધ સમજતા અથવા કહેરાવતા હોય છે. જેનો આનંદ થાય પણ કાંઇ કહેવાનું આવે ત્યારે, સાચું કહેવું કે સારું કહેવું તે બહુ અગત્યનો મુદ્દો હોય છે. જે પ્રતિબદ્ધતાના પાયામાં હોય છે. સારું તો ચોક્કસ કહેવું જ જોઇએ, કાર્ય કરનારને પ્રોત્સાહિત કરવા એ સૌ કોઇની નૈતિક ફરજ બને છે. પણ જરૂર જણાયે સાચું પણ કહેવું જોઇએ, જેથી ભવિષ્યમાં વધારે સારો, ઉત્કૃષ્ઠ કાર્યક્રમ યોજાઇ શકે.

આ સમગ્ર કાર્યક્રમ સોસા પરિવારના બેનર તળે હતો. પણ સમગ્ર સોસા પરિવાર સામેલ થયો અને સૌને સન્માનિત કર્યાં, ગૌરવ જાળવ્યું તે સૌથી અગત્યની બાબત રહી હતી. વળી રહેવા-જમવાની સરભરામાં જરાપણ કચાશ રહી નહીં કે રહેવા દીધી નહીં. લગ્ન-પ્રસંગે આવ્યા હોય એવી રીતે પોતીકાપરોણા સમજી આગતા-સ્વાગતા કરી તે માટે સમગ્ર ટીમ અને પરિવારને ધન્યવાદ આપવા ઘટે.

માતુશ્રીના નામે અમુક ધનરાશી સાથે કવિશ્રી કિસન સોસાનું સન્માન કર્યું તે યથાયોગ્ય રહ્યું.

આ બધું અન્યના પ્રતિભાવમાં વિશેષથી આવ્યું હશે. એટલે પુનરાવર્તન કરવાનું ટાળું છે.

પણ આ કાર્યક્રમ પ્રમાણમાં વધારે પડતો ગીચ રહ્યો. સર્જકોને સમય મળી રહે એવી મોકળાશ રહેવી કે મળવી જોઇએ તો ખુલ્લીને અભિવ્યક્ત થઇ શકે. જે વ્યક્તિ કરતાં સાહિત્યને વધુ ન્યાય આપી શકે. ટૂંકમાં કહેવું હોય તો, ત્રિદિવસિય કાર્યક્રમ બે દિવસમાં પૂર્ણ કર્યો!

કોઇપણ કળા હંમેશા પ્રકૃત્તિના પ્રાંગણમાં જ ખીલતી હોય છે. તેથી આવા સાહિત્યિક કાર્યક્રમો કોઇ પ્રાકૃત્તિક સ્થળે યોજવામાં આવે તો, વધારે સારી રીતે ઊભરી આવે અથવા સંપન્ન થાય.

મારી જાણ, સમજ મુજબ ગુજરાતમાં કોઇ પણ સ્થળે આવો સાહિત્ય સાથેનો પારિવારિક કાર્યક્રમ યોજવો અશક્ય નથી. તેમાં સોસા પરિવાર કોઇ પણ સ્થળે કાર્યક્રમ યોજી શકે. તેવી તેઓની સર્વથા પ્રબળતા છે. સોસા પરિવારનો ઉદ્દેશ્ય, આવનારા સર્જકોને ઉત્તમોત્તમ સગવડ આપવાનો રહ્યો હતો અને એ નક્કી કરેલા સ્થળે જ સંભવી શકે એ પણ એટલું જ નોંધનીય છે. સર્વથા રાજીપા સાથે અભિનંદન.

**રાઘવજી માધડ**

'અભિષેક' પ્લોટ નં. ૭૧૫/૧,

સેક્ટર-૭ બી, ગાંધીનગર - ૩૮૨૦૦૭

મો. ૯૪૨૭૦-૫૦૯૯૫, ૯૭૨૪૬-૨૮૩૦૩

# ''મનની ભીતર''માં વ્યક્ત થતો ભીતરનો અવાજ

**નિલેશ કાથડ**

સુરત સ્થિત કર્મશીલ શ્રી નાથુભાઇ સોસાના પુસ્તક 'મનની ભીતર' માં સમાવિષ્ઠ ૭૧ પ્રવચનોમાંથી પસાર થતાં લાગ્યું કે, તેમણે સમાજને, વિદ્યાર્થીઓને, ઉદ્યોગ સાહસિકોને, કર્મચારીઓને માત્ર શિખ નથી આપી. જરૂર પડ્યે સમાજ સુધારણા માટે હાથ લંબાવતાં જરાય ડગ્યા નથી. સમાજની પડખે સદા માટે ઊભા રહ્યા છે. સામાજિક વ્યવસ્થામાં સમાજે જે અનુભવ્યું છે, ભોગવ્યું છે, જે સહન કર્યુ છે તેમાંથી પોતે પસાર થયા છે. જીવનની તડકી છાંયડી જોઈ છે. એટલે એ બહુ ભારપૂર્વક કહે છે:

''સાહસી બનો, સંઘર્ષ કરો અને સફળ બનો. માત્ર 'જય ભીમ' બોલવાથી સફળતા પામી શકાતી નથી. સફળતા મેળવવા સતત પ્રયત્નશીલ રહેવું પડે છે, સંઘર્ષ કરવો પડે. જીવનમાં કંઈક મેળવવા દરેક સ્થિતિનો સામનો કરવો પડે. 'જય ભીમ' શબ્દને સાર્થક કરવા ભીમરાવના ચીંધેલા માર્ગને સમજવો પડશે. એ માર્ગને આત્મસાત કરી આગળ વધવા આહ્‌વાન આપે છે.

થોડાં થોડાં વરસે અનામતની ચર્ચા જોરશોરથી ઉપાડવામાં આવે છે. અનામતના પ્રશ્ને સામાજિક વાતાવરણને ડહોળવામાં આવે છે. એવા સમયે વંચિત સમાજ પાસે એક રસ્તો બાકી રહે છે 'સંઘર્ષ' કરવાનો. પણ કેવો સંઘર્ષ !!! કયો સંઘર્ષ!!! અહીં નાથુભાઇ



*કેસરબા ઍવૉર્ડ પ્રસંગે નિલેશ કાથડને મૉમેન્ટો આપતા વસંતલાલ ગડારા.*

સોસા વિવેકપૂર્ણ જણાવે છે કે, સમાજના યુવાનોએ ખોટા વ્યસનો સામે, ખોટા ખર્ચાઓ સામે, ખોટા દેખાડા સામે સંઘર્ષ કરવાનો રહેશે, ત્યારપછી સફળ થતાં તમને કોઇ રોકી શકશે નહીં.

એટલે હું કહીશ કે, 'મનની ભીતર' પુસ્તક એ માત્ર પ્રવચન ગ્રંથ નથી. સમાજના વિવિધ કાર્યક્રમો દરમ્યાન આપેલ જવાબદારી પૂર્વકનું માર્ગદર્શન છે. એમાં આપેલાં સમાજ સુધારણાનાં દૃષ્ટાંતો, સફળતા પામવાના રસ્તાઓનો અને દિશાનિર્દેશ મહત્વનાં છે. એટલે ગ્રંથ માત્ર પ્રવચન પૂરતો સીમિત ન રહેતાં એક સાહિત્યિક પુસ્તક તરીકે વાંચવા જેવું પુસ્તક બન્યું છે. ખાસ કરીને સામાજિક સમારોહમાં અતિથિ વિશેષ તરીકે જે મહાનુભાવો મુખ્ય મહેમાન બની સમાજના અગ્રણી તરીકે ઉપસ્થિત રહે છે અને સમાજ એમની તરફ એક આગેવાનની દૃષ્ટિથી જુએ છે, એ શ્રેષ્ઠીઓએ આ પુસ્તકને એક વખત જોઇ જવું જોઇએ. ખરેખર નાથુભાઇએ સમાજ પ્રત્યેની પોતાની જવાબદારી નિભાવી છે. આ પુસ્તકના એમના વિચારોથી જાણી શકાય છે. હું અહીં ચોક્કસ કહીશ કે 'મનની ભીતર' માં વ્યક્ત થયેલ આંતર સંચલન સાહિત્યથી કમ નથી.

ડૉ. બાબાસાહેબ આંબેડકરે કહ્યું હતું કે, શિક્ષણ મેળવવા સંઘર્ષ કરવો પડશે. માટે ૭૧ વ્યાખ્યાનો દરમ્યાન નાથુભાઇએ દરેક વ્યાખ્યાનમાં ડૉ. બાબાસાહેબના સંઘર્ષને હંમેશા યાદ કર્યો છે. અહીં એ પણ દેખાય છે કે, ડૉ. બાબાસાહેબે સફળ થવા ચીંધેલા માર્ગે પર એ ચાલી રહ્યા છે. ડૉ. બાબાસાહેબના સંદેશને અનુયાયી બની જન જન સુધી પહોંચાડી રહ્યા છે. આ સંદેશને સામાજિક ઢાંચામાં જ્યાં જ્યાં તક મળી છે ત્યાં ત્યાં એ લઇ ગયા છે. યુનિવર્સિટીથી પંચાયત, સમૂહલગ્ન મેળાવડાથી વિદ્યાર્થીઓ સન્માન સમારોહ, ધાર્મિક કાર્યક્રમોથી ઉદ્યોગ સાહસિક કાર્યશાળા સુધી ડૉ. બાબાસાહેબ આંબેડકરની વિચારધારાને ફેલાવી છે.

સુરતમાં યોજાયેલ વિદ્યાર્થીઓના સન્માન સમારોહમાં, ડૉ. બાબાસાહેબ આંબેડકરે સેવેલા સમાજ દર્શનના સપનાને યાદ કરતાં કહે છે. ડૉ. બાબાસાહેબ આંબેડકરે પીડિત વર્ગ માટે કહેલું કેઃ

મારું સમાજ દર્શન ત્રણ શબ્દોમાં સમાયેલું છે.

સ્વતંત્રતા, સમતા અને બંધુતા.

આ ત્રણ શબ્દોને સામાજિક દ્રષ્ટિએ મૂલવીએ તો, દલિત સમાજ કયારેય સ્વતંત્ર હતો જ નહીં. ગામ છેવાડે રિબાતા સમાજ સાથે સમાનતા કેવી!! અને બંધુતા માટે તરસતો હતો. એટલે સમારોહમાં શ્રી નાથુભાઇ સોસા કહે છેઃ 'શિક્ષણની સાધના એ જ પરમાત્માની આરાધના છે'. શિવમંદિર કરતાં શારદા મંદિરનો મહિમા ઓછો નથી. ધર્મધામો કરતાં વિદ્યાધામો માનવજાત માટે કલ્યાણકારી છે. આગળ કહે છેઃ ''આપણે સંગઠન, શીલ અને શિસ્ત થકી સમાજ અને રાષ્ટ્રની ઉન્નતિમાં વધારો કરવો પડશે.

ઉપર્યુક્ત વિધાનો વિદ્યાર્થીઓ ગાંઠ વાળી અભ્યાસકાળ દરમિયાન જીવનમાં ઉતારી લે તો ઇચ્છિત પરિણામ પામતાં કોઇ અડચણ નડે નહીં. અહીં તથાગત બુદ્ધના ધમ્મને યાદ કરતા હોય એવું મને પ્રતિત થાય છે. કરુણા, મૈત્રી અને અહિંસા સાથે એ પણ સત્ય છે કે, પરિવર્તનશીલ જગતમાં કશું સનાતન નથી, શાશ્વત નથી. મારી કારકિર્દી દરમિયાન અનેક વિદ્યાર્થી સમારોહ જોયા છે. ભાગ પણ લીધો છે. કારકિર્દી અંગે માર્ગદર્શન આપ્યું છે. પણ બહુ થોડા શબ્દોમાં આટલી અસરકારક વાત આ પુસ્તકમાં મેં વાંચી છે. તે આ પુસ્તકનું જમા પાસું છે, સાર્થકતા છે. આવા અનેક પ્રવચનો આ ગ્રંથમાં સમાવિષ્ઠ છે. દરેક જગ્યાએ એકપણ વાત રીપિટ થતી નથી. એ દર્શાવે છે કે દરેક સમારોહ, સમૂહલગ્નો, કે શિબિરમાં માત્ર ઉપસ્થિત રહેવા ખાતર રહ્યા નથી પણ જીવંત રહી પોતાનો કિંમતી સમય અર્પણ કર્યો છે, સમર્પિત કર્યો છે, જવાબદારી નિભાવી છે.

ઊંડે ઊંડે નાથુભાઇ એવી ઇચ્છા સેવે છે કે, સમાજ ઉન્નતિ કરે. એના માટે જાગૃત બની કાર્યરત બને. એટલે એ પોતે હંમેશાં પરિશ્રમ અને ધૈર્યને મહત્વ આપતા કહે છે, ‘‘મને વિશ્વાસ છે કે, યુગોથી ઉવેખાયેલો સમાજ નવા વાતાવરણમાં જ્ઞાનના દીપકથી પોતાનો પ્રકાશ અવશ્ય ફેલાવશે. પણ શરત એટલી કે એક દેશ, એક જ્ઞાતિ, એક સમાજ નહીં બનીએ ત્યાં સુધી, ગમે તેટલાં શાસ્ત્રોનાં પઠન કરીશું નિરર્થક સાબિત થશે.

ડૉ. બાબાસાહેબ આંબેડકરે કહ્યું હતું કે, જાતિ વિહિન સમાજ રચના વગર સ્વતંત્રતા પ્રાપ્તિનું કોઇ મહત્ત્વ નથી.

અહીં દરેક વિષયને એમણે આવરી લીધા છે. સાથે સાથે સમાજને હૈયે વસાવી ડૉ. આંબેડકર સન્માનયાત્રા લઇને ગુજરાત પ્રવાસ પણ કરેલો. જે એમની ભીતર સળવળતો સામાજિક ચેતનાનો અવાજ છે. ‘મનની ભીતર’ સમાજને, સૌ ગુણીજનોને પારમિતાની પગદંડી પર ચાલવામાં અવશ્ય મદદરૂપ થશે એની મને શ્રદ્ધા છે.

**નિલેશ કાથડ**

બ્લોક નંબર. ૧૪, દુરવેશનગર સોસાયટી,

સરયુ એપાર્ટમેન્ટ પાસે, જૂનાગઢ - ૩૬૨૦૦૧

મો. ૯૪૨૬૧૬૯૮૮૮

# નાથુભાઈ સોસાઃ સમર્પિત સમાજસેવી, સ્વપ્ન દ્રષ્ટા સ્થપતિ

**કિસન સોસા**



*કેસરબા દલિત પ્રતિષ્ઠાન ઍવૉર્ડ - ૨૦૨૨ પ્રસંગે કિસન સોસાને પુરસ્કૃત કરતા નાથુ સોસા, ડૉ. મોહન પરમાર, રમણ વાઘેલા અને આર. જે. પટેલ (રિટાયર્ડ આઈ.એ.એસ.)*

નાથુભાઈ એ અમારા પ્રિયજન છે, સ્વજન છે, સાથે સમાજ સ્તરે તેઓ પ્રતિબધ્ધ, પ્રબુધ્ધજન છે. પરિવાર સાથે પોતાના સમગ્ર સમાજનું હિત તેમના હૈયે વસેલું છે, તેઓ સૌરાષ્ટ્રના સાંગણા ગામના મૂળ વતની. ત્યાંના સમાજ જીવનના અનેકવિધ અનુભવોમાંથી પસાર થયા છે. જીવનને તેના સાચા સ્વરૂપમાં જોયું, જાણ્યું, પ્રમાણ્યું છે, તેઓ જે માર્ગમાંથી પસાર થઈ અહીં સુધી પહોંચ્યા છે, તળિયેથી ટોચ સુધીની એ દડમજલ, તેના અનેક મુકામો, પડાવોથી તેઓ પરિચિત છે. તેથી નખશિખ નિષ્કલંક ઊજળા રહ્યા છે. સમાજ ઉત્કર્ષ પ્રત્યેની તેમની દૃષ્ટિ ખેતખેવના, સંવેદના કૃત્રિમ કે કૃતક નથી, એ હૃદયના રક્તે રંગાયેલી છે, રસાયેલી છે. શુધ્ધ સંવેદનાઓ સંચિત થયેલી છે. અને એમાં કશું નવું નથી. કારણ, નાથુભાઈ સૌરાષ્ટ્રના સાંગણા ગામના એ યશસ્વી સોસા પરિવારનું સંતાન છે, જે પરિવારે એક અંધારિયા કાલખંડમાં પ્રેમ, કરૂણાસભર માનવ્ય, ઔધર્યની એક અનેરી તવારિખ રચી છે, જે માનવીય અભિગમ ધરાવતા સહ્દયોના હ્દયમાં અંકિત થયેલી છે. સરાહના પામી રહી છે.

નાથુભાઈ એક પ્રામાણિક પ્રચંડ પુરુષાર્થી તરીકે ય ગૌરવાંકિત છે, તેથી વિશાળ

સમાજિક ફલક પર તેમની છબિ શુધ્ધ સ્વરૂપે સોહી રહી છે.

નાથુભાઈ બાંધકામ વ્યવસાય સાથે સંકળાયેલા છે, સિમેન્ટ કોંક્રિટ વડે કાળજીથી ઈમારતોની રચના કરતાં કરતાં પોતાના સાંવેદનિક હ્દયના પરિપાક-રૂપ અંતરવલમાં ઉદ્ભવતા સર્જક શબ્દને ય યોગ્ય પરિપ્રેક્ષ્યમાં કંડાર્યો છે, કાગળ પર ઉતાર્યો છે. પોતાના સંવેદના પુંજને, લાગણીના અજવાળાંને, વિવિધ ગ્રંથરૂપે પ્રસ્તાર્યો છે, ધન્યવાદ!

હ્દયના અભિનંદન અને શુભેચ્છા સહ...

કિસન સોસા
સૈયદપુરા, નવીચાલ,
પમ્પીંગ સ્ટેશન પાસે, સુરત.
મો. ૮૮૬૬૩૭૨૯૩૦

# વિશ્વવંદનીય સંતશ્રી મોરારિબાપુના વરદ્હસ્તે શ્રી નાથુ સોસાનાં છ પુસ્તકોની લોકાર્પણવિધિ

**દાન વાઘેલા**

તા. ૧૧ અને ૧૨મી માર્ચ, ૨૦૨૨ શુક્ર-શનિ વિશ્વ વંદનીય સંતશ્રી પૂ. મોરારિબાપુના ગામ તલગાજરડા રામકુટિરમાં ‘સબંધોનો સત્કાર, પુસ્તક લોકાર્પણ અને સ્વૈરવિહારી કવિ સંમેલન’ શીર્ષકથી ત્રિવિધ કાર્યક્રમ યોજાયો હતો.

નાથુભાઈ સોસા (સુરત) સાહિત્ય ક્ષેત્રે ૧૦ વર્ષોથી લેખક તરીકે ક્રમશઃ ઉજાગર થયેલા છે. ગુજરાત જાહેર સેવા આયોગમાં છ વર્ષ સદસ્ય રહી નિષ્ઠાપૂર્વકની સેવા આપી, વર્ષ ૨૦૨૨માં નિવૃત થયા છે.

નાથુભાઈ સોસા દ્વારા પૂ. મોરારિબાપુના શુભહસ્તે ઉપરોક્ત ત્રિવિધ કાર્યક્રમ સુચારુ રીતે સફળ થયો હતો. વક્તાઓએ ખૂબ રસપ્રદ શૈલીમાં આ પુસ્તકો વિશે વ્યાખ્યાન આપ્યા હતા. કવિઓએ ‘સ્વૈરવિહારી-અર્થાત પોતાની પસંદગીની કોઈ પણ રચના રજૂ કરી શકે-એવા મુક્ત કવિ-સંમેલન’માં મુક્તક, ગીત, ગઝલ, અછાંદસ કાવ્ય રચનાઓ પ્રસ્તુત કરી હતી. નાથુભાઈ સોસાએ, આ સમગ્ર કાર્યક્રમમાં જે રજૂઆતો પ્રસ્તુત થઈ એના સંકલન-સંપાદન સારૂ, એ સમયે જ અમારી સૌ પાસે પ્રસ્તુત સાહિત્ય માંગ્યું હતું. જે ક્રમશઃ વિધવિધ રીતે અમારી પાસે અને નાથુભાઈ સોસા પાસે પહોંચ્યું છે.




કવિશ્રી દાન વાઘેલાને પુસ્તક સેટ અર્પણ કરતા સંતશ્રી નીરૂબાપુ, ડૉ. મોહન પરમાર, નાથુ સોસા

પૂ. મોરરિબાપુનું પ્રેરક અને શુભાશિષમય વક્તવ્ય નાથુ સોસાની યુ-ટ્યુબ ચેનલમાં ઉપલબ્ધ થયેલું છે.

નાથુભાઈ સોસાના જીવન-કવન અને પરિવાર ગૌરવ સંદર્ભનાં આ ગુજરાતી-હિન્દી-અંગ્રેજી પુસ્તકોનો પ્રતીકાત્મક લોકાર્પણ અને વિચારગોષ્ઠી કાર્યક્રમ સાથે સ્વૈરવિહારી કવિ-સંમેલન કાર્યક્રમ યોજાયો હતો. જેનો અનુભવજન્ય પ્રતિભાવ સવિગત આપવાનો મારો વિનમ્ર પ્રયાસ છે.

છેલ્લાં બાર વર્ષથી ધીમી ગતિએ પણ પૂરી સજ્જતા અને ક્ષમતા સાથે સર્જનરત રહેલા શ્રી નાથુભાઈ સોસા આજે ૬ પુસ્તકના સંપુટ સાથે તલગાજરડા-રામકુટિરમાં સાહિત્યકારો, મિત્રો, પરિવાર અને સંતો સાથે હાજર થયા છે. એટલે કે, ગંગાજીના ધોધ જેમ સાહિત્યકાર તરીકે પ્રગટ થયા છે. 'મનની ભીતર' પુસ્તકમાં એમનાં ચિંતન, મનન અને નિબંધના લેખો એમને પ્રગતિશીલ વિચાસરણી સાહિત્યકાર તરીકે સ્થાપિત કરશે. ગુજરાત-મહારાષ્ટ્રના કાર્યક્રમોમાં યુવાનો અને વડીલો દ્વારા આયોજિત કાર્યક્રમોમાં નાથુભાઈ સોસા સામાજિક આગેવાન તરીકે ઉપસ્થિત રહેલા છે. એવા પ્રસંગોમાં યુવાનો, મહિલાઓ અને વિધાર્થીઓને પ્રેરણાત્મક વકતવ્યો આપ્યાં હતાં. ડૉ. બાબા સાહેબ આંબેડકર, મહાત્મા જ્યોતિબા ફૂલે, વીર મેઘમાયા અને સંતોના જીવન-ચિંતન અને કર્મ સેંદેશ આધારીત વક્તવ્યોને સાહિત્યિક લેખમાં નોંધીને 'મનની ભીતર' પુસ્તકને ભાવિપેઢીને પ્રેરણાથી સભર કરવાના આશય સાથે પ્રસ્તુત કરાયું છે.

નાથુભાઇ સોસાના પુસ્તક ''મનની ભીતર''નો રસાસ્વાદ ડૉ. મહેશ દાફડાએ કરાવ્યો હતો. પુસ્તક લોકાર્પણ પ્રસંગ કાર્યક્રમના સંચાલક ડૉ. મહેશ દાફડાએ સનાતન ધર્મ હાઈસ્કૂલના આચાર્ય અને ''શ્રેષ્ઠ શિક્ષક'' તરીકે, ગુજરાત રાજ્યના ગવર્નર હસ્તે અને રાષ્ટ્રપતિ હસ્તે દિલ્હીમાં સન્માનીત થયેલા છે. ડૉ. મહેશ દાફડાએ પારદર્શી અને ભાવવાહી રસપ્રદ વાણી સાથે 'મનની ભીતર' ના સંદેશાઓ સરસ રીતે ખોલી આપ્યા હતા.

આ બેઠક પુસ્તક લોકાર્પણ અને પુસ્તક રસાસ્વાદ રૂપે હતી. બેઠકના પ્રમુખ સ્થાને ડૉ. મોહન પરમાર, કેન્દ્રિય સાહિત્ય અકાદમી દિલ્હીના ઍવૉર્ડથી સન્માનિત વાર્તાકાર-સાહિત્યકાર હતા. શ્રેષ્ઠ સાહિત્યકાર તરીકે અનેક ઍવૉર્ડથી સન્માનિત થયેલા ડૉ. મોહન પરમાર, સંતશ્રી મોરારિબાપુ, શ્રેષ્ઠ શિક્ષક ડૉ. મહેશ દાફડા વગેરે મહાનુભાવો અને વક્તાઓની ઉપસ્થિતિ જ કાર્યક્રમની ગરિમા, ગૌરવ અને યશગાથા બની રહી હતી.

વિશ્વ વંદનીય સંતશ્રી મોરારિબાપુએ શ્રી નાથુભાઈ સોસા દ્વારા પ્રસ્તુત થયેલા પુસ્તકનું અનાવરણ કરી, પોતાનો હરખ પ્રસ્તુત કર્યો હતો. શ્રી મોરારિબાપુએ આગમન સમયે જ 'સોસા પરિવાર' દ્વારા વર્ષો પહેલાં ધીરધાર રૂપે અને આર્થિક નબળા અને

ગરીબ પરિવારના સામાજિક પ્રસંગો ઉકેલવા મદદ કરેલ, એના પુરાવાના ચોપડાઓ - પ્રદર્શનીનું ઉદ્ઘાટન કર્યું હતું. સોસા પરવિારની ૨૨૫ વર્ષની ખાતાવાહી, જેમાં બ્રિટિશ ઈસ્ટ ઈન્ડિયા કંપનીની એક આનાની ટિકિટ ઉપર ખાતેદારના હસ્તાક્ષર રજૂ થયેલા કે અંગૂઠાની છાપ છે. જેમાં ગુજરાત-મહારાષ્ટ્ર રાજ્યના તાત્કાલીન રજવાડાઓની એક આનાની ટિકીટો ઉપરની સહી અને અમુક સિક્કાઓ એ પ્રદર્શનીમાં રજૂ કરાયેલા હતા, પૂ. બાપુએ 'સોસા પરિવાર'ની સામાજિક નિસબત અને સહયોગ બાબતે સરસ પ્રમાણ નોંધી આપ્યાં હતાં. પૂ. મોરારિબાપુની લોકભોગ્ય શૈલીએ સૌને મંત્રમુગ્ધ કર્યા હતા.

'સમ્બંધોનો સત્કાર' આ શીર્ષક આધારે નાથુભાઈ સોસાના પારિવારિક અને પૂર્વજોની ભવ્યગાથાના સંદર્ભના ત્રણ પુસ્તકોમાં (૧) 'સોસા પરિવાર અને સ્વર્ણિમ ગાથા' લેખક ડૉ. મોહન પરમાર (૨) The Golden Heritage of Sosa Family (૩) The History of Sosa Family - લેખક વેદાંત શર્મા. આ ત્રણેય પુસ્તકો વિશે સંયુક્ત વ્યાખ્યાન-વક્તવ્ય ડૉ. એલ. યુ. વાઢેર - ભાવનગર સામળદાસ આર્ટ કોલેજમાં ઈતિહાસ વિભાગના અધ્યક્ષ છે. ડૉ. વાઢેર સાહેબ દ્વારા આ ત્રણેય પુસ્તકના મહત્વના અંશ આધારે સોસા પરિવારના ગૌરવ અને સામાજિક સેવાને પ્રશંસામય બનાવી હતી. ડૉ. વાઢેર ભારતભરની અનેક યુનિવર્સિટીઓમાં વ્યાખ્યાનો આપી સન્માનીત થયેલા અને ગૌરવ પુરસ્કાર પ્રાપ્ત પ્રોફેસર છે. એમણે નાથુભાઈના પરિવારની સદૃષ્ટાંત નોંધ રજૂ કરી, કાર્યક્રમની મહત્તા વધારી હતી. પ્રોફેસર અને અધ્યાપકોમાં ડૉ. એલ. યુ, વાઢેરનું અદકેરું સ્થાન અને માનપાન છે.

આ કાર્યક્રમમાં અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત ડૉ. મનસુખ ગાયજન ભાવનગરની શામળદાસ કોલેજમાં અંગ્રેજી વિભાગના અધ્યક્ષ છે. એમણે નાથુભાઈ સોસાનાં પુસ્તકો સંદર્ભે ઐતિહાસિક ઘટના યાદ કરી હતી. ઈસ્ટ ઈન્ડિયા કંપની અને સામાજિક પછાત વર્ગ વિશેનો તુલાનાત્ક અભિગમ એમણે શબ્દસ્થ કર્યો હતો.

ડૉ. ભીમરાવ આંબેડકરના વિચારોના ચયન સ્વરૂપે, દળદાર પુસ્તક 'રત્નકણિકાએં' હિન્દી ભાષામાં નાથુભાઈ સોસાએ સંક્લન કરેલું છે. મહામાનવ વિશ્વરત્નશ્રી ડૉ. ભીમરાવ આંબેડકરે પોતાના અધ્યયન અને લેખનમાં જે ઉત્તમ નિદર્શન આપ્યાં છે, એ પ્રેરણાત્મક વાક્યોનું સરસ સંક્લન અહી 'રત્નકણિકાઓ' માં ઉપલબ્ધ થયેલું છે.

'રત્નકણિકાઓ' પુસ્તકમાંથી ઉત્તમ સુવાક્યો અને વિધાનો તારવી-સારવીને છગન બાજકે ડૉ. આંબેડકરની વિચારસૃષ્ટિ અને નાથુભાઈ સોસાની સાહિત્યિક નિરીક્ષક દ્રષ્ટિને તાદશ્ય કરી આપી હતી. વાર્તાકાર, વિવેચક તરીકે જાણીતા છગન બાજક સારા ગાયક, ગુજરાતી ફિલ્મોના અદાકાર પણ છે. એમની અદાકારીમય લય છટાવાળી રજૂઆતની ભાષા સૌને રસપ્રદ લાગી હતી. આ 'રત્નકણિકાઓ'માંથી પ્રેરણાદાયી લેખો, પ્રવચનોમાંથી ચુનંદા વિધાનો એમણે રજૂ કર્યાં અને ચિંતન-મનન માટે સૌની સમક્ષ અણમોલ મોતી

પ્રસ્તુત કરી આપ્યાં હતાં.

અતિથિવિષેશ પદે પધારેલા અને મુખ્ય કાર્યક્રમના સમગ્ર કાર્યવાહક નિવૃત ડી. વાય. એસ. પી. અને શૌર્યચક્ર પુરસ્કૃત, ઉપરાંત શ્રી આર. એચ. હડિયા સાહેબે પોતાને સાહિત્યકારો અને પૂ. બાપુના સેવક ગણાવ્યા હતા. સૌની આગતા-સ્વાગતા અને સ્નેહની અભિલાષા સેવતા શ્રી આર. એચ. હડિયા સૌના માનીતા અને પ્રેરણાદાયી વ્યક્તિ બની ગયા હતા. પૂ. મોરારિબાપુના સેવક હરિભાઈ નકુમની ઉપસ્થિતિ પણ સોનામાં સુગંધ ભળે એમ સૌહાર્દપૂર્ણ રહી હતી.

બન્ને દિવસના ઉત્સવમૂર્તિ શ્રી નાથુભાઈ સોસાએ પોતાની કેફિયતમાં પૂજ્ય મોરારિબાપુની સ્નેહભાવના, પોતાના પૂર્વજ પરિવારની ગૌરવકથાનું સમગ્ર આયોજન અને સંકલનની મહત્તા દર્શાવીને સઘળો યશ મિત્રો-સ્નેહીઓને ફાળે ગણાવ્યો હતો.

શ્રી નાથુભાઈ સોસાએ ડૉ. મોહન પરમારની અધ્યક્ષતામાં યોજાયેલ આ સમગ્ર કાર્યક્રમ અને સોસા પરિવારની સામાજિક નિસબતને ઉમળકાભેર યાદ કરી હતી. વક્તાઓના વ્યાખ્યાનોની પણ નોંધ લઈને કૃતજ્ઞતા પ્રસ્તુત કરી હતી, નાથુભાઈ સોસાના હસ્તે મોમેન્ટો, પુરસ્કાર કવર અને છ પુસ્તકોનો સેટ સૌને આત્મીયતાસભર અર્પણ કરાયો હતો.

બે દિવસના કાર્યક્રમમાં નાથુભાઈ સોસાના અધ્યક્ષસ્થાને 'સ્વૈરવિહારી કવિ સંમેલન' કાર્યક્રમ યોજાયો હતો. ડૉ. મોહન પરમાર, ડૉ. મહેશ દાફડા, ડૉ. મનસુખ ગાયજન અને ડૉ. એલ. યુ. વાઢેર અતિથિ પદે હતા. જેમાં શ્રી કૃપાબહેન ઓઝા, શ્રી પ્રવીણ પોંદા 'ચાંદ', ભરત વાળા, સુનિલ પરમાર, જયેશ ભટ્ટ, હર્ષા ચૌહાણ, ડૉ. જિતુભાઈ વાઢેર, છગન બાજક, જિત ચુડાસમા, ડૉ. મહેશ દાફડા, ડૉ. પથિક પરમાર, મનોજ પરમાર અને દાન વાઘેલાએ પોતાની રચનાઓ રજૂ કરી હતી. ચુનંદા શેઅર, શાયરી અને કવિઓનો રસપ્રદ રહ્યું હતું. ત્રણ કલાક ચાલેલા આ કાર્યક્રમમાં સૌ રસપૂર્વક ઉપસ્થિત રહ્યા અને સાહિત્યરસ માણ્યાનો સુખદ અનુભવ ગણાવ્યો હતો.

કાર્યક્રમના અધ્યક્ષ ડૉ. મોહન પરમારે બન્ને દિવસના સુઆયોજન પૂર્વકની બે-ત્રણ બેઠકોનું સંકલન સાથે પોતાનું મનનીય પ્રવચન આપ્યું હતું. આમાં નાથુભાઈ સોસાના પરિવારનું ગૌરવ, સામાજિક સેવાઓ સાથે નાથુભાઈ સોસાનો માનવીય અને સાહિત્યિક અભિગમનું સરસ તારણ એમણે આપ્યું હતું. વક્તાઓના અભ્યાસપૂર્ણ વક્તવ્યોની નોંધી લીધી હતી. ડૉ. મોહન પરમારે આ પુસ્તકોના લેખક તરીકે પોતાનો સંતોષ પણ રજૂ કર્યો હતો.

પૂ. મોરારિબાપુના સાનિધ્યમાં તલગાજરડા મુકામે યોજાયેલા આ સાહિત્યિક કાર્યક્રમો સંદર્ભે કેટલીક સંસ્થાઓ અને સંસ્થાના પ્રતિનિધિઓ દ્વારા નાથુભાઈ સોસાનું સન્માન થયું હતું. જેમાં શ્રી દેશાવીરા વાઘેલા એજ્યુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ, ભાવનગર

વતી શ્રી દાન વાઘેલા અને નિવૃત પી. આઈ. અને રાષ્ટ્રપતિ સન્માનથી વિભૂષિત શ્રી એલ. ડી. વાઘેલા સાહેબ દ્વારા શાલ અને પુષ્પગુચ્છથી સન્માન થયું હતું. સ્વ. નીનાબેન મેઘજીભાઈ દાફડા એજ્યુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ વતી શ્રી ઈન્દુબેન દાફડા અને આયુ. નિરૂબહેન દ્વારા પુષ્પગુચ્છ અને શાલથી સન્માન થયું હતું. ભાવનગર સનાતન ધર્મ હાઈસ્કૂલ દ્વારા ડૉ. મહેશ દાફડાએ પોતાનાં પુસ્તકો અર્પણ કરી, પુષ્પગુચ્છ સાથે સન્માન કર્યું હતું. પાલિતાણાના 'મેઘાણી' તરીકે જાણીતા શ્રી રણછોડભાઈ મારૂએ પોતાનાં બે દળદાર પુસ્તકો નાથુભાઈને અર્પણ કરી, પુષ્પગુચ્છથી સન્માન કરેલ હતું. શ્રી વિરજીભાઈ બોરીચા અને અમરેલીના સદસ્યોએ સાથે રહી નાથુભાઈનું સન્માન કર્યું હતું. મહુવા મેઘવાળ પંચાયત તરફથી કવિ સંમેલન વખતે દરેક કવિઓ અને મંચસ્થ મહાનુભાવોને સરસ ઓફિસ થેલો ભેટ અપાયેલો હતો. મહુવા મેઘવાળ પંચાયતના હોદેદ્દારો શ્રી જીતેન્દ્ર વાની (તલગાજરડા - શિક્ષક), શ્રી હીરાભાઈ બારૈયા (નિવૃત પ્રિન્સિપાલ), બેન્કર અને સામાજીક આગેવાન શ્રી રામજીભાઈ વાડા, સિધ્ધાર્થ એકેડેમી ગૃપ દ્વારા અને શ્રી હરેશભાઈ વાઘ દ્વારા પણ નાથુભાઈ સોસાનું શાલ અને પુષ્પગુચ્છથી સન્માન કરાયું હતું. મહુવા મેઘવાળ પંચાયત તરફથી પૂ. મોરારિબાપુને હનુમાનજીની મૂર્તિ, શ્રી હરિભાઈ લકુમને કરસનભાઈ દેવકાવાળાએ રાધાકૃષ્ણની મૂર્તિ તથા ઉત્સવમૂર્તિ નાથુભાઈ સોસાને બુધ્ધની મૂર્તિ આપી સન્માન કરાયું હતું. જેમાં લાલજીભાઈ વરમોરા પણ ઉપસ્થિત હતા. ફિલ્મ અદાકાર, ગાયક અને વાર્તાકાર વિવેચકશ્રી છગન બાજકે પોતાનું વિવેચન પુસ્તક 'દલિત કાવ્ય ક્રાંતિ' અહેસાસ અને ઈતિહાસ આપીને નાથુભાઈ સોસાને ઉમળકાભેર ભેટીને અર્પણ કરી અભિવાદન કર્યું હતું. શ્રી પ્રવિણભાઈ સરવૈયાએ રામનામી આપી તથા ભરત વાળા, સુનિલ પરમારે પુષ્પગુચ્છથી સન્માન કરેલ હતું. શ્રી જીતેશભાઈ બોરીચા, ગીતાબેન બોરીચા, શ્રી રમેશભાઈ ધુરકા (બારોટ) પાલિતાણા અને શ્રી કલ્યાણભાઈ કણબી સહિત અનેક મહાનુભાવો અને ઉપસ્થિત શ્રોતાગણે શ્રી નાથુભાઈનું હ્રદયપૂર્વક સન્માન કરી, ધન્યતા અનુભવી હતી.

તલગાજરડામાં યોજાયેલ આ બે દિવસના મહોત્સવના અધ્યક્ષશ્રી ડૉ. મોહન પરમારે આ સન્માનવિધિ જોઈને વિશેષ હરખ પ્રસ્તુત કર્યો હતો. વાર્તાસંગ્રહો, નવલકથાઓ અને સંપાદનોના ૪૦ જેટલા પુસ્તકો જેમનાં પ્રકાશિત થયેલાં અને દિલ્હી સાહિત્ય અકાદમીથી સન્માનિત સાહિત્યકારે લલિતધારા અને દલિતધારામાં સત્વશીલ પ્રદાન કરેલું છે. હાલમાં દલિત સાહિત્ય પ્રષ્ઠિાનના પ્રમુખ છે. એમણે આનંદ સાથે કહ્યું કે, 'સોસા પરિવાર સ્વર્ણિમ ગાથા' મારા હાથે લખાઈ અને એ હિન્દી, અંગ્રેજીમાં અનુવાદિત થઈ એથી મને પણ ગૌરવનો અનુભવ થાય છે.

સમગ્ર કાર્યક્રમની આભારવિધિ સોસા પરિવાર વતી જિગર નાથુભાઈ સોસાએ ખૂબ ભાવુક બનીને કરેલ હતી. ઉપસ્થિત સાહિત્યકારો, મહાનુભાવોને આવવા-જવા માટે પણ સુંદર વ્યવસ્થા ગોઠવાયેલ હોવાથી સૌ માટે આ અવસર યાદગાર બની રહ્યો હતો.

દાન વાઘેલા,
૧૧, કૃષ્ણ સોસાયટી, દેશવીર મેન્શન,
કેન્દ્રિય વિદ્યાલય પાસે, કુંભાર વાડા,
ભાવનગર - ૩૬૪૦૦૬
મો. ૯૮૯૮૬-૩૨૫૬૦

# માનવતાની મ્હેંક

**શિવશંકર ડી. દવે**
નિવૃત નાયબ સચિવ



મુરબ્બીશ્રી શિવશંકર દવેને પુસ્તક સેટ આપતાં નાથુ સોસા

સાંજના ૬-૦૦ વાગે તા. ૧૮મી એપ્રિલ, ૨૦૨૨ સોમવારે નાથુભાઈ સોસા સાથે તેમના સેક્ટર-૯ના મકાનમાં પ્રથમ મુલાકાત થઈ. ઓળખાણ હોય તેમ દેખતાંની સાથે જ જાણે વર્ષો જુની ઓળખાણ અને હું તેમનો કુટુંબીજન મળવા આવ્યો હોય તેટલા પ્રેમથી ગાડીમાં ઉતરતી વખતે સદ્‌ભાવપૂર્વક તેમના બંગલાના બેઠક રૂમમાં લઈ ગયા. આ પ્રસંગથી હું પ્રભાવિત થયો. તેમની નમ્રતા જોઈ એક સમાજના પ્રતિષ્ઠિત, શિક્ષિત, પ્રતિભાસંપન્ન નાગરિક વ્યક્તિ આપણી સાથે પ્રથમ મુલાકાતમાં આ રીતે વર્તે તે, તેમનો હ્દયનો ભાવ-અંતરનો આવકાર, સત્કાર, માનવતા વગેરે ગુણોનું દર્શન કરાવે છે. પ્રથમ દ્રષ્ટિએ આવા સંનિષ્ઠ ગૃહસ્થને મળી, અતિ આનંદ થયો. મારી સાથે મારો નાનો પુત્ર પ્રકાશ (નિવૃત ઈજનેર) ઉંમર ૬૦ વર્ષ પણ સાથે જ હતો. તેને પણ સન્માન્યો. મારી ઉંમર ૮૫ વર્ષની. થોડો અસરપરસ પરિચય આપ્યો. સ્નેહથી બનાવેલ 'ચા-ચાહ' આવી તેણે આનંદમાં-પ્રેમમાં વધારો કર્યો. પ્રેમનો ઘૂંટડો ભર્યો, તેમની વિશેષ જાણકારી આપી સ્વાગત થયું. અગાઉથી આયોજન કર્યા મુજબ.

તેમણે "With Best Compliments from Nathu Sosa and Faimily" વિશાલ વટવૃક્ષના ફોટાવાળું એક પેકેટ આપ્યું. ફોટો સ્મૃતિ માટે લીધેલો છે. ઘટાદાર વૃક્ષ, વડની ઘટા-શીતળતા દર્શાવે છે. અહીં ગરમીમાં શીતળતા મળશે. બેસો, જીવનમાં

એવો અનુભવ થયેલો છે કે, કેટલાક માણસોને મળતાં શાંતિ-શીતળતા મળે. બેસવાનું મન થાય. અહીં શીતળતા અનુભવી તે પછી તેમના જીવનની કેટલીક વિગતો આપી. પ્રથમ દ્રષ્ટિએજ મારો પ્રતિભાવ બે જ શબ્દોમાં આપું તો ''માનવતાની મ્હેંક'' એજ મારો પ્રતિભાવ છે. મ્હેંક તો દૂરથી જ આવતી હતી, પણ નજીક આવવાથી ઘણી ગાઢ સુગંધિત બની. ધારણા સાચી સાબિત થઈ.

તેઓના જીવન પ્રસંગો સાંભળતો ગયો. ઘણું સુખી સંપીલું ધનાઢ્ય કુટુંબ, નાણાં ધીરવાનો ધંધો, ત્યારે પૈસાનું મૂલ્ય ઘણું જ હતું. પોતે સૌરાષ્ટ્રના ભાવનગર જીલ્લાના તળાજા તાલુકામાં જૂના સાંગણા ગામે. ૧૯૬૬ની ૨૩મી માર્ચે જન્મેલા નાથુભાઈ સોસા આજે ૫૬ વર્ષના થયા. મારે મન દેખાવે ૫૬ વર્ષની ઉંમર વધુ મોટી લાગતી હતી. એકવડું શરીર અને હસમુખો ચહેરો. ઘણી વખત સાચી ઉંમર છુપાવી દે છે. પ્રસન્ન પ્રકૃતિના આ ગુણો છે. પિતાશ્રીનું નામ - દેવજીભાઈ સોસા, માતાનું નામ કેસરબેન સોસા, તેઓ જણાવે છે કે, અમે આઠ ભાઈ અને બે બહેનો (પૃ-૧૨૪ સોસા પરિવાર) ઘરનાં બધાં મળીને ૫૦થી વધારે સંખ્યા થાય. આટલી મોટી સંખ્યામાં 'સંપ-એકતા' જળવાઈ રહે એ પ્રભુ કૃપા ગણું છું. મને લખતાં આનંદ એ વાતનો થાય છે કે, સામાન્ય દલિત વર્ગની આર્થિક સ્થિતિ એવી હોય છે કે, સવારમાં ઊઠે ત્યારે પ્રથમ પ્રશ્ન ખાવું શું? કેવી રીતે મેળવવું? તેની જ ચિંતા હોય છે. શ્રી સોસા સુખી પરિવારમાં જનમ્યા એટલે તે આ રીતે ઘણા સુખી ગણાય. અને તેમનો ઉછેર જેમ સુખી ઘરના બાળકનો થાય તે જ રીતે બચપણથી થયો છે. તેમના બાપદાદાનો ધંધો પણ ધીરાણનો. એમણે ઘરમાં તો કોઈ નાણાંભીડ નહીં પણ સમાજના અને બીજા વર્ગોને નાણાંકીય મદદ કરતા. આ નાથુભાઈનું સદ્નસીબ જ કહેવાય અને ગણો તો સૃષ્ટિના સર્જકની કૃપા પણ. બાળપણથી જ દુઃખ જોયું નથી અનુસૂચિત જાતિમાં જુદી જુદી પેટા જ્ઞાતિઓ છે. તેમાં દરેક જાતિની ર્આથિક પરિસ્થિતિ જુદી હોય છે. વણકર સમાજનું મુખ્ય કામ વણાટ. સતત આખો દિવસ મહેનત કરીને કમાય. આ સમાજના રાજકરણમાં આવેલા ઉત્તર ગુજરાતના ત્રણ પરિવાર મને યાદ આવે છે. મહેસાણા જીલ્લાના કડી તાલુકાના 'સૂરજ' ગામના માનાભાઈ સોંલકી/બાપા હતા. તેમને દિકરો સોમચંદ સોલંકી અમદાવાદમાં કુષ્ણકુંજ સોસાયટીમાં રહેતા અને સંસદ સભ્ય બન્યા હતા. માનાબાપાસુખી ઘરના. હું તેમની નજીક રહેતો જેથી નજીકનો પરિચય. બીજો પરિવાર મહેસાણા તાલુકાના શાન્થલ ગામના ધારાસભ્ય શ્રી હરિભાઈ પરમારના પિતા ખુશાલબાપા પણ સુખી હતા. લોકોને મદદ કરતા, ગામમાં પેસતાં જ તેમનું ઘર આવે એટલે આવનાર તેમને ત્યાં પાણી પીતા, ભેંસો હોવાથી છાસ પીને આગળ જાય. હરિભાઈ પરમાર શાન્થલના ધારાસભ્ય જ્યારે અમારા યજમાન. ત્રીજા કડી તાલુકાના ચાલાસણ ગામના ભલાભાઈ સોલંકી. તેમના દીકરા કાન્તિભાઈ સોલંકી પણ ધારાસભ્ય હતા. અને મંત્રી પણ હતા. આ પરિવાર પણ સુખી

હતું. કાન્તિભાઈ સોલંકી અને હું કડી સર્વ વિદ્યાલયમાં જોટાણા ભણતા. મિત્રો, અંગત સંબંધ.

આમ, આ સમાજના સુખી પરિવારના પુત્રો સંસદ સભ્ય, ધારાસભ્ય અને મંત્રી બનેલા છે. પણ નિરાભિમાની અને સૌની સંભાળ લેનાર પરિવારો. આમ 'સોસા' જેવી શાહી પરિસ્થિતિનો, મહેસાણા જીલ્લાના મારા પરિચિત ઘણાં પરિવારનો પરિચય કરાવ્યો. કવિ મેઘાણીની કાવ્ય પંક્તિમાંથી એક કાવ્ય પંકિત યાદ આવે છે.

પંક્તિ

''વણકર અને વણાર, નાતે પણ નેડો નહિ,

પણ ગણને રોઉં ગજમાર, તારી જાત ન પૂછું જોગડા''

એક રાજવી બહેનના મામેરા પ્રસંગે રાજવીભાઈ આવી શક્યો નહીં. પણ કાપડ વેચવા જતા વણકરે એ રાજવી બહેનનું મામેરું કર્યું, આખું ગામ આપી દીધું. રાજવી તરફથી તેનું સન્માન થયું.

સોસા પરિવારનો ઈતિહાસ-આત્મકથાનું લેખન કરનાર ડૉ. મોહન પરમાર પણ મારા ગામ જોટાણાની નજીકના ભાસરીયા ગામના છે.

ભાસરીયા અને રાણીપુરા ગામમાં વણકર ભાઈઓ વણાટ કામ કરતા. ગામના તમામ માણસો સવારથી જ વણાટની પ્રવૃત્તિમાં લાગે. તેમનો વણાટનો ધંધો પણ સારો ચાલે. માનનીય સ્વ. ઝવેરભાઈ ચાવડા પણ એજ રીતે આગળ આવી આઈ.એ.એસ. થયા, કલેકટર સુધી સેવા બજાવી. અનુસૂચિત જાતિ વિકાસ કાર્પોરેશનના ચેરમેન બન્યા હતા. પાટણ 'વીર માયા' સ્મારકના પ્રમુખ હતા.

માનનીય શિક્ષણ પ્રધાન કરશનદાસ સોનેરી, સ્વ. શ્રી ભાનુપ્રસાદ પંડ્યા, પણ સતત પરિશ્રમ કરીને આગળ આવેલ છે. પીલવાઈ ગામના શ્રી કે. કે. ચૌહાણ આઈ.એ.એસ. હતા. મારા નાયબ સચિવ હતા. ડૉ. દિનેશ પરમાર જામનગરના મંત્રીશ્રી હતા. અને ગાંધીનગર 'રોહિત સમાજના મંદિરમાં' તેમનો અને રોહિત સમાજના કાર્યકરોનો ઘણો મોટો ફાળો હતો. ગુજરાતમાં, ભારતમાં નામના મેળવી છે. સુખી પરિવારના 'સોસાની' વાત નીકળતાં સમાજના સુખી પરિવારના રાજકરણમાં આવેલા સંનિષ્ઠ કાર્યકરો જેની સાથે મારે અંગત સંબંધ પણ છે અને હતા તેઓને પણ યાદ કર્યા, સુખી પરિવારના અનુસૂચિત જાતિના જે સંનિષ્ઠ કાર્યકરો છે તેમણે સમાજની સેવા કરી છે. સમાજ માટે કાર્ય કર્યું છે. મહેસાણાના હિરાભાઈ સોલંકી ઘણી જ સેવા કરી છે. અનુસૂચિત જાતિ માટે જેઓએ જીવન ખર્ચી નાંખ્યું છે, તેમને ભૂલાય તેમ નથી. તેમને પણ મારા વંદન.

માનનીય શ્રી સોસાએ મારો પરિચય વિગતો પણ જાણવા માંગી. હું ગુરુ બ્રાહ્મણ સમાજમાંથી આવું છું. મારા પિતાની આર્થિક સ્થિતિ પહેલેથી નબળી. કોઈ સ્થાયી વ્યવસાય નહીં. કર્મકાંડ એકમાત્ર વ્યવસાય.

મારો જન્મ મહેસાણા જીલ્લાના જોટાણા મૂકામે તા. ૫-૧૦-૩૭ના રોજ થયો હતો. સ્વ. પિતાનું નામ ડાહ્યારામ દવે અને માતા દલીબેન. મોસાળ કડી, મોતિલાલ વરતિયા મામા થાય. ધોરણ ૧ થી ૩ જોટાણા પ્રા.શાળા અને ૫-૬ કડી કુમાર શાળામાં ભણ્યો. સાતમા ધોરણમાં પાછો વતનમાં આવ્યો. એકનો એક દીકરો હોઈ, માતા પિતાને સતત વ્હાલો, પોતે તકલીફ વેઠીને પણ મારી સગવડો પૂરી પાડતાં. ધોરણ સાતની સાથે તે વખતની અગત્યની પરીક્ષા ‘‘વર્નાક્યુલર ફાઈનલ’’ ની પણ તૈયારી કરી. ૧૯૫૪-૫૫માં વર્નાક્યુલર ફાઈનલ પરીક્ષા ૬૨ ટકા માર્ક સાથે પાસ કરી. ૧૮ વર્ષની ઉંમર થતાં પ્રાથમિક શિક્ષક તરીકે મહેસાણા જીલ્લા સ્કુલ બોર્ડમાં અરજી કરી. દૈવયોગે સીલેક્ટ થતાં જ, મને મારા વતનની જે શાળામાં ભણતો ત્યાં જ સપ્ટેબર ૧૯૫૬માં નિમણુંક આપી.

ચાર માણસના કુટુંબની જવાબદારી એટલે નોકરી સ્વિકારી, બેઝિક પગાર ૪૦ રૂ. અને ૩૦ મોંઘવારી કુલ ૭૦ રૂ. પગાર. ઘરનું ચલાવતાં, સાથે સાથે બચત કરીને પૈસા પણ ભરવા પડતાં.

જોટાણા શાળામાં ૧૯૫૬થી ૬૧ સુધી મેં પાંચ વર્ષ નોકરી કરી. દરમ્યાન બહારના વિદ્યાર્થી તરીકે એફ. વાય. આર્ટસ અને ઈન્ટર આર્ટસ પરીક્ષા પાસ કરી. શિક્ષકની નોકરી માટે પી.ટી.સી. કરવા નોટિસ આવી. ઘરના ખર્ચે ૨ વર્ષ તાલીમ લેવાની. થોડી તકલીફ ઉભી થઈ. હરિને ભજતાં હજુ કોઈની લાજ જતાં નથી જાણી રે. એ ન્યાયે મદદ મળી. ૧૯૬૦માં ગુજરાત રાજ્ય અસ્તિત્વમાં આવ્યું. કારકુન જી.પી.એસ.સી.ની પરીક્ષાની જાહેરાત આવી. ફોર્મ ભર્યા. પરીક્ષામાં ૫૦૦માંથી ૩૫માં નંબર પાસ થયો. ગુજરાત સરકારે ૧-૧૧-૬૧થી કારકુન તરીકે સામાન્ય વહીવટ વિભાગમાં નિમણુંક આપી. પી.ટી.સી.માં ન જાવ તો તમને છૂટા કરીશું, તેવી સ્કુલ બોર્ડની નોટિસ આવી. હું સામેથી રાજીનામું આપી છૂટો થયો. ૧-૧૧-૬૧થી સચિવાલયમાં અમદાવાદ હાજર થયો. સામાન્ય વહીવટ વિભાગમાં કેબીનેટની ક. શાખામાં નિમણુંક મળી, જેથી મંત્રીશ્રીઓના પાંગણમાં-શપથવિધિ-જીવરાજ મહેતાની સરકારમાં-જવાનું સૌભાગ્ય સાંપડ્યું. અમદાવાદ મળ્યું એટલે કૃષ્ણકુંજ સોસાયટી (ભૂલાભાઈ પાર્ક પાસે) સોમચંદ સોલંકીની સામે, સ્વામી નારાયણ કોલેજ સવારમાં એફ. વાય. આર્ટસમાં એડમીશન મેળવી લીધું. અને ૧૯૬૪માં બી.એ. થયો. બી.એ. પછી સચિવાલયમાં ડારેક્ટ આસિસ્ટન્ટની પબ્લિક સર્વિસ કમિશનની પરીક્ષા પાસ કરી, એટલે આ.સિ.માં કાયમી થયો. સેકશન અધિકારી, ઉપસચિવ અને નાયબ સચિવ સુધી બઢતી મળતાં ૧૯૯૫માં નર્મદા અને જળ સંપત્તિ વિભાગમાંથી નિવૃત્ત થયો. (૫૮ વર્ષ - ૧૯૯૫)

સાહિત્યમાં રસ હોવાથી નોકરી દરમ્યાન પણ ગાંધીનગર સમાચારમાં ‘અમી વર્ષા’ કોલમ ૧૦ વર્ષ નિયમિત લખી. માહિતી ખાતામાં વાર્ષિક દિપોત્સવી અંકમાં પણ

નિયમિત લખતો, દશેક પુસ્તકો લખાયાં, સંતોનું સ્મરણ પુસ્તકમાં ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ તેમના હસ્તાક્ષરોમાં શુભેચ્છા પાઠવી છે. રેડિયો અને ટીવી પર પોગ્રામો આપતો. જાહેર પ્રોગ્રામમમાં ભાગ લેતા પ્રવચનો કરતો. અત્યારે ઉંમર ૮૫ વર્ષ થયા છે. લેખન, વાંચન પ્રવૃત્તિ ચાલું છે.

૧૮મી તારીખની શ્રીમાન સોસા સાથેની બેઠક પછી ત્રણ-ચાર દિવસે શ્રી સોસાનો ફોન આવ્યો કે, જે પુસ્તકો આપ્યાં છે અને વાંચ્યાં હોય તો તેનો પ્રતિભાવ લખશો. જેથી છપાવી શકાય. આમ શ્રી સોસાની આજ્ઞા મળતાં ઊડતી મુલાકાતની નોંધ તૈયાર કરી જેથી કાયમી યાદગાર રહી જાય. કેટલીક વિશેષ વિગતોમાં શ્રી સોસાની જેવા ઉત્તર ગુજરાત-જામનગરના સંનિષ્ઠ કાર્યકરોનો ઉલ્લેખ કર્યો છે. જે અનુસૂચિત જાતિના છે. રોહિત, વણકર, ગુરુ બ્રાહ્મણ સમાજના છે; ક્યા પક્ષના છે તે મારે મન બહું મોટું નથી. અનુસૂચિત જાતિના છે, સંનિષ્ઠ કાર્યકરો છે અને સમાજ માટે કામ કર્યું છે. સમાજ સેવા કરી છે.

હવે શ્રી સોસાની ઈચ્છા મુજબ તેમના પુસ્તકોના વાંચનની થોડી વિગતો દર્શાવું.

આ પહેલા ‘‘સોસા પરિવાર’’ના લેખકશ્રી ડૉ. મોહન પરમારનો આભાર માની લઉં કે, તેમણે નાથુ સોસાનું જીવનકથન લખી મોટું કામ કર્યું છે.

બીજા માણસની આત્મકથા લખવી એ બહુ કઠીન - મુશ્કેલ કામ છે. પારકી કાયામાં પ્રવેશ કરી - પરકાયા પ્રવેશ કરીને માણસ બીજાની આત્મકથા લખી શકે, ડૉ. મોહન પરમાર એ કામ એટલું જ સુંદર રીતે કર્યું છે. તે બદલ હાર્દિક અભિનંદન...

શ્રી સોસાએ આપેલાં પુસ્તકોનો સેટ સાચવીને મારી પાસે રાખી અમે ‘ફરી મળીશું’ એવો વાયદો આપીને તેમનાથી હું છૂટો પડ્યો. છૂટા પડતાં પહેલાં તેમણે શાલ ઓઢાડી સન્માન કર્યું તે માટે ખૂબ ખૂબ આભાર.

(૧) સોસા પરિવાર માણસાઈ અને મૂલ્યોનું સરવૈયું - આજે જગતમાં આ પૃથ્વી પર સર્વત્ર બધા માણસો છે, પણ માણસાઈ અને માનવતા વાળા માણસો તમને કેટલા જોવા મળ્યા?

પ્રથમ અનુભવે જ નાથુભાઈની માણસાઈ/માનવતા દેખાઈ આવી અને માનવતા અનુભવાઈ.

(૨) મનની ભીતર :- શ્રી નાથુભાઈ સોસા

ચિંતક શ્રી નાથુભાઈ, મોંઢા પર આંગળી રાખી, કાંઈ ગહન વિષયનું ચિંતન કરે છે. તેવી તસ્વીર જોઈ શકાય છે.

પુસ્તકના નિવેદનમાં લેખકે માનવ, માનવી બને તે માટેનું ચિંતન કરેલું છે. ગુજરાતના અગ્રણી કવિ સ્વ. ઉમાંશકર જોષીએ લખ્યું છે કે,

‘‘હું માનવી માનવ થાઉ તો એ ઘણું’’

બીજું બધું પછી, ફક્ત માણસ સાચા અર્થમાં માનવ થાએ તો યે ઘણું છે.

કથની અને કરણી બન્ને એક હોવી જોઈએ. મને લાગે છે કે પુસ્તક ઉપરનો ફોટો જે ચિંતન કરતો બતાવ્યો છે તે આ જ છે. આજના માનવીની કથની અને કરણી એક નથી. એક સામાન્ય માણસથી શરૂ કરી, ગામડાના કરિયાણું વેચનાર વેપારીથી શરૂ કરી, ઉદ્યોગપતિઓ, શિક્ષણકારો, ગ્રામના સરંપચથી માંડીને તાલુકા, જીલ્લા, રાજ્ય અને રાષ્ટ્રકક્ષાના રાજકીય નેતાઓની કરણી અને કથની એક હોય તો દેશ આબાદ બને.

બધે જ આજ પ્રશ્ન છે. મારે મત-માનવ માટે મોટો ધર્મ માનવતા છે. માનવતા સિવાયની ઘણી બધી વાતો કરવી ખોટે રસ્તે દોરવા તે સાચો ધર્મ નથી. મહાત્મા જ્યોતિબા ફૂલે, કબીર સાહેબ, ડૉ. બાબાસાહેબ, દયાનંદ સરસ્વતી, મહાત્મા ગાંધી, રવિશંકર મહારાજ, વિનોબાજી અને બીજા ઘણા બધા વ્યક્તિઓ જાહેર પ્રસિધ્ધિથી દૂર રહી કામ કરનાર વર્ગ પણ છે અને હતો.

આ પુસ્તકમાં, તેમણે હાજર રહી, જુદી જુદી સંસ્થાઓએ તેમનું કરેલું સન્માન, મેળવડાના પ્રસંગો છે. ‘શ્રી નાથુ સોસાને’ સૌ કોઈ સંસ્થા બોલાવે, કારણ કે સંનિષ્ઠ છે, દાતા છે. ઉદાર છે, આવીને સંસ્થાને નાણાંકીય સહાય કરશે જ. સુરત મેઘવાળ સમાજથી માંડીને અનેક સંસ્થાઓએ તેમનું સન્માન કર્યું છે.

શ્રી નાથુભાઈ સોસાએ દરેક પ્રસંગમાં ડૉ. ભીમરાવ આંબેડકરને યાદ કર્યા છે. બાબાસાહેબે બતાવેલ માર્ગે ચાલવા-અનુસરવા સૌ કોઈને જણાવ્યું છે.

બધી જ સંસ્થામાં નાણાંકીય સહાય કરી છે. સૌને પ્રેમથી સારો માર્ગ બતાવ્યો છે. જોઈએ જુદી જુદી સંસ્થાઓની વિગત

(૧) સુરત મેઘવાળ સમાજ. શાળાના પ્રસંગો, સમૂહ લગ્ન, શૈક્ષણિક પ્રસંગો

(૨) સંત રોહિદાસ વંશી પરિવારના પ્રસંગો

(૩) બાળકોના ઈનામ વિતરણ પ્રસંગો

(૪) સવરા મંડળ ઉત્સવ

(૫) માહ્યાવંશી સમાજનો પ્રસંગ

(૬) સાંઈ મંદિર અને અન્ય ધાર્મિક સંસ્થાઓના પ્રંસગો

(૭) ગુજરાત ગુરુ બ્રહ્મ સમાજ - તેજસ્વી તારલાઓનું સન્માન - અન્ય જ્ઞાતિના વિદ્યાર્થીઓનાં સંમેલન

(૮) સમૂહ લગ્નો - જુદી જુદી જ્ઞાતિઓનાં

આમ અનેક પ્રસંગોમાં હાજરી આપી છે. નાણાંકીય મદદ કરી છે. પ્રોત્સાહન આપ્યાં છે.

પુસ્તકો અંગેના પ્રતિભાવ

(૩) ''રત્ન કર્ણિકાએં''

ડૉ. ભીમરાવ આંબેડકરકે વિચારો કા ચયન

આ તબક્કે લેખક નાથુ સોસાને અને હિંદીમાં ભાષાંતર કરનાર શ્રી ચૌહાણને બન્નેને હાર્દિક અભિનંદન. બધા જ વિચારો સુંદર છે, કેટલાક વિચારો જોઈએ

(૧) આપ અપને મનમેં .... સંકલ્પ કરેં ...... તો આપકા ઉધ્ધાર કરનેમેં આપ સ્વયં હી સમર્થ હો જાઓગેં.

તમારો ઉદ્ધાર બીજું કોઈ કરનાર નથી, તમે જાતે જ ઉદ્ધાર - વિકાસ - પ્રગતિ કરી શકશો. (પૃ-૨)

(૨) ગૌતમ બુદ્ધ, સંત કબીર, ઔર મહાત્મા ફૂલે ઈન તીનો વિભૂતિઓ કો ડૉ. આંબેડકર અપના ગુરુ માનતે થે.

આપણે ત્રણેયને પ્રણામ કરી તેમના આશિર્વાદ માગીએ.

(૩) સુખ હંમેશાં દુઃખના અંતમાં પ્રાપ્ત થાય છે. (પૃ-૨૯)

(૪) સનાતની હિંદુઓનું હ્દય પરિવર્તન કરવા માટેનો અવસર આપો, (પૃ-૩૨)

(૫) તેમણે તેમના વતનમાં ‘સવરા મંડપ’ ઉત્સવ વર્ણવ્યો છે. તેમનો પરિવાર અને અન્ય વર્ણના લોકો સાથે ગામના ક્ષત્રિય સમાજના સભ્યોએ પણ સાથે ભોજન લીધું છે. તેમના સંબંધીની ખાધા પછીની થાળી લઈ જતાં એક સવર્ણ થઈ ક્ષત્રિય આ થાળી તેમના પરિવારના સભ્ય પાસેથી લઈને મૂકવા જાય છે. આ છે હ્દય પરિવર્તનનો પ્રસંગ. આવા ઘણાં બધા પ્રસંગો તેમણે તેમના પુસ્તકમાં વર્ણવ્યા છે.

તેઓ વહીવટી ક્ષેત્રમાં પણ નિષ્ણાત છે. રાજ્ય સરકારે તેમની કદર કરી, ગુજરાત પબ્લિક સર્વિસ કમિશનના મેમ્બર બનાવ્યા તે તેમની સેવાની કદર છે. વહીવટી કુશળતા છે. વિદેશનો પ્રવાસ કરેલો છે. ઈંગ્લેન્ડ, કુવૈત, ઈઝરાયેલ, મલેશિયા, થાઈલેન્ડ જઈ આવ્યા છે. (પૃ-૧૫૨)

તેઓનો પોતાનો વ્યવસાય બિલ્ડીંગ કન્સ્ટ્રકશનનો છે. આમ ધંધામાં પણ સારો ધંધો સીલેક્ટ કર્યો છે. અને પોતાની બુધ્ધિ-શક્તિના ઉપયોગથી ધંધો વિકસાવ્યો છે. સામાન્ય લોકોને મદદ કરવી એ તેમનો મોટો મંત્ર છે.

બાળકો શિક્ષણ પ્રત્યે પણ જાગ્રત છે. પોતાના દિકરા અને દિકરીને ઉચ્ચ શિક્ષણ આપ્યું છે.

સૌથી મોટી વાત તેમના પરિવારમાં સંપ છે, એકતા છે, ઈર્ષ્યા, અદેખાઈ નથી.

જેમાં એકતા ટકી છે, અહીં મને થોડું વધારે આશ્ચર્ય થાય છે, કેમકે એકધારી સફળતા વિકાસ, બીજાને ઈર્ષા ઉપજાવે છે. અને તેમાંય નજીકના માણસ જ આ પ્રવૃત્તિનો પ્રારંભ કરે છે. ભારતના બે મોટા ગ્રંથો રામાયણ અને મહાભારત પણ એક નાની ઈર્ષ્યા-

રાજ્યગાદી માટે-કૈકેયી અને મહાભારતનો દુર્યોધન જવાબદાર છે. મહાયુધ્ધમાં ઘણો વિનાશ થયો છે, અત્યારે રશિયાએ યુક્રેન સાથે મહાયુધ્ધ ચાલુ કરેલ છે. ભગવાન બુધ્ધ સૌને સદ્બુધ્ધિ આપે અને વિનાશમાંથી બચાવે.

સંપ અને એકતાથી તેમનું કુટુંબ રચ્યું છે. તે જે શબ્દોમાં વર્ણવો તે વર્ણી શકાય પણ મારે મન પ્રભુકૃપા કરી છે.

વૈશાખ સુદ પૂર્ણિમા આવી રહી છે-ભગવાન બુધ્ધની જન્મ જયંતિ. કરુણાના સાગર, સર્વત્ર પ્રેમ અને દયાના સાગરનો જન્મ થઈ રહ્યો છે. તેવા પ્રસંગે ભગવાન બુધ્ધને વંદન કરું છું. મોરારિબાપુ પણ ભગવાન બુધ્ધની કરુણા અને દયાની વાત તેમની કથાઓમાં કરે છે. 'શ્રી સોસા'નાં બધાં જ પુસ્તકોનું વિમોચન પૂજ્ય સંતશ્રી મોરારિબાપુએ તાજેતરના સમયમાં જ કર્યું છે. તે પણ શ્રી સોસાની વિશિષ્ઠ શક્તિ દર્શાવે છે, અભિનંદનને પાત્ર છે. ભગવાન બુધ્ધના આશીર્વાદ તેમને મળે, વધુ શક્તિ પ્રાપ્ત કરી વધુ સમાજ સેવા કરે, તેવી ભગવાન બુધ્ધને હૃદયની પ્રાર્થના.

સૌ સુખી થાઓ.

બુધ્ધ ભગવાનની કરુણા પ્રાપ્ત થાય ....

શિવશંકર ડી. દવે, નિવૃત નાયબ સચિવ,
પ્લોટ-૪૩૬-બી-૨, સેક્ટર-૮, ગાંધીનગર.
મો. ૯૪૨૭૬-૦૦૩૧૬


# ''સાદગીસભર જીવન''

સોમ વાઘેલા

શ્રી નાથુભાઈ સોસા

આપ તેમજ સમગ્ર પરિવાર કુશળ હશો.

તારીખ ૨૫-૨૬ ઓગસ્ટ ૨૦૨૨ ના રોજ ગુજરાતી દલિત સાહિત્ય પ્રતિષ્ઠાન, અમદાવાદ આયોજિત બે દિવસીય દલિત સાહિત્ય સમારોહ અને કેસરબા પ્રતિષ્ઠાન દલિત સાહિત્ય ઍવૉર્ડ ૨૦૨૨ નું ખૂબજ સુંદર આયોજન સુરતમાં થયું. જેમાં ભાગ લેનાર કવિઓ, લેખકો અને સાહિત્યકારોએ અત્યંત ઉમળકાભેર ભાગ લીધો અને મન ભરી માણ્યો.




આપની આગતાસ્વાગતામાં ક્યાંય પણ ઊણપ ન વર્તાઈ. આપ, આપના પરિવાર અને મિત્રવર્તુળે દરેક મહેમાનોનું ભાવભીના સ્વાગત સાથે, ઉત્તમ પ્રકારની સગવડતાઓ અને સેવાઓ પ્રદાન કરી, જેને મારા માનસપટ પર હજીયે મમળાવ્યા કરું છું. જૂનાગઢ ખાતેના કાર્યક્રમ વખતે એક માર્મિક ટકોર થઈ હતી કે આવો કાર્યક્રમ સુરત ખાતે પણ થાય, આ વાતને આપે વધાવી લીધી અને તેને સાર્થક પણ કરી બતાવી. આપની ઉદારતા અને દાતારીની જે ચર્ચાઓ સમાજમાં થાય છે તેને સ્વયમ ચક્ષુથી નિહાળી અને ધન્યતા અનુભવી. ખાસ કરીને આપ સૌનો સ્વભાવ અને આતિથ્ય નમૂનેદાર લાગ્યું. આટલા મોટા કાર્યક્રમના આયોજનમાં ક્યાંય કોઈ ઊણપ ન રહી જાય તેની કાળજી ખૂબ બારીકાઈથી રાખી તે ખાસ નોંધપાત્ર છે. આપ તથા આપના પરિવાર અને સ્નેહીજનોની શાલિનતા, વિનમ્રતા, સૌજન્યશીલતા અને પ્રેમાળ સ્વભાવ જેવી બાબતો પ્રશંસનીય હતી. કોઈપણ પ્રકારના દંભ વિનાનું સાદગીસભર જીવનની વ્યાપક અસર જોવા મળી. આપે માત્ર પૈસો જ નથી પ્રાપ્ત કર્યો!

પરંતુ પદ, પ્રતિષ્ઠા અને પ્રેમ પણ ભરપૂર સંપાદન કર્યાં છે. આપના અંગત મિત્રોએ પણ એટલો જ રસ લઇ અમારી સેવામાં ખૂબ જ મહેનત અદા કરી સહુની સરભરામાં ક્યાંય કચાશ નથી રાખી. ખાસ તો આપના મિત્ર જગદીશભાઇની સેવાની કદર કરી હું ખાસ બિરદાવું છું. એટલી મોટી હસ્તી હોવા છતાંય, બિલકુલ વિનમ્ર અને સાલસતાથી અમારી ઝીણવટભરી કાળજી લઇ, અમોને સગવડતા પૂરી પાડી છે. તેઓનો હું અંતઃકરણપૂર્વક આભાર વ્યક્ત કરું છું.

ગુજરાતી દલિત સાહિત્ય પ્રતિષ્ઠાન, અમદાવાદના અધ્યક્ષ શ્રી મોહન પરમાર, મહામંત્રી શ્રી રમણ વાઘેલા, ઉપ પ્રમુખ શ્રી નીલેશ કાથડ અને આયોજન મંત્રી શ્રી મૂળજીભાઇ 'દધિ' જેવા સાહિત્યકારોના ઉમદા પ્રયત્નોને કારણે આટલો સુંદર કાર્યક્રમ સુપેરે સફળ રહ્યો. પરંતુ જેણે ખૂબજ તનતોડ મહેનત અને પોતાનો અમૂલ્ય સમય અને ભરપૂર નાણાંનો ઉપયોગ કરી કાર્યક્રમને ચાર ચાંદ લગાવ્યા છે એવા ખાસ તો સોસા સાહેબ અને તેઓના સમગ્ર પરિવારનો સિંહ ફાળો રહેલો છે.

અગાઉ જૂનાગઢ ખાતે યોજયેલો કાર્યક્રમ ખૂબજ ઉત્સાહથી માણ્યો હતો તેમ સુરતના કાર્યક્રમમાં પણ અનહદ આનંદ અનુભવ્યો. સુરત ખાતે રહેવાની સગવડ જે અતિઉત્તમ હતી, તેમજ જમવાની તો ખૂબ મજા આવી. ખૂબ જ સાત્વિક ભોજન સાથે મીઠાઈમાં મોતીચૂરના લાડુ, મગનો શીરો [માજૂમ], સ્વાદિષ્ટ શ્રીખંડ અને ફરસાણ પણ મનભરી આરોગ્યાં. સમગ્ર વાનગીઓ સ્વાદિષ્ટ તો હતી જ, સાથે સોસા પરિવારનો આતિથ્ય સ્નેહ ઉમેરાય પછી બાકી શું રહે? કાર્યક્રમનું સ્થળ 'પરફોર્મિંગ આર્ટ સેન્ટર' નો હોલ પણ યોગ્ય અને સગવડતા ભર્યો લાગ્યો.

ગાંધીનગર, અમદાવાદ તથા ઉત્તર ગુજરાતથી જોડાયેલા કવિ મિત્રોને ટ્રેનમાં ટિકિટની સગવડતા કરી આપનાર શ્રી હિતેન્દ્ર હિતકર ખૂબ ઉપયોગી થયા. જતી અને આવતી વેળાએ ગ્રૂપમાં ખૂબ મજા માણી, અત્યંત રમૂજી શ્રી નગીનચંદ્ર ડોડીયા, શ્રી રામ સોલંકી, શ્રી પુરસોત્તમ જાદવ, શ્રી આત્મારામ ડોડીયા, શ્રી મનુભાઇ શ્રીમાળી, શ્રી મહેન્દ્ર પરમાર, શ્રી રમેશભાઇ દરજી, શ્રી રમેશ પરમાર, શ્રી નટવર વાઘેલા અને થોડો સમય શ્રી રાઘવજી માધડ સાહેબનું સાનિધ્ય પણ મળ્યું. સાહિત્યની અવનવી ચર્ચા સાથેજ રમૂજી વાતોથી સફરનો સમય ક્યાં વ્યતીત થયો તેનો ખ્યાલ જ ન રહ્યો. આત્મારામ ડોડીયા અને રમેશભાઇ દરજી જેવા સિનિયર અને ઉંમરમાં વડીલ હોવા છતાંય, અમારી સાથે બિલકુલ હળીમળી ગયા. ખાસ તો આત્મારામ ડોડીયા સાહેબ ખૂબ જ નિખાલસ અને રમૂજી હોવાનો દરેકને પરિચય થયો. સાથે થોડો રંજ પણ અનુભવ્યો કે શ્રી રમણ વાઘેલા, સાહિલ પરમાર અને મૂળજીભાઇ 'દધિ' જેવા સિનિયર સાહિત્યકારોનો કંપાર્ટમેન્ટ અલગ હોવાથી તેઓનો લાભ ન લઇ શક્યા. સુરત સ્ટેશનથી હોટલ અને હોટલથી સ્ટેશન પહોંચાડવાની બે દિવસની વ્યવસ્થા બે અર્ટીગા ગાડી મોકલી, શ્રી નટવર વાઘેલાના

સુપુત્ર અધિક્ષક ઈજનેર, પાણી પુરવઠા, સુરતના શ્રી શશી વાઘેલાએ કરી અમારાં દિલ જીતી લીધાં. નટવર વાઘેલા પોતે સર્જક ન હોવા છતાં, સાચા ભાવક અને સાહિત્યપ્રેમી છે, સાહિત્યરસિક હોવાને નાતે સાહિત્યના દરેક કાર્યક્રમમાં દૂરના સ્થળે પણ તેઓ અવશ્ય હાજર રહે છે.

કાર્યક્રમના ઉદ્‌ઘાટનના પ્રથમ ચરણમાં, અધ્યક્ષશ્રી ડૉ. મોહન પરમાર, ઉપ કુલપતિ ડૉ. કિશોરસિંહ ચાવડા, કવિ-વાર્તાકાર શ્રી મનોહર ત્રિવેદી, વિવેચક ડૉ. સરીફાબેન વીજળીવાળાએ મનભાવન ઉદ્‌બોધન કરી સૌને મંત્રમુગ્ધ કરી દીધા. પ્રથમ ચરણનું સફળ સંચાલન કવિ-લેખક એવા શ્રી રમણ વાઘેલાએ કર્યું. ત્યારબાદ દ્વિતીય ચરણમાં શ્રી દાન વાઘેલા, શ્રી રાઘવજી માધડ, શ્રી ધરમસિંહ પરમાર, શ્રી મૂળજીભાઈ પરમાર ''દધિ'', ડૉ. સ્વપ્નિલ મહેતા તેમજ નાથુ સોસાએ કર્યું. સાથે આભારવિધિ કુ. સ્વાતિ સોસાએ કરી, તેમજ સંચાલન શ્રીમતી વર્ષા સોલંકીએ કર્યું. તૃતીય ચરણમાં શ્રી કિશન સોસાના અધ્યક્ષસ્થાને કવિ સંમેલન યોજાયું જેનું સફળ સંચાલન શ્રી નીલેશ કાથડે કર્યું, જેમાં અંદાજે ચાલીસ કવિઓએ ભાગ લઈ પોતાની અદ્‌ભૂત રચનાઓ રજૂ કરી, સહુને આનંદમાં તરબોળ કરી દીધા હતા.

બીજા દિવસે સવારના આહલાદક વાતાવરણમાં ડૉ. મોહન પરમારના અધ્યક્ષસ્થાને સભા યોજાઈ. જેમાં શ્રી જેસંગ જાદવના વાર્તાસંગ્રહ 'વાઢ' ઉપર ડૉ. નરેશ શુકલએ તેમજ શ્રી નગીનચંદ્ર ડોડિયાના કાવ્યસંગ્રહ 'પિંજિકા' ઉપર ડૉ. સંધ્યાબેન ભટ્ટે અત્યંત પ્રભાવશાળી ઉદબોધન કર્યું. તેમજ ડૉ. મહેશ દાફડાની નવલકથા બાબતે ડૉ. ભરત ઠાકોરે વિગતે વાત કરી, અને કાર્યક્રમનું સફળ સંચાલન ડૉ. નરેશ વાઘેલાએ કર્યું. પંચમ ચરણમાં નાથુ સોસા પરિવાર પ્રેરિત 'કેસરબા' પ્રતિષ્ઠાન દલિત સાહિત્ય ઍવૉર્ડ ૨૦૨૨ જાણીતા કવિ શ્રી કિસન સોસા સાહેબને અર્પણ કર્યો. તથા ઉપસ્થિત દરેક સર્જકોનું સ્મૃતિ-પુષ્પ વડે સન્માન કરાયું, સાથે નાથુ સોસા સંપાદિત ડૉ. ભીમરાવ આંબેડકરના વિચારોનું ચયન 'રત્નકણિકાઓ', સોસા પરિવાર 'માણસાઈ અને મૂલ્યોનું સરવૈયું' તેમજ અજય પટેલ લિખિત 'ભારતીય બંધારણ અને રાજ્યવ્યવસ્થા' પુસ્તક અને શાલ આપી સૌનું અભિવાદન કર્યું હતું.

આમતો, હું અગાઉ પણ આપની મહેમાનગતિ માણી ચૂક્યો છું, જેની યાદ તાજી કરું તો, આપના દીકરાના લગ્ન વખતે મારા ઉપર એક લગ્ન કંકોતરી આવી. આ લગ્ન કંકોતરી જોઈ હું અને મારું પરિવાર ખૂબ ભાવવિભોર થઈ ગયું. કંકોતરી ખૂબજ કીમતી અને નમૂનેદાર હતી, જેને મેં હજુ સાચવી રાખી છે. પ્રથમ તો એવું લાગ્યું કે આ કંકોતરી ભૂલથી અમારા ઉપર આવી લાગે છે, પરંતુ નામ અને સરનામું બિલકુલ પરફેક્ટ હતું, જેથી વિચારમાં પડી ગયો કે, મારા ઉપર આ આમંત્રણ કેમ આવ્યું હશે? મને આપનો પરિચય બિલકુલ નહોતો, તેમ છતાંય કયા બેઝથી આમંત્રણ આપ્યું હશે? એવા વિચારો

સાથે કંકોતરી ખોલી તો અંદરથી મોંઘીદાટ ચોકલેટો અને સાહિત્યસભર નાનકડી બુકલેટ નીકળી, જેમાં સોસા પરિવારની યશોગાથા વણાયેલી હતી તે હોંશભેર વાંચી નાખી. તે પછી મારા ઉપર આવેલી કંકોત્રીનું અનુસંધાન મળ્યું કે, કદાચ સાહિત્ય જગતના વ્યક્તિ હોઇ મને આમંત્રણ પાઠવ્યું લાગે છે. તેમ છતાંય મે મારા પરમ સ્નેહીશ્રી રમણ વાઘેલાને પૂછ્યું તો કારણ એજ હતું.

મેં મનોમન નક્કી કરી નાખ્યું કે, આ લગ્નમાં મારે જરૂર હાજરી આપવી જ છે. લગ્નના દિવસે હું સુરત ખાતે ગયો, જ્યાં એક અદભૂત લગ્ન સમારોહ [રિસેપ્શન] નિહાળ્યું. જમવાના કાઉન્ટર ઉપર ગયો તો મારી આંખો દેખતી જ રહી ગઇ. જમવાની થાળી લીધી તો સવાલ એ ઊભો થયો કે કઇ વાનગી લેવી અને કઇ છોડવી? તેની મુંઝવણ અનુભવી, કારણકે માત્ર દરેક વાનગી ચાખું તો પણ પૂરી ન થાય અને પેટ ભરાઇ જાય. હું પ્રથમ તો આખા જમણવારના કાઉન્ટરો ઉપર ફરી તે વાનગીઓનાં નામ વાંચતાં વાંચતાં આગળ ચાલતો ગયો, છેલ્લે દરેક પ્રકારના ફ્રૂટના કાઉન્ટરો જોયા. બસ! મારે અહીં અટકવાનું હતું, કારણકે મને ફ્રૂટ ખાવામાં વધુ ઇન્ટરેસ્ટ હતો. મે મારી ચૉઇસ પ્રમાણે દરેક ફ્રૂટની મિજબાની માણી, મારી ક્ષુધા અને પિપાસા તૃપ્ત કરી, મારા ઉદર અને મનને શાંત કર્યુ.

હવે હું આનંદિત થઇ સત્કાર સમારોહ [રિસેપ્શન] હોલમાં ગયો. ત્યાંની સુશોભન વ્યવસ્થા જોઇ ઝૂમી ઉઠ્યો. આમતો, મને અહીં કોઇ ઓળખતું નહોતું, તેથી એકલો અટૂલો બેસી, સમગ્ર રોનક નિહાળી રહ્યો હતો. તેમાં એક નવીન શિરસ્તો જોયો. દરેક ઠેકાણે સ્વાભાવિક રીતેજ નવદંપતી અને તેના પરિવારજનો સ્ટેજ ઉપર હોય અને આવનાર મહેમાનો તેઓની પાસે જઇ શુભેચ્છાઓ તેમજ ભેટ સોગાદો આપી સાથે ફોટો પડાવતા હોય છે. જ્યારે અહીં તેનાથી બિલકુલ ઊલટું નિહાળ્યું. એટલેકે નવપરણિત દંપતી તેમજ તેના માતા-પિતા [સોસા સાહેબનું પરિવાર] ફોટોગ્રાફર અને વિડીયો ગ્રાફર સાથે દરેક મહેમાનોને રબરું મળી આત્મીયતાસભર આવકાર આપી રહ્યાં હતાં. દરેક મહેમાનોને મળી, મારી પાસે પણ આવી ગયા. તેઓ મને ગળે લગાવી મળ્યા, તે દરમિયાન મેં મારી ઓળખ આપી. અમારી આ પ્રથમ મુલાકાત હતી, છતાંય જાણે! કોઇ વર્ષોનો પરિચય હોય તેવો અનુભવ થયો. હું ખૂબ જ આનંદવિભોર થઇ ગયો, મારું આવેલું સાર્થક થયાનો અહેસાસ થયો. આમંત્રણમાં જ સ્પષ્ટતા હતી કે કોઇએ રોકડમાં ચાંલ્લો કે ભેટ સ્વરૂપે કોઇ વસ્તુ આપવી નહિ, જેને સ્વીકારવામાં આવશે નહિ, તેમ છતાંય આવનાર મહેમાનોનો ખૂબજ આગ્રહ હતો કે, અમારા તરફથી રોકડમાં કે વસ્તુના સ્વરૂપમાં ભેટનો સ્વીકાર કરો, પરંતુ સોસા પરિવારે વિનમ્રપણે અને આગ્રહપૂર્વક, સવિનય અસ્વીકાર કર્યો. આ બધુ નિહાળી હું તો કંઈક ઓર અભિભૂત થયો.

સોસા પરિવારની યશગાથા ચોમેર પથરાયેલી છે, તેનો રૂબરૂ પરિચય તે દિવસે

થયો તેનો અનહદ આનંદ અનુભવ્યો. ભાવનગર પંથકના વતની આજે સુરતને પોતાની કર્મભૂમિ બનાવીને, આજે પણ વડવાઓની વિચારધારા મુજબ વર્તી રહ્યા છો તેને હું આવકારું છું. આપની મહેમાનગતિ માણીને એવું લાગે છે કે, આવી સહુને મહેમાનગતિ અવારનવાર માણવા મળે. આપના વડવાઓની ઉદારતા અને દાતારીને અનુસરીને આપે આપના વડવાઓની શાન અને કીર્તિ વધારી છે. હું વિચારોમાં એવો તો ચકડોળે ચઢ્યો છું કે, અંદાજે બસો અઢીસો વર્ષ પહેલાં, જે આખા ગુજરાત અને ગુજરાત બહાર નાણાંનો ધીરધાર કરતા હશે, તો તે સમયે તેઓની કેવી શાખ અને પ્રતિષ્ઠા હશે?


આ પરિવારની એક ઊડીને આંખે વળગે એવી ખાસ બાબત જોવા મળી કે, આખો પરિવાર આજે પણ એક માળાના મણકાઓની જેમ પરોવાયેલો જણાયો, અને સોસા પરિવારના વડીલોનું ખાસ મહત્ત્વ જોવા મળ્યું. સદાય આ પરિવારમાં આવો પ્રેમભાવ જળવાઈ રહે તથા આપના પરિવારની યશગાથાઓની સુગંધ ચારેકોર પ્રસરે તેવી અંતરની શુભેચ્છા સાથે મારી કલમને વિરામ આપું છું. સંજોગોને આધીન પત્ર પાઠવવામાં વિલંબિત થયો છું, જે બદલ ક્ષમા યાચના!

## સોસા પરિવારની દિલાવરી

દાતારીને દિલાવરી, અમે ખુદ નિહાળી આજ,
વડવાઓનો વારસો જાણે, શોભે શિર પર તાજ!
સોસા પરિવારના સદગુણો, ચોમેર આજ મહેકાય,
સીમાઓ વળોટી નીકળી, કીર્તિ ઘણી પંકાય!
સંઘાણા ઉજ્વળ કર્યું, આજે સુરત ઝગમગ થાય,
ગુજરાત ગૌરવ પામતું, એ દસે દિશ વંચાય!
દામ કમાયા અતિ ઘણા, ન શબદનો છોડ્યો સાથ,
સરિતા વહી સાહિત્ય તણી, રચી અનેરી ભાત!
મેઘવાળ સમાજનો મોરલો, તે કળા થકી વર્તાય,
સુવાસ રેલાવી સમાજમાં, તે દેખી દિલ ઉભરાય!
મહેમાન તેડાવ્યા આંગણે, આપ્યો મધુ આવકાર,
બોલ્યો 'સોમ' ગદગદ બની, ખૂબ માનું આભાર!
**જય ભીમ, નમો બુધ્ધાય, સાધુ .. સાધુ .. સાધુ ..**

સોમ વાઘેલા,
ગાંધીનગર.
મો. ૬૩૫૯૬-૩૧૫૬૦

# સમાજને ઉન્નતિના પંથે પ્રેરતું પ્રતિભાશાળી વ્યક્તિત્વ



**થોભણ પરમાર**
(પૂર્વ આચાર્ય, નગન પ્રા. શિ. સમિતિ, સુરત.)

નાથુભાઈ સોસા સાથે છેલ્લા સત્તર-અઢાર વર્ષથી મારો પરિચય છે. નગર પ્રા.શિ. સમિતિ, સુરત સંચાલિત શાળામાં આચાર્ય તરીકે હું ફરજ બજાવતો હતો તે સમયે તેઓ, (સને-૨૦૦૫થી ૨૦૧૦) સુરત મહાનગરપાલિકા શિક્ષણ સમિતિમાં સદસ્યપદે નિયુક્ત થયા હતા. શાળાકીય વહીવટી કાર્યાર્થે સમિતિની ઓફિસે અવારનવાર જવાનું થતું ત્યારે, ઘણી વખત તેમની સાથે મુલાકાત થતી, તેમની સાથેના પ્રથમ પરિચયે જ મને તેમના શિક્ષણનિષ્ઠ ઉમદા વ્યક્તિત્વનો ખ્યાલ આવી ગયેલો. શિક્ષણ સમિતિની પેટા સમિતિ એવી ભવન કમિટીના કન્વીનર તરીકે તેમણે જવાબદારી સંભાળેલી હતી. તેમના કાર્યકાળ દરમિયાન શાળાઓનાં નવાં મકાન નિર્માણમાં અને શાળા મેદાનોમાં વૃક્ષારોપણના અભિયાનમાં તેમનું કાર્ય પ્રશંસનીય રહેલું. નાથુભાઈ, સમાજ સેવાના ક્ષેત્રે ઘસાઈને ઊજળા થનારા પ્રેરણાદાયી માણસ તો ખરા જ પરંતુ તેથી વિશેષતો તેઓ મને, ભારતરત્ન પૂજ્ય ડૉ. બાબાસાહેબ ભીમરાવે ચીંધ્યા પંથે, શિક્ષણ સંગઠન થકી છેવાડે ઊભેલાં વંચિતોના બંધારણીય અધિકાર વાસ્તે પ્રતિબદ્ધ થઈ સતત મથનારા કર્મઠ વ્યક્તિ લાગ્યા છે. આમતો તેઓ શિક્ષણ ડિગ્રીમાં B.Sc. કરેલું હોઈ, બિલ્ડિંગ કંટ્રકશનના વ્યવસાયે સમૃદ્ધ છે પણ, વધુ આનંદ એ બાબતનો છે કે, જાહેર જીવનમાં સક્રિય થયા પછીય તેઓ એક અભ્યાસુ વિદ્યાર્થીની જેમ, નિરંતર વાંચતા વિચારતા રહ્યા છે. મહામાનવ ડૉ. આંબેડકરના જીવનકર્મનાં અનેક પુસ્તકો વાંચીને સાહિત્ય સર્જકતા પ્રતિ પ્રેરાઈ તેઓ પોતાની ભીતર સંવેદન સૂઝથીઃ ‘‘રાષ્ટ્ર નિર્માણના શિલ્પી ડૉ. આંબેડકર’’, ‘‘મનની ભીતર’’ તથા ‘‘રત્નકણિકાઓ’’ (સંપાદન) વગેરે પુસ્તકો લખીને આપણા વિશેષ આદરને પાત્ર બન્યા છે. તેઓ રાજ્ય સરકારશ્રી દ્વારા જીપીએસસીના સભ્યપદે નિયુક્ત થયા હતા તે પણ, સામાજિક ઉન્નતિનું અભિનંદનીય પ્રેરક દૃષ્ટાંત છે. શિક્ષણ અને સાહિત્યિક કાર્યક્રમોના કુશળ આયોજક તથા અચ્છા વ્યવસ્થાપક સુજ્ઞશ્રી નાથુભાઈ સોસાની યશસ્વી જીવન યાત્રા હજીયે વધું ઊર્જાવાન

બનીને ઊંચાં શિખરો આંબતી રહે, એવી દિલથી શુભેચ્છાઓ સાથે, તેમના કર્તવ્યનિષ્ઠ દાયિત્વને બિરદાવતાં આ તકે આનંદની લાગણી અનુભવું છું.

## યુગ દૃષ્ટાનું સ્વપ્ન હતું

તેમણે...
લીધા જે સંકલ્પ
એ આપણે પાળ્યા નહીં
તેમને ગમતાં'તાં જે સૂરમાં
એ ગીત આપણે ગાયાં નહીં
ચીંધી'તી તેમણે જે દિશા
એ રસ્તે આપણે
એકજોર જુસ્સે આગળ ઝૂઝયાં નહીં.
મિત્રો... આ વિશાળ ધરા પર તેમણે
પૂજા બંદગીનાં આલીશાન
થાનકોના બદલે
જાતિ કોમનાં જીર્ણ કૂંડામાં
જળ સિંચવાને બદલે,
શાળા-મહાશાળાનાં ભવ્ય ભવનો રચનાનાં
શોધ-સંશોધનના નૂતન આવિષ્કારમાં
શોષણ કુપોષણ વિહીન
સમાનતા - બંધુત્વનું નવું જગત સર્જવાનાં
સુખનાં રળિયામણાં સ્વપ્નાં જોયાં'તાં
આપણા એ.. રાષ્ટ્ર ઉદ્ધારક
મહાનાયક...
ડૉ. બાબાસાહેબ ભીમરાવે...

**થોભણ પરમાર**

## ગેં ગેં ફેં ફેં કરતા થઈ ગયા...!

ઑપરેશન
થિયેટરમાં
ડૉક્ટર ધારતા'તા એવું
સારણ ગાંઠ જેવું
પેટ-આંતરમાંથી તો
કંઇ ના નીકળ્યું,

પણ.. જ્ઞાનતંતુમાં
પરાપૂર્વથી જામી ગયેલા
વર્ણભેદના કાળમીંઢ
ચેપી ગઠ્ઠાને જોઈ
તબીબ મહાશય થથરી ગયા,
રુધિરમાં સદીઓથી ઊછરેલા
નફરત ફેલાવતા
વિષયુક્ત ભેદીગઠ્ઠાને
મૂળ સોંતો વાઢવા
ને પીડા જીવલેણ મિટાવવા
કરતો રહ્યો હું વિનંતી
લોકશાહી મૂલ્યોનાં રક્ષણમાં
પણ..
ફૉરેનરિટર્ન એ.. ગોલ્ડમેડાલિસ્ટ
ન્યુરો સર્જન
ગેંગેં ફેંફેં કરતા કરતા
મૂકીને હથિયાર હેઠાં
કણસતા બિચારા
દર્દીને છોડી રામ ભરોસે
લપાતા છૂપાતા થઈ ગ્યા છૂ..
ઊડીને હવાઈ મારગે પરદેશ!

**થોભણ પરમાર,**
૨૨, સરિતા રો હાઉસ, L.P. સવાણી સ્કુલ પાસે,
CNG પંપની બાજુમાં અડાજણ-પાલ,
સુરત-૩૯૪૫૧૦
મો. ૯૮૨૪૭૨૩૩૦૬

# લીલુંછમ વટવૃક્ષ

**રમેશભાઈ વી. ગોહિલ**

શ્રી નાથુભાઈ સોસા,

વંદન સર આપને.

આપના પરિવારની ગૌરવગાથા વર્ણવતા લેખ શ્રી મોહનભાઈ પરમાર દ્વારા લખાયેલ પુસ્તક 'સોસા પરિવાર માણસાઈ અને મૂલ્યોનું સરવૈયું' મેં વાચ્યું, જેમાં પુસ્તકના આગળના પેજમાં સૂકાઈ ગયેલ જમીન અને લીલુંછમ વટવૃક્ષ છાપેલ છે તેજ ખરેખર સોસા પરિવારની કહાની દર્શાવે છે.

અગાઉના સમયમાં જ્યારે આપણા સમાજને અન્યાય, અત્યાચાર અને અસંખ્ય રીતે જીવવા માટે મુશ્કેલી પડતી હતી, આપના સોસા પરિવારના જીવન વિશે વાચ્યું તો તમારા જેવા વડિલોના જીવનની ખુમારી વિશે જાણીને થોડું દુઃખ હળવું થાય છે. આમ આપણા સમાજમાં તમારા જેવા ગૌરવશાળી પરિવારોની ગાથા સાંભળતાં અમને એટલે કે આપણા સમાજને ગૌરવ થાય છે.

આપણા સમાજમાં આવા ભવ્ય ગૌરવવંતા પરિવારો કદાચ હશે, જેમની ગૌરવગાથા આપણે આપણા સમાજ સમક્ષ મૂકી શક્યા ન હોય અથવા જાણી શક્યા ન હોય કારણ કે, આપણી પાસે ગાથાઓના પ્રચાર, પ્રસાર માટે યોગ્ય લેખકો, અથવા કોઈ એવા સ્ટેજ કે જેના માધ્યમથી આપણે આવા પરિવારોની ગાથા રજૂ કરી શકીએ તે ન હોવાથી આપણને તેની માહિતી હોતી નથી.

આપણા સમાજના લોકો હમેશાં સૌની સાથે રહીને આગળ આવવા માટે પ્રયત્ન કરે છે પરંતુ સામા પક્ષે આપણી જાતિના કારણે, આપણી સતત બાદબાકી થતી રહી છે. આશા રાખીએ કે, આપણી સાથે થતા ભેદભાવ, સામેવાળાના સ્વાર્થ વગર ઓછો થાય અને આપણે તથા આપણો દેશ આગળ આવે.

તમારા પરિવારનો જીવનસંઘર્ષ વાંચીને, આપણા સમાજના સૌ લોકોને તેમાંથી પ્રેરણા મળે છે અને જીવનમાં કેમ જીવવું અને આગળ વધવું તે સમજી શકાય છે.

એક ચિંતન :- કહેવાય છે કે કોઈ પણ સમાજમાં શબ્દનું બહું મહત્વ છે જેના ઉદાહરણરૂપે બાબા સાહેબે જે કોઈ તે વખતમાં બહાર પાડેલા સામાયિકો, પેપરો નામ

જેમકે બહિષ્કૃત ભારત, મૂકનાયક જેમાં શબ્દ પરથી લોકો વિચારતા થાય. હાલ આપણને આપણા સમાજને આપણા સમાજના લેખકો, આગેવાનો અને રાજકરણીઓ આપણા સમાજને 'દલિત' (કચડાયેલો વર્ગ) તરીકે પ્રસ્થાપિત કરવા આપણે જ મથી રહ્યા છીએ, જેમાં કોઈપણ અનુજાતિના લોકો ક્યારેય ગૌરવ લઈ શકે તેમ નથી. કારણ કે, આજે આપણા સમાજમાં પણ ઘણા ઉદ્યોગપતિઓ, મોટા મોટા ધનપતિઓ છે; જે દલિત કહી શકાય નહિ, તો મારા વ્યક્તિગત મત મુજબ આ શબ્દનો ઉપયોગ જે રીતે લેખકો અને આપણો સમાજ કરી રહ્યો છે તે યોગ્ય નથી.

આપ જાણતા હશો તેમ, આપણો સમાજ મેઘવાળ છે જેમાં આપણે ચાર ભાગમાં વહેંચાયેલો છીએ. (૧) મહેશ્વરી (૨) ગુર્જર (૩) મેઘવાળ (૪) ચારણીયા તો આ બધા એક થઈને આપણે મેઘવંશી ન થઈ શકીએ અથવા તો અનુ જાતિથી આપણે એક ન થઈ શકીએ?

તમારા પરિવારના ગૌરવવંતા ઈતિહાસ વિશે વાંચી, આપણો સમાજ ભવિષ્યમાં અનેકગણા પરિવારો સમાજને મળે એવી આશા સહ...

રમેશભાઈ વાઘજીભાઈ ગોહિલ,
હાલ, રાજકોટ હેડ પોસ્ટ ઓફિસ
હું પોસ્ટમેન તરીકે ફરજ બજાવું છું.
મો. ૯૮૨૫૩૫૩૯૩૨

# પ્રેરણામૂર્તિ અને સમાજ હિતચિંતક

**રમણ વાઘેલા**



*કવિશ્રી રમણભાઈ વાઘેલાને બંધારણ અને મૉમેન્ટો અર્પણ કરતા શ્રી મનુભાઈ દુદાભાઈ સોસા*

ડૉ. ભીમરાવ આંબેડકર અને સ્વામી વિવેકાનંદની વિચારધારાથી પ્રભાવિત એવા નાથુભાઈ સોસા સમાજ હિતચિંતક અને કર્મશીલ હોવા ઉપરાંત સહુ ઉપર વ્હાલ વરસાવનાર અવ્વલ દરજ્જાના સજ્જન છે. આપ બળે અવિરત મુસીબતોની વનરાઈ વચ્ચે આગવી કેડી કંડારી, નિર્માણક્ષેત્રે નામ કમાઈ સુરત શહેરને કર્મભૂમિ બનાવી વીર મેઘમાયા ચોક અને ડૉ. આંબેડકર ભવન-બૌધ્ધ વિહાર, સુરત ખાતે નિર્માણ કરી, સમાજ પ્રત્યેનું ઋણ અદા કર્યું છે.

અતીતના ઊંડાણમાં જઈએ તો, સોસા પરિવારના પૂર્વજોએ ગ્રામ્ય વિસ્તારના સહુ કોઈ ધંધા-રોજગારમાં પ્રવૃત્ત થઈ આર્થિક સફળતા પ્રાપ્ત કરે તે હેતુસર ધીરધારના વ્યવસાયમાં ઝંપલાવી, ગુજરાત ઉપરાંત મહારાષ્ટ્ર-મુંબઈના સાહસિકોની આર્થિક જરૂરિયાતોને સંતોષવામાં-પરિતોષવામાં મહામૂલો ફાળા આપ્યો છે. આ બધી વિગતો-

જિકર 'સોસા પરિવાર-માણસાઈ અને મૂલ્યોનું સરવૈયું'માં સુપેરે સચિત્ર આલેખાઈ છે. જાણીતા વાર્તા-નવલકથાકાર મોહન પરમાર અને નાથુભાઈ સોસા વચ્ચેના સંવાદમાંથી નાથુભાઈના વ્યક્તિત્વનાં ઊજળાં અને અવનવાં પાસાંનો પરિચય પ્રાપ્ત થાય છે. તેઓના જીવતવૃત્તાંતના ઉક્ત પુસ્તકમાં નાથુભાઈએ યુવાવયે દાખવેલ સામાજિક ચળવળનાં એંધાણ પ્રાપ્ત થાય છે.

અગાઉ ઉલ્લેખ્યા મુજબ, ડૉ. બાબાસાહેબ આંબેડકરની વિચારધારાને વરેલા નાથુભાઈ સોસાએ 'રાષ્ટ્રનિર્માણના શિલ્પી ડૉ. ભીમરાવ આંબેડકર' અને 'રત્નકણિકાઓ' એમ બે પુસ્તકો સ્વતંત્રપણે આલેખ્યાં છે. 'સોસા પરિવારઃ માણસાઈ અને મૂલ્યોનું સરવૈયું' સહિત આ ત્રણે પુસ્તકોના હિન્દી અને અંગ્રેજીમાં અનુવાદ પ્રકાશિત થયા છે, એ તેઓની સાહિત્ય પ્રીતિની સાહેદી પૂરે છે.

ગુજરાત જાહેર સેવા આયોગના સભ્ય રહી ચૂકેલા નાથુભાઈ સોસા આજના યુવકો માટે પ્રેરણામૂર્તિ અને સમાજ માટે હિતચિંતક તરીકે મશાલની ગરજ સમાન છે. રાજકીય ગતિવિધિઓથી સભર માહિતીપ્રાપ્ત નાથુભાઈ સોસાની સેવાઓનો મહત્તમ લાભ વિકસિત સમાજને આગળ લાવવામાં ઉપયોગી બનતો રહેશે એવી કામનાસહ

જય ભીમ!


રમણ વાઘેલા, નાયબ સચિવ (નિવૃત)<br>
પ્લોટ. નં. ૬૫૨/૨ સિધ્ધાર્થ પાર્ક,<br>
સેકટર-૮, ગાધીનગર-૩૮૨૦૦૭<br>
મો. ૬૩૫૮૭૪૦૬૧૬

# જવાબદારીની મોંઘી જણસઃ શ્રી નાથુભાઇ સોસા





**રમેશભાઈ પરમાર,**
તંત્રી,
બાવન શ્રી સામાયિક.


જેનામાં સમજદારી અને જવાબદારીનો સુભગ સમન્વય રચાયો છે, એવી એક જીવન જહાનવી એટલે નાથુભાઇ સોસા. ‘‘પે બૅંક ટુ સોસાયટી’’ માં સર્વોત્તમ પ્રદાન કરનારાઓની એક યાદી તૈયાર કરવામાં આવે તો, એક નામ પૂરા આદરથી લેવાય એવું છે; નાથુભાઇ સોસા. ભાવનગરના સાંગણાના આંગણામાંથી જેણે અસ્તિત્વના ઉત્સવનો આરંભ કર્યો એવા નાથુભાઇ સોસા, આજે સુરતમાં સેવા, સહકાર અને ઉદ્યોગ સાહસિકતાનું પાક્કું સરનામું બની ગયા છે. સુરતના અડાજણનું આ એક અજોડ વ્યક્તિત્વ કે જેણે સુરતને પોતાની કર્મભૂમિ બનાવી અને સવાયા સુરતી તરીકે પોતાની આગવી ઓળખ પ્રસ્થાપિત કરી. શૂટ બૂટમાં સજ્જ અને અમિતાભ બચ્ચન જેટલી ઊંચાઇ ધરાવતા સોહામણા નાથુભાઇની વૈચારિક ઊંચાઇ પણ સફળતાના ઉત્તુંગ શિખરે પહોંચી શકવા જેટલી સક્ષમ છે. એક મળવા જેવા માણસ, એક વાંચવા જેવા સાહિત્યકાર અને પોંખવા જેવા દાતા એટલે નાથુભાઇ સોસા. નર્મદની નગરી સુરતમાં સાહિત્યનું સદા સર્વદા સામૈયું કરવા તત્પર એવા સાહિત્યકાર નાથુભાઇને એકાદા લેખમાં આલેખવા એ અઘરું કાર્ય છે. ગાગરમાં સાગર ભરવા જેવું છે, પરંતુ એમના લેખન કૌશલ્ય અને સાહિત્ય પ્રીતિના સહવાસમાં આવીએ ત્યારે ખૂબ માન થઇ આવે એવા માનવંતા લેખક છે. એટલે કલમને ઝાઝી નિરાંત છે.

ગુજરાત વિદ્યાપીઠની વિશાળ લાઈબ્રેરીમાં નાથુભાઇ સોસાના પુસ્તકો પર નજર પડી અને જેમ જેમ એક એક પુસ્તકોમાંથી પસાર થવાનું થયું ત્યારે એક દલિત આગેવાન, એક રાષ્ટ્રવાદી વિચારધારાને વરેલો રાજકીય આગેવાન, અને પરપીડાને સમજનારો એક સંવેદનશીલ નાગરિક, અને સ્વાનુભવથી સર્જન કરતો સર્જક, મારા હૃદયમાં પ્રતિષ્ઠિત સર્જક તરીકે સ્થાન પામતો ગયો. અને હું એમને એક અહોભાવથી વાંચતો ગયો. ડૉ. ભીમરાવ આંબેડકરના વિચારોનું ચયન કરતું એક દળદાર પુસ્તક ‘‘રત્નકણિકાઓ’’માંથી જ્યારે પસાર થવાનું થયું ત્યારે, એમનો ‘આંબેડકર પ્રેમ’ ઊડીને

આંખે વળગ્યો. બાબા સાહેબ ના સમગ્ર જીવનનું પ્રતિબિંબ પાડતા હોય તેવા વિચાર રત્નોને, તે આ પુસ્તકમાં અંકિત કરતા ગયા છે. જેમ જેમ વાંચવાનું થયું તેમ તેમ શ્રી નાથુભાઇ સોસાનું વિશિષ્ટ અને વિચક્ષણ વ્યક્તિત્વ સ્પષ્ટ થતું ગયું.

તો નામ ને નમસ્કાર
દુનિયા કરે દેવજી
દેવજી સોસાના દીકરા
ચારેય ભાઈઓ સવાયા એલડી.
નાથુ અણનમ છે
દિલાવર કરસનને ડાયા
દાનવીર સોસા દેવજી
ભવોભવનું બાંધી ગયા ભાથું
એ પછી અજવાળી તમે
નાની ઉંમરમાં નાથુ
પુરુષાર્થમાં વાપર્યા પૈસા
બાંધીને મંડપના બેઠા
કર્યા સંધાણે પુનના કેડા
નાત તેડાવીને નાથુ....

ચાંદીની ચમચ મુખમાં લઈને જન્મેલા, સમાજ શ્રેષ્ઠી નાથુભાઇ સોસા ક્યારેય છક્યા નથી. અને ગમે ત્યારે ગમે તેવું બક્યા નથી. હા, પણ દાનની વાત આવે ત્યારે તેઓ જ હંમેશા ગંગાની જેમ જરૂર છલકાયા છે. દાન આપીને અંતરમનમાં મલકાયા છે. ક્યારેય તોછડાયા નથી. હા ક્યાંક તો શિલાલેખ બનીને સૌની આંખોમાં તારાની જેમ ચમક્યા છે.

સુરતના ગણેશપુરા વિસ્તારમાં બૌદ્ધ વિહાર બનાવીને ભવિષ્યની પેઢીને બૌદ્ધ દર્શનનો માર્ગ મોકળો કરી આપ્યો છે, તો વીર મેઘમાયા ચોક બનાવીને દલિત સંતો પ્રત્યેની પ્રતિબદ્ધતાનો પરિચય આપ્યો છે. પરોપકારી સંતોને પરોપકારી વૃક્ષોની જેમ ઊગાડયા છે, સંતોના જીવન કવનને ઉજાગર કરવાનો સંનિષ્ઠ પ્રયાસ કર્યો છે. નાથુભાઇ સોસાના માર્ગદર્શનમાં સોસા પરિવાર દ્વારા એક વિશાળ ''ડૉ. આંબેડકર ભવન'' બનાવીને માત્ર રાષ્ટ્ર પુરુષો પ્રત્યેની નિષ્ઠા જ નહિ, પરંતુ ઈતિહાસના અડાબીડ વનમાંથી દલિત દિવાકરોને દીવાદાંડીની જેમ માનવ સાગરમાં પ્રસ્થાપિત કર્યા છે. સાહિત્ય પ્રત્યેની એમની પોતાની એક આગવી સૂઝ બુજ છે... કિસન સોસાનું જેટલું ઉજ્જવળ નામ છે એટલું જ તેજસ્વી નામ નાથુભાઇ સોસાનું છે... વાર્તા વિશ્વમાં જેનો સૂરજ ઝળહળી રહ્યો છે, એવા સુપ્રસિદ્ધ વાર્તાકારશ્રી ડૉ. મોહનભાઇ પરમાર સાહેબ સાથે એક વાર્તાલાપમાં નાથુભાઇ કહે છે;

''દલિત સમાજના લોકો શિક્ષણ લે તે જ એકમાત્ર મંત્ર હોવો જોઈએ.''

''જે ક્ષેત્રમાં તમે કામ કરતા હશો તે ક્ષેત્રમાં પોતાની અનિવાર્યતા સિદ્ધ કરવી પડશે.''

આવી ઘણી બધી વાતો એમણે અલગ અલગ ફોરમ પર કરી છે, પરંતુ આનંદની વાત એ છે કે, એમણે આ બધી જ બાબતોને આચરણમાં મૂકી છે. હીરા ઉદ્યોગમાં એમણે પોતાનો હાથ કુશળતાપૂર્વક અજમાવ્યો અને સફળ થયા. બિલ્ડીંગ કન્સ્ટ્રક્શનમાં તેમણે જે જે સાહસો કર્યાં, એ બધા જ એકમોમાં સફળ રહ્યા છે. એમની આ ભવ્યાતિભવ્ય સફળતા પાછળ એકમાત્ર કારણ એમની સમાજ અને રાષ્ટ્ર પ્રત્યેની શુભનિષ્ઠા.

અને આ જ અંદાજમાં તેમણે કલમ ઉપાડી અને એમના શબ્દોએ લોકોના હૃદયમાં વસવાટ કરવાનું શરૂ કર્યું.

''મનની ભીતર'' જેવા મૂલ્યવાન પુસ્તકમાં ૭૧ જેટલા સામાજિક કાર્યક્રમમાં એમનો સાક્ષી ભાવ ચિંતનાત્મક સ્તરનો છે...

'રાષ્ટ્ર નિર્માણના શિલ્પીઃ ડૉ. ભીમ રાવ આંબેડકર અને રત્નકણિકાઓ'

આ બંને પુસ્તકોમાં એક દલિત સમાજ પ્રત્યેના ઉત્તરદાયિત્વનો વૈચારિક ચાંદ સોળે કળાએ ખીલ્યો છે.

નાથુભાઇ સોસાની જીવનશૈલી અને એમની પારિવારિક પરંપરાઓનો દસ્તાવેજી ચિતાર આપણને શ્રી ડૉ. મોહનભાઇ પરમાર લિખિત ખૂબ જ મહત્વકાંક્ષી પુસ્તક 'સોસા પરિવારઃ માણસાઇ અને મૂલ્યોનું સરવૈયું' માંથી પ્રાપ્ત થાય છે. આ પુસ્તકમાંથી જ્યારે આપણે પસાર થઇએ છીએ ત્યારે, સોસા પરિવારની સમૃદ્ધિ અને જાહોજલાલીનો ચિતાર જોવા મળે છે. એમની ઉદારતા અને એમની દાન પ્રીતિ ઉફાન પર જોવા મળે છે.

છેલ્લા ૨૨૫ વર્ષથી એમનો પરિવાર ધીરધારનો ધંધો કરતો હતો એટલે લક્ષ્મી, મહાલક્ષ્મી અને વૈભવ લક્ષ્મી એમના જીવનમાં ડગલેને પગલે પૂજાતી જોવા મળી છે. પણ આશ્ચર્યની વાત એ છે કે, આટલી મોટી ભવ્ય જીવન ગાથામાં ક્યાંય ઘમંડ ડોકાયો નથી. આજે પણ ખૂબ જ સરળ અને ઋજુ હૃદયના એ માલિક છે. એમની સાહિત્યપ્રીતિના કારણે એક વિશાળ મૈત્રીવિશ્વનું એ નિર્માણ કરી શક્યા છે અને સૌનો આદર પણ પામી શક્યા છે. નાથુભાઇના જીવનમાંથી મને એક ખાસ સંદેશો જોવા મળ્યો કે 'સૌનો સાથ સૌનું સન્માન'

ગુજરાત વિદ્યાપીઠમાં તેમના પુસ્તક, 'ડૉ. આંબેડકર અને રત્નકણિકાઓ' વાંચન દરમિયાન મને શ્રી નાથુભાઇ સોસાને મળવાની ઇચ્છા થઇ અને એ તક મળી ગુજરાત દલિત સાહિત્ય પ્રતિષ્ઠાન અને કેસરબા પ્રતિષ્ઠાન સમારોહ, સુરત ખાતેના સંમેલનમાં. ગુજરાત દલિત સાહિત્ય પ્રતિષ્ઠાનનું વાર્ષિક સંમેલન સુરત ખાતે યોજાયું. અને એનું યજમાન પદ આ યશસ્વી પુરુષ શ્રી નાથુભાઇ સોસાના શિરે આવ્યું. જાણે કે તેઓ શ્રી

આ અવસરની જ પ્રતીક્ષા કરતા હતા, જાણે કે તેઓશ્રી સાહિત્ય સેવાના અનન્ય અવસરની આતુરતાપૂર્વક રાહ જોઇ રહ્યા હતા અને એ રળિયામણી ઘડીનું ઉમળકાભેર સ્વાગત થયું. દલિત અને લલિત સાહિત્યકારોનો એક જોરદાર મેળાવડો નાથુભાઇ સોસાના સંપૂર્ણ માર્ગદર્શનમાં, સોનાની મુરત સમી નર્મદની નગરી સુરતમાં થયો. ગુજરાત દલિત સાહિત્ય પ્રતિષ્ઠાન એમની પડખે હતું, એમના સહકારમાં હતું અને એની સફળતાનું શિલ્પી હતું, પરંતુ નાથુભાઇ સોસાનું આયોજન બેનમૂન હતું. એમની આતિથ્ય ભાવના આકાશને આંબી જનારી હતી.. એમની વિશાળ ભાવનાનાં ભીનાં ભીનાં વાદળો સતત વરસતાં રહ્યાં અને સૌ સર્જક મિત્રો એમાં ભીંજાતા રહ્યા... થોડીક વાર તો એવું લાગ્યું કે, સાહિત્યનો આ શામિયાણો જાણે શાહજહાંનો ''દીવાને ખાસ'' હોય અને દરબારમાં અનમોલ રત્નો ઉપસ્થિત હોય એવાં એવાં દ્રશ્યો દેખાઇ રહ્યાં હતાં. સાહિત્યનું મિષ્ટાન પીરસાતું રહ્યું અને સૌ એનો આસ્વાદ માણતાં રહ્યાં. સમગ્ર કાર્યક્રમ દરમિયાન નાથુભાઇ ખૂબ જ સક્રિય અને ઉત્સાહી રહ્યા અને સેવાસરિતા વહાવતા રહ્યા અને એટલે જ દલિત સાહિત્યકારોના મુખપર પ્રશંસાના પુષ્પો ખીલતાં રહ્યાં. પ્રસન્નતાની શીતળ હવા લહેરાતી રહી. ક્યાંક કવિતાઓ કોયલની જેમ ટહૂકા કર્યા કરતી જોવા મળી, તો ક્યાંક વિવેચનનો મોર પણ કળા કરતો જોવા મળ્યો. આ યશસ્વી પળોના સર્જકશ્રી નાથુભાઇ સોસા હતા. જોકે સોસા પરિવાર પૂરી લગન અને ધગશથી પોતાની આતિથ્યભાવના દર્શાવી રહ્યું હતું. એમના પરિવારનાં બધાંજ માનનીય સદસ્યો બાઅદબ ઉપસ્થિત હતાં અને સેવા સુશ્રુષા કરી રહ્યાં હતાં.

શ્રી મોહનભાઇ પરમાર, શ્રી નિલેશ કાથડ અને શ્રી રમણ વાઘેલાજીનું સૌજન્ય પણ અદ્‌ભૂત હતું. બે દિવસીય શિબિરમાં બે દાયકા ચાલે એટલો આનંદ માણ્યો. આજે પણ કોઇ સુરત શબ્દ બોલે છે તો, અડાજણ નો એ પરફોર્મિંગ આર્ટનો એ હોલ જ યાદ આવે છે... સર્વોત્તમ કક્ષાની સુવિધાઓ ઉપલબ્ધ કરાવીને નાથુભાઇ સોસાએ, એ સાબિત કરી દીધું હતું કે, જો કોઇના હૃદયમાં સ્થાન પામવું હોય તો સ્નેહ, સેવા અને સહકાર વિના સંભવિત નથી. આ સમગ્ર કાર્યક્રમ દરમિયાન એમના ચહેરા પર જે પ્રસન્નતા જોઇ, જે સ્ફૂર્તિ અને તાજગી જોઇ એ કાબિલેદાદ હતી.. કોઇને પણ મળ્યા છે તો એના હાથોમાં નાથુભાઇના હૃદયની છાપ અંકિત થયેલી જોવા મળી છે. જેણે પણ મુખ ખોલ્યું છે એના મુખમાં શ્રી સોસાની અનુપમ અને અદ્વિતીય આતિથ્ય સરભરાની જ સરાહના હતી.

અવસર ભલે સાહિત્યનો હતો, પરંતુ આદિત્ય તો નાથુભાઇ સોસાની સદભાવનાનો ચમકતો હતો !

બે દિવસીય શિબિરમાં ભલે કવિતા વિવેચન અને નાટકોની ચર્ચા થઇ, પરંતુ કાર્યક્રમના અંતથી આજ સુધી નાથુભાઇ સોસાની ઉદારતા, વિશાળતા અને

લાગણીશીલતાની ચર્ચા થઇ રહી છે...

હું અહીયાં એમના પ્રભાવની બિલકુલ વાત નથી કરતો. હું વાત એમના સૌજન્યની કરું છું, હું વાત એમના વિવેક અને પરગજુ સ્વભાવની કરું છું; કારણકે એમના થકી જે પ્લેટફોર્મ પીઢ અને નવોદિત લેખકોને મળ્યું છે, એનો વિસ્તાર થઇ રહ્યો છે એટલે એ પ્લેટફોમ ઘણા બધાને જગાવી ગયું છે, ઘણા બધાને પ્રકાશિત કરી ગયું છે, તો ઘણા બધા માટે આત્મવિશ્વાસનો નવો અધ્યાય કરતું ગયું છે. કારણકે કોઇપણ સકારાત્મક ઘટના એ માનવ જીવન ઉપર પ્રગાઢ અસર છોડે છે. સુરતનું એ સાહિત્યિક સંમેલન પણ લોકમાનસમાં ચિરસ્મરણીય બની ગયું, એટલે આપણે એના જનક શ્રી નાથુભાઇ સોસાને સ્મરણમાં લાવીએ એ વંદનીય છે.

અહીંયા આપણે એમની પ્રશંસા નથી કરતા પણ આ વાસ્તવિકતા છે. એક પ્રતિભાશાળી, પરોપકારી અને કુશળ નેતૃત્વનો ત્રિવેણી સંગમ જેનામાં થયો છે એ નાથુભાઇ સોસા એક સાચા રાહબર, એક પ્રબુદ્ધ માર્ગદર્શક અને એક પ્રબળ દલિત હિતચિંતકના રૂપમાં ઊભરી આવ્યા છે. એટલે કેટલીક હકીકતો આપણે મૂકવી પડે છે. એમના જીવનમાં રાજકારણનો રંગ પણ છે તો સમાજ સેવાનો ઉમંગ પણ છે. એમની રગરગમાં સાહિત્યનો સત્સંગ પણ લાગેલો છે.. મૈત્રી ભાવનું પવિત્ર ઝરણું એમના હૃદયમાં વહેતું રહ્યું છે એ અલગ અલગ અવસરોમાં સૌને આકર્ષતું રહ્યું છે.

એક બહુમુખી પ્રતિભાના માલિક શ્રી નાથુભાઇ સોસા એક અનુકરણીય જીવન જીવી રહ્યા છે એમનું વર્તન હંમેશાં ઉદાહરણરૂપ બન્યું છે. એ નાના મોટા પ્રોજેક્ટને પાર પાડીને એક દાખલો બેસાડે છે. એમના જીવનનો સૌથી મોટો સાર છે કે તેઓ સ્વચ્છ પ્રતિભાના માલિક છે. સોનામાં સુગંધ ભળી છે કે, તેઓ શારીરિક માનસિક અને બૌદ્ધિક રીતે સંપૂર્ણ સ્વસ્થ છે. એમનું શરીર સૌષ્ઠવ હકારાત્મકતાનો પૂરાવો છે. એમની જીવન રીતિ માણસાઇની પ્રતીતિ છે..

એમનું જ્ઞાન અને કર્મ ઈમાનદારી અને પ્રમાણિકતાનું પ્રમાણપત્ર છે.

એમણે એમના દેવજી સોસા ખોરડાની ખાનદાનીને ઉજ્જવળ બનાવી છે અને આજે પણ એમનું દર્શન, ધર્મ-અર્થ-કામ અને મોક્ષ પ્રતિ છે. એક અદના નાગરિકના રૂપમાં, સાહિત્યના સર્વશ્રેષ્ઠ ઉપાસક તરીકે અને ઉત્કૃષ્ઠ સમાજસેવી તરીકે તેઓ પ્રતિબદ્ધ છે. એક સફળ, સમર્થ અને સાર્થક જીવનના કસબી શ્રી નાથુભાઇ સોસા એક સમજદાર અને જવાબદાર નાગરિકની ભૂમિકા બખૂબી નિભાવી રહ્યા છે... એમની જીવનયાત્રા બેહદ ખુશીઓથી સભર રહે.


રમેશભાઇ પરમાર,<br>
C-૨૦૨, વિશ્વાસ સીટી, આર. સી. ટૅકનિકલ રોડ,<br>
ડાહીબા હોલ પાસે, ઘાડલોડિયા, અમદાવાદ મો. ૯૯૦૪૫૧૫૮૭૬

# એક અવસરમાં

**મનોહર ત્રિવેદી,** સચિન



લેખકશ્રી મનોહર ત્રિવેદીને મૉમેન્ટો-બંધારણ આપી સન્માનતા (ડાબેથી) શ્રી ગીગાભાઈ દુદાભાઈ સોસા

૧ : ક્યાં છો તમે ? દીકરા સમીપ સાથે, સચિન - સૂરતઃ મેં પૂછ્યુંઃ બોલ, શી વાત છે?

ભ્રમણભાષના સામે છેડેથી મોહન (પરમાર) બોલ્યોઃ ગુજરાતી દલિત સાહિત્ય પ્રતિષ્ઠાનના કાર્યક્રમમાં તમારે અતિથિવિશેષ તરીકે ઉપસ્થિત રહેવાનું છે. નમ્રતાપૂર્વક એણે ઉમેર્યુંઃ આમ તો તમે જ હોવા જોઈએ પણ પ્રતિષ્ઠાનના મિત્રોના આગ્રહવશ મારું અધ્યક્ષસ્થાન રાખ્યું છેઃ મેં કહ્યુંઃ શો ફેર પડે છે, મોહન? તું જે સ્થાને હોઈશ, ત્યાં હું મને કલ્પી જ નહીં, અનુભવી પણ શકીશ.

એ કહે દલિત સર્જકોનાં સન્માન અને પુરસ્કૃત કરવાનું આયોજન છે. સૌજન્ય નાથુભાઇ સોસાનું છે.

પૂછ્યું મેંઃ કોણ નાથુભાઇ?

એણે કહ્યુંઃ મળવા જેવો માણસ છે. એમની સાથે પરિચય કરવો તમને ગમશે.

... પણ, પરંતુ મળવાનું ક્યાં છે, એ તો કહે!

સૂરતમાં. તમને નિમંત્રણપત્રમાં તમામ વિગત મળી જશે. મેં સંમતિ આપતાં કહ્યુંઃ

''ભલે હું આવીશ, કેમ કે ત્યાં તું હોઈશ.''

૨ : 'ગુજરાત દલિત સાહિત્ય પ્રતિષ્ઠાન - અમદાવાદ'ના ઉપક્રમે સૂરત ખાતે આયોજન કરવામાં આવ્યું હતું. આમંત્રણપત્રિકામાં સંયોજક તરીકે નામ હતું નાથુ સોસાનું. મોહન દ્વારા પ્રશંસાની જે નાનકડી નીક વહાવાઈ હતી તેમાં ઝબોળાવા હું પણ ઓછો આતુર નહોતો. ચચ્ચાર વરસથી સચિનમાં વસતો હોવા છતાં (બબ્બે વર્ષ કોરોનાના જીવલેણ કાળને કારણે ઘરમાં જ કેદી બનીને રહેવું પડેલું) સૂરતથી અજાણ. ચારેક દાયકા પહેલાં આ શહેરના અનેક મહોલ્લામાં ઘૂમી વળેલો, એ સૌ તો અજાણ્યા થઈને મોં સંતાડી ઊભા રહે છે. ભાણેજ હરીશ અહીં, મારી નિકટ વસે છે, એને કહ્યું, ચાલ, જવું છે. એ અહીં દાયકાઓથી વસે છે. અહીંના રસ્તા એના પગને સૂંઘે ને ઓળખી લે. અમે 'પરફોર્મિંગ આર્ટ સેન્ટર, એલ પી સવાણી રોડ, અડાજણ જવા રિક્ષા બાંધી. સેન્ટરમાં ગયા અનેક પરિચિત-અપરિચિત દલિત સાહિત્યકારો પોતપોતાની ટોળીઓ જમાવીને વાતોના તડાકા મારે. આંખો મળે ને રાજી થાય. મળે, ભેટે.

એમ જ પ્રતિષ્ઠાનનો મોભી મોહન (પરમાર) મળી ગયો. ઝનૂન કહેવાય કે ઉમળકો? - એવા કોઈ વચ્ચેના ભાવથી અમે મળ્યા. એણે કહ્યું, તમે આવ્યા તે ખૂબ ગમ્યું. મેં પૂછ્યુંઃ નાથુભાઈ ક્યાં?

મારું બાવડું ઝાલીને કહે, આવો, મળીએ.

૩ : મળ્યા, ચાની ચુસકિયાંમાં ને વાતોના તડાકામાં નિમગ્ન અનેક મિત્રોના વાંસામાં ધબ્બા અમારા તરફ વાળ્યા, ભેટયા ને એમ મળ્યા. ખબરઅંતર, સ્નેહથી તરબતર થઈને મળ્યા. મનમાં અજાણ ને વણપ્રીછેલા નાથુ સોસાને મળવાની તલપ હતી. મળ્યા, મંચસજ્જામાં ખોવાયેલ નાથુ સોસા મળ્યા. વરસોની ઓળખાણ હોય એવા હરખથી મળ્યા. ઉત્સાહમાં અંદરની પરિચયની પડીકી ખોલતા, ગુજરાત જાહેર સેવા આયોગના આ પૂર્વસભ્યશ્રી કહેઃ તમારો દીકરો ને અત્યારે જે ભાવનગર મહાનગરપાલિકાની શિક્ષણ સમિતિનો ચેરમેન છે તે મારો મિત્ર છે. અમે એકમેકના અનેક કાર્યક્રમમાં સાથે જ હોઈએ છીએ. આટલા શબ્દો જ દૂરતા ઓગાળવા માટે કાફી હતા. પર્ફોમિંગ આર્ટ સેન્ટરનો સભાખંડ, નામ પ્રમાણે હોવો જોઈએ, તેવો જ ચિત્તાકર્ષક. અહીં જ બે દિવસ માટે દલિત સાહિત્યકારોનો એમની વિવિધ કૃતિઓને કારણે દબદબો જળવાવાનો હતો ને ઉચિત સન્માન થવાનાં હતાં.

૪ : મંચ તરફ દોરી ગયા દલિત સાહિત્ય પ્રતિષ્ઠાનના અધ્યક્ષશ્રી મોહન પરમારને, અતિથિવિશેષ શરીફા વીજળીવાળાને, મનોહર ત્રિવેદીને આપણા નાથુ સોસા. ૨૦૨૨ ના સન્માન સમારોહ માટેના પ્રથમ ઉદ્ઘાટન સત્રનો દોરપ્રતિભાવાન દ. સાહિત્યકાર રમણ વાઘેલાએ સંભાળ્યો. સ્વાગતવચન નાથુભાઈએ ઉચ્ચાર્યાં. આભારથનનો ભાર ભાઈ નરેન્દ્ર વેગડાને સોંપાયો હતો. પુષ્પગુચ્છ અર્પણ થયાં. શાલ દરેકના સન્માનનું

નિમિત્ત બની.

મારા માટે માત્ર નાથુ સોસા જ નહીં, વારસામાં ત્રણ ત્રણ પેઢીનું ગૌરવ સચવાઈને, આખા વ્યક્તિત્વને લીંપીગૂંપીને ઊજળુંસબાણ કર્યું હતું, તેની કથા સાંભળતાં યોગ્ય કાર્યક્રમનો હિસ્સો બન્યાની પ્રતીતિ થઇ. છપ્પનિયામાં વ્યાજવટું સંભાળતા વડદાદા ને એ વખતે એ ભામાશાએ વહાવેલી નાણાંની નદી, રાજવીની બાજુમાં બેસી આપેલી ધરપત ને મરતીવેળાએ ઉઘરાણીના ચોપડા બાપીકા કૂવામાં પધરાવી દેવાની કરેલી આજ્ઞા ને વ્યાજવટાનો ધંધો હવે પછીની પેઢી નહીં કરે, એવું સંતાનો પાસે મૂકાવેલું પાણી, વારસાઇ ધંધાને ઉદ્યમથી ઉજળો રાખવાની આપેલી શિખામણઃ આવી વાતું સંભળાવતા નાથુ સોસા, વચ્ચે વચ્ચે પૂરક માહિતી આપતા ભાઈઓ અને કાકા. સમારંભ કોઈને અણસાર ન આવે એમ કુટુંબકબીલાના મનોરથમાં ફેરવાઇ ગયો.

સાહિત્યના જુદા જુદા નામકરણ ને પ્રકારોમાં વહેંચવાની પોતાની અરુચિની, શરીફાબહેન વીજળીવાળાએ બેઝિક આલોચના કર્યા પછી,

દિશાદિશાના વાર્તાવિશ્વને એમણે દૃષ્ટાંતરૂપ ખોલી આપી, સૌને ન્યાલ કરી દીધા. આ લખનારે પોતાના કુટુંબ, અભણ અને રૂઢિચુસ્ત બા-માં ક્રમશઃ આવેલો સમજ અને સમભાવયુક્ત બદલાવની માંડીને, અનેક પ્રસંગો સંભારીને મૂકી આપી. પુત્રીનું શિષ્યત્વ બા સમયે સમયે કેવું ગૌરવવંત કરતાં ગયાં તે કહી સંભળાવ્યું ને સમજાવ્યું કે પોતપોતાની જ્ઞાતિથી ઉપર ઊઠીને સમરસ સમાજ તરફ કઇ રીતે ગતિ કરી શકાય ને સાંસ્કૃતિક વારસાને ઉજ્જવળ ભવિષ્ય ભણી લઇ જવા અગ્રેસર બની શકાય.

૫ : ૨૫ ઓગસ્ટ ૨૨, ગુરુવારની રાત્રિની બેઠક કવિસંમેલનમાં ફેરવાઈ. કવિમિત્ર કિસન સોસા અધ્યક્ષસ્થાને બિરાજમાન થયા, મહેરબાન પણ થયા, ચાલીસેક કવિઓની ઉપસ્થિતિ જોઇને! અનિવાર્યપણે તેઓ કોઇને નિવારવા નહોતા માગતા. આ સૌનો મંચ હતો. દલિત-લલિતના ભેદ ન અડખે ચડ્યા, ન પડખે. અહીં એક પર્વની ઉજવણી હતી. એમાં ક્યાંક આક્રોશ વ્યક્ત થતો હતો, કોઇ કોઇ રચના ઠઠ્ઠાનો સ્વાંગ સજીને સામાજિક કડવી બાજુનેય ખોલી આપતી હતી. કોઈએ ગીતને સહારે કે ગઝલના પ્રહારે પોતપોતાની નિસબત મૂકી આપી હતી. જીવનની કટુ સચ્ચાઇ હતી એમ આનંદની અભિવ્યક્તિ પણ હતી. મારા જેવા અદલિત સર્જકે, 'સદાશિવ ચૂપ છે' જેવી દલિત ગઝલ દ્વારા મુખડા ક્યા દેખે દર્પનમેં કહેનારને, દર્પણ બતાવ્યું. હા, અહીં કાવ્યના કોઇ પણ પ્રકારને મૂકવાની મોકળાશ હતી. આવે વખતે થાય, ભલે, ધીમે ધીમે પણ, સૌ મોકળાશ તરફ ડગ માંડી રહ્યાં છીએ.

કિશન (અમારા બંનેની જન્મતારીખ એક છે!) ઉપરાંત, ભી ન વણકર સાહેબ, દાન વાઘેલા (આ સોતે મારો પડોશી), સાહિલ પરમાર, કિરણસિંહ ચૌહાણ, ભરત ઠાકોર, ભીખુ વેગડા, નરેન્દ્ર વેગડા, મૂળજીભાઇ પરમાર 'દધિ', છગન બાજક, અનેક

ગઝલસંગ્રહનો સ્વામી ભરત વાળા, જિતુ વાઢેર, પ્રવીણ સરવૈયા, ગૌરાંગ ઠાકર, રમણ વાઘેલા, આત્મારામ ડોડિયા, બાબુભાઈ નાયક, પરશોત્તમ જાદવ અને બહેન હર્ષા ચૌહાણ - આ સભા એટલે ફળભારથી લચી પડેલી જમરૂખડી! શક્ય છે કે, આમાં કોઈ નામ છૂટી ગયાં હોય. ક્ષમસ્વ.

લલિત - દલિતનાં આવરણ જેમ કવિસંમેલનમાં નજરે ન ચડ્યાં એમ મધુરેણ સમાપયેત - માં ચડે એવો તો સંભવ જ નહોતો. ભોજનનું ઉપરાંત જે જે ખર્ચ આવવાનું હતું એનું સૌજન્ય તો નાથુભાઈએ જ હોંશે હોંશે દાખવ્યું હતું. આગ્રહ અને ઉમળકો ઊડીને આંખે વળગતાં હતાં. એક મધુર સંસ્મરણની બચકી બંધાઈને મિત્રો અને નાથુભાઈએ અમને 'આવજો' જ ન કહ્યું, કાકા કાકા કહેતા એમના એક આહીર ભેરુના પુત્રને ગાડી લઈને મોકલ્યો ને અમને ઘર સુધી છોડી આવવા કહ્યું. આટલી કાળજી અને ચિંતા કરનારને આંગણે તો વારંવારપૂગી જવું ગમે.

૬ : તા ૨૬ ઓગસ્ટ ૨૨ ને મંગળવારે સવારે એટલે કે બીજા દિવસે, દલિત સાહિત્યની યાદગાર કૃતિઓની ચર્ચા થવાની હતી. અધ્યક્ષસ્થાન પરબના સંપાદક ને વાર્તાવિશ્વના ઊંડા અભ્યાસી ભરત મહેતા સંભાળવાના હતા. ભી. ન. વણકરની વિશેશ ઉપસ્થિતિ હતી. અધૂરા ઓરતા (નવલકથા - ડૉ. મહેશ દાફડા) વક્તા ભરત ઠાકોર, વાઢ (વાર્તાસંગ્રહ - જેસંગ જાદવ) વક્તા ડૉ. નરેશ શુક્લ પિંજિકા (કાવ્યસંગ્રહ - નગીનચંદ્ર ડોડિયા) વક્તા ડૉ. સંધ્યા ભટ્ટ ઉપરાંત નરેશ વાઘેલા સંચાલન અને આભારવિધિ વાર્તાકાર મિત્ર દશરથ પરમારને સોંપાયું હતું (આ હતું - હતા - નો પ્રયોગ અમે બીજે દિવસે આવી શક્યા હોત તો ન કરવો પડ્યો હોત!)

૭ : છેલ્લો અને સર્જક માટેનો સ્મરણીય ક્રમ સવારે સાડા દસથી સાડા બાર દરમ્યાન, નાથુ સોસા પરિવાર પ્રેરિત 'કેસરબા પ્રતિષ્ઠાન' દ્વારા અર્પણ થનાર દલિત સાહિત્ય ઍવૉર્ડનો હતો. મોહન પરમારના અધ્યક્ષપદે યોજાયેલ આ આખરી પડાવમાં વિશેષ ઉપસ્થિતિ સર્વશ્રી ભી. ન. વણકર, નાથુભાઈ, રમણ વાઘેલા, નીલેશ કાથડની રહી હતી ને સમાપન અધ્યક્ષીય ઉદ્ગાર સાથે ને એલ ડી સોસા (નિવૃત્ત પી આઈ) નાં આભારવચનના ઉચ્ચાર સાથે સંપન્ન થયું. બંને દિવસ આવી શકાયું હોત તો, મનમાં જે આછો ડંખ રહી ગયો તે ન રહ્યો હોત! પરંતુ અમરતનાં છાંટણાં મળે તોય જીવને ટાઢક તો મળે જ! નાથુભાઈ, આવાં આવાં કામ કરીને સમાજમાં સમરસતા વિસ્તરતા રહો.

ધન્ય અને ધન્યવાદ

મનોહર ત્રિવેદી, સચિન
મો. ૯૩૨૭૭૦૩૯૦૬૮

# નાથુભાઇ સોસા
# માણસાઇ અને મૂલ્યોનો સમન્વય

**ડૉ. ભરત ઠાકોર**



*ડૉ. ભરત ઠાકોરને મૉમેન્ટો અપર્ણ કરતા જિગર સોસા*

જાણીતા ચિંતક-લેખક અને સમાજસેવી એવા શ્રી નાથુભાઇ સોસા, અનુસૂચિત જાતિ સમાજના હિતેચ્છુ છે. નાથુભાઇ જે પરિવારમાંથી આવે છે, એ પરિવારના સામાજિક અને વ્યક્તિગત જે જીવન મૂલ્યો છે, તે મૂલ્યોનું પ્રગટીકરણ વર્ષોથી તેમના પરદાદાઓથી આજપર્યંત થતું આવ્યું છે. તેઓ શાળામાં અભ્યાસ કરતા હતા, ત્યારથી રમત-ગમત અને સેવાકીય પ્રવૃત્તિ કરતા આવ્યા છે. નાથુભાઇ સોસા જુદા જુદા ક્ષેત્ર સાથે સતત પ્રવૃત્ત રહે છે, જેમ કે વર્તમાનમાં સહકારક્ષેત્રે પણ પ્રવૃત્તિશીલ છે. તેમણે જુદાં જુદાં નિમિત્તે વિશ્વના અનેક દેશોનો ખૂબ નાની ઉંમરમાં પ્રવાસ કર્યો છે. તેમનું વ્યક્તિત્વ સૌને સાથે લઈને ચાલનારું છે, તેઓ અન્ય સમાજો સાથે સામાજિક સમતા, મમતા અને સમરસતાનું દ્રષ્ટાંત પૂરું પાડે છે.

ભારતીય ઈતિહાસના કાળખંડમાં રાજા રજવાડાઓના સમયથી જ સોસા પરિવાર દ્વારા ધીરધારનો ધંધો કરીને, ગુજરાત અને આજુબાજુના રાજયોમાંથી વિવિધ સમાજોના

લોકો ધિરાણ લેવા આવતાં હતાં, સોસા પરિવારની આર્થિક સ્થિતિ ખૂબ સારી હતી. સોસા પરિવારની ઉદારતા અન્ય સમાજની સાથે અનુસૂચિત જાતિ સમાજના લોકો સાથે વ્યવહારમાં ઉદારતા જોવા મળે છે. તેમના પરિવાર દ્વારા થતી આ વ્યવસ્થા આજથી લગભગ ૨૦૦ વર્ષ પહેલાંથી જ સફળતાપૂર્વક નિભાવી છે. સોસા પરિવારની આર્થિક સ્થિતિ સારી હોવાના કારણે, પછીના સમયમાં તેમના પરિવારમાં શિક્ષણનો વ્યાપ ખૂબ વધ્યો છે. તે આજે નાથુભાઇના પરિવારના પરિચય દ્વારા મળે છે.

સોસા પરિવારનો વર્ષો જૂનો ધીરધારનો વ્યવસાય, ઉપરાંત તેમના પરિવાર દ્વારા વણાટકામ, ઘીનો વેપાર અને પછી ધીમે ધીમે ખેતી તરફ વળેલો આ પરિવાર દેશને આઝાદ થયે ૭૫ વર્ષ પૂરાં થયાં છે ત્યારે, સમાજની અંદર રાજકીય અને સામાજિક મત-મતાંતર અને મતભેદો વચ્ચે એક સ્થિર, સંનિષ્ઠ અને સમાજ હિતચિંતક પરિવાર તરીકે આજે તેમની આગવી ઓળખ સમાજમાં જોવા મળે છે. નાથુભાઇ સોસાના પરિવારની પોતાની પરંપરાના સંસ્કાર અને જીવનમૂલ્યોની જાળવણી કરીને, અનુસૂચિત જાતિ અને ભારતના અન્ય સમાજસાથે સારા વ્યવહારનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડીને સમરસતાનું દ્રષ્ટાંત પૂરું પાડે છે. સામાજિક સમરસતામાટે પોતાના પરિવાર દ્વારા, પોતાના સમાજથી શરૂ કરીને, અન્ય સમાજો સુધી લઇ જઇને, રાષ્ટ્ર નિર્માણમાં એક અદના વ્યક્તિનું કેવું વિશિષ્ટ પ્રદાન હોઇ શકે તે, નાથુભાઇ સોસાના વ્યક્તિત્વમાં જોઇ શકાય છે.

નાથુભાઇ સોસા તાજેતરમાં જ ગુજરાત જાહેર સેવા આયોગના સભ્ય તરીકે સેવા આપી ચૂક્યા છે. તેમની આ નિર્વિવાદ, પ્રામાણિક સેવા, તેમની ચોકસાઇ, ચીવટ અને નિષ્ઠાનું પ્રમાણ આપે છે. તેવો સામાજિક અગ્રણી તો છે જ. તેની સાથોસાથ એક કુશળ બિઝનેસમેન પણ છે. આજે જ્યારે જાતિવાદની ચરમસીમા દેશમાં ક્યાંકને ક્યાંક પ્રગટ થતી જોઇ શકાય છે, તેવા સમયે અનુસૂચિત જાતિમાંથી આવતા હોવા છતાં પણ, સવર્ણ સમાજ સાથે પોતાના કુશળ વ્યવસાયથી સૌના પ્રિય છે. એક તરફ વ્યવસાયિક લોકો છે, બીજી તરફ સમાજના હિતચિંતકો છે, તો ત્રીજી બાજુ સમાજના વારસાને સાહિત્ય દ્વારા જીવંત રાખનારા એવા સારસ્વતો સાથે પણ તેમનો વિશેષ નાતો રહ્યો છે. થોડા સમય પૂર્વે જ તેમણે પોતાનાં માતૃશ્રીની સ્મૃતિમાં ‘કેસરબા સાહિત્ય પુરસ્કાર’ની શરૂઆત કરી. આ તેમના પરિવારનું નોખું અનોખું કાર્ય છે. તેમણે હંમેશાં સમાજના છેવાડાના વ્યક્તિની ચિંતા અને તે પરત્વે ચિંતન કર્યું છે. તેમણે સમૂહલગ્ન દ્વારા, સામાજિક મેળાવડાઓ દ્વારા, સાહિત્યકારોના સંમેલનો દ્વારા, એક કુશળ અને સફળ વ્યક્તિ તરીકે પોતાની ભૂમિકા અદા કરી છે.

વર્તમાન માન. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીના આગ્રહથી તેમણે પોતાના પરિવાર વિશેની ગાથા-કથાનું સામાજિક, સાંસ્કૃતિક અને ઐતિહાસિક રીતે મૂલવી શકાય તેવું ‘સોસા પરિવાર’ - માણસાઇ અને મૂલ્યોનું સરવૈયું જાણીતા નવલકથાકાર

ડૉ. મોહન પરમાર દ્વારા લખાયું છે. આ પુસ્તકમાં સોસા પરિવારની વર્ષો પહેલાંની ધીરધારની પરંપરા અને એમાં સોસા પરિવારનું સામાજિક અને ઐતિહાસિક પ્રદાન નોંધનીય બની રહે છે. નાથુભાઇ સોસા દ્વારા રાષ્ટ્ર નિર્માણના શિલ્પીઃ ડૉ. ભીમરાવ આંબેડકર અને રત્નકણિકાઓ, એ બે પુસ્તકો ગુજરાતીમાં લખાયાં છે, જેના હિન્દી અને અંગ્રેજી બંને ભાષામાં અનુવાદ પણ થયા છે. તેમના દ્વારા 'મનની ભીતર' જેવું મૂલ્યવાન પુસ્તક પણ મળે છે. જેમાં તેમનું સર્જનાત્મક અને ભાવવહી ચિંતન આપણને સાંપડે છે. તેમના પરિવાર દ્વારા, આબાલ વૃદ્ધ સૌને સમાન તક અને ન્યાય મળે, તેવી ઉમદા ભાવના તેમના વ્યક્તિત્વમાં દેખાય છે. નાથુભાઇ સોસા જાહેર જીવનમાં પ્રવૃત્ત છે. તેમને ડૉ. બાબાસાહેબ આંબેડકરજીના વિચાર ગમે છે, એટલે તેઓ પણ સમાજ અને રાષ્ટ્રની ચિંતા અને ચિંતન સતત કરતા રહે છે. દેશકાળની બદલાતી પરિસ્થિતિમાં પોતે અને પરિવાર પણ સતત બદલાતાં રહ્યાં છે, સહુને સાથે લઈને ચાલવાની આપણી ભારતીય પરંપરા તેમના વ્યક્તિગત જીવનમાં અને તેમના પરિવારના ઈતિહાસમાં આપણને ભલીપેર જોવા મળે છે. આ તેમની સફળતાનું રહસ્ય છે, એવું મને લાગે છે.

ડૉ. ભરત ઠાકોર, પ્રદેશ મહામંત્રી,
અખિલ ભારતીય સાહિત્ય પરિષદ ગુજરાત
પ્રાધ્યાપક, ગુજરાતી વિભાગ,
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત.
મો. ૯૯૭૪૯૨૫૯૦૭

# કાવ્યાત્મક પ્રતિભાવોની રસ લહાણ

NATHU SOSA



## એ. કે. ડોડિયા (આત્મરામ ડોડિયા)

સ્નેહી શ્રી નાથુભાઈ સોસા,

નમસ્કાર,

પરિવારસહ કુશળતા ઈચ્છુ છું.

ઓગષ્ટ ૨૫ અને ૨૬ એમ સુરત ખાતે બે દિવસીય દલિત સાહિત્ય પ્રતિષ્ઠાનના સમારોહમાં આપની પરોણાગત ક્યારેય વિસરી શકાય તેમ નથી. આવી ઉત્તમ પ્રકારની સગવડ પહેલીવાર દલિત સાહિત્ય સર્જકો અને કર્મશીલોને આપના તરફથી પૂરી પાડવામાં આવી, તે તમામને ગદ્દગદ્દ કરી મૂકે તેવી હતી. વળી આ સમારોહમાં દરેક સર્જક અને કર્મશીલને આપે પુરસ્કૃત પણ કર્યા અને દરેકનું સન્માન પણ ભવ્ય રીતે કર્યું, તે પણ દરેક માટે યાદગાર બની રહેશે.

શ્રી કિસનભાઈ સોસા મારા માટે એક આદરણીય વ્યક્તિત્વ રહ્યું છે. મારા પ્રથમ કાવ્ય સંગ્રહ ''સૂર્યોન્મુખ''નું વિમોચન તેમના હસ્તે ૧૯૯૯માં થયેલું તેમને આ વેળા ''કેસરબા'' સાહિત્ય એવોર્ડ અપર્ણ થયો. તેમજ આ સમારોહમાં આવવાનું તેમજ ડૉ. મોહન પરમારનું પણ સન્માન થયું, તે બાબતે આ કાર્યક્રમ મહત્વનો બની રહ્યો. સાહિત્ય જગતના દિગ્ગજો પણ આ સમારોહમાં સાંભળવા મળ્યા તે પણ ખૂબ ગમ્યું.

આ સમારોહમાં આપના પરિવારની ૨૨૫ વર્ષની યશગાથા વિવિધ વક્તાઓ દ્વારા જાણવા મળી. એક વણકર કુંટુંબ આવી ભવ્ય સિધ્ધિ હાંસલ કરે, સન્માન મેળવે અને ઉચ્ચ ગણાતી જ્ઞાતિવાળા નાણાં લેવા આવે તે જાણીને રોમાંચિત થવાયું. હું પોતે વણકર છું એટલે આપના પરિવારની ગૌરવગાથા પણ અનુભવું છું.

મારા પિતાશ્રી સામ્યવાદી હતા, એટલે તેઓ ધર્મને પણ નહોતા માનતા અને જ્ઞાતિવાદને પણ નહોતો માનતા. મારામાં પણ એ બાબત ઉતરી આવી છે અને હું પણ જ્ઞાતિવાદને નથી માનતો. આપણા સાહિત્યમાં જોડાયેલા તમામ પોતાના સગા જ છે તેમ સમજીને ચાલું છું.

આપે ભેટમાં આપેલા પુસ્તકો પણ જ્ઞાનમાં, સમાજમાં વૃધ્ધિ કરનારાં છે. સંવિધાનગ્રંથ દરેકને ઉપયોગી થાય તેમ છે. મારી બહેન વિવિધ પરીક્ષાઓ આપે છે તેમાં પણ તે ઉપયોગી થશે.

બે દિવસીય સમારોહ ખૂબ આનંદથી માણ્યો. યાદગાર રહેવાનો છે. આ બદલે હું આપનો આભારી છું. હવે આગળના સમારોહમાં આપની મુલાકાત થતી રહેશે તે વાતનો પણ આનંદ વ્યક્ત કરૂં છું. આપે કલમ દ્વારા અભિવ્યક્ત થવાનું શરૂ કર્યું છે, એટલે ઘણી અજાણી ઘટનાઓ વગેરે જાણવા મળશે.

બસ એજ.

એ. કે. ડોડિયા (આત્મરામ ડોડિયા)
૪૫, સંજયનગર સોસાયટી (સુમીન પાર્ક)
જી. ડી. હાઈસ્કુલ રોડ, સેજપુર બોધા,
અમદાવાદ - ૩૮૨૩૪૫
મો. ૯૪૦૮૩૯૧૧૮૧

## ''યાદગાર અવસર એટલે નાથુભાઈ સોસાના પુસ્તકોનો લોકાર્પણ કાર્યક્રમ, પૂ. મોરારિબાપુના ગામ તલગાજરડામાં ભવ્ય ઉત્સવ''

**મનોજ પરમાર 'પારસ' ''કાંરૂપા''**

ઘણીવાર અનાયાસ મળતી પળો ખૂબ આહ્‌લાદક હોય છે. તા. ૧૧મી માર્ચ, ૨૦૨૨ના રોજ આવી જ એક સફરનો અવસર પ્રાપ્ત થયો. કવિઓ અને અન્ય વિદ્વાન-પ્રોફેસરો સાથે તલગાજરડા - પૂ. મોરારિબાપુના ધામમાં જવાનો અવસર મળ્યો.

સુરત નિવાસી, જાણીતા આગેવાન અને સાહિત્યકાર શ્રી નાથુભાઈ સોસાના ૬ પુસ્તકોનો સાગમટે લોકાર્પણ પ્રસંગ હતો. ભાવનગરથી જતાં-આવતાં લકઝરી બસની આરામદાયક સુવિધા હતી. ઉપસ્થિત સૌ સાહિત્યકારો અને ભાવક-શ્રોતાજનો ખુશ મિજાજમાં હતા. નિવૃત ડી.વાય. એસપી અને બેલુર વિદ્યાલયના ડાયરેકટરશ્રી આર. એચ. હડિયા સાહેબ પોતાની ફરજ દરમિયાન શૌર્યચક્રથી વિભૂષિત થયેલા છે. અહીં એમણે રહેવા-જમવા માટે અને કાર્યક્રમના મંચ અંગેની ખૂબ જ સુંદર વ્યવસ્થા ગોઠવી રાખેલી હતી. એમનો ઉત્સાહ-ઉમંગ જોઈને સુંદર શૌર્યચક્ર સન્માન નજર સામે તરવરતું- ફરજ બજાવતું લાગ્યું હતું.

તા. ૧૧મી માર્ચ, ૨૦૨૨ શુક્રવારની રાત્રે જ ભોજનથી તૃપ્ત થયા પછી અદ્‌ભૂત હર્ષોલ્લાસમાં કવિ સંમેલન અને એ પણ 'સ્વૈરવિહારી' શીર્ષકથી યોજાયું હતું. સૌ પોતાની પસંદગીની રચનાઓ મુક્તવિહારી અને ખુલ્લા મનથી પ્રસ્તૃત કરતાં હતાં. દરેક કવિઓનો તલસ્પર્શી અને જિજ્ઞાસામય સૌ ભાવક એમને સાંભળવા માગે એવો પરિચય વ્યવહારું છતાં, માર્મિકભાવ સાથે કવિ દાન વાઘેલા આપતા હતાં. સમગ્ર કવિ સંમેલન ત્રણેક કલાક ચાલ્યું હતું. જેના પ્રમુખસ્થાને નાથુભાઈ સોસા અને અન્ય મહાનુભાવો અતિથિ સ્થાને હતા. આ કવિ સંમેલનમાં મને તક મળી એ મારા જીવનની ધન્યતા સમજું છું. એમાં સ્નેહી પરમાર, પથિક પરમાર, ડૉ. કેતન કાનપરિયા, ડૉ. જીતુ વાઢેર, ડૉ. મોહન પરમાર જેવા દિગ્ગજ, ત્રિસેક જેટલાં કવિ-કવયિત્રીઓએ પોતાની રચનાઓ રજૂ કરી હતી.

રાતનો મુશાયરો પૂરો થયો છતાં, ઘણા કવિઓ અને વિદ્વાનો મોડી રાત સુધી ચર્ચા અને મિલન-મુલાકાતનો ખૂબ મોજથી આનંદ મેળવતા હતા. બહેનો અને સહપરિવાર પધારેલા મહેમાનો માટે વ્યવસ્થા પણ સુંદર હતી.

તા. ૧૨મી માર્ચ, ૨૦૨૨ને શનિવારના રોજ સવારે પૂ. મોરારિબાપુ તલગાજરડામાં 'રામકુટિર'માં પધાર્યા અને સોસા પરિવારના પૂર્વજ હસ્તકના હસ્તલિખિત હિસાબ-કિતાબના પુસ્તકોનું પ્રદર્શનનું દીપ પ્રાગટ્યથી ઉદઘાટન કર્યું. દરેક ચોપડા વિશે નાથુભાઈ સોસાએ પ્રમાણ-પૂરાવાસભરની રાજા રજવાડાઓની ટિકિટો અને સિક્કા સાથે વિવરણ આપ્યું. પૂ. મોરારિબાપુએ ધ્યાનથી સાંભળ્યું અને જોયું. પુસ્તક લોકાર્પણ સ્થળના હોલમાં સૌનું અભિવાદન ઝીલીને, પૂ. મોરારિબાપુએ ક્રમશઃ બધાં પુસ્તકોનું લોકાર્પણ કર્યું. પ્રસંગની રસપ્રદ ભૂમિકા અને બીજરૂપ વક્તવ્ય શ્રી દાન વાઘેલાએ આપ્યું હતું. પૂ. બાપુએ સોસા પરિવારના પૂર્વજોની સમાજસેવાની ભરપૂર પ્રશંસા કરી હતી. અરસ - પરસ સન્માનવિધિ પણ આનંદ ઉલ્લાસથી થયેલ હતી.

લોકાર્પણ થયેલ પુસ્તકો વિશે ડૉ. મહેશ દાફડા, ડૉ. લક્ષ્મણ વાઢેર અને કવિ-વિવેચક છગન બાજકે ખૂબ રસપ્રદ અને માનનીય પ્રવચન આપ્યાં હતાં. નાથુભાઈ સોસાએ વક્તાઓ અને કવિઓને પુસ્તકોનો સેટ, સોલ-પુષ્પગુચ્છ અને પુરસ્કાર આપીને સૌને આનંદ વિભોર કર્યાં હતાં. આ કાર્યક્રમનું સંચાલન ડૉ. મહેશ દાફડાએ કર્યું હતું.

ઉપસ્થિત શ્રોતાઓ-મહેમાનો અને સાહિત્યકારો સહિત કેટલીક સામાજિક અને સાહિત્યિક સંસ્થાઓ અને એના પ્રતિનિધિઓ દ્વારા નાથુભાઈ સોસાનું ભવ્ય સન્માન ક્રમશઃ થતું રહ્યું. જે અવિસ્મરણીય પળો હતી.

ડૉ. મોહન પરમારના સાંનિધ્યમાં અને પ્રમુખસ્થાને યોજાયેલ ઐતિહાસિક પ્રસંગમાં ઉપસ્થિત અન્ય કેટલાંક મહાનુભાવોને અહીં યાદ કરું તો નિવૃત પી. આઈ. અને કવિ એલ. ડી. વાઘેલા, પ્રવીણ પોંદા 'ચાંદ', ભરત વાળા, સુનિલ પરમાર, જયેશ ભટ્ટ, જિતુભાઈ વાઢેર, કૃપાબહેન ઓઝા, હર્ષાબહેન ચૌહાણ, પ્રવીણ સરવૈયા, શ્યામ સાંખટ, સુરેશ સાંચિયા, ડૉ. ગાયજન સાહેબ, શ્રી રણછોડ મારૂ ઉર્ફે મેઘાણી, જીતેન્દ્રભાઈ વાજા, હીરાભાઈ બારૈયા, રામજીભાઈ વાડા, હરેશ વાઘ, રમેશ ધુરકા વગેરે સાહિત્યકારો અને શ્રોતા, ભારોભાર મેળાવડા જેવી મેદનીએ આ કાર્યક્રમ માણ્યો હતો.

સામાન્ય રીતે શબ્દોના આરાધકો સાથે આવી મુલાકાતો અને કાર્યક્રમો થાય એ ખૂબ સદ્‌ભાગ્યની વાત છે. આ નિર્દોષ, ભાવુક અને સ્નેહી માણસો સાથે હળવું મળવું મારા માટે ધન્ય અવસર હતો.

મનોજ પરમાર 'પારસ' ''કાંરૂપા''
મુ.પો. ઠાસા, વાયાઃ દામનગર,
જિ. અમરેલી.
મો. ૮૩૪૭૨-૧૯૨૯૫

## મૃત્યુ પછી કાંઇ નહીં.

જે કરવું છે તે આજે કર,
મૃત્યુ પછી કાંઇ નહીં,
મારી સાથે હસ, રડ, કે મર,
મૃત્યુ પછી કાંઇ નહીં.
નારાજ થવાનું, ઝઘડી લેવાનું, વાત નહીં કર,
સંગાથે સંસાર સાગર તર,
મૃત્યુ પછી કાંઇ નહીં.
હું વસતો તારામાં તું વસતી મારામાં અનહદ,
તું મારુંને હું તારું ઘર,
મૃત્યુ પછી કાંઇ નહીં.
હું જીવું છું ત્યાં લગ, દૂર નહીં કર તારામાંથી,
બાહોમાં રાખ્યાનો અવસર,
મૃત્યુ પછી કાંઇ નહીં.
ભયમુક્ત થવું એ જીવનની જીવાદોરી છે ‘પારસ’,
છે જીવનને જીવનનો ડર,
મૃત્યુ પછી કાંઇ નહીં.

*

## તું કોણ છે?

સકળ ભાતમાં શોધ તું કોણ છે?
અને જાતમાં શોધ તું કોણ છે?
તિમિર મધ્યમાં નૂર છે ઝળહળે,
દિવસ રાતમાં શોધ તું કોણ છે?
ઉગારીશ કે ઠાર મારીશ તું?
પછી ઘાતમાં શોધ તું કોણ છે?
જુઠાનાં ચહેરા હજારો હશે,
ખરી વાતમાં શોધ તું કોણ છે?
નથી આખરી પંક્તિમાં તો પછી,
શરૂઆતમાં શોધ તું કોણ છે?

*

## ઝળહળવાનું

દીવાની માફક ઝળહળવાનું, ને અજવાળા કરવા બળવાનું.
સો સો પ્રયત્ન કરી પડવાનું, અંતે સો સો શિખરો ચડવાનું.
એક નદી રૂપાંત્રિત થાય ભલે, તોય સદા દરિયામાં ભળવાનું.
બન્નેનું કલ્યાણ થશે એમાં, જે ગોતે છે એને મળવાનું,
કોઇ પ્રતિક્ષા કરતું હોય સતત, 'પારસ' તારે પણ તડફડવાનું.

## પડછાયામાં

જૂઠનાં પાયામાં હું જીવી નહી શકું, ડરના છાયામાં હું જીવી નહી શકું.
હૈયામાં ધડકન થઇ ધબકે છે તું, મારી કાયામાં હું જીવી નહી શકું.
રાત દિવસ વધતો ઘટતો લુપ્ત થતો, ને પડછાયામાં હું જીવી નહી શકું.
બિંદુ બની ગયો છું તમને મળતા બસ, દાયા બાયામાં હું જીવી નહી શકું.
ખોવાયો છું આ તારા સર્જનમાં, તારી માયામાં હું જીવી નહી શકું.

*

## મુક્તક

તન મન ને અંતરથી તું સુંદર છે, તું તો આ દુનિયાદારીથી પર છે.
મોસમ ખીલી છે શાણગાર બનીને, તારું અવતરણ ખરેખર અવસર છે.
તુ દૂર નથી પણ મારી પાસે છે, મારી ધડકનમાં શ્વાસે શ્વાસે છે.
ડૂબાડે કે તારે તારી મરજી, આ વ્હાણ બધાં તારે વિશ્વાસે છે.

*

## દુહા

જીવ્યા તો તરસાવતા,
મર્યા બાદ જળ પાય,
હાથ ન જાલ્યો જીવતાં, પછી ખભા બદલાય.

*

મળ્યું એ કાયમ ન રહ્યું,
મુઠ્ઠીની એ રેત,
સાચવતાં સરકી ગયા, ધન દોલત ને હેત.


*

જે છે એ કાયમ નથી,
સઘળું ક્ષણભંગુર,
આવવું જવું તુજ લગી, તુજને જે મંજૂર.

મનોજ પરમાર 'પારસ' ''કાંરૂપા''

# નાથુભાઈ સોસા એક અનોખું વ્યક્તિત્વ

**કવિ સુનીલભાઈ આર. પરમાર 'સૌમ્ય',**




નાથુભાઈ સોસા પરિવાર એટલે મા લક્ષ્મીજી અને મા સરસ્વતિજીની બન્નેની અસીમ કૃપા જેમની ઉપર છે. છતાં પોતાના પુસ્તકમાં 'માણસ માણસ થાઉં તો સારું' એમ રજૂ કરી વિનમ્રતાનું ઉચ્ચ ઉદાહરણ પોતે પુરૂં પાડ્યું છે. જે મહુવા મુકામે યોજાયેલ છ પુસ્તકોના વિમોચન પ્રસંગે રૂબરૂ કવિ તરીકે હાજર રહેવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું તેનો સવિશેષ આનંદ રહેશે. નાથુભાઈને રૂબરૂ મળી, તેમની ઉદારતા-વિશાળતા-વિવેકપણું ઉડીને આંખે વળગે તેમ હતું.

તેઓના છયે પુસ્તકો વાંચ્યા-માણ્યા બાદ એક હકીકત પૂરવાર થાય છે કે ડૉ. ભીમરાવ આંબેડકર સાહેબને જીવનના દરેક ખૂણે વણી લીધા છે. સમાજને એક પ્રત્યક્ષ સંદેશ આપે છે કે, આપણે કચડાયેલા વર્ગ નથી. પ્રોત્સાહન અને હિંમત આપે છે. ખુમારી પ્રગટાવવાની વાત કરે છે. વડાપ્રધાન મા. શ્રી નરેન્દ્રભાઈ મોદી મુલાકાત અને છ પુસ્તકોનો સંપૂટ એ અઘરૂ ગણાતું કાર્ય પોતાના વ્યસ્ત જીવન વચ્ચે પ્રકાશીત કરી સમાજને એક નવો રાહ ચીંધવોએ નાની-સૂની વાત નથી.

સમગ્ર જીવનની ડૉ. બાબાસાહેબ આંબેડકરની ગાથાને 'રત્નકણિકા' ના પુસ્તક સ્વરૂપે વર્ણવીને યોગ્ય ન્યાય સમાજ તેમજ બાબાસાહેબને આપ્યો છે જે દરેક યુવા પેઢીએ પોતાના જીવનમાં વણવા જેવો છે. તો સોસા પરિવાર - સ્વર્ણિમ ગાથા' પુસ્તક દ્વારા પોતાના વિચારોને રાષ્ટ્રવાદ પ્રેરિત બનાવીને ભારતને વિશ્વગુરૂ બનાવવાનો પ્રયાસ એ પ્રયાણ બની રહેશે. રાજકરણથી ઉપર ઊઠી ઉચ્ચ કક્ષાએ શિક્ષણ થકી લઈ જવાનો

સંદેશ પોતાના પુસ્તકોમાં આપ્યો છે.

સોસા પરિવારનો ઐતિહાસિક દરજ્જો પણ જીવનના મૂલ્યોને કઈ દિશા તરફ લઈ જવાં, તેનું ભાથું આપણને આપે છે.

'મનની ભીતર'નાં વ્યાખ્યાનોનું સંકલન, મનની ભીતરની સંવેદનાઓને મૂર્તસ્વરૂપે રજૂ કરી છે. આટલા બધા પ્રસંગો, તેની તસ્વીરો અને તેમનું ઉદબોધન, જેને પુસ્તક સ્વરૂપે રજૂ કરવું તે ઘણું બધું સૂચવી જાય છે. ડૉ. મોહનભાઈ પરમાર અને માનનીય કવિ દાનભાઈ વાઘેલાનો સહકાર પણ નોંધનીય તો ખરો જ.

સમાજને નવો રાહ ચીંધવાનો અને જીવનનાં મૂલ્યોનું ઘડતર કઈ રીતે કરવું? એ તેમનાં પુસ્તકો થકી સાપેક્ષ જાણવા-માણવા મળ્યું છે. સમાજને પોતાનો ગણી 'વસુધૈવ કુટુંબકમ્'ની ભાવનાની જ્યોત સદાય સોસા પરિવારમાં ઝળહળતી રહે. હજુ પણ વધુ પુસ્તકોનો સંપુટ નાથુભાઈ સોસા તરફથી મળતા રહે તેવી અપેક્ષા સાથે વિરમુ છું.


કવિ સુનીલભાઈ આર. પરમાર

'સૌમ્ય',

ભાવનગર.

મો. ૯૮૭૯૨૨૨૫૩૨

# ભાવનગર મહુવા ખાતે 'સોસા પરિવાર' દ્વારા પરમ પૂ. મોરારિબાપુના શુભહસ્તે યોજાયેલ પાંચ પુસ્તકનું વિમોચન

**પ્રવીણ પોંદા 'ચાંદ'**




જે સૌરાષ્ટ્રનું કાશ્મીર ગણાય, જ્યાં દરિયા કિનારે પૂ. ભવાનીમાનું મંદિર આવેલું છે. ત્યાં આગળ વિશાળ જગ્યામાં નાથુભાઈ સોસા પરિવાર દ્વારા છ પુસ્તકનું પૂ. મોરારિબાપુના હસ્તે વિમોચન થયેલ હતું. તે સ્થળ ઉપર આ દિવસે કાર્યક્રમ હતો. રાત્રે જોરદાર મુશાયરો યોજાયેલ. દરેક કવિઓને સરસ પુરસ્કાર આપેલ અને પ્રકાશિત પુસ્તકો આપી સન્માન કરેલ હતું. કાર્યક્રમ એવો ખજાનો હતો કે, જાનમાં આવ્યા હોય એ રીતે સાચવ્યાં હતાં.

પરમ પૂ. મોરારિબાપુ તરફથી બીજા દિવસે તલગાજરડામાં જમણવારની વ્યવસ્થા હતી. વિદાય વેળાએ મિષ્ઠાન સાથે જમણવાર યોજવામાં આવેલ હતો. પરમ પૂ. મોરારિબાપુની ચાલુ ગાડી ઉભી રખાવી માનનીય ભટ્ટ સાહેબે મારા પિરામિડની બુક મેં ભેટ આપી હતી. પૂ. બાપુએ સ્વીકારી એ મારા જીવનનો અમૂલ્ય અવસર બની ગયો.

નાથુભાઈ સોસા પરિવાર અને દાનભાઈ વાઘેલા બંન્ને દ્વારા આ કાર્યક્રમ ગોઠવવા બદલ એક યાદગાર નજરાણું બની ગયું ! હૃદયપૂર્વકના અભિનંદન સાથે.

ન કહેશો અમોએ શરારત કરી છે,
પરંતુ હૃદયથી મહોબત કરી છે !
અમારી હકીકત નથી કાંઈ છૂપી,
અમે તો આ દિલની વસિયત કરી છે !

*

ના કદાપિ ખીણ કેરી ધાર થા, થઈ શકે તો કોઈનો આધાર થા.
વિશ્વ આખું આવીને મળશે તને, તું ફક્ત એકાંતનો વિસ્તાર થા.
જીવવાની એ જ સાચી રીત છે, કોઈ માટે આશનો સંચાર થા.
દર્દમાં ડૂબી ગયેલા જગમહીં, રંગ ભીના એક-બે તહેવાર થા.
જિન્દગી અજવાશથી છલકી જશે, પૂર્ણિમાના 'ચાંદ'નો અણસાર થા.

પ્રવીણ પોંદા 'ચાંદ'
ભાવનગર
મો. ૯૪૨૮૧૮૨૯૬૩

## પ્રવીણ સરવૈયા



કવિશ્રી પ્રવીણ સરવૈયાને શિલ્ડ તેમજ બંધારણ પુસ્તક અર્પણ કરતા શ્રી એલ. ડી. સોસા (નિવૃત્ત પી.આઈ.) તેમજ નાથુ સોસા

આદરણીય વડીલ બંધુ,

શ્રી નાથુભાઈ સોસા,

નમસ્કાર !

આપના ૭ પુસ્તકોના લોકાર્પણ પ્રસંગના સાક્ષી થવાનું સદ્‌ભાગ્ય મને સાંપડ્યું એને મારા જીવનની કેટલીક શ્રેષ્ઠ પળોમાંની એક ગણું છું.

તારીખ ૧૧ માર્ચ ૨૦૨૨ના રોજ સાંજે ચાર વાગ્યા સુધી, માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના ગુજરાત કાર્યક્રમ માટે ભાવનગર જિલ્લા કંટ્રોલ રૂમની ફરજમાં સરકારી ડ્યૂટીમાં હતો. આખી રાતનો ઉજાગરો હતો, પણ ગમે તેમ કરીને કાર્યક્રમમાં પહોચવું છે, એવું મનમાં નક્કી હતું.

જોગાનુજોગ બધું સમયસર ગોઠવાઈ ગયું ને આપના દ્વારા કરવામાં આવેલ વાહન વ્યવસ્થા થકી તલગાજરડા રામકુટીર ખાતે પહોંચી જવાયું. સૌ સહભાગી મિત્રોના

સંગાથે અંધારું ઓઢીને રઢિયાળી બની ગયેલ સાંજે આપના વરસતા સ્નેહની સાથે સાંજનું પરંપરાગત દેશી વાળુ કર્યા બાદ, કવિ સંમેલનમાં સૌ સર્જક મિત્રોની રચનાઓની મોજ કરી.

આપે સોસા પરિવાર એટલે કે આપ જેના સીધી લીટીના વારસદાર છો, એવા આપના પૂજ્ય દાદાજી અને વડીલોના ભવ્ય અને ગૌરવશાળી ઈતિહાસનું દસ્તાવેજીકરણ કરી, ઈતિહાસ વિષયક સાહિત્ય તરીકે ગ્રંથસ્થ કર્યું એ માટે મારી સલામ. આવું કામ ઘણાં લોકોએ કર્યું છે, પણ આપે જે કાળજી અને એક સાથે ગુજરાતી, હિન્દી અને આંતરરાષ્ટ્રીય અંગ્રેજી ભાષામાં સુંદર પુસ્તકો આપ્યાં એ બેનમૂન છે.

આદરણીય કવિ દાન વાઘેલાએ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા મને નિમંત્રણ આપ્યું એ બદલ કવિશ્રીનો પણ આભારી છું.

ધન્યવાદ...

પ્રવીણ સરવૈયા
'હરિવંશ' ૫૭૬૧/ બી,
પ્રમુખસ્વામી નગર, વિદ્યાધીશ સ્કૂલની પાસે,
કાળિયાબીડ, ભાવનગર.
સંપર્ક નંબર : ૯૯૭૯૦૩૩૯૩
૯૭૭૩૨૦૪૨૩



## જિત ચુડાસમા

આદરણીય શ્રી નાથુભાઈ
નમસ્કાર,

'સંબંધોનો સત્કાર' પુસ્તક લોકાર્પણ અને સ્વૈરવિહારી કવિસંમેલન નિમિત્તે પૂજ્ય મોરારિબાપુના તલગાજરડામાં યોજાયેલ એક વિશિષ્ટ અને અલૌકિક કાર્યક્રમ મારા માટે તો અવિસ્મરણીય રહેશે. કારણ કહું તો આ કાર્યક્રમનું આયોજન કરનાર અને લોકાર્પિત થઈ રહેલાં પુસ્તકોના સર્જક-સંપાદક-પ્રેરક એવા શ્રી નાથુભાઈ સોસા મારા ગામપાડોશી તો ખરા જ, સાથે સાથે કૌટુંબિક ભાઈ પણ. તોપણ એ નવાઈની વાત છે કે અમારો પરિચય સાવ નજીવો. આમ તો હું એમના નામ અને કામથી થોડો પરિચિત, એ પણ કુટુંબના વડીલોના મુખે એમની અને એમના પરિવાર વિશેની સાંભળેલી વાતોથી. પણ મારા માટે આનંદની વાત એ છે કે, અમારો પ્રત્યક્ષ પરિચય કરાવવામાં નિમિત્ત બન્યો 'શબ્દ'. દાનભાઈ વાઘેલાએ આ કાર્યક્રમમાં મને સાંકળ્યો અને એ નિમિત્તે નાથુભાઈ સાથે પરિચય થયો.

એ કાર્યક્રમનો રંગ જ કંઈ અનોખો હતો. કવિમિત્રોનો જમાવડો બરાબરનો થયેલો. મોહન પરમાર, સ્નેહી પરમાર, કેતન કાનપરિયા, પથિક પરમાર, મહેશ દાફડા, છગન બાજક, જિતુભાઈ વાઢેર, જયેશ ભટ્ટ, પ્રવીણ સરવૈયા ને કાર્યક્રમના સંચાલક તરીકે સમગ્ર દોર જેના હાથમાં હતો એ દાનભાઈ વાઘેલા... બીજા ઘણા સર્જકો ને સજ્જ ભાવકોનું એક સ્નેહમિલન હોય એવો માહોલ હતો. દાનભાઈએ કવિસંમેલના સંચાલક તરીકે એક પછી એક કવિઓને પોતાની આગવી છટાથી રજૂ કર્યા. એક પછી એક રજૂ થતી કવિતાઓના કારણે એક સુંદર અને ભાવમય વાતાવરણનું નિર્માણ એ 'રામવાડી'માં થયેલું. રાજકીય અને વહીવટી પૃષ્ઠભૂમિ ધરાવતા હોવા છતાં, નાથુભાઈ જે રીતે કવિતાઓ માણતા હતા, એ એમની શબ્દ સાથેની નિસબતનો પૂરાવો બની રહે છે. ટૂંકમાં, શબ્દ સાથેનો એમનો નાતો કેટલો નિકટનો છે એનો પરિચય એમને મળતાવેંત થઈ જાય.

કાર્યક્રમની પૂર્ણાહૂતિ થયા પછી અનિવાર્ય સંજોગોના કારણે નીકળી જવું પડ્યું હતું. એમનો પ્રેમાગ્રહ એટલો બધો હતો કે, નીકળી ગયા પછી અફસોસ થયેલો.

બીજા દિવસનો પુસ્તક લોકાર્પણનો પ્રસંગ પણ એટલો જ અદ્‌ભુત રહ્યો હશે એમ એ કાર્યક્રમ વિશે ત્યાં હાજર રહેલા મિત્રો પાસેથી મળેલા પ્રતિભાવો પરથી ચોક્કસ કહી શકાય.

નાથુભાઈનાં ૬ પુસ્તકોનો સંપુટ છેક મારા ઘર સુધી પહોંચી ગયો એ પણ એમની સર્જક તરીકેની સર્જક પ્રત્યેની પ્રીતિનું ઉદાહરણ છે. બાબાસાહેબના અઢળક વિચારોમાંથી વીણીવીણીને નાથુભાઈએ હિન્દીમાં રત્નકણિકાઓ નામે સુંદર સંપાદન કર્યુ છે. સમર્થ વાર્તાકાર મોહન પરમારના હાથે ‘સોસા પરિવાર’ માણસાઈ અને મૂલ્યોનું સરવૈયું નામે એક પરિવારની સંઘર્ષ અને સફળતાની ગાથા વર્ણવતું સુંદર પુસ્તક પણ આ સંપુટની શોભા છે. આ પુસ્તકનો અંગ્રેજી અનુવાદ પણ The Golden Heritage of Sosa Family નામે આ સંપુટમાં સામેલ છે. વેદાંત શર્મા દ્વારા લિખિત ‘The History of Sosa Family’ પુસ્તક આમાંનું એક મહત્વપૂર્ણ પુસ્તક છે. ‘મનની ભીતર’ પુસ્તક નાથુભાઈએ યોજેલા વિવિધ સંમેલનો કે કાર્યક્રમોનો પરિચય આપે છે ને સાથે સાથે એ સંમેલનો કે કાર્યક્રમોમાં રજૂ થયેલા એમના વિચારો આ પુસ્તકના માધ્યમથી જાણી શકાય છે. સમાજ માટે નાથુભાઈની દ્રષ્ટિ અને કાર્યશૈલી હંમેશાં ઊર્ધ્વમુખી રહી છે એ આ પુસ્તક વાંચનારના ધ્યાનમાં જરૂર આવશે.

આવા સુંદર કાર્યક્રમના સહભાગી થવાનો ને એ નિમિત્તે નાથુભાઈ જેવા વિરલ વ્યક્તિત્વના પરિચયમાં આવવાનો અવસર મળ્યો એ મારા માટે આનંદની વાત છે. આ માટે હું નાથુભાઈને અને આ કાર્યક્રમના આયોજન-સંચાલનનો ઝાઝો ભાર ઉપાડનાર દાનભાઈ વાઘેલાને ખૂબ ખૂબ અભિનંદન અને શુભેચ્છાઓ આપું છું.


*જાતપગેરું શોધે એવો માણસ ઊભો કરવો છે,*
*પડછાયાનો પીછો છોડી, ખુદનો પીછો કરવો છે,*
*નીકળે તો સામેવાળાની આંખોમાંથી પણ નીકળ;*
*આંસુ માટે મારે એવો સીધો રસ્તો કરવો છે,*
*એ પોતે કણસે છે અંધારાનાં કાળાં કળતરથી;*
*જેની હેઠે અજવાળું હો, એવો દીવો કરવો છે.*
*સુકાન તારા હાથોમાં છે, એ બાબતની ફિકર નથી;*
*મારે કેવળ તેં પકડેલો નક્શો સીધો કરવો છે,*
*એણે બંધ કર્યાં છે આ બાજુના સઘળા રસ્તાઓ,*
*મારે એ બાજુનો એક જ રસ્તો ખુલ્લો કરવો છે.*

જિત ચુડાસમા
મુ. ઠાડચ, તા. પાલિતાણા, જિ. ભાવનગર
મો. ૯૯૭૯૨૩૫૦૯૨

# -: ભવ્ય ભૂતકાળ :-

**શ્યામ સાંખટ**

સમ્યક સાહિત્ય સભા અને સૌરાષ્ટ્ર સોશિયલ વેલફેર ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે ''સ્વૈર વિહાર'' કવિ સંમેલન અને સંબંધોનો સત્કાર ''પુસ્તક લોકાર્પણ 'રામ વાડી' તલગાજડા, તા. મહુવા મુકામે યોજાયેલ. જેમાં ઉપસ્તિથ રહેવાનું સદભાગ્ય કવિશ્રી દાન વાઘેલા સાહેબ દ્વારા પ્રાપ્ત થયું ધન્ય થઇ જવાયું.




ગુજરાત જાહેર સેવા આયોગના પૂર્વ સદસ્ય શ્રી નાથુભાઇ સોસાના વડવાઓના ભવ્ય ભૂતકાળ ની ઝાંખી કરાવતા પુસ્તકોનું વિમોચન વિશ્વ વંદનીય સંતશ્રી મોરારિબાપુના વરદ્ હસ્તે રાખવામાં આવ્યું હતું.

૧૧મી માર્ચે જે કવિ સંમેલન યોજાયું તેમાં કાવ્યપાઠ કરવાનું સદભાગ્ય મને મળ્યું એના માટે કવિશ્રી દાન વાઘેલા અને નાથુભાઇ સોસાનો આભારી રહીશ જ!

આ કવિ સંમેલનમાં સ્નેહી પરમાર, જિત ચુડાસમા, છગન બાજક, કેતન કાનપરિયા, જિતુ વાઢેર, ભરત વાળા, પ્રવીણ સરવૈયા વિગેરે મિત્રોએ પણ કાવ્યપાઠ કર્યા હતા. સ્નેહીએ તેમની પ્રસિદ્ધ ગઝલ 'સભા પાત્રતા'નું પઠન કર્યું હતું કવિ સંમેલનનું સંચાલન જાણીતા કવિશ્રી દાન વાઘેલાએ કરેલ અને અધ્યક્ષ નાથુ સોસા હતા.

આ બે દિવસીય કાર્યક્રમમાં કવિ ઉપરાંત ડૉ. ગાયજન સાહેબ, ડૉ. લક્ષ્મણ વાઢેળ સાહેબ, ડૉ. દાફડા સાહેબ, રણછોડભાઇ મારૂ (ઝવેરચંદ મેઘાણી), હડિયા સાહેબ, અને યજમાન નાથુભાઇ સોસા અને તેનો પરિવાર ઉપસ્થિત રહેલ.

પુસ્તક લોકાર્પણ બાદ, પૂજ્ય મોરારિબાપુએ મનનીય પ્રવચન કરેલ અને આદર્શ ગામ કેવું હોય અને કવિશ્રી બોટાદ કરની પંક્તિઓ-

'કબૂતર ઊડ્યું કચ્છથી, આવ્યું મુંબઇ જોઇ;

પણ એને વ્હાલું ન લાગ્યું કોઇ, વાગડ જેવું વિઠ્ઠલા'

સાથે સાથે જુદા-જુદા વક્તાઓએ પોતાના વિચારો રજૂ કર્યા હતા.

૨૨૫ વર્ષ પહેલાં નાથુભાઈ ના વડલાઓએ કરેલાં કાર્યો અને શાહુકારી વિષે નાથુભાઈએ વિગતે વાત કરેલી 'ભવ્ય ભૂતકાળ' શું હતો એ નાથુભાઈ સોસા દ્વારા જાણવા મળ્યું અને છેક મુંબઈથી મારવાડી લોકો ત્રણ પેઢી સુધી ઋણ (વ્યાજે રૂપિયા) લેવા આવતા, ઉપરાંત નવસારી, નાસિક, ઈગતપુરી બીલીમોરા વિગેરે જગ્યાએથી વેપારીઓ ઋણ લેવા આવતા અને એ જમાનો એટલે આજે 'નોટ' છે એતો હતી પણ રાણી સિક્કાનું ચલણ હતું અને દર મહિને લગભગ ૧૦૮૮ રાણી સિક્કાનો વહેવાર હતો, માનવામાં આવે? પણ આ હકીકત હતી. એ જમાનો પણ કેવો હતો કે, કોઈ માણસ પાસે ૧૦૦ રૂપિયા હોય એ પૈસાદાર ગણાતો ત્યારે આટલો વહીવટ થતો હતો.

આવો ભવ્ય ઈતિહાસ જેનો છે એના વારસદાર નાથુભાઈ છે. નાથુભાઈને જુઓ એટલે એક વ્યવસાયિક કરતાં અધિકારી વધારે દેખાય, એવી ફિટનેસ.

એમના આતિથ્યમાં બે દિવસ ઉપસ્તિત થવાનું બન્યું એ અહોભાગ્ય અને છ પુસ્તકોનો સેટ દરેકને આપ્યો અને કવિઓને પ્રોત્સાહિત કરતો પુરસ્કાર પણ આપ્યો.

એ જમીન પર રહેનાર તટસ્થ માણસનાં મૂલ થાય?

## ગઝલ

ખાલી કિતાબ વાંચવાથી કંઇ નહિ વળે;
રંગીન ખ્વાબ રાખવાથી કંઇ નહિ મળે.
કેવો અવાજ આવશે સામેની બાજુથી;
એનો હિસાબ રાખવાથી કંઇ નહિ મળે.
પીવો જ હોય તો હોઠે માંડજે જરા;
ખાલી શરાબ ચાખવાથી કંઇ નહિ વળે.
વિશ્વાસ હોવો જોઇએ પ્રસ્તાવ પર પ્રથમ;
પાછો જવાબ માંગવાથી કંઇ નહિ વળે.
જો આપવો જ હોય તો તું પ્રેમ આપને;
કેવળ ગુલાબ આપવાથી કંઇ નહિ વળે.

શ્યામ સાંખટ (એડવોકેટ)
સહજાનંદ કોમ્પલેક્ષ, બીજોમાળ,
જલારામ મીલની સામે, ગની માર્કેટ.
મુ. ઊના. જિ. ગીર સોમનાથ
મો. ૬૩૫૨૮૪૯૮૫૭

# સુંદર કાર્યક્રમની સુવાસ

**એલ. ડી. વાઘેલા**
પો. ઈન્સ. નિવૃત
રાષ્ટ્રીય મેડલથી સન્માનિત



શ્રી એલ. ડી. વાઘેલા (નિવૃત્ત પી. આઈ.)ને સન્માનિત કરતા શ્રી એલ. ડી. વરમોરા.

તલગાજરડાની પવિત્ર ભૂમિ પર પૂજ્ય મોરારિબાપુના હસ્તે નાથુભાઈ સોસાના પુસ્તકોનો લોકાર્પણ પ્રસંગ ''સમ્બંધોનો સત્કાર'' કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવાનો મને અનેરો અવસર પ્રાપ્ત થયો હતો.

શ્રી નાથુભાઈ સોસાના પૂર્વજોની યશગાથા ડૉ. મોહન પરમારની કલમે લખેલ ''સોસા પરિવાર માણસાઈ અને મૂલ્યોનું સરવૈયુ તથા હિન્દીમાં લખાયેલા ''सोसा परविार स्वर्णिम गाथा'' અને અંગ્રેજીમાં લખાયેલ The Golden Heritage of Sosa Family - તેમજ The History of Sosa Family તથા નાથુભાઈ સોસાના હસ્તે લખાયેલ ''મનની ભીતર અને रत्न कणिकाए : डो. भीमराव अंबेडकर के विचारो का चयन'' પુસ્તકોનો પૂજ્ય સંત શ્રી મોરારિબાપુના હસ્તે વિમોચન કરવામાં આવેલ.

ડૉ. મહેશ દાફડા, ડૉ. મોહન પરમાર, શ્રી છગનભાઈ બાજક, ડૉ. એલ. યુ. વાઢેર, ડૉ. મનસુખ ગાયજન વિગેરે તજજ્ઞોએ પુસ્તકો વિશે સુંદર વિવેચન રજૂ કર્યું હતું. પૂજ્ય મોરારિબાપુએ આશીર્વચન સાથે સુંદર ઉદાહરણો સાથે પ્રેરક પ્રવચન આપેલ.

''સ્વૈર વિહારી કવિ સંમેલનમાં મને કવિ તરીકે રચના રજૂ કરવાની તક મળેલ જેમાં મેં 'પોલીસની નોકરી' એ ગદ્ય દ્વારા પોલીસની વ્યથા રજુ કરેલ હતી. સુપ્રસિધ્ધ કવિઓ ડૉ. પથિક પરમાર, શ્યામ સાંખટ, પ્રવિણભાઈ પોંદા, ભરત વાળા, જિત ચુડાસમા, સ્નેહી પરમાર સહિત, અનેક કવિ મિત્રો અને કવિયિત્રીઓએ સુંદર રચનાઓ રજૂ કરેલ અને વાતાવરણને કવિતામય બનાવી દીધેલ. સંચાલનની સાથોસાથ કવિશ્રી દાન વાઘેલાની રચનાઓ પણ સાંભળવાનો લ્હાવો મળેલ છે.

નાથુભાઈ સોસાએ મનની ભીતરની વાતો ખૂલ્લા દિલથી બધાની વચ્ચે ખૂબ જ છણાવટથી મૂકીને સુંદર પ્રવચન આપેલ હતું. શૌર્યચક્રથી સન્માનિત નિવૃત્ત ડીવાયએસપી શ્રી આર. એચ. હડિયા સાહેબ અને હરિભાઈ નકુમે સતત હાજર રહીને, તમામ મહેમાનો માટે રહેવા - જમવા સહિતની તમામ વ્યવસ્થા સુંદર રીતે કરીને, કાર્યક્રમને દિપાવી દીધેલ.

અમદાવાદ.
મો. ૯૮૭૯૨૯૮૭૫૨

## શ્રી ભરત વાળા



કવિશ્રી ભરતવાળાને બંધારણ તેમજ મૉમેન્ટોથી સન્માનતા નાથુ સોસા

શ્રી દાનભાઈના નિમંત્રણથી તલગાજરડા પૂજ્ય મોરારિબાપુના સાનિધ્યમાં નાથુભાઈ સોસાનાં પુસ્તકોનું લોકાર્પણ તેમજ કવિ સંમેલનમાં જવાનો મોકો મળ્યો એનો આનંદ. સંચાલન શ્રી દાન વાધેલાનું. ખૂબ સરસ સંચાલન થકી મને કાવ્ય પઠનમાં રજૂ થવાનો મોકો મળ્યો.

ત્યાંજ ગઝલના શેર<br>
થી ગઝલની રજુઆત<br>
''માણસ થવું રસ્તે પડ્યું નથી<br>
''ભરત'',<br>
નેવાનાં પાણી મોભે ચડે<br>
ત્યારે માણસ થવાય.

એકાદ હવે જો શબ્દ મળે તો મોજેદરિયા,<br>
બસ થોડો અવકાશ મળે તો મોજે દરિયા.

હૈયાના કોરા કાગળ તું લાવ લખી દઉં,
જળના ટીપે ટીપે તારું નામ લખી દઉં.

માયા મમતા કોને કાજે હોય
કબીરા,
મારું તારું સઘળું છોડી આવ
લખી દઉં.

!! રાખું છું !!
હું શ્વાસોમાં આડ રાખું છું,
સ્મરણ હાડો હાડ રાખું છું.

વર્તુળનું વાતાવરણ ભીતર,
ને શબ્દોનો પ્હાડ રાખું છું.

મારામાં છે બાગ ફૂલોના,
હું સુંગંધની વાડ રાખું છું.

પ્રેમ ‘‘ભરત’’ અવકાશ તીર્થ છે.
આંગણ ઈચ્છા ઝાડ રાખું છું.
જયહો
અદ્‌ભુત પ્રેમનો લ્હાવો

પોતાની જાતને પ્રગટવાનો મોકો વિશ્વવંદનીયશ્રી પૂ મોરારિબાપુના સાનિધ્યમાં અને એના જ બીજા દિવસે પૂજ્ય બાપુ હસ્તે (૬) પુસ્તકનું વિમોચન, સ્વર્ગથી સુંદર રમણીય વાતાવરણમાં. નાથુભાઇ સોસા જેવા મળવા જેવા માણસને મળી અતિઆનંદ અનુભવ્યો ત્યાંની વ્યવસ્થા પણ ગજબની જોઇને મન પ્રફુલ્લિત થયું,

આત્મીય શ્રી નાથુભાઇ સોસા તથા પરિવાર નમસ્તે, દિલથી વાર વાર પ્રણામ એમને. ‘‘મનની ભીતર’’નું ઊંડાણ એમના પૂર્વજોની પેઢીને ઉજાગર કરતું કર્તવ્ય.

નિસિત કર્મ. જેમ ભગીરથ રાજાએ પૂર્વજોના પાપના ઉધ્ધાર માટે તપસ્યા કરીને, શિવ પ્રસન્ન કરીને, ગંગાને પૃથ્વી પર ઉતારી એવું નાથુભાઇ સોસા એ ભગીરથ કાર્ય કર્યું છે.

ધન્ય છે તેમનાં માતા પિતાને

કે નાથુભાઇ એ

કુળને દિપાવ્યું જયહો જયહો જયહો

તેમના પુસ્તકોનું અતિ સુંદર ને અદ્‌ભુત ને ખૂબ સરસ માહિતી સભર લખાણ, ખૂબ માર્ગદર્શન આપતું સાહિત્ય, મજબૂત ધારા હેઠળ માહિતી આ પુસ્તક ને પાને પાને સભર ભરી છે.

આપના સાહિત્યિક સંપાદન, સંકલનમાં વિશેષ આનંદની પ્રાપ્તિ, હૈયું ગદ્‌ગદિત થાય. આ ઉમળકા સાથે કરોડો અભિનંદન પાઠવતાં અતિ આનંદ થાય છે.

કાર્યક્રમના સોસા પરિવાર તથા વાર્તાકાર ડૉ. મોહન પરમાર, સભ્યો, તેમજ કવિ સભ્યો, ગઝલગુરુ શ્રી પથિક પરમાર તેમજ આદરણીય ભાઈશ્રી દાન વાઘેલા, સ્નેહી પરમાર જયેશ ભટ્ટ, ડૉ. મહેશ દાફડા, ડૉ. મનસુખ ગાયજન સાહેબ, ડૉ. લક્ષ્મણ વાઢેર સાહેબ, છગન બાજક, સુનિલ પરમાર, હર્ષા ચૌહાણ, કૃપાબેન ઓઝા તથા નિવૃત પોલીસ અધિકારી શ્રી હડિયા સાહેબ,

વક્તાઓ, શ્રોતાજનોની બહોળી હાજરીમાં સૌનો પ્રેમ, લાગણીઓ મળી. આમજ સૌને આવા આયોજનોમાં અમોને મોકો મળ્યો એ માટે દિલથી ભાઇશ્રી દાન વાઘેલા અને નાથુભાઇ સોસા તેમજ તેમના પરિવારનો નો ખૂબ ખૂબ આભાર. શુભકામનાઓ.

નમસ્તે

ભરત યુ. વાળા<br>
''એ'' ડિવિઝન પોલીસ ઓફિસ પાસે,<br>
જેલ રોડ, વાલ્મિકીનગર, ભાવનગર-૩૬૪૦૦૧<br>
મો. ૯૩૨૭૧૦૪૮૯૧



**કૃપા ઓઝા**

એક સાંજે દાનભાઈનો ફોન આવ્યો, કૃપાબેન આપણે પૂજ્ય બાપુને ત્યાં તલગાજરડા મારા સ્નેહીશ્રી નાથુ સોસાના ૬ પુસ્તકોની વિમોચનવિધિ પ.પૂજ્ય શ્રી મોરારિ બાપુના હસ્તે તેમજ કવિ સંમેલન પણ છે. અને ખાસ સંચાલન આદરણીયશ્રી દાનભાઈનું (હું કોઈ સંમેલનમાં ખાસ કંઈ જતી નથી માત્ર સભાજ મારે બધા સંમેલનોમાં આવી જાય) પરંતુ આદરણીય, સ્નેહીશ્રી દાનભાઈના આગ્રહ અને આયોજનને કારણે હાજરી આપી શકી, ખૂબજ સુચારું સંચાલન મોજે મોજ. પૂજ્ય બાપુની તપોભૂમિમાં કાવ્યપાઠ કરવાનો રૂડો અવસર અને અદકેરો આનંદ મળ્યો, આત્મીય શ્રી નાથુભાઈ સોસા તથા પરિવારનો સત્કાર, સ્નેહ અઢળક મળ્યાં, કાર્યક્રમની બધીજ જવાબદારી ઉપાડનાર બેલુર સંસ્થાના સ્થાપક શ્રી રણછોડભાઈ હડિયાના નેતૃત્વ હેઠળ સંપૂર્ણ વ્યવસ્થા ખૂબ સરસ આયોજન ઉડીને આંખે વળગે એવું-એટલાજ આત્મીય શ્રી રણછોડભાઈ સરળ અને સ્નેહાળ વ્યક્તિત્ત્વ, સાદગી, સુમેળતાનો સુભગ સમન્વય તેમના દ્વારા સંસ્થા દર્શન. બીજે દિવસે પૂ. બાપુના હસ્તે તેમની નિશ્રામાં પુસ્તકોનો વિમોચન સમારોહ. સૌના આત્મીય શ્રી નાથુ સોસા તથા સ્નેહી પરિવાર સાથે રહેવાનો રૂડો અવસર મળ્યો. આખો પરિવાર ઘણી પેઢીઓથી સમાજકલ્યાણના આગ્રહી, ઉમદા કાર્યોને સલામ. અવિસ્મરણીય વ્યક્તિમત્તા ને નમન.

નાથુભાઈ સોસાના પુસ્તક સંપુટ ભેટ, સહાય પ્રાપ્ત થયાં. સવિશેષ આનંદ થયો. પુસ્તકમાં આત્મવૃતાંતો, વાસરિકાઓ વિવેચનોની પુષ્કળ સામગ્રી પ્રેરણાદાયી, બળકટ આત્મતેજનું અખૂટ ભાથું બંધાવતા પ્યાલાની પ્રસાદી, અહીં આ પુસ્તક ને પાને પાને સભર ભરી છે. કોઈ કવિએ કહ્યું છે.

'તિલભર ઘરમેં સચરેતો
સબતન કંચન હોઈ'

આપના સાહિત્યિક પગલાંનાં વધામણાં વિશેષ આનંદની અનુભૂતિ અનુભવું છું. આ કાર્યક્રમના સૌ આત્મીય શ્રી નાથુ ભાઈ સોસા, પરિવાર સભ્યો, વક્તાઓ, સૌની હૂંફ

અને પ્રેમ નિરંતર ઉર્જા પ્રદાન કરતા રહો, સૌની લાગણીઓ સ્પર્શી ગઇ, ફરી પણ આવા આયોજનોમાં અમને મોકો મળે તેવી શુભકામનાસહ આદરણીય શ્રી દાનભાઇ, તથા આત્મીય શ્રી સોસા પરિવારને વંદન સાથે, શુભકામનાઓ. સૌનો ખૂબ ખૂબ આભાર, નમસ્તે

**હરિગીત**

કુંજમાં..ગઈતી હું ફરવા... હરિ મળ્યા મારગમાં
મારગ આખામાં... હરિએ હાથ જાલ્યો રાહમાં
કુંજમાં ગઈતી હું...
હતી સુંવાળી હથેળીયું... હૂંફ મળી હરિના હાથમાં
મીઠી મીઠી મૂંઝવણને... હૈયું રહ્યું ના હાથમાં..
હળવેથી બોલીને કુંજમાં... હરિએ વાત કરી કાનમાં
કુંજમાં... ગઈતી હું...
કળીકળી ફૂલ ખીલ્યાં ઝાકળ બન્યાં સપનાં મારાં
રૂંએ રૂંએ વાત ફરી ખંજન પડ્યાં ગાલમાં
સપનાં થયાં સૌ સોણલાં... હરિએ યાદ કર્યા વાતમાં
કુંજમાં... ગઈતી હું...
ઘૂમીઘૂમીને રાત ઘેરી... હરિ તારા સાથમાં
ઝળતી ને ભળતી રહી હું... મોરલીના તાન માં...
કો. ને. કહું.. હું.. બાવરી... હરિ તારા રાસ માં...
કુંજમાં... ગઈતી હું...

*કેમ માનું કે વ્યથા ખોટી હશે?*
*સત્ય છે, કે આંખ પણ રોતી હશે.*
*કેમ ભૂલું હું પરાઇ પ્રીત ને?*
*વાંછના બારી કને જોતી હશે.*
*કળ વળી ના કદી દિલમાં મને*
*ભાગ્ય એ એવી ઘડી ગોતી હશે.*
*સ્વપ્ન પણ સાંબેલાધાર આવતું*
*આ સ્મૃતિ ને કેમ સંગોપી હશે.*
*હેતથી દીવાલ પણ દાઝી ગઇ*
*એટલી આઝાદ ક્ષણ આપી હશે.*

કૃપા ઓઝા
કાર્યવાહક ‘બુધસભા’
શિશુવિહાર, ભાવનગર
મો. ૯૨૮૨૦-૯૬૭૪૮



**હર્ષા ચૌહાણ**
**ભાવનગર**

તા.૧૨મી માર્ચ, ૨૦૨૨ના રોજ તલગાજરડા (પૂજ્ય બાપુને ગામ) સોસા પરિવાર દ્વારા નાથુ સોસા ના ૬ પુસ્તકોની લોકાર્પણ વિધિ, પૂજ્ય બાપુના હસ્તે તેમજ સંબંધોનો સત્કાર અને સ્વૈરવિહારી કાવ્ય સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શ્રી દાનભાઇ વાઘેલા દ્વારા અમોને આ રસસભર કાર્યક્રમનો હિસ્સો બનવાનું અને કાવ્ય પ્રસ્તુત કરવાનો રૂડો અવસર પ્રાપ્ત થયો. રાત્રે કાવ્ય સંમેલનમાં મોજ પડે એવા કાવ્યોની રજૂઆત થતી હોય તો પૂછવું જ શું! સાથોસાથ બાપુની પાવન જગ્યા પર કાવ્યપાઠ કરવાનો જે અવસર મળ્યો તે સોસા પરિવાર અને શ્રી દાનભાઇને આભારી રહેશે. નાથુભાઇ સોસાનો લાગણી સભર સ્વભાવ અને સત્કાર કરવામાં પોતે જરાપણ મોટાઇ નજર ના આવે તેવું માયાળુ વલણ ઉડીને આંખે વળગતું હતું. આ કાર્યક્રમનો ઘણોખરો ભાર નાથુભાઇ એ જેમના ખભા પર નાખ્યો હતો, એવા શ્રી રણછોડભાઇ હડીયા, જેમણે આગતા-સ્વાગતા કરવામાં જરાપણ કચાસ ન રહેવા દીધી. શ્રી રણછોડભાઇનો નિખાલસ અને આત્મીયતા ભર્યો સ્વભાવ માન ઉપજાવે તેવો હતો. બેલુર સંસ્થાના સ્થાપક હોવા છતાં, જરાપણ મોટાઇ એમના ચહેરા પર વર્તાતી નહોતી. બેલુર વિદ્યામંદિર માં રાત્રી રોકાણ અને સંસ્થાની મુલાકાત દરમ્યાન તેઓ અમારી સાથે રહ્યા. નાથુભાઇ સોસા પોતાના સમાજના લોકો માટે કોઇ પણ રીતે ઉપયોગી થવા માટેની તેમની કાર્યદક્ષતા ને નમન. સોસા પરિવાર સદા આવાં કાર્યો કરી સમાજના માર્ગદર્શક બન્યા રહે એવી શુભેચ્છાઓ.

દુનિયા મને સતાવે ત્યારે ગઝલ લખું છું,
દર્દો મને જલાવે ત્યારે ગઝલ લખું છું.
માણસ નિરાશ થઈને મૃત્યુ વિષે વિચારે,
એને કોઈ બચાવે ત્યારે ગઝલ લખું છું.
બદલી નથી શકાતા જે લેખ છે વિધિનાં,
કિસ્મત મને નચાવે ત્યારે ગઝલ લખું છું.
દુઃખ દર્દ સાથ મારો છોડી જશે કદી તો,
એવોય ડર સતાવે ત્યારે ગઝલ લખું છું.
અંધાર દૂર કરવા મેં દીપકો જલાવ્યા,
એને હવા બુઝાવે ત્યારે ગઝલ લખું છું.

## દલિત સમાજને આહ્વાન ગીત

સોઈ ઝાટકીને કહી દીધું, જો !
સત્ય, સાદું ને સાવ સીધું, જો !
કારસાઓ અઢળક છે માનવતા હણવાના
હરપળ છે વ્યવહારો જુદા !
ઈર્ષ્યાથી બુકાની બાંધેલા ચહેરા જેમ
ઉજવશે તહેવારો જુદા !
કાં ! ચશ્માથી પીળું-પીળું, જો !
સોઈ, ઝાટકીને કહી દીધું, જો !
પાંચ હજાર વર્ષોથી પજવે છે જ્ઞાતિવાદ
આભડછેટ, ભેદભાવ, જો !
વડવાએ વેઠેલી વેઠ અને યાતનાઓ
દૂઝે છે, ક્રૂર ઘાવ, જો !
ક્યાંક, લોહીની વહેલ નીકું, જો !
સત્ય, સાદું ને સાવ સીધું, જો ! .. સોઈ, ઝાટકીને

**દાન વાઘેલા**

## ઠેસ હ્દયને....

ઠેસ હ્દયને વાગી છે !
ખૂબ રહેલાં નિકટતમ -
સિધ્ધિ પામ્યા ઉત્તમોત્તમ -
તોય પારકા થઈ, તેં મારી જાત જાણવા માગી છે ?
ઠેસ હ્દયને વાગી છે...
એક પલકમાં જમીં-આસમા, કડડભૂસ કર્યો તેં ભૂક્કો,
મારા લમણે જુગજુગ જૂનો ફાલ્યો જાણે દુકાળ સૂક્કો !
ત્રણે લોકની ઉપરવટ તેં, મારી કુંડળી તાગી છે !
ઠેસ હ્દયને વાગી છે...
સૂર્ય સમો આ લાવારસ મેં. દસોદિશામાં દાટ્યો છે,
વડવાઓનો નિસાસો પણ લોઢાની જેમ કાઢ્યો છે !
સ્વાભિમાન ને ખુદ્દારી હવે, રોમરોમમાં જાગી છે...
ઠેસ હ્દયને વાગી છે...

**દાન વાઘેલા**

-: નોંધ :-




અહીં આપણે ભગવાનની કૃપા ! આવા વિદ્વાનો, પરિવાર, વડીલોએ જે નિસરણી મૂકી તેનાં ચઢનારાં પણ મળ્યાં, ખીલા ખાધા-તપ કર્યું એનો રસ પણ મળ્યો. રાષ્ટ્રીય-વૈશ્વિક સમરસતાના પ્રતીક ડૉ. બાબા સાહેબ આંબેડકર માટેનાં સૂત્રોનું એક પુસ્તક-ગ્રંથ આપણી પાસે છે. પહેલાંના સમયમાં સત ધરાવતા ભક્તો કમળપૂજા કરી મહાદેવને અર્પણ કરતા. જો કે, આજના સમયમાં એ શક્ય નથી. પરંતુ તેવી જ રીતે, કોઈપણ લેખક પુસ્તક સમાજને અર્પણ કરે તે પણ એક કમળપૂજા જ છે. નાથુભાઈ સોસાની પણ આ કમળપૂજા છે. કમળનો અર્થ એ થાય છે નિર્લેપ. કમળપૂજામાં મસ્તક મહાદેવને અર્પણ કરી દેતા. તેમ લેખકો માટે પુસ્તક એ તેમનું કમળ છે. નાથુભાઈએ તેમનું ચિંતન, અનુભવ, બાપ-દાદાની પરંપરા પુસ્તકમાં મૂકી છે, એવી કમળપૂજા તેઓએ સમાજને અર્પણ કરી છે, તેનો આનંદ છે અને આવો ગ્રંથયજ્ઞ તેમના થકી ચાલુ રહે તેવી આશા છે. એવા ગ્રંથો સમાજને આપો કે, આપણા સમાજની તમામ ગાંઠો દૂર થાય. આપણા સમાજમાં વર્ણની, ભાષાની, જાતિની, પ્રાંતની એવી અનેક ગાંઠો છે, આવી ગ્રંથિઓ દૂર થાય તેવા ગ્રંથોની જરૂર છે. સાહેબ, એકદમ પાતળો દોરો લો, પણ ગાંઠ મારો તો તે ટૂંકો થતો હોય છે. આવી ગાંઠો જ સમાજને ટૂંકો કરતી જાય છે. તુલસીદાસજીનો એક દોહો છે, કે રેંટિયો કાંતતી વખતે ખેંચીને તાર કાઢો તો તે તૂટી જાય છે. સમાજનાં આવાં અનેક સંશોધનો થાય અને આવા ગ્રંથો તૈયાર થાય તો સમાજની ગાંઠો દૂર થઈ શકે. ગ્રંથિને છોડી નાંખે તે ગ્રંથ.

**પ. પૂજ્ય સંતશ્રી મોરારિબાપુના શબ્દો**
**નાથુ સોસાના પુસ્તક વિમોચન પસંગે...**

ISBN 939199141-8
9789391991418

સૂર્યજીત પબ્લિકેશન્સ પ્રાઈવેટ લિમિટેડ